वर्ष : १४ ◆ अंक : ६
नवेम्बर-डिसेम्बर २०२४
सળંગ અંક : ८४

कर भला होगा भला
- છગનભા



માત્ર સંસ્થાકીય
પ્રસાર માટે

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

બાળલગ્ન, બારમાં અને વહેમ ઉપર રોજ ને રોજ ભાષણો કર્યાં કરશો તેથી એ નાબૂદ નહિ થાય. એ રોગ કાઢવો હોય તો એની દવા કરવી જોઈએ. કેળવણી એ એને માટે અકસીર દવા છે. છોકરાંને કેળવણી આપો એટલે એ છોકરાં જ સમાજના રોગના સારા વૈદ્યો બનશે. માટે તો હું અહીં એમને ભણવા રહેવાની સગવડ કરી રહ્યો છું. તમારે એ રોગ વહેલો કાઢવો હોય તો માત્ર અહીં નહિ, પણ બીજે જ્યાંજ્યાં ઠીક લાગે ત્યાંત્યાં આવી કેળવણીની સંસ્થાઓ કાઢો એટલે એ રોગ વહેલો જશે... ભાઈ, આ તો તપ છે. ઇન્દ્રનું ઇન્દ્રાસન તપથી ડોલે છે. હું ધુણી ધખાવીને પડ્યો છું. મારા દિલમાં છે કે છોકરાંને ભણવાની સગવડ મુઆ પહેલાં કરું. એ કામ કરતાં મરી જઈશ તો શું બગડી જવાનું છે ?

– પૂ. છગન ભા

⁕

આજથી આશરે 105 વર્ષ પહેલાં ઉત્તર ગુજરાતનું સમાજજીવન અકળાવી મૂકે તેવું હતું. બધે જ અજ્ઞાન અને અંધકાર વ્યાપેલ હતો. એ જોતાં શિક્ષણના મશાલચીઓ માટેનો માર્ગ કંઈક વણખેડ્યો અને મુશ્કેલીભર્યો હતો. આવા વિપરીત સંજોગો વચ્ચે સરઢવના એક પવિત્ર અને ઋષિતુલ્ય સ્વર્ગીય છગનલાલ પીતાંબરદાસ પટેલે ઈ. સ. 1919માં ભાડાના મકાનમાં ગણ્યાગાંઠ્યા વિદ્યાર્થીઓથી (અને તે પણ ઘેરઘેર ફરીને ઉઘરાવેલા) એક આશ્રમ (હોસ્ટેલ) શરૂ કર્યો. એમણે કડીમાં શિક્ષણનો દીવો પ્રગટાવ્યો. એમનો પુરુષાર્થ ફૂલ્યોફાલ્યો અને એ પુરુષાર્થનું સુફળ તે આજનું ‘સર્વ વિદ્યાલય’. એમણે ઉત્તર ગુજરાતમાં શિક્ષણની ભાગીરથી પાર ઉતારી. આજે સૌ કોઈ એમને **‘છગનભા’** તરીકે ઓળખે છે.

– મનુભાઈ જે. પટેલ

⁕

ઉમિયાના ખોળામાં મસ્તક મૂકીને જીવેલા, ઉમદા-ઉદાર, સ્પષ્ટ વક્તા શ્રી મણિભાઈ પટેલ ‘મમ્મી’ના જેવા બીજા કોઈને મેં જોયા નથી. આ એક એવી વ્યક્તિ છે કે જેઓની પાસે ઊંડી કોઠાસૂઝ, દરેક સમસ્યાને જોવાની દીર્ઘદૃષ્ટિ તેમજ સૌને સાથે રાખીને નિર્ણય લઈ કામ કરવાની આવડત અને કુનેહના લીધે તેઓ પાટીદાર સમાજમાં આદરણીય સ્થાન પામ્યા છે. ‘મમ્મી’ની દીર્ઘદૃષ્ટિ સામાજિક જાગૃતિ અને પ્રગતિના પાયાનો પથ્થર છે, તે ભૂલી શકાય એમ નથી. સમાધાન, સહકાર ને પ્રેમભર્યું સંગઠન તેઓનો મુદ્રાલેખ રહ્યો છે.

- પ્રો. ડૉ. મફતલાલ પટેલ

⁕

શિક્ષણ અને ધર્મના આદર્શો અને ઉદ્દેશો અતિશય ઊંચા છે, પરંતુ વાસ્તવિકતા અત્યંત દુઃખદાયક છે. ભારતીય સંસ્કૃતિ અનુસાર તો વિદ્યા વેચવી એ મોટો અપરાધ ગણાય, પરંતુ આજે વેપારની રેસમાં વિદ્યાનો વેપાર સૌથી આગળ છે ! આપણે પ્રશંસા તો સરસ્વતીની કરીએ છીએ; પરંતુ લક્ષ્મી પ્રાપ્ત કરવા માટે સરસ્વતીનો વેપાર કરતાં જરાયે શરમાતા નથી. શિક્ષણ-સંસ્થાઓ સ્થાપવી અને સુપેરે ચલાવવી એ સરકાર અને સમાજની ફરજ છે, પરંતુ એમણે તો હાથ અધ્ધર કરી દીધા છે, ને શિક્ષણને વેપારી કંપનીઓને હવાલે કરી દીધું છે... કાપડમિલો બંધ પડી, પણ શિક્ષણમિલો ધમધોકાર ચાલી રહી છે.... પરિસ્થિતિ હૃદયદ્રાવક છે. છતાં દિગ્ગજ શિક્ષણવિદો ચૂપ છે. શા માટે ચૂપ છે ? સમજાતું નથી.

- તુલસીભાઈ પટેલ



## ગુજરાત અને દેશનું ગૌરવ

# સદ્ગત પદ્મવિભૂષણ રતન ટાટાને

## સર્વ વિદ્યાલય પરિવાર સાદર ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે...



**પદ્મવિભૂષણ રતન ટાટા**

**(૨૮ ડિસેમ્બર, ૧૯૩૭ - ૯ ઑક્ટોબર, ૨૦૨૪)**

### વિદ્યાર્થીઓને રતન ટાટાની અમૂલ્ય શિખામણ

રતન ટાટાએ શાળામાં ભાષણ દરમિયાન 10 વાતો જણાવી હતી જે વિદ્યાર્થીઓને નથી શિખવવામાં આવતી. **1.** જીવનમાં ઉતાર-ચઢાવ આવતા જ હોય છે તેની આદત પાડો. **2.** લોકોને તમારા સ્વાભિમાનની નથી પડી હોતી. પહેલાં તેના માટે પોતાને સાબિત કરો. **3.** કૉલેજનો અભ્યાસ પૂરો થાય એટલે 5 આંકડાના પગારનું ના વિચારો, એક રાતમાં કોઈ વાઇસ પ્રેસિડન્ટ ન બની શકે, તેના માટે સખત મહેનત કરવી પડે. **4.** અત્યારે તમને તમારા શિક્ષક કડક અને ભયાનક લાગતા હશે. કેમ કે, બૉસ નામના પ્રાણીનો તમને પરિચય નથી થયો. **5.** તમારી ભૂલ, હાર ફક્ત ને ફક્ત તમારાં જ છે તેના માટે બીજાને દોષ ન આપો. ભૂલમાંથી શીખીને આગળ વધો. **6.** તમને અત્યારે જેટલા નિરસ અને કંટાળાજનક તમારાં માતા-પિતા લાગે છે, એટલા તે તમારાં જન્મ પહેલાં નહોતાં. તમારું પાલનપોષણ કરવામાં તેમણે એટલું કષ્ટ ઉઠાવ્યું કે તેમનો સ્વભાવ બદલાઈ ગયો. **7.** કોન્સોલેશન પ્રાઇઝ ફક્ત શાળાઓમાં જ જોવા મળશે. બહારની દુનિયામાં હારવાવાળાને મોકો નથી મળતો. **8.** જીવનની શાળામાં ધોરણ અને વર્ગ નથી હોતા અને ત્યાં મહિનાનું વૅકેશન પણ નહીં મળે. ત્યાં તમને કોઈ શિખવાડવાવાળું પણ નહીં હોય, જે કંઈ કરવાનું હશે તે જાતે જ કરવું પડશે. **9.** ટીવીમાં દર્શાવાતું જીવન સાચું નથી હોતું અને જીવન ટીવીની સિરિયલ નથી. જીવનમાં આરામ નથી હોતો. ત્યાં ફક્ત કામ, કામ અને કામ જ હોય છે. તમે ક્યારેય વિચાર્યું છે કે લકઝરી ક્લાસની કાર (જેગુઆર, હમ્મર, બી.એમ.ડબલ્યુ. ઓડી, ફરારી) જેવી કારની જાહેરાત ટીવી પર કેમ નથી આવતી? કારણ કે તે સક્ષમ બનાવતી કંપનીઓને ખબર છે કે આવી કાર લેનાર વ્યક્તિ પાસે ટી.વી. સામે બેસવાનો ફાલતું સમય નથી હોતો. **10.** સતત ભણતા અને સખત મહેનત કરતા પોતાના મિત્રોની મશ્કરી ન કરો, એક સમય એવો આવશે કે તમારે તેના હાથ નીચે કામ કરવું પડે.

(સૌજન્ય : **મહાગુજરાત**, પૃ. 3, તા. 17/10/2024)

માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

कर भला होगा भला

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

વર્ષ ૧૪ : અંક ૬ : નવેમ્બર-ડિસેમ્બર ૨૦૨૪ : સળંગ અંક ૮૪

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**

## અનુક્રમ


- સંપાદકીય : 'સાહિત્ય ગૌરવ પુરસ્કાર'થી અલંકૃત ડૉ. યોગિની વ્યાસ (૧૯૫૭) — મણિભાઈ પ્રજાપતિ — 1

1. ઇતિહાસની અટારીએથી : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર રંગૂનના પત્રો — પોપટલાલ ગુલાબચંદ પટેલ — 9
2. પૂજ્ય છગનભા : વ્યાવહારિક તત્ત્વેતા — નારણભાઈ છગનલાલ પટેલ — 16
3. મન કા સિતાર — ડૉ. કેશુભાઈ દેસાઈ — 19
4. લેપ્રોસ્કોપીક સર્જરીના જનક પદ્મભૂષણ ડૉ. ટેહમ્ટન ઈરાચ ઉદવાડિયા — શરદભાઈ પી શાહ, ડૉ. રાજેન એસ. શાહ — 21
5. પ્રકાશવામાં પ્રમાદી સિતારો! — ઈશ્વર પરમાર — 30
6. NIRF ૨૦૨૪ના સૂચિતાર્થો — પ્રો કમલેશ જોશીપુરા — 33
7. વિશ્વ સાહિત્યની અટારીએથી વિશ્વનાં મુખ્ય પ્રતિબંધિત પુસ્તકો-2 — ડૉ. મનીષ વ્યાસ — 36
8. સરળ ભ્રમણકક્ષાઓ — વિઠ્ઠલભાઈ અં. પટેલ — 43
9. ગ્રંથ સૌરભ — મણિભાઈ પ્રજાપતિ — 48
   - નવા રામજીમંદિર શતાબ્દી મહોત્સવ સ્મૃતિગ્રંથ / લેખન - સંપાદનઃ ચંદુભાઈ હી. પટેલ, મનુભાઈ જે. પટેલ અને ભગીરથભાઈ એ. પટેલ
   - શ્રી ઉમિયામાતાજીના પરમભક્ત શ્રી મણિભાઈ પટેલ (મમ્મી)ના ચિંતનાત્મક લેખો / સંપાદકઃ ડૉ. મફતલાલ પટેલ
   - સાંપ્રત શિક્ષણઃ દશા અને દિશા / તુલસીભાઈ પટેલ
10. સંસ્થા સમાચાર
   - યુનિવર્સિટી / કૉલેજ વિભાગ — 55
   - શાળા વિભાગ — 58


**પત્રવ્યવહારનું સરનામું :**
**મણિભાઈ પ્રજાપતિ :** ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન્સ,
**કડી સર્વ વિશ્વવિદ્યાલય,**
એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કેમ્પસ,
સેક્ટર-15 ગાંધીનગર-382016
Email : manibhaiprajapati@gmail.com
ફોન : (મો) ૯૬૦૧૨૭૩૮૩૬

## સંપાદકીય

# 'સાહિત્ય ગૌરવ પુરસ્કાર'થી અલંકૃત ડૉ. યોગિની વ્યાસ (૧૯૫૭)

**પ્રસ્તાવના**

ગુજરાતના પ્રકાંડ વૈયાકરણી 'ગુજરાતના પાણિનિ' બિરુદથી વિભૂષિત, નવનવોન્મેષશાલિની પ્રજ્ઞાસંપન્ન, સરસ્વતીવરપ્રસાદઃ પ્રો. ડૉ. ભગવતીપ્રસાદ પંડ્યા (૧૯૨૬-૨૦૧૮)નાં વિદુષી પુત્રી ડૉ. યોગિની વ્યાસ (૧૯૫૭) ગુજરાતની પ્રબુદ્ધ સંસ્કૃત વિદુષીઓ, જેમ કે, પ્રો. ડૉ. એસ્તરબહેન સોલોમન, પ્રો. ડૉ. હંસાબહેન હિંડોચા, પ્રો. ડૉ. નિલાંજનાબહેન શાહ, પ્રો. ડૉ. ભારતીબહેન શેલત, પ્રો. ડૉ. ઉમા દેશપાંડે, પ્રો. ડૉ. જશવંતીબહેન દવે પ્રભૃતિની પરંપરામાં પ્રવર્તમાન સમયમાં સ્થાન શોભાવી રહ્યાં છે. ડૉ. યોગિનીબહેને વિદ્યાવારિધિ પિતાના સંસ્કારવારસાને પ્રોજ્જ્વલિત રાખતાં મહાકવિ અને આચાર્ય દંડી કૃત **'काव्यादर्श'** ના મંત્ર **'श्रुतेन यत्नेन च वागुपासिता ध्रुवं करोत्येव कमप्यनुग्रहम्'** (૧.૧૦૪) = 'શાસ્ત્રાધ્યયનપૂર્વક અને અભ્યાસપૂર્વક વાણીની ઉપાસના કરવામાં આવે તો ચોક્કસ તે કંઈક અનુગ્રહ કરે જ, ને આત્મસાત્ કરીને વાગ્દેવીની સતત ધ્યેયનિષ્ઠ ઉપાસના ચાલુ રાખી છે, જે સુવિદિત છે. જેની પ્રતીતિ અલંકારશાસ્ત્ર, વેદવિદ્યા, પુરાણ, સાહિત્ય ઈત્યાદિ વિષયોમાં સંશોધકીય નિષ્ઠા સાથેનાં ગુજરાતી ભાષામાં પોતાનાં વિદ્વત્પુસ્તકો, સ્વાધ્યાયપૂત લેખો અને આ સાથે જ સંસ્કૃત ભાષામાં કવિતા, નાટિકા, લઘુકથા, બાળકથા, અલંકારશાસ્ત્ર, સંશોધનલેખો વગેરે વિષયક

કૃતિઓના સર્જન થકી થાય છે. ઉલ્લેખનીય છે કે તેમનાં વિદ્યાસુરભિત વક્તૃત્વ, વિશુદ્ધ ઉચ્ચારણ, વિદ્યાતપોનિધિ પિતાશ્રીથી પ્રભાવિત થતાં બાલ્યવયથી જ શ્રીમદ્‌ભગવદ્‌ગીતા, વૈદિક મંત્રો, સુભાષિતો, સ્તોત્રો, શ્રીમદ્ ભાગવતપુરાણ, પાણિનિ વ્યાકરણનાં સૂત્રો વગેરેનાં પસંદગીના અંશો કંઠસ્થ કરવાની ધૂન સવાર થતાં સેંકડો પદો તેમનો કંઠહાર બનવાની સાથે જ વાગ્દેવીની કૃપાથી મધુરકંઠ પ્રાપ્ત થતાં તેની પ્રસ્તુતિ કરતાં રહેતાં હોઈ ગુજરાત અને સમગ્ર ભારતવર્ષમાં ઓળખ પામ્યાં છે.

**જન્મ-પરિવાર-શિક્ષણ**

ડૉ. યોગિનીબહેન વ્યાસનો જન્મ માતા મધુકાન્તાબહેન અને ઋષિતુલ્ય પિતા પ્રો. ડૉ. ભગવતીપ્રસાદ પંડ્યાના પરિવારમાં અમદાવાદમાં તા. ૨૦ ડિસેમ્બર, ૧૯૫૭ના રોજ થયો હતો. આ દંપતીના પરિવારમાં પાંચ પુત્રીઓ-પ્રતિભા, જાહ્‌નવી, યોગિની, પૂર્ણિમા અને દિવ્યા તથા પુત્ર હિમાંશુ છે. યોગિનીબહેને પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ મણિનગરની પ્રતિષ્ઠિત શાળામાંથી મેળવ્યા બાદ ગુજરાતની સુપ્રસિદ્ધ શ્રી એચ. કે. આર્ટ્‌સ કૉલેજ, અમદાવાદમાં સંસ્કૃત મુખ્ય વિષય સાથે બી.એ.નો અભ્યાસ કર્યો. એમ.એ. (સંસ્કૃત)નો અભ્યાસ ગુજરાત યુનિવર્સિટીના ભાષા-ભવનમાંથી સંપન્ન કરતાં એકાધિક સુવર્ણમંડિત ચંદ્રકો સાથે એમ.એ.ની ડિગ્રી ૧૯૮૦માં મેળવી. થોડાક સમયના અંતરાલ બાદ પ્રબુદ્ધ વૈયાકરણી અને હસ્તપ્રતવિદ્યાવિદ પ્રો. ડૉ. વસંતકુમાર ભટ્ટના માર્ગદર્શન હેઠળ **'ભામહકૃત કાવ્યાલંકારઃ એક વિવેચનાત્મક અભ્યાસ'** વિષય હેઠળ ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદમાં શોધપ્રબંધ પ્રસ્તુત કરીને વર્ષ ૧૯૯૧માં પીએચ.ડી.ની ડિગ્રી મેળવી. નોંધવું રહ્યું કે તેઓશ્રી પ્રસ્તુત સંશોધનકાર્ય માટે યુ.જી.સી.ની શિષ્યવૃત્તિ મેળવવા યશભાગી થયાં હતાં.

ડૉ. યોગિનીબહેનના પતિનું નામ શ્રી હિમાંશુભાઈ વ્યાસ છે. તેમનાં પરિવારમાં પુત્ર દેવર્ષિ અને પુત્રી નિરાલી છે.

**વ્યવસાયિક કારકિર્દી**

સરકારી વિનયન કૉલેજ, ગાંધીનગરમાં તા. ૨૬ સપ્ટેમ્બર, ૧૯૮૮ના રોજ સંસ્કૃતના વ્યાખ્યાતા તરીકે જોડાઈને તા. ૧ જુલાઈ, ૧૯૯૧ સુધી સેવાઓ આપી. ત્યારબાદ ઉમા આર્ટ્સ ઍન્ડ નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગરમાં તા. ૨ જુલાઈ, ૧૯૯૧ના રોજ જોડાયાં અને અહીંથી જ તા. ૧૪ જૂન, ૨૦૨૦ના દિને વયોચિત સેવાનિવૃત્ત થયાં. આ સમયગાળા દરમિયાન સંસ્કૃત વિભાગનાં અધ્યક્ષા, એસોસિએટ પ્રોફેસર ઉપરાંત પ્રસ્તુત કૉલેજના સંસ્કૃત વિષયના અનુસ્નાતક કેન્દ્રનાં પ્રોફેસર ઈન્ચાર્જ તરીકે સતત ૧૮ વર્ષ સુધી પ્રશસ્ય સેવાઓ આપી હતી. આ કારકિર્દી દરમિયાન એમ. એસ. યુનિવર્સિટી ઑફ બરોડા, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, ગુજરાત યુનિવર્સિટી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઑપન યુનિવર્સિટી, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, કડી સર્વ વિશ્વવિદ્યાલય (ગાંધીનગર), ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ (ગાંધીનગર) વગેરેમાં અભ્યાસક્રમ સુધારણા સમિતિ ઇત્યાદિ વિદ્યાકીય કાર્યો હેતુ પ્રસંગોપાત્ત નિમંત્રિત કરવામાં આવતાં રહ્યાં હતાં.

**સંશોધન પ્રતિભા**

'**विद्यातुराणां न सुखम् न निद्राः**' સૂક્તિને યોગિનીબહેને હૈયે ધરીને કર્મઠ વિદ્યાકીય પુરુષાર્થના સંકલ્પ સાથે મૂલ્યનિષ્ઠ માર્ગદર્શક પ્રોફેસર ડૉ. વસંતકુમાર ભટ્ટના માર્ગદર્શન હેઠળ ગુજરાત યુનિવર્સિટીમાં પીએચ.ડી. ડિગ્રી હેતુ વર્ષ ૧૯૯૧માં રજૂ કરેલ શોધપ્રબંધ 'ભામહકૃત કાવ્યાલંકાર : એક વિવેચનાત્મક અધ્યયન' એ તેમની તેજસ્વી પ્રતિભાનો દ્યોતક ગ્રંથ છે. જેનું પ્રકાશન સતત પુનઃ સંશોધન અને સંવર્ધન બાદ લેખિકા દ્વારા વર્ષ ૨૦૦૪માં કરવામાં આવ્યું છે. મલ્લિનાથી સૂત્ર '**नामूलम् लिख्यते किंचित**'ને નજરસમક્ષ રાખીને પોતાનાં મંતવ્યો સાધાર નોંધ્યાં છે. આ હેતુ ૫૯૪થી અધિક પ્રાયઃ સંસ્કૃત અને ક્વચિત્ અંગ્રેજી વગેરે ભાષાઓનાં અવતરણોનો મૂળપાઠ ઉદ્‌ધૃત કરવાની સાથે જ તેનો ગુજરાતી અનુવાદ પણ આપ્યો છે. ભામહના જીવન, સમય અને કૃતિત્વ વિશે પ્રાપ્ત સંસાધનોના આધારે વિશદ અભ્યાસ

રજૂ કર્યા બાદ '**काव्यालंकार**'ના બધા જ પરિચ્છેદો (કુલ ૬)નું ક્રમાનુસાર વિવેચનાત્મક અને તુલનાત્મક પરિપ્રેક્ષ્યમાં – દંડીથી જગન્નાથ સુધીના પરવર્તી આચાર્યો ઉપર ભામહના પ્રભાવ સંદર્ભે-અધ્યયન પ્રસ્તુત કરવામાં આવ્યું છે. સમગ્ર ગ્રંથનું સાદ્યંત અધ્યયન કરતાં લેખિકાનાં મૌલિક ચિંતન, તૌલનિક દૃષ્ટિ, સંશોધકીય અભિગમ અને ભાષાભિવ્યક્તિ દ્રષ્ટવ્ય બની રહે છે. પ્રસ્તુત શોધપ્રબંધ સંદર્ભે ડૉ. યોગિનીબહેન માટે ગર્વ લેવા જેવી અને વિભાગીય વડાઓ / માર્ગદર્શકોએ પ્રેરણા લેવા જેવી બાબત એ છે કે ગુજરાત યુનિવર્સિટીના સંસ્કૃત વિભાગ/ ભાષા-ભવનનાં તત્કાલીન વડાં પ્રો. ડૉ. એસ્તરબહેન સોલોમને પ્રસ્તુત શોધપ્રબંધનું સાદ્યંત વાંચન કર્યા બાદ રજૂ કરવાની અનુમતિ પ્રદાન કરી હતી. આજે આવી નિષ્ઠા ક્યાં જોવા મળશે?

### – ધ્યાનાર્હ મૌલિક ઉદ્‌ભાવનાઓ

- ભારતીય કાવ્યશાસ્ત્રનો વ્યવસ્થિત ક્રમબદ્ધ ઇતિહાસ ભામહથી જ શરૂ થાય છે. ભામહ અલંકારશાસ્ત્રના આદ્ય આચાર્ય છે.
- ભામહે કરેલી ન્યાયચર્ચા, બૌદ્ધદર્શનની દાર્શનિક મીમાંસા તથા વ્યાકરણ ચર્ચા એ તેનું સ્વતંત્ર મૌલિક પ્રદાન છે. કાવ્યશાસ્ત્રના ઇતિહાસમાં આ રીતની ન્યાયચર્ચા થવા પામી નથી.
- '**शब्दशुद्धिनिर्णय**' નામના છઠ્ઠા પરિચ્છેદમાં કરેલ વ્યાકરણશાસ્ત્રના શબ્દ, અર્થ, સંકેતની ચર્ચા, અપોહવાદનું ખંડન તથા વૈયાકરણોને અભિપ્રેત સ્ફોટવાદનું ખંડન કરીને ખરેખર આશ્ચર્યજનક ઇતિહાસનું નિર્માણ કર્યું છે.
- '**नाट्यशास्त्र**'ના રચયિતા ભરત પછી નાટ્યથી અતિરિક્ત કાવ્યશાસ્ત્રનાં શોભાકારક તત્ત્વો જેવાં કે, ગુણ, રીતિ, સંનિવેશ, અલંકાર આદિનું નિરૂપણ કરનાર ભામહ તેમના યુગથી શરૂ કરીને છેક પં. જગન્નાથ જેવા સમર્થ આલંકારિકોની શ્રદ્ધાનો વિષય બનેલા છે.
- ભામહે અલંકાર નિરૂપણમાં અલંકાર કોને કહેવાય એ વિશે કોઈ સામાન્ય લક્ષણ આપ્યું નથી, વળી અલંકારોનું કોઈ વ્યવસ્થિત વર્ગીકરણ પણ આપ્યું નથી. અલંકારોના પૌર્વાપર્યમાં પણ કોઈ ચોક્કસ ક્રમ જણાતો નથી.
- ભામહનું દોષનિરૂપણ સમર્થ પ્રતિભાનું દ્યોતક છે.
- ગુણનિરૂપણમાં સંભવતઃ ભામહ જ એવા પ્રથમ આલંકારિક છે કે જેમના 'काव्यालंकार'માં જેમ કાવ્યશાસ્ત્રના વિભિન્ન વિષયોનું સુસ્પષ્ટ નિરૂપણ પ્રાપ્ત થાય છે તેમ ગુણોનું પણ સંક્ષિપ્ત નિરૂપણ પ્રાપ્ત થાય છે.

**'આખ્યાનોની ગંગોત્રી : વેદો (વૈદિક આખ્યાનો)'** (૨૦૧૮)માં ૨૬૯ સંદર્ભો સાથે આખ્યાનનું સ્વરૂપ, વૈદિક પુરાકથાની વિશેષતાઓ, વૈદિક પુરાકથાનાં આધારસ્થાન, 'આખ્યાન' શબ્દની વ્યુત્પત્તિ અને વિકાસની સવિસ્તર છણાવટ કર્યા બાદ '**पुरुरवा-उर्वशी**', '**च्यवनोपाख्यान**', **देवासुरसंग्रामाख्यान** વગેરે ૬ આખ્યાનોનો રસાસ્વાદ કરાવવામાં આવ્યો છે. સંશોધકીય અભિગમ સાથે વૈદિક આખ્યાનોનું સ્વરૂપ સમજાવતી આ પુસ્તિકા 'ગાગરમાં સાગર' સમાન હોવાની સાથે વેદોના સઘન અભ્યાસની પરિચાયક બની રહે છે.

### પીએચ.ડી.નાં માર્ગદર્શન અધ્યાપિકા

એક સમર્પિત અને પ્રતિબદ્ધ અધ્યાપિકા તરીકે વર્ગખંડમાં નિષ્ઠાપૂર્વકના અધ્યાપન ઉપરાંત પીએચ. ડી.નાં માર્ગદર્શક અધ્યાપિકા તરીકે ક્રિયાશીલ બની રહેતાં તેમના માર્ગદર્શન હેઠળ ૧૨ વિદ્યાર્થીઓએ પુરાણ, રામાયણ, મહાભારત, નાટક, આધુનિક સંસ્કૃત સાહિત્ય, શંકરાચાર્ય, તત્ત્વજ્ઞાન વગેરે વિષયોમાં ગુજરાત યુનિવર્સિટી, હેમચન્દ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી અને કડી સર્વ વિશ્વવિદ્યાલયમાંથી પીએચ. ડી.ની ડિગ્રી મેળવી છે. આ પૈકી ૧૦ વિદ્યાર્થીઓ પાસે તેમણે સંસ્કૃત ભાષામાં શોધપ્રબંધો તૈયાર કરાવ્યા છે.

### અધિવેશનો/પરિસંવાદો/કવિસંમેલનોમાં પ્રદાન

રાજ્ય, રાષ્ટ્ર અને આંતરરાષ્ટ્રીય સ્તરના પરિસંવાદો અને અધિવેશનોમાં સક્રિય ભાગીદારીના કારણે ૨૩૦ જેટલા સંશોધન લેખો/અભ્યાસ લેખો રજૂ કર્યા છે. આ પૈકી કેટલાક સંશોધન લેખો જેમ કે, 'વાદે વાદે જાયતે તત્વબોધઃ' (૨૦૦૬), 'સંસ્કૃત નૈવેદ્યમ' (૨૦૦૮), 'પ્રકૃતિના અનુપમ ઉપાસક મહાકવિ કાલિદાસની નાટ્યકૃતિઓ' (૨૦૧૬)

'स्वाध्यायक्रतुः' (૨૦૧૯), 'वैदिकवीथिविहारः' (૨૦૨૦) વગેરેમાં ગ્રંથસ્થ કરવામાં આવ્યા છે. આ બધા લેખો સંસ્કૃત વાઙ્મયનાં બહુવિધ પાસાંઓ વિષયક છે, જે સંશોધિકાનાં વ્યાપક અધ્યયન-સંશોધનનાં રસક્ષેત્રો ઉજાગર કરી આપે છે. આ પૈકી ૧૪ લેખો અમેરિકા, જર્મની, ઇટાલી વગેરે દેશોમાં, ૩૦ લેખો વારાણસી, પુના, ઉજ્જૈન, દિલ્હી અને ૨૫ લેખો રાજ્યમાંથી પ્રગટ થતાં સામયિકો/જર્નલ્સમાં પ્રકાશિત થયા છે. વધુમાં ૨૫ લેખો વિવિધ પુસ્તકોનાં પ્રકરણ સ્વરૂપે અને ૧૨ લેખો અભિનંદન ગ્રંથોમાં પ્રકાશિત થયા છે. આ પૈકી કેટલાક લેખો અને સાહિત્યિક રચનાઓ દિલ્હી સંસ્કૃત અકાદમી, ઉત્તરાખંડ સંસ્કૃત અકાદમી, વિક્રમ વિશ્વવિદ્યાલય, વેદ વિજ્ઞાન અકાદમી વગેરે દ્વારા પુરસ્કૃત થયેલા છે.

વિદેશોમાં આયોજિત પરિસંવાદો પૈકી અમેરિકા, મોરેશિયસ અને બેંગકોકમાં ઉપસ્થિત રહી શોધપત્રો રજૂ કરવા ઉપરાંત મોરેશિયસ અને બેંગકોક તેમજ દેશના વિવિધ ભૂભાગોમાં પ્રસંગોપાત્ત આયોજિત કવિ સંમેલનોમાં પણ કાવ્યોની પ્રભાવક પ્રસ્તુતિ કરી હતી. રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે આયોજિત પરિસંવાદોમાં શોધપત્રો રજૂ કરવા ઉપરાંત પ્રસંગોપાત્ત ચાવીરૂપ વ્યાખ્યાન, મુખ્ય અતિથિ, કોઈ બેઠકનું સંચાલન કરવા વગેરે હેતુ આમંત્રિત થતાં જે-તે ઉત્તરદાયિત્વ સફળતાપૂર્વક વહન કર્યું છે. 'દિલ્હી સંસ્કૃત અકાદમી' દ્વારા આયોજિત અખિલ ભારતીય સંસ્કૃત લઘુકથા, લઘુનાટ્ય, સમસ્યાપૂર્તિ વગેરેમાં સહભાગી થતાં પ્રથમ-દ્વિતીય-તૃતીય ક્રમે વિજેતા નીવડતાં ખાસ પારિતોષિકોથી સન્માનિત કરવામાં આવ્યાં છે. 'સંસ્કૃત શિક્ષણ' અને સંસ્કૃત સાહિત્ય વિષયક કેટલાક પાઠોનું પ્રસારણ 'આકાશવાણી' અને 'બાયસેગ' દ્વારા કરવામાં આવ્યું છે. ધ્યાનાર્હ બાબત એ છે કે તેમણે 'બૃહદ ગુજરાત સંસ્કૃત પરિષદ' દ્વારા પ્રસંગોપાત્ત ભજવવામાં આવતાં કેટલાંક નાટકોમાં શ્રેષ્ઠ અભિનય દ્વારા રંગમંચીય પ્રતિભાનો પરિચય કરાવ્યો છે.

## સંસ્કૃત સર્જક પ્રતિભા

ડૉ. યોગિનીબહેન વ્યાસે ગુજરાતી ભાષાના માધ્યમથી સંસ્કૃત ભાષા-સાહિત્યના બહુવિધ વિષયક્ષેત્રમાં નોંધપાત્ર ખેડાણ કર્યું છે. આ સાથે જ સંસ્કૃત ભાષામાં કવિતા, સમસ્યાપૂર્તિ, લઘુકથા, લઘુનાટિકા વગેરે સાહિત્યસ્વરૂપો તથા સંશોધનાત્મક ગ્રંથ અને સંશોધન લેખોનું સર્જન કરીને ૨૧મી સદીની સંસ્કૃત સર્જક પ્રતિભાઓમાં પોતાની ઓળખ પ્રસ્થાપિત કરી છે. તેમણે કુલ ૫ ગ્રંથો સંસ્કૃતમાં આપ્યા છે. આ પૈકી '**वैभाकरी वाक्**'માં ૧૮ લઘુકથાઓ અને ૫ સમસ્યાપૂર્તિઓ ગ્રંથસ્થ છે, જેની રચનાઓનો મુખ્ય હેતુ નીતિબોધ, ચારિત્ર્યનિર્માણ અને મનોવિનોદનો રહ્યો છે. આ કથાઓનું વિષયવસ્તુ સમાજમાં પ્રચલિત કુરૂઢિઓ, સમસ્યાઓ વગેરે ઉપર આધારિત છે, જેનું માનવીય સંવેદનાઓ સાથે નિરૂપણ કરવામાં આવ્યું છે. ગ્રંથસ્થ લઘુકથા '**शुभाशी**'એ 'દિલ્હી સંસ્કૃત અકાદમી' દ્વારા 'અખિલ ભારતીય મૌલિક લઘુકથા પ્રતિયોગિતા'માં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. એક અન્ય નોંધપાત્ર બાબત એ છે કે તા. ૧૮થી ૨૦ મે, ૨૦૨૪માં આયોજિત આંતરરાષ્ટ્રીય સંગોષ્ઠીમાં '**वैभाकरी वाक्**' વિશે ૫ વિદ્યાર્થીઓએ શોધપત્રો રજૂ કર્યાં હતાં. '**यशोधनानां हि यशो गरीयः**'માં ૧૩ લઘુનાટિકાઓ સમાવિષ્ટ છે. જેમાં વૃક્ષો, પાણી, પૃથ્વી, આપણા પ્રાચીન પ્રતિભા પુરુષો – વૈજ્ઞાનિકો વગેરેનું મહિમાગાન કરવામાં આવ્યું છે. આ હેતુ લેખિકાએ વેદમંત્રો અને પુરાણકથાઓની પ્રસંગોચિત ગૂંથણી કરી છે, જે પ્રભાવક બની રહે છે. આ ઉપરાંત 'દહેજ પ્રથા' નો વિરોધ કરતી નાટિકા પણ પ્રભાવક છે. '**वैदिकवीथिविहारः**'માં આપણી પ્રાચીન અણમોલ સાંસ્કૃતિક ધરોહર - 'વેદો'માં નિરૂપિત વિવિધ વિષયો, જેમ કે 'વિજ્ઞાન', 'આયુર્વેદ', 'રાષ્ટ્રીયભાવના', 'જીવવિજ્ઞાન', 'જીવનદર્શન', 'તત્ત્વજ્ઞાન', 'કાવ્યતત્ત્વ', 'વિશ્વબંધુત્વ' વગેરેને સ્વાધ્યાય અને સંશોધકીય નિષ્ઠાથી સાધાર ઉજાગર કરી આપતા ૧૩ લેખો છે. '**स्वाध्यायक्रतुः**'માં સંસ્કૃત સાહિત્યના વ્યાપક પરિપ્રેક્ષ્યને આવરી લેતા ૧૨ સંશોધન-લેખો રામાયણ, મહાભારત, મમ્મટ, ભારવિ, ભગવદાચાર્ય, નાટક, સંસ્કૃતપત્રકારિતા, ઐતિહાસિક મહાકાવ્યો વગેરે વિષયક છે. આ બંને ગ્રંથોના લેખો દેશ-પરદેશમાં આયોજિત પરિસંવાદોમાં પ્રસ્તુત કરવામાં આવેલા છે.

સંશોધનાત્મક તૃતીય ગ્રંથ **'अलंकारशास्त्रीयरसतत्त्वस्य परिशीलनम्'**માં ભારતીય સાહિત્યશાસ્ત્રમાં કેન્દ્રવર્તી સ્થાન ધરાવનાર રસતત્ત્વનું પરિશીલન ભરતથી જગન્નાથ સુધીના આચાર્યોની રસવિભાવનાના પરિપ્રેક્ષ્યમાં કરવામાં આવ્યું છે. આ હેતુ સંશોધિકાએ ૨૩૪ આધારો ઉદ્ધૃત કર્યા છે. વધુમાં ત્રણ પરિશિષ્ટો - રસ વિશે મહત્ત્વપૂર્ણ મંતવ્યો, શાન્તરસ વિશે અભિપ્રાયો અને પંડિતરાજ જગન્નાથના મતે ભાવનિરૂપણ સંબંધી છે, જે દૃષ્ટિપૂત હોઈ પ્રસ્તુત અભ્યાસ સંદર્ભે વિશેષ ઉપકારક બની રહે છે. સમગ્રતયા સરળ અને બોધગમ્ય સંસ્કૃત ભાષામાં રચાયેલા આ બધા ગ્રંથો લેખિકાની સર્જક પ્રતિભા અને સંશોધકીયનિષ્ઠાના પરિચાયક બની રહે છે.

**અનુવાદકાર્ય**

સંસ્કૃતના સામ્પ્રતકાલીન અધ્યેતાઓ, આલોચકો, અલંકારશાસ્ત્રીઓ, સંશોધકો, સર્જકો વગેરે ક્ષેત્રોના મૂઠી ઊંચેરા પ્રતિભાપુરુષોની અગ્રપંક્તિમાં સ્થાન શોભાવનાર પ્રો. ડૉ. રાધાવલ્લભ ત્રિપાઠી કૃત દશ લહરીઓ પૈકી **'वसन्तलहरी'**, **'निदाघलहरी'**, **'प्रावृड्लहरी'** અને **'धरित्रीदर्शन लहरी'**નો ડૉ. યોગિનીબહેને ગુજરાતી ભાષામાં સટિપ્પણ રસળતા ગદ્યમાં અનુવાદ આપવાની સાથે પ્રત્યેક લહરીના અનુવાદના પ્રારંભમાં સંક્ષેપમાં તેના કાવ્યસૌંદર્યનો રસાસ્વાદ પણ કરાવ્યો છે. અહીં ધ્યાનાર્હ બાબત એ બની રહે છે કે અનુવાદિકાએ અનુવાદ કાર્ય સુધી અટકી ન જતાં યથાસંભવ છંદ, અલંકાર, રસ વગેરેની ઓળખ કરાવવાની સાથે જેતે શ્લોકના પૌરાણિક, ઐતિહાસિક અને સમકાલીન સંદર્ભનું દર્શન પણ કરાવ્યું છે. આ ઉપરાંત અનુવાદિત લહરીઓ પૈકી કયા શ્લોકનું કોઈ એક ચરણ પ્રશિષ્ટ કૃતિમાંથી લેવામાં આવ્યું છે, કે કર્તા તેનાથી પ્રભાવિત છે કે તેના ભાવનો પ્રભાવ છે કે તુલના કરી શકાય તેવા અંદાજિત ૨૪ શ્લોકો પ્રતિ સ્પષ્ટ અંગુલિનિર્દેશ કર્યો છે, જોકે પ્રશિષ્ટ કૃતિઓના નિર્દેશની સાથે જ તેનો શ્લોક/મંત્ર ક્રમ નંબરનો નિર્દેશ કરવાનું અનુવાદિકા ચૂકી ગયાં છે, જેમ કે, **'धरित्रीदर्शनलहरी'**ની ૧.૬ અને ૧.૭ની અંતિમ પંક્તિ 'મેઘદૂત'માંથી લેવામાં આવી છે, પરંતુ, અહીં 'મેઘદૂત'ના શ્લોકનો ક્રમ નંબર દર્શાવ્યો નથી, ૫.૧૦ શ્લોકમાં **'अथर्ववेद'**ના **'पृथ्वीसूक्त'**નો પ્રભાવ, ૩.૯માં શંકરાચાર્યના, **'अपराधक्षमापनस्तोत्र'** ની પંકિત **'कुपुत्रो जायते'** નો પ્રભાવ, **'वसन्तलहारी'**ના ૨૩ના પૂર્વપદ્યમાં **'शाकुन्तल'**ની **'कंठेषु स्खलितं...'** સાથે તુલના કરી શકાય, **'निदाघलहरी'**ના ૧૪મા શ્લોકના ભાવની અભિવ્યક્તિ 'रघुवंश'માં જોઈ શકાય, વગેરે. જેમાં અનુવાદિકાની સઘન સ્વાધ્યાયશીલતા અને તૌલનિક દૃષ્ટિનાં સહજમાં દર્શન થાય છે.

**'शुक्ल यजुर्वेद'**ના ગુજરાતી અનુવાદ હેતુ ગઠિત વિદ્વત્પરિષદના સભ્ય તરીકે પણ કામગીરી સંપન્ન કરી હતી. વધુમાં, અનુવાદિકાએ મહાકવિદંડીકૃત અલંકારશાસ્ત્રીયગ્રંથ **'काव्यादर्श'**નો સટિપ્પણ સુરેખ અનુવાદ આપવા ઉપરાંત સ્નાતક/અનુસ્નાતક કક્ષાએ અભ્યાસક્રમમાં નિયત કરવામાં આવેલ કેટલીક કૃતિઓના કેટલાક અંશોના વિદ્યાર્થીભોગ્ય અનુવાદો પણ આપ્યા છે.

**સાહિત્યસર્જન (સૂચિ) :**

અધ્યાપકીય કારકિર્દીના ચતુર્વિધ ધર્મો અધ્યયન – અધ્યાપન – સંશોધન – પ્રકાશનનો ઔચિત્યસભર નિર્વાહ કરવા ઉપરાંત વયોચિત નિવૃત્તિ બાદ પણ અધ્યયનશીલ બની રહેતાં તેમનાં ૨૫ જેટલાં મૌલિક/સંપાદિત પુસ્તકો અને ૨૫૦ જેટલા સંશોધન/અભ્યાસ/લોકભોગ્ય લેખો પ્રકાશિત થયા છે. તેમનાં પુસ્તકો અને લેખોમાં ભરપૂર વિષય વૈવિધ્ય, જેમ કે, ઉપનિષદ, ધર્મ, દર્શન, હસ્તપ્રતવિદ્યા, પુરાણ, રામાયણ, મહાભારત, કવિતા, સંસ્કૃતભાષા અને વ્યાકરણ, આધુનિક સંસ્કૃત સાહિત્ય વગેરે જોવા મળે છે. આ પૈકી કેટલાંક મહત્ત્વપૂર્ણ પુસ્તકો નીચે મુજબ છે:

**સંશોધનાત્મક પુસ્તકો :**

૧. ભામહકૃત કાવ્યાલંકાર : એક વિવેચનાત્મક અભ્યાસ. ૨૦૦૪
૨. વાદેવાદે જાયતે તત્ત્વબોધઃ (સંશોધન લેખો અને અભ્યાસ લેખો). ૨૦૦૬
૩. સંસ્કૃત નૈવેદ્યમ (શોધલેખો અને અભ્યાસલેખો). ૨૦૦૮
૪. આખ્યાનોની ગંગોત્રી : વેદો (વૈદિક આખ્યાનો),

૨૦૧૮

૫. સંસ્કૃત સ્તોત્રોનો વિવેચનાત્મક અભ્યાસ : **आदित्यहृदयस्तोत्रम्, 'शक्रादयस्तोत्रम्'**ના વિશેષ સંદર્ભમાં. અમદાવાદ : ડૉ. બાબાસાહેબ આંબેડકર ઑપન યુનિવર્સિટી, ૨૦૧૮

૬. પ્રકૃતિના અનુપમ ઉપાસક મહાકવિ કાલિદાસની નાટ્યકૃતિઓ. અમદાવાદ : પાર્શ્વ પ્રકાશન, ૨૦૧૬

(નોંધ : અનુક્રમ નં. ૧થી ૪ લેખિકા દ્વારા પ્રકાશિત. વિતરણ : પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ).

### સંસ્કૃત ભાષામાં રચિત મૌલિક પુસ્તકો :

૭. 'यशोधनानां हि यशो गरीयः (સંસ્કૃત લઘુનાટ્યસ્તબકમ્), ૨૦૧૯.

૮. स्वाध्यायक्रतुः (સંશોધનલેખ સંગ્રહ), ૨૦૧૯.

૯. वैदिकवीथिविहारः (વેદવિદ્યા વિષયક સંશોધનલેખો), ૨૦૨૦

૧૦. वैभाकरी वाक् (संस्कृत लघुकथानां संस्कृतसमस्यापूर्तिनां समुच्चयः), ૨૦૨૦

૧૧. अलङ्कारशास्त्रीयरसतत्त्वस्य परिशीलनम्, ૨૦૦૧

(નોંધ : પ્રથમ ૪ પુસ્તકો શ્રી હિમાંશુ વ્યાસ અને અંતિમ પુસ્તક ડૉ. યોગિની એચ. વ્યાસ દ્વારા પ્રકાશિત છે : ૧૪૩૫/સી-૧, સેકટર-૨/બી, ગાંધીનગર)

### અનુવાદ

૧૨. **वसन्त-निदाघ-प्रावृड्-धरित्रीदर्शनलहर्यः (लहरीकाव्यानां गुर्जरभाषायाम् अनुवादः)**. ૨૦૨૨. પ્રકાશક : શ્રી હિમાંશુ વ્યાસ. વિતરક : રાવલ પ્રકાશન, પાટણ.

### સંપાદન

૧૩. Rajendrayashobhushanam : Studies in Sanskrit Poetics and Aesthetics : Commemoration Volume in Honour of Prof. Rajendra Nanavati. Vadodara : The Committee, 2023. Co-editor.

૧૪. चर्पटपञ्जरिकास्तोत्रम् (શંકરાચાર્યવિરચિતમ્) સટિપ્પણ – ગુજરાતી અનુવાદસહ). અમદાવાદઃ પાર્શ્વ પ્રકાશન, ૨૦૧૫.

૧૫. Expression of Universal Values and Human Rights in Sanskrit Literature. Gandhinagar : Uma Arts & Nathiba Commerce Mahila College, 2013. Co-editor

### પાઠ્યપુસ્તક સંપાદન

૧૬. आचार्यदंडीविरचितः काव्यादर्श. અમદાવાદ : પ્રાર્શ્વ પ્રકાશન, ૨૦૧૮

૧૭. મહર્ષિવેદવ્યાસ પ્રણીતં श्रीमद् भागवतमहापुराणम् (અધ્યાય ૧થી ૩૩). અમદાવાદ : પ્રાર્શ્વ પ્રકાશન, ૨૦૧૪.

૧૮. श्रीमदानन्दवर्धनाचार्यविरचितः ध्वन्यालोकः (प्रथम उद्योतः) તથા श्रीमद् राजानककुन्तकविरचिंत वक्रोक्तिजीवितम् (प्रथमोन्मेषः). પાટણ : રાવલ પ્રકાશન, ૨૦૨૨.

(નોંધ : ત્રણેય કૃતિઓ સંસ્કૃત પાઠ, ગુજરાતી અનુવાદ, વિવેચનાત્મક પ્રસ્તાવના અને અનુવાદ સહિત.)

### પ્રાપ્ત પુરસ્કારો/ઍવોર્ડ્સ

**'स्वाध्यायो वै यज्ञः'** ને આત્મસાત કરીને આજીવન સંસ્કૃત વાઙમયની ઉપાસનાં કરતાં રહેતાં ડૉ. યોગિની વ્યાસને ગુજરાત અને દેશની વિદ્વત્તસંસ્થાઓ દ્વારા ૩૫થી અધિક પુરસ્કારો/ઍવૉર્ડ્સથી સન્માનિત કરવામાં આવ્યાં છે. આ પૈકી કેટલાક આ રહ્યા –

1 ૨૦૧૮ સાહિત્ય ગૌરવ પુરસ્કાર
સંસ્કૃત સાહિત્ય અકાદમી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

2. ૨૦૨૦ સારસ્વત અવોર્ડ
અચલા એજ્યુકેશન ફાઉન્ડેશન, અમદાવાદ

3. ૨૦૨૧ ગુજરાત રાજ્ય સંગીત નાટ્ય અકાદેમી દ્વારા સંસ્કૃત સાહિત્યનાં વિદુષી તરીકે સન્માનિત

4. ૨૦૧૫ સંસ્કૃતમાં શ્રેષ્ઠ સંશોધનકાર્ય માટે સન્માનિત, ગુજરાતનાં મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના વરદહસ્તે.

5. ૨૦૧૦ સંસ્કૃતના અધ્યયન-અધ્યાપન-પ્રચાર-પ્રસાર માટે કાંચી કામકોટિપીઠ શ્રી જયેન્દ્ર સરસ્વતી સ્વામીજી દ્વારા અમદાવાદમાં સન્માનિત.

6. ૨૦૨૦ ઉદ્‌ગમ ચૅરિટેબલ ટ્રસ્ટ, ગાંધીનગર દ્વારા 'Women's Achiever Award'થી સન્માનિત
7. ૨૦૨૦ જીવ પ્રકાશનાલય સંસ્થાન, ઉદયપુર દ્વારા શિક્ષણક્ષેત્રે શ્રેષ્ઠ પ્રદાન માટે સન્માનિત.
8. ૨૦૧૮ સંસ્કૃત ભારતી પ્રાન્તીય અધિવેશન, ગાંધીનગર દ્વારા સંસ્કૃત સાહિત્યમાં ઉત્તમ સંશોધનકાર્ય માટે સન્માનિત
9. ૨૦૦૮ દિલ્હી સંસ્કૃત અકાદમી, દ્વારા અખિલ ભારતીય સંસ્કૃત મૌલિક લઘુકથા પ્રતિયોગિતામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરતાં સન્માનિત
10. 2008 વિશ્વ સંસ્કૃત પ્રતિષ્ઠાન, જયપુર-ચંદીગઢ દ્વારા રાષ્ટ્રીય વેદજ્ઞાન પ્રતિયોગિતામાં પ્રથમ ક્રમે વિજેતા થતાં સન્માનિત
11. ૨૦૦૭ સામ્ભવી વિદ્યાપીઠ, અમરોલી, સુરત દ્વારા આયોજિત ઇન્ટરનેશનલ વૈદિક કૉન્ફરન્સ'માં Universal Brotherhood and Peace in Vedic Literature'માં શ્રેષ્ઠ સંશોધનલેખ માટે પ્રથમ ક્રમે વિજેતા થતાં સન્માનિત.
12. 2001 મહર્ષિ વેદ વિજ્ઞાન અકાદમી, અમદાવાદ દ્વારા શ્રેષ્ઠ સંશોધનપત્ર માટે પ્રથમ ઇનામથી સન્માનિત
13. 2018 'દિલ્હી સંસ્કૃત અકાદેમી' દ્વારા આયોજિત અખિલ ભારતીય સંસ્કૃત શ્લોક સમસ્યાપૂર્તિ લેખન પ્રતિયોગિતામાં દ્વિતીય ક્રમે વિજેતા.
14. 2017 'વિક્રમ યુનિવર્સિટી', ઉજ્જૈન દ્વારા આયોજિત 'કાલિદાસ સમારોહ'માં શ્રેષ્ઠ શોધપત્ર માટે 'વિક્રમ-કાલિદાસ પારિતોષિક'થી સન્માનિત
15. 2019 'ઉત્તરાખંડ સંસ્કૃત અકાદમી', હરિદ્વાર દ્વારા આયોજિત અખિલ ભારતીય સંસ્કૃત લઘુનાટિકા પ્રતિયોગિતા સ્પર્ધામાં તૃતીય ક્રમે વિજેતા.

**સંસ્કૃત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા પુરસ્કૃત કરવામાં આવેલાં પુસ્તકો:**

પ્રથમ ઇનામ : મહાકવિદણ્ડિવિરચિતઃ કાવ્યાદર્શઃ (૨૦૨૨)
પ્રથમ ઇનામ : સંસ્કૃત નૈવેદ્યમ (૨૦૧૮)
દ્વિતીય ઇનામ : આખ્યાનોની ગંગોત્રી : વેદો (૨૦૧૯)
તૃતીય ઇનામ : ચર્પટપન્જરિકાસ્તોત્રમ (૨૦૧૭)

**કેટલાક અભિપ્રાયો**

- આજના સંસ્કૃતજગતમાં બહેનો પણ ગૌરવપ્રદ વિદ્યાકીય કાર્યો કરે છે અને તેનું ઉત્તમ હાથવગું ઉદાહરણ છે ડૉ. યોગિનીબહેન વ્યાસ. એમની સંસ્કૃતસાધના અને સિદ્ધિને ગુજરાત રાજ્યની સંસ્કૃતસાહિત્ય અકાદમીએ ગૌરવ પુરસ્કારથી નવાજી છે એ મારે માટે આનંદ અને ગૌરવની વાત છે. પિતાના આદર્યાં અધૂરાં રહે તે પુત્ર પૂર્ણ કરે. અહીં તો પિતાના સંસ્કૃતવારસાને આગળ વધારવાનું ભગીરથ કાર્ય પુત્રી કરી રહ્યાં છે. મારા વિશ્વવિશ્રુત સદ્‌ગુરુદેવ ડૉ. ભગવતીપ્રસાદ પંડ્યા હોત તો કહી દેત કે पुत्रात् शिष्यात् पराजयम्‌ની જોડે पुत्र्याः अपि पराजयम् કહેવું જોઈએ. એમનો વિદ્યાપ્રતાપ શુક્લપક્ષના ચંદ્રની જેમ વધતો રહે તેવી પ્રભુપ્રાર્થના

**પ્રો. ડૉ. ગૌતમ પટેલ**
(રાષ્ટ્રપતિ દ્વારા સન્માનિત, 1997)

- સંસ્કૃતના સુખ્યાત વિદ્વાન સદ્‌ગત ડૉ. ભગવતીપ્રસાદ પંડ્યાનાં સુશ્રી યોગિની વ્યાસ સુયોગ્યા સુપુત્રી છે અને પોતાનાં વિદ્યાકીય કાર્યોથી યોગ્ય રીતે જ ગુજરાતના અને હવે તો, છેલ્લા એકાદ દાયકાથી ગુજરાત બહાર પણ તેમનું નામ જાણીતું બન્યું છે. યોગિનીબહેન એકથી વધુ અલંકારશાસ્ત્ર, વ્યાકરણશાસ્ત્ર જેવાં શાસ્ત્રોમાં ગતિ ધરાવે છે. તેમનું ડૉક્ટરેટનું સંશોધનકાર્ય પણ સંસ્કૃતના આલંકારિક ભામહ છે. આ સિવાય તેમની શક્તિ અને સજ્જતા તેમની પાસેથી વધુ વૈદુષ્યપૂર્ણ અને મૌલિક વિદ્યાકાર્યોની અપેક્ષા જગવે છે. નવી પેઢીનાં તેઓ સંસ્કૃતનાં આશાસ્પદ વિદુષી છે.

**પ્રો. ડૉ. વિજય પંડ્યા**
(રાષ્ટ્રપતિ સન્માનિત 2010)

• પંડિત પિતાની પંડિતા પુત્રી તે ડૉ. યોગિની વ્યાસ. લબ્ધપ્રતિષ્ઠ પંડિતવર્ય તેમજ જેમના મુખમાંથી પ્રસંગને અનુરૂપ તત્ક્ષણ પદ્યાત્મક દેવગિરા નીકળે છે તેવા શીઘ્રકવિ ડૉ. ભગવતીપ્રસાદ પંડ્યાનો વિદ્યાવારસો પુત્રી ડૉ. યોગિનીમાં સંક્રાન્ત થયો છે. એના ફળસ્વરૂપે પુત્રી પણ આજે 'વિદુષી'નું પદ શોભાવી રહી છે. ડૉ. યોગિની વ્યાસના સંસ્કૃતસાહિત્ય-શાસ્ત્રની અનેક શાખાઓના દશાધિક ગ્રંથો પ્રકાશિત થયા છે, તેમજ પરિસંવાદાદિમાં પ્રસ્તુત થયેલા અને વિભિન્ન સામયિકોમાં પ્રગટ થયેલા શતાધિક લેખો છે. તેમણે રાષ્ટ્રીયકક્ષાની સંસ્કૃત-પ્રતિયોગિતાઓમાં પ્રથમ કક્ષાનાં અનેક પારિતોષિકો પ્રાપ્ત કર્યાં છે, वादे वादे जायते तत्त्वबोधः, સંસ્કૃત નૈવેદ્યમ્ જેવા ગ્રંથો એમના પાંડિત્ય અને પ્રતિભાની પ્રતીતિ કરાવે છે. એમની વિવેચન-ક્ષમતાનાં દર્શન પણ એમના ગ્રંથો અને લેખોમાં થાય છે. સંસ્કૃત-સાહિત્યમાં એમના ગુણવત્તા સંપન્ન પ્રદાનના સંદર્ભમાં તેઓ અનેક ઍવૉર્ડ્ર્સથી વિભૂષિત થયાં છે.

**પ્રિ. ડૉ. મણિભાઈ ઈ. પ્રજાપતિ**
(રાષ્ટ્રપતિ દ્વારા સન્માનિત, 2011)

• 'ગુજરાતના રાષ્ટ્રપતિ દ્વારા પુરસ્કૃત સંસ્કૃત વિદ્વાનો : જીવન અને પ્રદાન' નામક બૃહદાકાર ગ્રંથમાં રાષ્ટ્રપતિ-પુરસ્કૃત ડૉ. ભગવતીપ્રસાદ પંડ્યાના જીવન અને પ્રદાનનું આલેખન એમની વિદુષી પુત્રી ડૉ. યોગિની વ્યાસે કર્યું છે. વિદ્વવર્ય પૂ. પિતાશ્રી વિશે લખવાનું હોય, તો સ્વાભાવિક રીતે જ લખાણ अहोरुपं, अहो ध्वनिःનો સૂર સંભળાય, પણ આ ચરિત્રલેખનમાં તાટસ્થ્ય જળવાયું છે. પિતાજી જેવા હતા તેવા આલેખ્યા છે. એમાં સત્યતાનો રણકો સંભળાય છે, નહિ કે પ્રશસ્તિનો, આમાંથી લેખિકાની નીરક્ષીરવિવેકી સમીક્ષણ-ક્ષમતાની પણ પ્રતીતિ થાય છે. ડૉ.યોગિનીબહેન જ્યારે-જ્યારે પરિસંવાદાદિમાં મળ્યાં છે, ત્યારે-ત્યારે એમના મુખમાંથી સંસ્કૃત-સાહિત્યના ગૌરવની વાતો નીકળે. સંસ્કૃત-સાહિત્યનું ગહન અને સૂક્ષ્મ પરિશીલન કરીને એમણે પોતાના ગ્રંથો-લેખોમાં નવનીત તારવ્યું છે. સરસ્વતીસ્વરૂપા ડૉ. યોગિનીબહેન સંસ્કૃતવિદ્યાની વાટિકામાં વિહાર કરીને નવાં-નવાં શબ્દ-પુષ્પો સંસ્કૃત-જગતને અર્પણ કરે છે.

**પ્રો. ડૉ. હંસાબહેન હિંડોચા**
(રાષ્ટ્રપતિ દ્વારા સન્માનિત, 2013)

**विद्याविनयसम्पन्ना विशालकुलसम्भवा ।**
**आदर्शगुण साम्राज्ञी चरित्रघन योगिनी ।।**

• संस्कृत वाङमय के अनेकविध विषयो में अच्छी गति रखनेवाली, शास्त्रीय सिद्धांतो को व्यवहार में जीनेवाली, मधुरवागवैभव की धनिका, स्वाध्यायपूर्वक सतत सारस्वतोपासना की पूर्ण पक्षधर, शिष्यवत्सला, शास्त्रों की समास और व्यास, उभयविध पद्धतियों की ख्यातिलब्ध विदुषी डॉ. योगिनीबहन है । गुरुपादपद्मपरागरागरंजित व्यक्तित्वयोग तथा उत्तमोत्तम संस्कारसमूह योग से आप योगिनी, हिमवत शीतल एवं मसृण गुणशीला, पुराणज्ञान शीलत्वात् व्यास और शुक्लवर्णा भगवती भारती की प्रसादरूपा प्रख्यात विदुषी हैं ।

**प्रो. डॉ. आचार्य जयप्रकाश नारायण द्विवेदी**
(राष्ट्रपति द्वारा सम्मानित, 2019)

**सदा प्रसन्ना मृदुहास्यरम्या विद्याविनोदे मधुभाषणिणी या ।**
**पूता यया संप्रति देवभाषा विद्वत्सु ख्याता ननु योगिनी सा ।।**

ચિ. ડૉ. વિદુષી બહેન યોગિનીજી મૃદુભાષી, સદૈવ જ્ઞાનચર્ચામાં મગ્ન, સંસ્કૃતભાષાનું ગૌરવ વધારનારાં સરસ્વતી છે. તેઓ વયોચિત સેવાનિવૃત્તમાંથી હવે મુક્તમને સંસ્કૃત ભાષાની સેવા કરી શકશે. તેમની કારકિર્દી વિદ્યાવ્યાસંગમય અને વિદ્યાર્થીઓને સંશોધનક્ષેત્રે આગળ વધારનાર અધ્યાપિકા તરીકે પ્રશંસનીય છે. તેઓ વિદુષી અને કવયિત્રી છે. તેનું ગુજરાતને અને ભારતને ગૌરવ છે.

**પ્રો. ડૉ. હર્ષદેવ માધવ**
'સાહિત્ય અકાદમી એવોર્ડ', નવી દિલ્હી',
'સોમનાથ સુવર્ણચંદ્રક', 'અખિલ ભારતીય
કાલિદાસ એવોર્ડ' વગેરે પુરસ્કારોથી વિભૂષિત.

**સંપર્ક :**
**ડૉ. યોગિની વ્યાસ**
૧૪૩૫/સી-૧, સેક્ટર-૨/બી, ગાંધીનગર
(મો. ૯૪૦૮૭૭૮૩૬૫, ૯૪૦૮૪૮૦૯૨૪)

**– મણિભાઈ પ્રજાપતિ**

# રંગૂનના પત્રો

પોપટલાલ ગુલાબચંદ પટેલ

## કલકત્તાથી રંગૂન - તા. 15-5-27

ભાઈ...

કલકત્તાથી લખેલો કાગળ મળ્યો ને? તેમાં ઉપલક જ લખેલું લાગ્યું હોય તેમાં નવાઈ નહી. રાત્રે નવ વાગે ગુરુવારે અમે કલકત્તા ઊતર્યા. માંડ અડધા કલાકે સ્ટેશન બહાર નીકળ્યા. ત્યાંથી ઉતારે-હાજી શકુર ગનીને ત્યાં આવતાં ફક્ત પાંચ જ મિનિટ. ઉતારો પાસે હતો તેમાં કદાચ તમે માનશો; પણ ના, મોટરમાં બેસી જતાં તેટલો જ સમય લાગેના? રાત્રે સાડાદશ અગિયારે જમ્યા. વાતો કરી બાર એક વાગ્યે સૂતા. સવારે 4 વાગ્યે તો ઊઠ્યા. કારણ સાડા-ચાર વાગ્યે તો બરાબર અજવાળું થઈ જાય છે. ચારેયે ઊઠી શૌચાદિ સર્વ ક્રિયા આટોપી છ વાગ્યે મોટરમાં સ્ટીમરમાં બેસવા ચાલ્યા. બીજા વર્ગની ટિકિટ લેવાની સલાહ અમદાવાદથી જ રા. જીવણભાઈની નહિ હોવાથી તે માટે તૈયારી નહોતી અને ખીસું પણ સાવ ના પાડતું હતું. કારણ દરેક જણના રૂ. 65 ફક્ત પડે છે. છતાં જો લેવા ગયા હોત તો ન જ મળત તે દિવસે તો રવિવારની સ્ટીમર લેવી પડત. તેથી ત્રીજા વર્ગની ટિકિટ લેવા ગયા. એક કલાકે પેલી ગરીબો (અજ્ઞાનો)નું લોહી ચૂસનારી ત્રણ માત્રાવાળી ડાકણીનો આશરો લઈ રૂ. 28 ને બદલે રૂ. 29 આપી (એ ડાકણી અહીં સોંઘી છે) ટિકિટ બે મેળવી. દરવાજામાં ગીડદી પુષ્કળ જ. ધક્કામુક્કી પણ તેટલી જ. દરવાજાની અંદર અમારા પહેલાં ગયેલા ઉતારુઓને કોરંટાઇન કરાતું હતું. કોરંટાઇન એટલે કેવળ ફાર્સ. જમીન પરથી સ્ટીમર પર જવા માટે વચ્ચે એક પાકો અચલિત ડેક બાંધેલો હોય છે. તેમાં એક દસ ફૂટ પહોળી ગલી જેવું આશરે 100 ફૂટ લાંબું હોય છે. આને છેડે કિનારા પર દરવાજો હોય છે. તેમાં પેસવાની રજા મળે એટલે ગલીમાં બે હારોમાં હારબંધ ઊભા રહેવાનું હોય. મોટા હાંડાળા એક ડૉક્ટર આવે. તેમની પહેલાં એક ટિકિટચેકર આવે. ટિકિટ કેવળ 15 રતલી લાલ કાગળની 3'' X 2'' માપની હોય છે. આ ચેકર પંચથી કાણું પાડી જાય ને પેલા ડૉક્ટર બે જ સેકંડમાં પેટ ને છાતી ઉઘાડાં કરીને ઊભેલાં ઉતારુઓના પેટ પર હાથ અડાડ્યો ન અડાડ્યો કરી હાલ્યા જાય. અમે મોટરમાંથી જેવા ઊતર્યા તેવા જ એક પોર્ટર નં. 85 વાળાએ અમારા બિસ્ત્રા ઉતારી પાડ્યા. ટિકિટો લીધી તેવો જ તે પોટલા લઈ સ્ટીમર પર જઈ અમારા માટે મળી શકી તેવી સારી જગ્યા મેળવી એક બીસ્ત્રો છોડી બન્ને માટે પથારી કરી રાખી હતી. અમે સ્ટીમર પર ગયા એટલે પેલા પોર્ટરે અમને તુરત જ શોધી કાઢી જગ્યા બતાવી

## જગ્યા કયે સ્થળે?

સ્ટીમરમાં ત્રણ માળ છે : (1) ફ્લોર-ભોંતળિયું. (2) પહેલો મજલો. (3) બીજો મજલો. આ ઉપરાંત ચોથો પણ મજલો છે. ત્યાં મૅનેજરસાહેબ એકલા જ રહે છે. આમાંના પહેલા મજલે ખુલ્લા ભાગમાં જ્યાં માસ્ટર કે જેને શઢ બાંધવામાં આવે છે – હોય છે ત્યાં અમારી જગ્યા હતી. અલબત્ત, તે ખુલ્લા ભાગને ટાટપતરીઓથી ઢાંકવાની સગવડ હતી. ને કરેલી પણ, છ ફૂટ છેડે એક નીકડી હોય છે જ્યાં ગમે તેવું ગંદું થયા જ કરે.

સ્ટીમર પ્રથમ સાત કલાક તો બહુ જ ધીમી ચાલી. કારણ તેને નદીમાં ચાલવાનું હતું, પણ ત્યાર પછી જોરમાં ચાલી. રાત્રે-પરોઢીએ વરસાદ વરસ્યો. ટાટપતરીઓમાં થઈને પાણી પથારીમાં ટપકવા માંડ્યું. બે કાંબળા ઓઢી જ લીધા. સદ્‌ભાગ્યે એક જ કલાક વરસાદ આવી બંધ રહ્યો. બપોરે તડકો ચઢે ત્યારે પણ સહેજ તાપ ટાટપતરી સુંસરો આવે. આ પ્રમાણે અમારા જેવા ત્રીજા વર્ગના 100 ઉતારુને ઠીક સવડ મળી ગણાય. બાકીના અમારી પાસે જ એક હાથ છેટે ઉપરાઉપરી પડેલા. 6 ચોરસ ફૂટ માંડ જગ્યા દરેકને ભાગ આવી હશે. આવા ઉતારુઓમાં હોજલ પડદાવાળાં બેરાં પણ હતાં. તેમને વરસાદથી ભીંજાવું પડ્યું હતું. પહેલા મજલામાં ત્રીજા વર્ગના ઉતારુઓ ફક્ત 250 હશે. ભોંયતળિયે 400થી 500 હશે. તેની

દુર્દશા મારાથી તો શું પણ ગરીબનાં દુઃખ જાણનાર ગાંધીથી પણ વર્ણવી જાય તેવી નથી. હવા ન મળે. કારણ નીચે બારીઓ ન રખાય : કદાચ સી રફ હોય અને સ્ટીમર ખૂબ ડોલવા લાગે તો સ્ટીમર જ સી થઈ જાય અને ગંદકીની ને ભેજની તો વાત જ નહિ. એવી ગંદકીમાં રહેવાનું જો અમારે નસીબે આવ્યું હોત તો જીવતે નરક ભોગવવું પડત. 72 કલાક શી રીતે પસાર થાત એ વિચારથી પણ કંપી ઊઠું છું. હાલ પણ પેશાબ કરવા કે પાણી ભરવા નીચે જવું અને મરવું બરાબર સમજું છું. પહેલા દિવસે તો પાસેનું ભાથું ખાઈ દિવસ કહાડ્યો. ફળ લેવાનો વિચાર હતો – જોકે પ્રો.ને નારંગી ને સંત્રાં નહોતાં ભાવતાં છતાં – પણ સમય જ નહોતો. કેવી રીતે લેવાય ? સ્ટીમરમાં પણ કેળા, કેરી, લીંબું વગેરે મળે છે, પણ સારી જાત નહિ. મીનીઅલસ વેચે છે.

બીજે દિવસે સવાર થયું – ચાર વાગ્યે. કારણ અમે પૂર્વમાં જતાં જઈએ છીએ. 24 કલાક સુધી આગળ ચાલતાં જમણી ને ડાબી બાજુ આગળ ને પાછળ ઝોલાં ખાતાં એક હીંચોળા જેવી સ્ટીમરમાં બિન ટેવાયેલાને ઊલટી વગેરે થાય એમાં નવાઈ નહિ. મારા જેવો જે સહેજ ઉતાવળે ચાલતા હીંચોળામાં બેસી ન શકે તેને તેની અસર ન થાય તો નવાઈ જેવું. આશરે આઠ વાગે ગઈ કાલે તેની અસર જણાઈ. એકાદ કલાક અસર રહી. હોક, હોક એક-બે વખત થયું, થોડુંક નીકળ્યું. લીધેલી દવાનો ઉપચાર કર્યો. લીંબું ચૂસ્યાં. બે-એક વાગ્યે ખાધું (24 કલાકે) પછી આરામ. પ્રો.ને કંઈએ થયું નથી. He is made of sterner stuff. ત્યાર પછી બીજે માળે બીજા વર્ગના ઉતારુઓ માટે હરવા-ફરવા બેસવા માટે ખુલ્લો અગાસી જેવો 10 ફૂટ પહોળો ને આશરે 200 ફૂટ લંબાઈનો ડેક છે ત્યાં જ અમે તો બેસવા-ઊઠવા લગ્યાં. કાલ રાત્રે વરસાદ સારો પડ્યો. રાત્રે ઠીક ઠર્યા. આજે સવારથી બપોરે બે વાગ્યા સુધીમાં પણ ત્રણ-ચાર વાર વરસાદ આવી ગયો. બધાં કપડાં બિસ્ત્રા ટંકનો એક ઢગલો કરી અમે તો બીજા વર્ગના ડેક પર ખુરસી મળે તો ખુરસી અને ન મળે તો નીચે બેસી ગાળીએ છીએ. આજે બપોરે વરસાદને લીધે બીજા વર્ગના એક ઉતારુની કૅબિનમાં ભોજન લીધું.

મને જે અનુભવ થયો તેવો જ લગભગ 50 ટકા ઉતારુઓને થયેલો. બીજે દિવસે બધાં લગભગ આખો દિવસ આડા પડી રહેલાં. જેમ એક દિવસ ઠંડા શિખંડથી બૉર્ડિંગમાં થયું હતું તેમ.

સ્ટીમરનું કદ-પહોળાઈમાં 50 ફૂટ ને લાંબી 250 ફૂટ આશરે, ઊંચાઈ 60 ફૂટ. 1/3 ભાગમાં પાછલા ભાગમાં ત્રીજા વર્ગના ઉતારુઓ માટે, 2/3 ભાગ બીજા વર્ગના તથા પહેલા વર્ગના ઉતારુઓ માટે. બીજા વર્ગના ઊતારુઓ માટે કૅબિનો હોય છે. એક કૅબિન આશે 7' x 10'ની હોય છે. તેમાં ત્રણ પથારીઓ હોય છે. ન્હાવાની, સંડાસ પેશાબ વગેરે માટે તેમને માટે અલગ સારી સગવડ હોય છે. સાફસૂફ પણ દિવસમાં અનેક વાર થાય છે. હવા ખાવા માટે તો ડેક દરરોજ સવારે પાણીથી રેતીથી અને રબરથી સાફ કરવામાં આવે છે. પિત્તળ પર હવા લાગી હોય ને સહેજ ઝાંખો થયો હોય તો તેને ઘસી-ઘસીને હંમેશ ઊજળો કરવામાં આવે છે. ભીંતો બધી દરરોજ ધોવાય છે. વડોદરા રાજ્યના કોઈ ગંદાં ગામડાંના ગંદા મુખીના હાથ નીચે કામ કરતો ગંદો ભંગી જેવી શેરીઓ સાફ કરે તેવી સેકંડ ક્લાસ ને ફર્સ્ટ ક્લાસના પ્રમાણમાં ત્રીજા વર્ગના ઉતારુઓની જગ્યા સાફ થાય છે. આવી સ્થિતિ આપણી જનરલ પબ્લિક ક્યાં સુધી ભોગવશે ! ઈશ્વરેચ્છા !

સ્ટીમરમાં એક ભૈયો છે. તે ઑર્ડર પ્રમાણે ભોજન તૈયાર કરી આપે છે. પુરી પાકા શેરના રૂ. અઢી લે છે. પણ પુરી આપણ ઘરના જેવી શુદ્ધતામાં નહિ, પણ દેખાવમાં. મુસલમાનો માટે ને માંસાહારીઓ માટે અલગ દુકાન છે.

કલકત્તાથી રંગૂન જતી સ્ટીમરને આશરે 800 માઈલ કાપવાના હોય છે. હાલ 5.30 વાગ્યા છે. અહીંથી રંગૂન 80 માઈલ દૂર છે. ઇરાવદી નદીમાં ગંગા હુગલી નદીની માફક જ ધીમે-ધીમે સ્ટીમર જશે ને સવારે પરોઢીએ ઉતારશે.

ચારેબાજુ પાણી જ પાણી. તે સિવાય બીજું કંઈ પણ નથી દેખાતું. ઉપર આભ, તળે પાણી. તેની વચ્ચે એક હજાર માણસનું જીવતું ને હાલતું ઘર વહ્યું જાય છે.

ઝવેરબહેનને કહેજો કે તમારાં મરચાં થોડાંક ને લીંબુ બહુ જ મીઠાં લાગ્યાં. મહારાજને કહેજો કે તમારી ચટણીના બે લાડુમાંના એકનો ચોથો ભાગ જ વાપર્યો છે. બાકીનો પાછો લાવું કે દરિયાદેવને અર્પણ કરું ? અને સુખડી, મગજ તો અમને વધારે જ પડ્યું. ગળ્યું નથી ભાવતું. ઘણું ખરું પુરી-શાક

વેચાતું લઈ ખાવાનું રહે છે. પ્રો. ને તે બહુ જ ગમે છે. તેમને દહીંવડાં બહુ જ ગમે. મને તે જોઈ બકારી આવે છે. હું તો ચાખતો પણ નથી.

Prof મઝામાં છે. હું પણ તદ્દન સ્વસ્થ છું... તા 16-5-27 સોમ સવારના પાંચ રંગૂનના કાંઠા પાસે સ્ટીમરમાં બિસ્રા વગેરે પેક કર્યા છે. ઊતરવા તૈયાર થયા છીએ.

સોમ – સવારે 7.30 વાગે ગણેશલાલ જેસંગદાસ - નં. 87, 30 મી સ્ટ્રીટ. પોસ્ટ બૉક્સ નં. 862. રંગૂનને ત્યાં ઊતર્યા. ઊતર્યા એટલે પેલા ફાર્સીકલ કોરંન્ટાઇને વિશેષ ફાર્સ ભજવ્યું. અમારાં ધોતીયાં સિવાયનાં બધાં લૂગડાં કઢાવી નાખ્યાં. એવાં ઉઘાડાં શરીરે 20-25 કદમ ચાલીને ડૉક્ટર પાસે થઈને જવાનું હતું. બહાર નીકળી મોટરમાં બેસી ઉતારે આવ્યા. શોચક્રિયા કરી. એક કલાક સુધી આપણી ડોલો જેવી ચાર ગરમ પાણીથી ભરેલી – વડે સ્નાન કર્યું. પ્રો. તો ચકલી નીચે બેઠા. વિઠ્ઠલભાઈ સામા આવેલા. તેમનો ઉત્સાહ ખૂબ જ છે. ફંડ માટે વાતો કરી છે. વાતાવરણ જામવા માંડ્યું છે. શું થશે તેની ચિંતા અમને નથી, તમે પણ ન જ રાખતા. कर्तव्येधिकारः। એ પ્રમાણે અવિરત મહેનત કર્યા કરીશું. ક્યારે પાછું અવાશે એ આજે ન જ લખી શકાય. ફંડ સંબંધી બીજી માહિતીની પણ તમે શી ઇચ્છા આજે જ તો રાખી શકો?

(સૌજન્ય : '**કેળવણી**' ત્રૈમાસિક વર્ષ 1લું અંક-4થો (ચૈત્ર-1983), 131-133

## કામરૂપ દેશ

રંગૂનનું મૂળ નામ એન્ગુન છે. બૉમ્બેનું મુંબાઈ છે, બરોડાનું વડોદરા છે તેમ આ નામ બાબતમાં પણ. રંગૂન એ તદ્દન નવું વસેલું અંગ્રેજી ઢબનું શહેર છે. તે પાઘડી પને વસેલું છે. તેના રસ્તાઓ બહુ જ પહોળા 40થી 100 ફૂટ. ધોરી રસ્તાઓ, મહોલ્લાઓ વચ્ચે નિદાન 30 ફૂટનો માર્ગ હોય છે. કચરાગલીઓ પથ્થરથી બાંધેલી વીસ ફૂટ પહોળી હોય છે. એ ગલીઓ દરરોજ સાફ થાય જ. દરેક ઘરમાં પાણીની ને જાજરૂની સરસ સગવડ હોય જ. એ સગવડ ન હોય તો વાપરી ન જ શકાય એવો મ્યુનિસિપાલિટીનો કાયદો છે. મકાનો મોટાં છે, મજબૂત ને ઘણાંખરાં પથ્થરથી બાંધેલાં છે.

ભાડાં બહુ જ આકરાં. આપણી ઓરડી તથા પડાળી જેવડા મકાનના માસિક રૂ. 40 ભાડું હોય છે. તેવડી દુકાનોનાં ભાડાં રૂ. 100થી રૂ. 400 સુધી હોય છે. આ હિસાબે રંગૂનવાસીનો ખર્ચનો બોજો અને કમાવાની જવાબદારી પણ મોટી હોય એમાં નવાઈશું? અહીં રૂ. 100ના માસિક પગારદાર આપણા દેશના રૂ. 25ના પગારદારની બરાબર જ ગણાય.

ઘઉંનો ભાવ રૂ. 7 છે. બાકી ચોખા, ઘી વગેરે ત્યાંના ભાવે લગભગ મળે છે. દૂધ (ગાયનું) શેરના રૂ. 3-6 હોય છે. એટલે ખોરાકીખર્ચ આપણા કરતાં લગભગ બમણો. હવે રૂ. 15માં પતે.

મુંબઈની વસતીની માફક અહીંની વસતી પચરંગી છે. બર્મીઝ, મદ્રાસી, વહોરા અને ગુજરાતીઓ ને બંગાળી લોકો. ગુજરાતી-મદ્રાસી અને વહોરાઓનો વેપાર. બંગાળીઓની નોકરી અને બર્મીઝ ખેડૂતો. મદ્રાસી મજૂરો પણ છે. મદ્રાસી લોકો અહીં પ્રથમ આવેલા. તેમાં બે વર્ગ છે : એક શાઇલોક-જ્યુ-મારવાડી બનીઆ જેઓ ધીરધારનો ધંધો મુખ્યત્વે કરનારા અને બીજા લંચા-રિક્સા ખેંચનારાઓનો. પ્રથમ વર્ગ ચેટી (શાહુકાર) અથવા ચેટીઆરના નામથી ઓળકાય. દોઢ ટકા સુધી વ્યાજ ધમધોકાર ચાલે છે. તેઓ મુખ્ય બજારમાં દુકાનોમાં એકીસાથે દસ-દસ પંદર-પંદર બેસે છે. એટલે ભાડું ગમે તેટલું મોટું હોય પણ તેમને નથી જણાતું. તેઓ પોતાના દેશથી સ્ત્રીઓ નથી લાવી શકતા. હવે એ લોકો સ્ત્રીઓ લાવાનો વિચાર કરે છે. તેઓ શરીરે કાળા, માથાં બોડિયાં અને શરીર ઉઘાડાં એવા વેશે મોગલસ્ટ્રીટ પર ફરતાં દેખાય છે. પ્રસંગ પડે તો રંગૂન આવવાનુ થાય તો તુરત જ ઓળખી શકશો. બીજો વર્ગ મજૂરોનો તેઓ પણ એકીસાથે પંદર-વીસ જણ નાની સરખી ઓરડીમાં રહે છે. ધણી વિનાની એક સ્ત્રી રાંધી ખવરાવે છે. આ રિવાજ જંગલી લાગે છે. આ મજૂરો લંચા, નાનકડી બગી ખેંચે છે. ટેવાયેલા હોવાથી એકીસાથે ત્રણ માણસોને ખેંચે છે. કલાકના છ માઈલ સહેજે જાય છે.

મ્યુનિસિપાલિટીના રસ્તા બહુ જ સરસ ન હોત ને અમદાવાદ જેવા રસ્તા હોત તો લંચા ન ચાલતા હોત. અહીંના બધાયે રસ્તા સીધા ખાડા ટેકરા વિનાના અને મ્હોં દેખાય તેવા ચકચકિત છે. બે-ત્રણ વખત એ લંચામાં બેસવાનું દુર્ભાગ્ય અમને પ્રાપ્ત થયેલું. અમે તો મહેમાન રહ્યા એટલે ઉપાય નહોતો. પ્રથમ પ્રસંગે તો હૃદય કકળી ઊઠેલું. આ રિવાજ પૂર્વનો છે. ચીન, જાપાન, સિંગાપોર વગેરે ઠેકાણે આ રિવાજ ચાલે છે. હિંદુસ્તાનમાં બર્મા અને કલક્તામાં જ છે. બર્મામાં

ખાસ કરીને રંગૂનમાં તેને નાબૂદ કરવાના ભણકારા વાગી રહ્યા છે. એક ફ્રેન્ચ સદ્ગૃહસ્થ સાથે આ બાબતે અમારે વાતચીત થઈ. તેમાં તેણે કહેલું કે હું અહીં આવ્યો ત્યારે બે માસ સુધી લંચામાં નહિ બેઠેલો. પણ પછીથી જ્યારે તે મજૂરોને જ તે કામ હિણપત ભરેલું નથી લાગતું તો આપણે તેમના દુઃખની ચિંતા શા માટે કરવી ? માણસ ઘોડાના રૂપમાં ગાડી ખેંચે અને માણસ જાતે જ ગાડીમાં ચઢી બેસે અને કેટલેક પ્રસંગે ગાડી ખેંચનારને પાદપ્રહાર પણ કરે એ તદ્દન ઘાતકી રિવાજ છે. એનાથી ઘણા મજૂરો ક્ષયના ભોગ થઈ પડે છે ઉપરાંત લંચાની સંખ્યા 5000ની છે. એટલે બહુ જ સસ્તું ભાડું. ધોરી રસ્તાઓમાં લંચા જ લંચા દેખાય છે. 'લંચાવાળા' એવી બૂમ પડતાંની સાથે જ પાંચ-સાત તૈયાર હોય. અહીં સાઇકલ જ્વલ્લેજ વપરાય છે. સાઇકલ પર બેસી જવું શરમ ભરેલું ગણાય છે. પુરુષોનો અને સ્ત્રીઓનો પહેરવેશ લગભગ સરખો છે. પ્રાચીન સમયનો કામરૂપ દેશ કામના રૂપવાળો છે. સ્ત્રીઓ સમાજમાં પ્રાધાન્યપદ ભોગવે છે. અહીંની સ્ત્રીઓ હરેક પ્રકારની દુકાનો ચલાવે છે. દરેક ધંધામાં દલાલીપણું કરે છે. પુરુષોના વહેવાર કરતાં સ્ત્રીઓનો વહેવાર વિશેષ ચાલે છે. પુરુષને સસરાને ત્યાં જવાનું ને રહેવાનું હોય છે. એટલે સ્ત્રીના ઓશિયાળા પુરુષે રહેવાનું હોય એ સ્વાભાવિક છે. હરકોઈ સ્ત્રી કંઈક ને કંઈક કમાણીનો ધંધો કરતી જ હોય છે. આપણા સમાજમાં સ્ત્રીઓને ઘરનું કામ કરીને બેસી રહેવાનું હોય છે, તેમ અહીં નથી. અહીંની સ્ત્રીઓને કમાઈને ઘર વ્યવહાર ચલાવવો એ તદ્દન સ્વાભાવિક છે. આથી એમ નથી સમજવાનું કે પુરુષો ધંધો નહિ કરતા હોય. તેઓ પણ કમાણીનો ધંધો કરે જ છે. આમ સ્ત્રી ને પુરુષો છેક નાની ઉંમરથી દસ વરસની ઉંમરથી પોતે કંઈક કમાવું એવી ભાવના ધરાવતાં થાય છે. બર્મી લોકો બહુ જ સરળ હૃદયના, વિશ્વાસુ અને શોખીન છે. અજાણ્યા માણસ પર ખાસ કરીને હિંદના લોકો પર વિશ્વાસુ બહુ જ રાખે છે, પણ વેપારીની લુચ્ચાઈએ તેમને ચેતતા રહેવાનું સૂચવ્યું છે. અર્થાત્ અવિશ્વાસુ બનાવ્યા છે. તેઓ કહે છે કે, 'તમે આવ્યા ત્યારથી અહીં વરસાદ કમી વરસે છે અને કમી પાકે છે.' કેટલેક દરજ્જે આ વાત સત્ય હોય.

સ્ત્રીઓ લુંગી અને કબજો પહેરે છે. લુંગી એટલે 3 હાથ લાંબાં લૂગડાંના કકડાના બે છેડાને સીવી બનાવેલું કપડું – કોથળાના બન્ને છેડા ખુલ્લા હોય તેવું, પુરુષો પણ લુંગી જ પહેરે છે. કબજો – આપણે પહેરીએ છીએ તેટલા કેડ સુધીના પણ બંડીના આકારને સહેજ મળતો. માથે સ્ત્રીઓ કંઈ પણ નથી પહેરતી. પોતાના વાળને દાદાભાઈ નવરોજીના ફોટામાં માથે પાઘડી છે તેવા આકારમાં સ્ત્રીઓ ઓળે છે અને ફૂલોથી અને મોતી-માણેકની કાંચકીથી તેને સુશોભિત કરે છે. પુરુષો સાથે નિઃસંકોચ ભળે છે. આપણા સમાજમાં સ્ત્રીઓ અને પુરુષો એકબીજાથી અતડા રહે છે અને તેથી જ એકબીજાને વિકારની દૃષ્ટિથી જુએ છે. અહીં બર્મી લોકો હજારો રૂપિયાની જણસો વિશ્વાસથી બીજા અજાણ્યા માણસને ત્યાં મૂકે છે અને લઈ જાય છે. આપણા લોકો પણ તેમના પ્રામાણિપણા પર આધાર રાખી લાખો રૂપિયાનો માલ તેમને ત્યાં મૂકે છે.

આ લોકો બહુ જ શોખીન છે. કુદરત પર વિશ્વાસ રાખી પોતાના ખેતરોમાં જે પાકે છે તેથી સંતોષ રાખી વર્ષ દરમિયાન સહજસાજ મહેનત કરે છે. કુદરત સીધી છે. માગ્યો મેહ વરસાવે છે. બર્મી ખેડૂત વરસમાં એક વાર ખેડ કરી ધાન્ય બોઈ આવે છે. અનાજ થોડી મહેનતે ઠીક પાકે છે. (કાળજીવાળો અને મહેનતુ ખેડૂત ચારગણું પેદા કરી થોડાક જ વર્ષમાં પૈસાદાર થાય.) પાકની પાછળ કાળજી નહિ જેવી જ લેવાય છે. નવરાસનો બધો વખત એશઆરામમાં તેઓ ગાળે છે. સહેજ પૈસા થાય કે તરત જ હીરા-માણેક ખરીદી પહેરે. હજારની મૂડીમાંના રૂ. 400નું ઝવેરાત ખરીદાય છે. તેથી જ બર્મામાં ઝવેરાતનો ધંધો ધીકતો ચાલે છે અને મદ્રાસના ચેટી શરાફી ધંધાથી ધનવાન બન્યા છે.

અહીંનો પાક – લાકડું, ચાવલ(ચોખા) અને કેરોસીન. હમણાં-હમણાં આપણા દેશનો પાક પણ પકવવામાં આવે છે, પણ બહુ જ જૂજ. તરકારી ચાર અને પાંચ આને શેર હોય છે.

ઝવેરાતનો ધંધો મુખ્યત્વે ગુજરાતીઓનો છે. મદ્રાસના મજૂરો દરેક જગ્યાએ કામ કરે છે. ખેતીમાં તેમજ લંચાઓમાં. અહીં ગુલામીનો રિવાજ છે. હલકા લોકો પોતાની છોડી-છોકરાને સારા માણસને ત્યાં વેચે છે. સાધારણ માણસ પણ નોકર રાખે છે. છોડી પરણવા લાયક થાય એટલે પોતાનો પતિ શોધી લે છે. આશરે 80 ટકા લગ્નો પોતાની મેળે થાય છે. માબાપો વચ્ચે નથી પડતાં. નોકરોને શેઠ પોતાનાં છોકરાં માફક રાખે છે એવા દયાળુ હોય છે. ઉંમરલાયક નોકર-છોડીને પરણાવી રજા આપે છે.

## ગામડાંઓનો ઇતિહાસ હવે પછી

એક ગામડું – જંગલ – જોયું છે. તેનું નામ પાઉન્ડે – તેની વસ્તી 12000 માણસની. વિસ્તાર પાઘડીપને પાંચ માઈલ સુધી.

રંગૂનમાં ઓછી સાઇકલો ખરી, પણ ડિસ્ટ્રિક્ટમાં પુષ્કળ સાઇકલો. કહે છે કે દરેક ઘરમાં એક સિવવાનો સંચો અને સાઇકલ હોય જ.

(સૌજન્ય : **'કેળવણી'** ત્રૈમાસિક વર્ષ 2જું, અંક 1લો. (આસો-1983), પૃ. 12-14

***

પાઉન્ડે જઈ આવ્યા એ હકીકત ગયા અંકમાં જણાવી તે વિશે હકીકત પણ સહજ જણાવેલી.

રંગૂનથી મુખ્ય બે રેલવે લાઇન ફૂટે છે. એક માંડેલેની અને એક પ્રોમની. માંડેલે લાઇનમાં પેગુથી મુસમેન લાઇન જાય છે અને પ્રોમ લાઇનમાં લેપડાથી હેન્ઝાડા – બસીન લાઇન જાય છે.

લેપડાનથી પ્રોમ જતાં પાઉન્ડે કરીને ગામ છે. સ્ટેશન પાસે જ વસેલું છે. આપણા દેશી લોકોની વસ્તી આશરે 100ની હશે. ચટ્ટિ લોકો 200 આશરે હશે. ગામ આશરે ત્રણ માઈલ લાંબુ, પણ ફક્ત 1000 ફૂટ પહોળું છે. વસ્તી આશરે દસ-બાર હજારની છે. બર્મા લોકોમાં રિવાજ છે તે પ્રમાણે સ્ત્રીઓ વેપાર કરે છે, દલાલી કરે છે, જાગજમીન પર દેખરેખ રાખે છે. પુરુષો હવે દરેક કામમાં આગળ પડતા થતા જાય છે. એમનાં બીડાં લાંબાં એક વેંત અને પગના અંગૂઠા કરતાં પણ જાડાં નવાઈ ઉપજાવે છે. સ્ત્રીઓ અને પુરુષો બન્ને તે બીડાં ફૂંકે છે. નાનાં નાનાં છોકરાં પણ ફૂંકે છે.

અમે રાત્રે ગાડીમાં બેઠા. દસ કલાકની મુસાફરીએ અમે પાઉન્ડે સવારે પહોંચ્યા. આ મેઈલગાડી હતી તેથી આપણી કડી ગાડી જેટલી ગતિ રાખતી. લોકલની સ્પીડ ઓછી જ હોય છે. ત્યાંથી આશરે 1000 ફંડ થયું. આ પ્રદેશમાં પુષ્કળ વરસાદ થાય છે. તેથી સહજ પ્રયત્ને પુષ્કળ પાકે છે. એક વખત દુષ્કાળ-સાતકાળી-પડેલી ઘણાં-ઘણાં વર્ષો પૂર્વે. અને કહેવાય છે કે ત્યારથી જ બર્મના લોકો માંસ માટી ખાતાં થયાં છે. હાલ પણ તેઓ જાતે પ્રાણીઓને હલાલ કરવામાં પાપ માને છે. બાકી ખાવામાં પાપ નથી માનતા. હમણાં-હમણાં શાકાહારીઓની સંખ્યા વધતી જ જાય છે. ફુંગી લોકો-સાધુઓ- જેમાંના કેટલાક સારા ને કેટલાક ઢોંગી (આપણા સાધુઓની માફક હોય છે.) ઘણુંખરું શાકાહારી છે. શાકાહારી એટલે માછલીનો ત્યાગ, પણ એવા અર્થમાં વાપરું છું. તે સાધુઓના ઉપદેશથી કેટલાક શાકાહારી બનતાં જાય છે.

અમે જે દિવસે પાઉન્ડે પહોંચ્યાં તેના પછીના દિવસે રાત્રે 11 વાગે ગાડીમાં બેસી સવારે રંગૂન છ વાગે આવ્યા. ગાડીમાં ભીડ સખત જ. અહીં ઊંઘતાને ઉઠાડવામાં બર્મા લોકો પાપ માને છે. ગાડીમાં આ માન્યતાનું આબેહૂબ અનુકરણ જોવામાં આવે છે. બધા જણા ગાડીમાં લાંબા પગ ઘાલી સૂતા જ હોય. નવા પેસેંજરો જે આવે તે કાં તો ઊભા રહે કે માંડ-માંડ પાટીઆની કિનાર પર ટેકો રાખી બેસે, પણ સૂતેલાને ઉઠાડાય નહિ. સ્ટીમરમાં પણ આવું જ. લાંબી-લાંબી શેતરંજી-ચટાઈઓ પાથરી દીધી એટલે એનું નામ ન દેવાય. પછી ભલેને આખો રસ્તો એ ચટાઈ ખાલી જ રહે. આ બાબતમાં અહીંની વસ્તીની નીચવૃત્તિ લાગે છે. બીજાની સગવડ સંભાળીએ તો આપણી પણ સગવડ તે સંભાળે એ વૃત્તિનો અહીં તદ્દન જ અભાવ જણાય છે.

આપણે ત્યાં મુસાફરોનો દસ-પંદર ટકા જેટલો ભાગ જ ફક્ત સ્ત્રીઓ માલૂમ પડે. જ્યારે અહીં બરાબર 50થી 75 ટકા. આપણે રહ્યા સ્ત્રીઓથી અતડા રહેનાર. એટલે સ્ત્રીવર્ગને ખસવાનું કે માર્ગ આપવાનું ન કહીએ એટલે જાતે અગવડ વેઠવાની રહી.

વળી અહીં શરીરને અડકવું એ ખરાબ ગણાય છે. સ્ત્રીના શરીરને તો કોઈ ન જ અડકે, પણ પુરુષના શરીરને કોઈ ભૂલથી અડકે તો કજીઓ જ થાય. ગાલ પર તમાચો મારવો એ તો મહાભયંકર ગુનો ગણાય છે. તેને માટે તો કચેરીએ કેસો ચઢેલા. નાના પાંચ-સાત વર્ષના છોકરાને પણ તમાચો ન મારી શકાય એવો રિવાજ બર્મીઓમાં સાર્વજનિક છે.

રંગૂનમાં બે-એક દિવસ રહી અમે બસીન ગયા સાંજે પાંચ વાગ્યે બસીનની સ્ટીમરમાં બેઠા. જગ્યાના અભાવે સેકંડ ક્લાસની ટિકિટ લીધી. થર્ડ ક્લાસના 3 ને સેકંડ ક્લાસના 9 છે એ પ્રમાણે ચાર જણના 36 ખર્ચી ગોઝો નામની લોંચ (નાની સ્ટીમર)માં અમે ઊપડ્યા. ઈરાવદી નદીના અનેક ફાંટાઓ કાપતા-કાપતા ચાલ્યા. નદીની બંને બાજુએ કુદરતે લીલોછમ ગલીચો પાથરી દીધો હતો. વચ્ચે-વચ્ચે ઝાડોવાળી જગ્યા – ગામનું રહેઠાણ દેખાતું. બાકીની બધી જમીન

ઝાડ વિનાની ચોખ્ખી ખેતીને ઉપયોગી હતી. ઠેક-ઠેકાણે ખેતરો ખેડાતાં હતાં. કેટલાકમાં ડાંગરનું ધરુ તૈયાર થયેલું હતું. ધરુનો લીલાડો દેખાતો હતો. કેટલાંકમાં વેંત પાણીમાં હળ ફરતાં હતાં. કેટલાંક ખેડાઈ તૈયાર થયાં હતાં. છતાં લીલાંછમ હતાં. આ ગોઝો મેઈલ સ્ટીમર હતી. તેથી ત્રણેક ઠેકાણે જ ફક્ત થોભેલી. તેમનાં નામ મોબીન, વાકેમા અને મેમીઓ છે. ચારે ઠેકાણે અમે ઊતરી ગામમાં જઈ આવેલા અને ગામો જોયેલાં. આ બધાં ગામો કિનારે-કિનારે પાઘડી પને જ વસેલાં છે. બસીન બીજે દિવસ એક વાગે પહોંચ્યા તે જ દિવસે રૂ. 1000 ભરાયા. બીજે દિવસે રૂ., 400 ભરાયા ને ત્રીજે દિવસે રૂ. 75 ભરાવી સવારે દસ વાગે ગાડીને રસ્તે હેન્ઝાડા, લેપડાન થઈ રંગૂન પહોંચવાને ઊપડ્યા. શરૂઆતમાં પા માઈલના વેગે, પછી બે માઈલના વેગે, પછી દસ માઈલના વેગે અને છેવટે પચીસ માઈલના વેગે ચાલી હેન્ઝાડા પહોંચ્યા. અહીં ઈરાવદી નદી છે. ગાડીમાંથી ઊતરી સ્ટીમરમાં બેસી સામે કિનારે જઈ ગાડીમાં બેસવાનું હોય છે. અમારી સ્ટીમરની જોડે જ બે ફૂટ છેટે એક બીજી કારગો સ્ટીમર જોડેલી. તેના પર ભારખાનાના 24 ગાડીના ડબા હતા. અહીં નદીનું વહેણ ઉતાવળું છે અને પટ પહોળો છે અને કિનારાની જમીન પોચી હોવાથી પુલ નથી બાંધી શકાતો. તેથી આ પ્રમાણે સ્ટીમરની યોજના રાખેલી છે. લેપડાન નવ વાગે પહોંચ્યા. પાણીની સવડ ક્યાંય પણ નહોતી. બે કલાક આ મેલ દરરોજ અહીં પડી રહે છે. પાંચ વાગે ઊપડી સવારે પાંચ વાગે રંગૂન પહોંચ્યા. (રવિવારે સવારે). જે દિવસ આવ્યા તે દિવસે સવારે 500 મંડાવ્યા. આજે એટલે સોમવારે ફક્ત 51 મંડાયા છે.

રંગૂનથી બસીન સ્ટીમર રસ્તે જતાં, પપનસ, અનનસ, ફણસ, દુરિયાન અને મોગલસ્તાન સોપારી વગેરે ઝાડો નજરે પડતાં. ઘરો-ગામ, દસ પંદર ઘરનું - બબ્બે ત્રણ-ત્રણ ફ્લાંગને અંતરે હતાં. આવી પદ્ધતિ આપણી બાજુ થાય તો કેવું સારું ! ખેતીવાડીના શિક્ષણમાં એક હથ્થે જમીન કરવી, ચાસ ત્યાં વાસ વગેરે શીખવવાનું ભૂલવું નહિ જોઈએ. અહીં વાંસના જૂથમાં વાસ પવિત્ર અને ફાયદાકારક મનાય છે. એટલે ઘણાં ઘરોની પાસે વાંસનાં જૂથો ઊભાં ઝાડો નજરે પડે છે.

બસીનથી હેન્ઝાડા રેલ રસ્તે આવતા હેન્ઝાડા નજીક કેળની ખેતી પુષ્કળ છે. ખાખરિયા ટપ્પામાં જેમ કપાસ કપાસ જ જોઈએ છીએ તેમ ત્યાં કેળનાં વને વન નજરે પડેલાં. બહુ જ મીઠાં કેળાનું એક જૂથ આશરે 20 નંગ બે પૈસામાં મળે છે. અમે તો ખૂબ જમેલા એટલે ઘણાં ન ખાધાં, પણ છ-છ ખાઈ ગયા. બીજાં ફળો પણ પુષ્કળ જ પાકે છે. દુરિયાન નામનું એક કીમતી ફળ થાય છે. આશરે પાંચ શેરથી પંદર શેર વજનનું થાય છે. તેની વાસ બહુ જ ખરાબ છે. મારાથી તો નથી જ ખમાતી. જે ખંડમાં હોય ત્યાંથી હું હાલ પણ ભાગી જાઉં છું. (છગનભાઈ તો ન જ ભાગે, તેમની સહનશક્તિને ધન્ય છે!') છતાં તેમાંથી નીકળતો ખાવા લાયક ભાગ બહુ જ મીઠો, ગરમ, તેજ, મલાઈ જેટલો તાકાતવાન છે. બે-ચાર વખત ખાધા પછી તેનો મોહ રહી જાય છે. તેના ઠળિયા બહુ જ મોટા લીંબુ જેવડા હોય છે. તેના ઉપર મલાઈ જેવો પદાર્થ દોરા બે દોરાવા ચોંટેલો હોય છે. આ ફળો લાવું ? પણ તે ફળો બે દિવસ કરતાં વિશેષ રહે તો બગડી જાય છે. તો પછી મ્હોંમાં પાણી ન વાળશો. તે તો ઉપલક તો ગંધાય.

બસીનમાં ફુંગીઓ સવારે હારબંધી એકની પાછળ એક એમ ભિક્ષા માટે જતાં અમે જોયાં. લગભગ 50ની સંખ્યા હતી. તેમાં 50 વર્ષના વૃદ્ધથી દસ વર્ષના છોકરાઓ પણ હતાં. આ છોકરાઓને જબરાઈથી નહિ - આપણા સાધુઓ છોકરાઓને પકડીને રાખે છે તેમ પણ રિવાજ જ છે કે દરેક બર્મી છોકરાએ ફુંગી થવું જ જોઈએ. ફુંગીનું જીવન માસ બે માસ, છ માસ કે વરસ ગાળવું જ જોઈએ. તેથી નાના-નાના છોકરાઓ પણ ફુંગી તરીકે દેખા દે છે. એક વખત ફુંગી થયા પછી પોતાને ચાહે તેટલાં વરસ ફુંગી તરીકે રહી શકે છે. ચાહે ત્યારે ગૃહસ્થાશ્રમી થઈ શકે. આપણે ત્યાં ફરીથી ગૃહસ્થાશ્રમી થવું એ શરમ ભરેલું છે એવું અહીં નથી. ફુંગી લોકોને બહુ જ માન મળે છે. તેમને સર્વ ભોજન આપે છે. લાડુ, મિષ્ટાન વગેરે નહિ, પણ સાદું ભોજન. એક હારમાં પચાસ સો જાય. એક જ પાત્રમાં જે લાકડાનું કાળું હાંલ્લા જેવું હોય છે તેમાં બધી જાતની ભોજન-વસ્તુઓ મૂકવાની હોય છે. તેઓ આપણા સંન્યાસીઓની માફક સાદાં વસ્ત્રો ધારે છે. માથાં કલાઈ કરાવેલાં, પગે ચંપલ જોડા અને શરીરે કેસરી રંગનું ખાદી જેવું કપડું ઓઢણા તરીકે.

અત્રે ત્રણ પારસી બંધુઓ 1923માં મુંબઈથી નીકળી સાઇકલ પર આખી પૃથ્વીની મુસાફરીમાં પંજાબ, બલુચિસ્તાન, ઇરાન, થઈ ફ્રાન્સ, ઇંગ્લૅન્ડ, આયરલૅન્ડ, અમેરિકા, જાપાન, ચીન, ઇન્ડો ચાઇના, સિંગાપોર અને બર્મા વગેરમાં થઈ રંગૂન આવ્યા છે. તેમણે પોતાનો અનુભવ કહેલો તે સાંભળવાની તક ગઈ કાલે મળી હતી.

(સૌજન્ય : **'કેળવણી'** ત્રૈમાસિક, વર્ષ ૨જુ 1984, અંક-૨જો પોષ, પૃ. 48-51)

અહીં બૌદ્ધ ધર્મનો એક મોટો Pagoda એટલે દેવસ્થાન છે. તેમાં એક જબરો ઘંટ છે. લોકો કહે છે કે એ ઘંટ જે વગાડે તેને બર્મા ભૂમિમાં આવવું પડે. અમે તો જોરથી ઘંટ વગાડ્યો. પ્રો. સાહેબે પણ. એટલે કદાચ ફરી બર્મા દેશની ભૂમિનાં દર્શન કરવાં પણ પડે.

બર્મા લોકોના કેટલાક રીતરિવાજો અહીં નોંધું છું:

સ્ત્રીઓ રજસ્વલા ધર્મ નથી પાળતી.

ગમે તે સ્ત્રી ગમે તે બર્મીને પરણે. અમુક કુટુંબમાં જ પરણે એમ નહિ. હમણાં-હમણાં ઘણા ચીના લોકો બર્મી બાઈઓને પરણ્યાં છે. કેટલીક સ્ત્રીઓ મુસલમાનોને પણ પરણી છે, પણ બર્મા લોકોને પોતાની ઓલાદની સંખ્યા ઘટતી જાય છે એનું ભાન થયું છે અને તેનો જાત પ્રયત્ન કરે છે.

હાથ પાણી નથી લેતા.

પુરુષો મૂછ દાઢી નથી રાખતા. તેઓ હજામતથી અસ્ત્રાથી મૂછ-દાઢી દૂર નથી કરતા, પણ એક પ્રકારનો ધારવાળો ચીપિયો હોય છે તેનાથી તે વાળ ચૂંટી લે છે અથવા કાપી નાખે છે.

ચાળીસ વર્ષની ઉંમરના બધા બર્મા લોકોના કેડથી ઢીંચણ સુધીના પગના ભાગો રંગબેરંગી છુંદણાંનાં ચિત્રોથી ભરણ હોય છે. ગામડાંઓમાં એ રિવાજ હજુ પણ ચાલુ છે, પણ સુધરેલા લોકો હવે એવાં છુંદણાં નથી છુંદાવતા. સ્ત્રીઓને એવાં છુંદણાં નથી જ હોતાં. સ્ત્રીએ પુરુષને કબજામાં રાખવાના ઉપાય તરીકે આ રૂઢિ દાખલ તો નહિ કરી હોય ?

બર્માઓ સંગીતપ્રિય છે. ત્રણ વર્ષના બાળકથી ઘરડામાં ઘરડો પુરુષ વા સ્ત્રી સંગીત જાણે છે, નાચી જાણે છે.

એક બર્મા બાયોસ્કોપ સિનેમા – અમે જોયું. તેમાં બર્માની સંગીતપ્રિયતા અમે અનુભવી. હોળીનો તહેવાર બર્માઓ ભારે ધામધૂમથી પાળે છે. આપણે હોળીના તહેવારમાં ભડકિયું કર્યા ઉપરાંત તથા બીભત્સતા વધાર્યા ઉપરાંત કંઈ પણ વિશેષ નથી કરતા. અહીં તો તે તહેવાર મોટામાં મોટો ગણાય છે. વસંતોત્સવ પાંચ દિવસ સુધી તદ્દન નિર્મળતાથી ઉજવાય છે. ભારે સરઘસો નીકળે તેમાં હરેક જણ નાચતા (નૃત્ય) કરતાં-કરતાં ફ્યામાં (મંદિર) દર્શને જાય ને વળતાં પણ નૃત્ય કરતાં ઘેર જાય.

સરકાર હિન્દુસ્તાનમાં દારૂનાં પીઠાં ઇજારો આપી ચલાવે છે અને પ્રજાને અનીતિને રસ્તે દોરે છે તેમ અહીં દારૂનાં પીઠાં ઉપરાંત પૉનશૉપોના ઇજારા આપી પ્રજાને અનીતિને માર્ગે દોરી રહી છે. પૉનશૉપ એટલે લાકડી, જોડા, પહેરવાનાં વસ્ત્રો, ઘડિયાળો વગેરે વગેરે પોતાની માલિકીની કે ચોરેલી વસ્તુઓ લોકો તે દુકાનમાં ગીરો અથવા મૉરગેજ મૂકી ચેનબાજી ઉડાવે. આ વસ્તુઓ ચોરાયેલી વસ્તુઓ હોય તો પેલી પૉનશૉપ ગુન્હેગાર ન ગણાય. કારણ કે તેને તો સરકારનો સિક્કો મળ્યો. સરકાર આ પ્રમાણે ચોરી કરાવે અને લોકોને અનીતિને માર્ગે દોરે.

બર્મા ટાપુમાં (બર્માને લોકો ટાપુ કહે છે.) અસંખ્ય આવી દુકાનો હશે.

એક વસ્તુ ધ્યાન ખેંચે તેવી છે.

બર્મા લોકોએ હજુ પોતાનો ડ્રેસ નથી બદલ્યો. મોટા હોદ્દેદારો, વિદ્યાધિકારી, ડિરેક્ટર, જજો વગેરે પણ પોતાના રાષ્ટ્રીય પોશાકમાં જ જોવામાં આવે છે. કોટ, પાટલૂન, નેકટાઈ આપણે ત્યાં મિલમાં જોબર પણ પહેરતો થયો છે. તેમ અહીં બિલકુલ નથી. પોતાની લુંગી અને માથે બે હાથનો ફેંટો હોય જ.

સરકાર બર્માને પોતાનું એક સંસ્થાન બનાવવા માગે છે, પણ હિંદુસ્તાનના વતનીઓ વેળાસર આવી પહોંચી કેટલીયે જમીન, વેપાર, કેટલાક હોદ્દા વગેરે હાથ કરેલાં છે. તેથી સરકાર નથી ફાવતી. છતાં રંગૂન તો યુરોપિયન ઢબનું ને યુરોપિયન સંસ્કૃતિનું અને અંગ્રેજોની સ્હેમાં દબાતું જ શહેર છે એમ નજરે પડે છે. (સંપૂર્ણ)

**પોપટલાલ ગુલાબદાસ પટેલ**
(સર્વ વિદ્યાલય, કડીના પ્રથમ આચાર્ય)
(સૌજન્ય : **'કેળવણી'**, ત્રૈમાસિક વર્ષ 2જું, અંક 3જો, ચૈત્ર 1984, પૃ. 84-85)

●

# પૂજ્ય છગનભા : વ્યાવહારિક તત્ત્વેતા

નારણભાઈ છગનલાલ પટેલ, સરઢવ

છગનભાનો જન્મ સંવત 1919ના આસો વદ અમાસને દિવસે સરઢવ મુકામે થયો હતો. છગનભાનાં માતુશ્રીનું નામ કૃષ્ણામા હતું. અમારાં દાદીમા કૃષ્ણામા સ્વભાવે સરળ હૃદયનાં ને ઈશ્વર ઉપર અત્યંત શ્રદ્ધા રાખવાવાળાં હતાં. પિતાનું નામ પીતાંબરદાસ (અમારા દાદાજી) હતું. પિતાજી સ્વભાવે સરળ અને દૃઢ નિશ્ચયી હતા. ગમે તેવા મુશ્કેલ કાર્યોમાં હિંમત ને ધીરજથી સંકટનો સામનો કરી કાર્યને આગળ ધપાવવામાં દૃઢ નિશ્ચયી હતા. અમારા દાદાની આર્થિક હાલત સારી નહિ હોવાથી છગનભાની ઉંમર પાંચ-છ વર્ષની હશે તે સમયે છગનભાના પિતાશ્રી સહુકુટુંબ અમદાવાદમાં આવીને વસ્યા. અથાગ પરિશ્રમથી પોતાનું ગુજરાન ચલાવતા. તે સમયે અમદાવાદનો ધીખતો ધંધો હાથવણાટ રેશમ ને કિનખાબનો ચાલતો હતો. સાતેક વર્ષની ઉંમરે છગનભાએ તે કામ શીખવા જવાનું શરૂ કર્યું. થોડા વર્ષ કામ શીખ્યાં. લગભગ સત્તરેક વર્ષની ઉંમર સુધી વણાટનું કામ કર્યું. છગનભાનાં માતાપિતા પૈસે ટકે ગરીબ હોવા છતાં સાધુ-સંતોનો સહવાસ અને સેવા પ્રેમપૂર્વક કરતાં એટલે છગનભાને પણ બાળપણથી સાધુ-સંતોનો સમાગમ હોઈ સંસ્કારો મેળવેલા ને સાધુસંતમાં શ્રદ્ધા ને પ્રીતિ થયેલી. સત્તર વર્ષની ઉંમર થયા પછી એમને લાગ્યું કે મારે ભણવું જોઈએ. ભણવાનો દૃઢ વિચાર કરી અમદાવાદમાં દરિયાપુર લુણસાવાડમાં ખૂંધા મહેતાની પાસે દશ મહિના અભ્યાસ કરી ગુજરાતી ચોથા ધોરણ સુધીનું જ્ઞાન મેળવ્યું.

સ્વ. પ્રો. જેઠાલાલ ચીમનલાલ સ્વામિનારાયણના પિતાશ્રીની અમદાવાદમાં માણેકચોકની શરાફી પેઢીમાં નોકરીએ જોડાયા. કેટલાંક વર્ષો સુધી તેમને ત્યાં નોકરી કરી. નોકરીમાંથી છૂટા થઈ પોતાનો સ્વતંત્ર ધંધો કરવા લાગ્યા. ત્યાર પછી થોડા વર્ષે સરઢવ રહેવા આવી ખેતીનું કામ ચાલુ રાખી વેપાર પણ કરતા હતા.

બાળપણથી સાધુસંતોના સહવાસ અને સંસ્કારે એમના જીવનમાં આધ્યાત્મિક જ્ઞાન દ્વારા જીવન વિકાસ વધતો ગયો. સરઢવમાં દબાયેલો વર્ગ જેવા કે હરિજન તથા અન્ય પછાત ગણાતા વર્ગ ઉપર તે સમયે ગામના ચૌદશિયાઓનો મક્કમ ને દૃઢતાથી સામનો કરી ચૌદશિયાના ત્રાસથી તેમને મુક્ત કરવાની કોશિશ કરી ગરીબવર્ગનો પ્રેમ મેળવ્યો અને ચૌદશિયાઓને સમજાવી એમના હૃદયમાં પરિવર્તન કરાવ્યું. પાટીદાર સમાજની આર્થિક અવસ્થા જોઈ ગામના કેટલાક સમજુ આગેવાન માણસોને પોતાના સહવાસમાં લઈ પાટીદાર સમાજની ઉન્નતિ કેવી રીતે થાય તેનો વારંવાર વિચાર કરવા લાગ્યા. સાધુ-મહાત્માઓનો સમાગમ અને વેદાંત શાસ્ત્રોનું અધ્યયન દ્વારા અદ્વૈત સિદ્ધાંત છગનભાના અંતઃકરણમાં દૃઢ થવાથી સમાજની ઉન્નતિનો વિચાર મજબૂત થતો ગયો. પાટીદાર વર્ગની નેવું ટકા જમીનો ને ઘર ગામના વણિકોને ત્યાં ગીરો હતાં.

રાતદિવસ સખત મજૂરી કરી ખેતીનું અનાજ જે કાંઈ પાકે તે ખળામાંથી બારોબાર શેઠ લોકો લઈ જાય. લોભી વણિકો ખેડૂતોના ઘરમાં મહિના પંદર દિવસ ખાવા જેટલું પણ રહેવા દેતા નહીં. તમારે ખાવા જોઈએ તો અમારે ત્યાંથી લઈ જજો. લેવા જાય ત્યારે જૂનાં ને સડેલાં મઠ, બાજરી સવાઈથી આપે. આ સ્થિતિ છગનભાથી સહન થઈ નહિ, તેથી ગામના સમજુ માણસોને એકઠા કરી સમજાવ્યું કે આ સ્થિતિ શા કારણે છે કે ખેડૂત પોતાનું પકવેલું અનાજ ખાઈ શકતો નથી. છગનભાને લાગ્યું કે પાટીદાર સમાજમાં નીચેનાં મહત્ત્વનાં કાર્ય કરવાં જરૂરી છે : (1) સૌથી પહેલાં મરણ પાછળનાં ભોજન બારમાં બંધ કરવાં, (2) બાળલગ્ન એક તિથિનાં લગ્ન બંધ કરવાં, (3) છોકરાંઓને ભણાવવાં, (4) ભાટ, ચારણ વહીવંચા, ભવૈયા, ભૂવા, ભૂતપ્રેતના ખોટા વહેમ, મરણ પાછળ રોવાકૂટવાનું વગેરે મટાડ્યા સિવાય સમાજ સુખી થશે નહી. માટે એ કામ કરવાનો વિચાર કરી ગામના 12 આગેવાનોએ પ્રતિજ્ઞા કરી કે આજથી બારમાં ખાવાં નહીં ને કરવાં પણ નહીં અને જે કરે તેને રોકવો. પહેલું કામ બારમાં બંધ કરવાનું શરૂ કર્યું. તે વખતમાં આ કામ બહુ કઠિન હતું. સમાજના

રૂઢિચુસ્ત લોકો તથા સમાજનું શોષણ કરનાર વર્ગ એમના કાર્યમાં અનેક અડચણો ઊભી કરી વિરોધ કરવા લાગ્યા. ભલા અને ભોળા પાટીદારોને ઊંધે રસ્તે દોરવા ગાળોની ઝડીઓ-વરસાવવા લાગ્યા. માબાપને લીમડે તાણી બાંધ્યા એવો પ્રચાર કરવો શરૂ કર્યો, પરંતુ છગનભા ને એમના સાથીદારો મક્કમ હોવાથી દિનપ્રતિદિન પ્રચાર દ્વારા સરઢવમાંથી બારમાં બંધ કરાવ્યાં. એટલે આર્થિક સ્થિતિ સુધરવા લાગી. જે પાટીદારોનાં ઘર ને ખેતર વણિકોને ત્યાં ગીરો હતાં એમના વર્ષો જૂના હિસાબ તપાસી વાજબી વ્યાજ મજરે આપી પાંચ સાત વર્ષમાં ખેડૂતો દેવામાંથી મુક્ત થઈ ગયા. ઘર અને જમીનના માલિક બન્યાં. એમના આ કાર્યમાં આદરજ મેર્ડાના આગેવાનો સાથે ભળ્યા. બન્ને ગામના આગેવાનોને સાથે થઈ ગામોગામ ફરી પ્રચાર કરી ઘણા ગામોમાંથી બારમા કરવાની પ્રથા નાબૂદ કરી. તેવી જ રીતે બાળલગ્ન બંધ કરાવવા સમાજમાં પ્રચાર ચાલુ રાખી વડોદરા રાજ્યની સરકાર પાસે બાળલગ્ન પ્રતિબંધક કાયદો કરાવી ઊંઝા ઉમિયામાતાજીના મંદિરમાંથી બાર વર્ષે એક તિથિના લગ્નની પ્રથા નાબૂદ કરાવી. છોકરાઓને ભણાવવાનો પ્રચાર શરૂ કર્યો. વડોદરા રાજ્યમાં કૈ શ્રી મહારાજા સર સયાજીરાવ ગાયકવાડે ફરજિયાત કેળવણીનો કાયદો કર્યો તે વખતે પાટીદારોને તથા અન્ય લોકોને સમજાવી છોકરાઓને ભણવા મોકલવા પ્રચાર કરી લોકોને શિક્ષણમાં રસ લેતા કર્યા.

સ્વ. પુરુષોત્તમદાસના પ્રયાસથી કડવા પાટીદાર કોમમાં સમાજ સુધારાના પ્રચાર માટે ‘શ્રી કડવા પાટીદાર પરિષદ’ નામે સંસ્થા શરૂ કરી. સંસ્થાની શરૂઆતથી છગનભાએ ઊંડો રસ લેવા માંડ્યો. કડવા પાટીદાર જેવી વિશાળ કોમમાં પ્રાથમિક શિક્ષણનો પ્રચાર ફરજિયાત કેળવણીની પ્રથાથી થયો, પરંતુ માધ્યમિક શિક્ષણના અભ્યાસ માટે ગામડાંઓમાં શિક્ષણ સંસ્થાઓ નહીં હોવાથી અમદાવાદમાં મહામંડળ બૉર્ડિંગમાં રહી વિદ્યાર્થીઓ માધ્યમિક શિક્ષણનો લાભ લેવા લાગ્યા. શિક્ષણનો પ્રચાર વધતો ગયો. અમદાવાદના મહામંડળના વિદ્યાર્થીઓને રહેવાના સ્થળ સંકોચના અભાવે બીજી એક બૉર્ડિંગ કરવાનો વિચાર કર્યો. અમદાવાદમાં બીજી બૉર્ડિંગ કરવામાં આવી, પરંતુ છગનભાને લાગ્યું કે ઉત્તર ગુજરાતમાં જો એક સંસ્થા ઊભી કરવામાં આવે તો ઉત્તર ગુજરાતના વિદ્યાર્થીઓ તેનો લાભ લઈ શકે. આ વિચારથી છગનભા ભાઈશ્રી નગીનભાઈ વજેલાલ (પૂ. સ્વામીશ્રી નિજાનંદજી), ધનશા ભગત (પૂ. સ્વામીશ્રી ધનરાજગીરીજી), સ્વ. માધવજી ત્રિભોવનદાસ તથા આદરજના અન્ય આગેવાનો, ભાઈશ્રી પોપટલાલ ગુલાબદાસ, સ્વ. પ્રો. સાહેબ જેઠાલાલ સ્વામીનારાયણના સહયોગથી કડીમાં ભાડાનું મકાન રાખી બૉર્ડિંગ શરૂ કરી. વિદ્યાર્થીઓ વધતા ગયા જેથી સંસ્થાનું મકાન બાંધવાની આવશ્યકતા જણાવવાથી કાર્યકર્તાઓના દૃઢ સંકલ્પથી સંસ્થાના મકાન માટે જમીન લઈ બાંધકામ શરૂ કરાવ્યું. ગામોગામ ફરી પ્રચાર કરી ફંડ એકઠું કરી સંસ્થાનું મકાન બનાવવામાં આવ્યું. અત્યાર સુધીમાં એ સંસ્થામાં હજારો વિદ્યાર્થીઓ ભણી ચૂક્યા છે. છગનભાએ પોતાના જીવનપર્યંત સંસ્થાને પ્રાણપ્યારી માની સમાજની સેવા બજાવી.

છગનભાનો જીવનમંત્ર ‘કર ભલા હોગા ભલા’ હતો. મનુષ્યમાત્ર પ્રત્યે પ્રેમ યા તો વિશ્વબંધુત્વ ભાવ પ્રાણીમાત્રને પોતાના आत्मवत् सर्व भूतेषू સમજતા. વેદાંતનો ઘણા વર્ષોનો અભ્યાસ, મનન, ચિંતન, આધ્યાત્મિક તત્ત્વવેતાઓના સાહિત્યનું વાચન, વેદાંતની પ્રક્રિયાના ગ્રંથોનું વિશાળ જ્ઞાન તેમને હતું. મુમુક્ષુને સરળ અને સાદી ભાષામાં વ્યાવહારિક દૃષ્ટાંતોથી સમજાવવાની તેમની રીત અજબની હતી. છગનભા પાસેથી નૈતિક અને આધ્યાત્મિક જ્ઞાન મેળવવાનો મને અપૂર્વ લાભ મળ્યો છે. એટલે મને તો જેમ કે ઉદાલક પિતાને ઘેર શ્વેતકેતુએ બ્રહ્મવિદ્યા મેળવી તેવી જ રીતે મને પણ પિતા પાસેથી બ્રહ્મવિદ્યા મળી. વળી, વેદાંતના ગ્રંથો જેવા કે પંચીકરણ, વિચારસાગર ભણવાનો લાભ મળ્યો છે. તે બદલ હું મારા જીવનને અહોભાગ્ય સમજું છું,

છગનભાને બાળકો અને સ્ત્રીઓ પ્રત્યે અત્યંત પ્રેમ હતો. સ્ત્રીઓને સમાજમાં પોતાનું યોગ્ય સ્થાન મળવું જોઈએ. વળી તે બહેનોની પડદા પ્રથાના સખત વિરોધી હતા. બહેનો શિક્ષણ અને ઉચ્ચ સંસ્કાર દ્વારા આદર્શ ગૃહિણી બને તે તેમનું લક્ષ હતું. તે લક્ષ પૂરું કરવા માટે કડીમાં કન્યા વિદ્યાલય શરૂ કરવામાં આવેલું, પરંતુ થોડો વખત ચાલી એ સંસ્થા બંધ થઈ. છગનભાની એવી ઇચ્છા હતી કે કન્યાઓને

માટે અલગ સંસ્થા ઊભી કરવી જોઈએ. એ કાર્ય એમના જીવનકાળમાં અધૂરું જ રહી ગયું.

હિન્દુ સમાજના કલંકરૂપ અસ્પૃશ્યતાના છગનભા કટ્ટર વિરોધી હતા. મને યાદ છે કે હું નાનો હતો તે વખતે હરિજનો સાથે હરતા અને અસ્પૃશ્યતા મટાડવા પ્રચાર કરતા. સને 1916માં પૂજ્ય મહાત્માજી અમદાવાદમાં કોચરબ આશ્રમમાં રહેતા ત્યારે છગનભા અમદાવાદ જતા અને મહાત્માજીના સહવાસમાં આવતા. મહાત્માજીના વિચારોની છગનભાના હૃદય ઉપર ઊંડી છાપ પડી હતી. મહાત્માજીએ 1921થી ખાદીનો પ્રચાર શરૂ કર્યો અને અમદાવાદમાં વિદેશી કાપડની હોળી કરી તે દિવસથી છગનભાએ ખાદી પહેરવાની પ્રતિજ્ઞા કરી. ખાદી પહેરવી શરૂ કરી અને જીવનપર્યંત ખાદી પહેરી. કેટલીક વખત પોતાના હાથે કાંતી ખાદી વણાવી પહેરતા. મહાત્માજી માટે છગનભા અમને ઘણી વખત કહેતા હતા કે મહાત્માજી ભગવાન રામ અને ભગવાન કૃષ્ણ કરતાં પણ આગળ વધેલા છે. કારણ કે રામ અને કૃષ્ણે તો રાજકીય ક્ષેત્રમાં સશસ્ત્ર લડાઈઓ કરી છે અને કરાવી છે, પણ મહાત્માજીએ સત્ય અને અહિંસાના ધ્યેયથી દેશને સ્વતંત્ર કરવાનો માર્ગ બતાવ્યો છે. છગનભા ઘણી વખત કહેતા કે મહાત્માજીના કહેવા મુજબ લોકો અનુસરે તો રાજકીય, સામાજિક, નૈતિક અને આધ્યાત્મિક મુક્તિ યાને મોક્ષ પ્રાપ્ત કરે એવી છગનભાની મહાત્માજી પ્રત્યે શ્રદ્ધા હતી.

ખેતીની બાબતમાં છગનભાના વિચારો એવા હતા કે ખેતીની આધુનિક ઢબ જ્યાં સુધી ન બદલાય, સહકારી ખેતી ન થાય તથા એક જથ્થે જમીન ન થાય ત્યાં સુધી ખેતીનો વિકાસ થાય નહીં. એનો અમલ કરવા માટે સન 1915માં એક વખત કૈ. સર સયાજીરાવ મહારાજાની મુલાકાત લીધેલી. વડોદરા રાજ્યમાં એક જથ્થે જમીન કરવા શ્રીમંત મહારાજાને અરજ કરેલી. શ્રીમંત મહારાજાએ છગનભાની વાત ધ્યાનમાં લઈ ફરમાવેલું કે જો તમે એક તાલુકામાં અગર એક ગામમાં ખેડૂતો તૈયાર થાઓ તો રાજ્ય તરફથી તમને પૂરતી મદદ આપીશ. આ વાત છગનભાએ અમારા ગામ સરઢવમાં ખેડૂત ભાઈઓને સમજાવવાનો પૂરો પ્રયાસ કર્યો તથા અન્ય ગામોમાં પણ પ્રચાર કર્યો, પરંતુ એ કાર્યમાં તેમને સફળતા મળી નહી.

પશુપાલન ખાસ કરીને ગાયોના પાલન માટે ખાસ લક્ષ હતું. જો ગાયોનું પાલન કરવામાં નહિ આવે તો ખેડૂત ભાઈઓને સારા બળદ નહિ મળે. એમના લક્ષની પૂર્તિ માટે કડીમાં ગૌશાળા કરી. વિદ્યાર્થીઓ ગાયોનું દૂધ પીતા થયા.

છગનભા બ્રહ્મનિષ્ઠ વેદાંતી હતા. વેદાંતનો પોતાના જીવનમાં અમલ કરી જીવનમુક્ત જીવન વ્યતીત કરી સંવત 1997ના માગસર વદ 8 તા. 22-12-1940ના રોજ સવારના સાત વાગે વિદેહ થયા.

ૐ શાંતિ, શાંતિ, શાંતિ.

સરવે જનાદિ સુખીનો ભવન્તુ

નારણભાઈ છગનલાલ (પૂ. છગનભાના પુત્ર),
**'ધરતી'** : છગનભા અંક 9, એપ્રિલ, 1951, પૃ. 22-24

*

## જ્યોતિ જલતી રાખજે !

**વંદીએ યોગીન્દ્ર ભાને ખાંભી આજે રોપીએ,**
**સૌ મળી સ્નેહથી કંઠે ફૂલમાળા આરોપીએ.**
**ઝરણાં વહાવ્યાં સ્નેહનાં જેણે જગાવ્યો દેશને,**
**તેના ચરણની રજ ઉપાડી શીર મૂકી શોભીએ.**
**વંદીએ.**

**યુગ યુગાંતર દેવ તારો જશ રહો વ્યાપી જગે,**
**શક્તિ દેજે તુજ તનુજને તહારે લીધે ઓપીએ.**
**વંદીએ.**

**ઋણ ચઢાવ્યું રાજવી તેં ફેડી શકીએ ના કદી,**
**પણ સમર્પી શીશ ચરણે ખાંભી તારી રોપીએ.**
**વંદીએ.**

**અજ્ઞ ઘેરી રાતડીમાં જ્ઞાન દીવડો તેં ધર્યો,**
**દીવડે દીવડે કેશરી 'હું' કાર તહારો છે ભર્યો.**
**વંદીએ.**

**શિખ તહારી યાદ રહેવા અમ મંદિરે સ્થાપીએ,**
**ગજા વગર પણ તુજ રાહે પગ હમારા માપીએ.**
**વંદીએ.**

**હે ગુરુ, હે દેવ હમારા, જ્યોતિ જલતી રાખજે,**
**આત્મશક્તિ તાહરી અમ સૌને વહેંચી આપજે.**
**વંદીએ**

**શંકરભાઈ જેસંગદાસ પટેલ**
સૌજન્ય : **'ધરતી'** :
છગનભા અંક-9, એપ્રિલ, 1951, પૃ. 25

●

# મન કા સિતાર

## ડૉ. કેશુભાઈ દેસાઈ

ઉત્તર ગુજરાતમાં કડી નામનું ગામ. હવે તો એ શહેર બની ગયું છે, છતાં હાઇવેથી દૂર પડતું હોવાથી બીજાં શહેરોની હરોળમાં ઓછું જાણીતું. પણ સો એક વર્ષ અગાઉ એની એક જુદી ભાતની ઓળખાણ ઊભી થઈ ગઈ હતી. ગાયકવાડી રાજ્યના એ ગામમાં કેળવણીનું ધામ ખડું થઈ ગયું હતું. ત્યાં સુધી કે લોકવાયકા બની ગઈ: 'નો સ્ટડી વિધાઉટ કડી!' કોઈને ભાગ્યે જ ખબર હશે કે ખુદ સયાજીરાવ ગાયકવાડ કડીના વિદ્યાર્થી આશ્રમથી અતિ પ્રભાવિત થયા હતા. વળી આપણા મહાન રાષ્ટ્રીય કવિ ઝવેરચંદ મેઘાણી તો એમના પુત્રોને કડીમાં ભણવા મૂકી આવ્યા હતા.

કડી વિદ્યાધામ તરીકે વિકસ્યું એમાં પાયાની ઈંટ હતા, સરઢવના છગનલાલ પીતાંબરદાસ પટેલ. એમને આટલાં વર્ષો પછી પણ બધા પાટીદારો આદરપૂર્વક **'પૂ. છગનભા'**ના હુલામણા નામે યાદ કરે છે. કડીમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સ્થાપીને એમણે એને મંત્ર દીક્ષા આપી હતી: **'કર ભલા, હોગા ભલા'**. આ મંત્ર આજે યુનિવર્સિટીમાં ફેરવાઈ ગયેલી વિશાળ સંસ્થાનું ઓળખ ચિહ્ન બની ગયો છે. છગનભા આજે પાટીદાર સમાજના દંતકથારૂપ ઉદ્ધારક તરીકે ઘેરઘેર જાણીતા લોકનાયક બની રહ્યા છે. એમને પલ્લી સમાજમાં શિક્ષણનું ધરુવાડિયું રોપનારા આદિ પુરુષ તરીકે સંભારવામાં આવે છે. નાની ગામઠી શાળામાંથી ફૂલીફાલીને યુનિવર્સિટીમાં ફેરવાઈ ગયેલી સર્વ વિદ્યાલય હવે 'કડી સર્વ વિશ્વવિદ્યાલય' તરીકે ઓળખાય છે અને કડી ઉપરાંત એનું પાટનગર ગાંધીનગરમાં વિશાળ કૅમ્પસ તથા હેડ ક્વાર્ટર છે. જે સમયે આખા દેશમાં નિરક્ષરતાએ ભરડો લીધો હતો એવા કપરા સંજોગોમાં વડોદરા નરેશ સયાજીરાવ ગાયકવાડે એમના રાજ્ય હસ્તકના ચારે પ્રાન્તોમાં પ્રાથમિક શિક્ષણ ફરજિયાત કરીને બહુ મોટી સામાજિક ક્રાંતિનો સૂત્રપાત કર્યો હતો. એમણે તત્કાલીન સંજોગોમાં અસ્પૃશ્યતાના ખ્યાલો ધરાવતા ઊજળિયાત વર્ગોને આંચકો આપીને દલિતો માટે અલગ અંત્યજ શાળાઓ શરૂ કરી હતી. એ શાળાના શિક્ષકો તરીકે ઊજળિયાત શિક્ષકો સેવા આપવા તૈયાર ના થયા ત્યારે બમણો પગાર આપી એમણે મુસ્લિમ શિક્ષકો રોક્યા હતા!

એ સમયે ખેડૂતવર્ગનાં બાળકો તો ખેતરમાં જ ઢબૂરાઈ જતાં. આપણે વળી ભણીને શું કામ છે? જમીન ખેડી ખાઈશું અને ઘરનાં ઘી દૂધ ખાઈ મોજ કરીશું. ત્યારે પેલી કહેવત પડી ગયેલી : 'ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર અને કનિષ્ઠ નોકરી!'

ખુદ મારા જ્યેષ્ઠ બંધુને વિસનગર ભણવા મૂકેલા હોવા છતાં નવમા ધોરણમાં પહેલો નંબર લઈને પાછા આવી ગયા હતા. ત્યારે તો છઠ્ઠા ધોરણ સુધી ભણેલાને પણ નોકરી મળી જતી, પણ ઘેર ખેતી હતી એટલે લક્ષ્મી ચાંદલો કરવા આવી એને લીલા તોરણે પાછી વાળી દીધેલી. કહી દીધું : નોકરી તો જેને ઘેર હાંલ્લાં કુસ્તી કરતાં હોય એને કરવી પડે. અમારે તો લીલાલહેર છે!

એવા સંજોગોમાં પાટીદાર સમાજના લોકોને શિક્ષણનો મહિમા ગળે ઉતારી છોકરાને શાળામાં મોકલતો કરવો એ પણ એક પડકાર હતો. કડીના એ અલ્પશિક્ષિત પાટીદારે એ પડકાર ઉપાડી માટી સાથે માટી થઈને જીવવા ટેવાયેલા દેશી ગામડિયા સમાજને ઊજળે લૂગડે ફરતો કર્યો હતો.

એમણે સમાજના આગેવાનો સમક્ષ વિવેકપૂર્વક શિક્ષણ પાછળ ખર્ચ કરવાની ટહેલ નાખી હતી. 'કડી સર્વ વિશ્વવિદ્યાલય'ના દ્વિમાસિક મુખપત્ર **'સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત'**માં (વર્ષ 14, અંક-2 મે-જૂન 2024, પૃ. 10-11) છગનભાએ એ જમાનામાં સમાજના સર્વમાન્ય અખબાર **'કડવા વિજય'**ના 'અધિપતિ'ને લખેલ પત્ર છપાયો છે. કેટલી ખેવના હતી એ અદના આદમીને સમાજના ભવિષ્યની! એ લખે છે :

મહેરબાન કડવા વિજયના અધિપતિ સાહેબ,
મુ. વિરમગામ.

આપના તરફથી બહાર પડતા અતિ લોકપ્રિય માસિકમાં નીચેની બિના જનહિતાર્થે દાખલ કરી આભારી કરશોજી.

(અહીં આખો પત્ર સ્થળ સંકોચવશ મૂકી શકાય એમ નથી એટલે એનાં મહત્ત્વનાં બિંદુ ઉદ્ધૃત કરું છું.)

"દિલગીર છું કે અમારી કડીપ્રાંત સભા લગભગ દોઢ બે વરસથી ભરાય છે છતાં તેના આગેવાનો આસપાસનાં નજીકનાં નાનાં ગામોમાં જઈને

સભાના સ્તુતિપાત્ર ઠરાવો જે થયેલા છે તેની બિલકુલ ખબર આપતા નથી અને તે જ કારણથી તે બિચારા સુધારાવધારાથી અજ્ઞાન રહે છે. હું ખાનગી વેપાર અર્થે બહારગામ ફરું છું અને ફુરસદના પ્રસંગે સુધારાની બિના અમારા અજ્ઞાન ભોળા જ્ઞાતિબંધુઓને જાહેર કરું છું ત્યારે તો તે તદ્દન અજાણ્યા માલૂમ પડી આવે છે.

બંધુઓ! આપણે તો એક અવાજે બોલી રહ્યા છીએ કે સુધારો કરો, સુધારો કરો, પણ જુઓ તો ખરા. શું સુધારો કરવો ને શું ન કરવો. મને પોતાને અને આપને આપણી જ્ઞાતિમાં સુધારો કરવો તે વાત બહુ જ પસંદ છે, પણ પ્રથમ તો આપણી જ્ઞાતિમાં વિદ્યાદેવીની વધારે જરૂર છે અને બીજી બાજુ જોઉં છું તો મારા ખેડૂતભાઈઓને ખેતીનાં સાધનની ખામી છે તેથી કેવળ નિરુદ્યમી બનતા જોવામાં આવે છે. તેથી મારા જીવને ઘણો જ અફસોસ થાય છે. ઉપરની અડચણ શા માટે પડતી હશે તેનો વિચાર કરો અને જુઓ કે તે અડચણ દૂર થાય તેમ છે કે નહીં? મને તો એમ જ લાગે છે કે આપણો મુખ્ય વેપાર ખેતી તે કરવા આપણી પાસે જમીન નથી તેમ તેને ખેડવા બળદ પણ નથી તેનું શું કારણ હશે? આપણે કુલીનતા અને રૂઢિના ચાલતા આવતા રીતરિવાજના ગજા ઉપરાંતના આપણા કુટુંબીઓની પાછળ જ્ઞાતિ વરાના ખર્ચા તથા બીજા પણ ઘણા ખર્ચાળ રિવાજમાં દેવાદાર બની જઈએ છીએ. ત્યારે આપણી માતૃભૂમિ અમૂલ્ય જમીન દેવામાં દેવી પડે છે, તે જમીન પાછી માગ્યા દામે વાવેતર કરવા લાવીએ છીએ તેમાં તેને આપવાને અને આપણું ગુજરાન ચલાવવાને પૂરતું પાકતું નથી. કારણ કે આપણને વિદ્યાદેવીનો સ્વાદ લાગ્યો નથી તેથી કૃષિશાસ્ત્ર ભણેલા ન હોવાથી જમીનને કેળવી ખેતી કરતાં આવડતું નથી, તેથી નિષ્ફળ થઈએ છીએ.

બીજું ખેતીમાં સાધન નથી તેનો અર્થ એ છે કે આપણે ગાયો બિલકુલ પાળતા નથી તેથી બળદો વેચાતા લાવવા પડે છે." એ વખતે ટ્રેક્ટર તો કોઈ ખેડૂતને સપનામાં પણ નહોતું આવતું. ખેતી બળદોને હળે જોડીને થતી હતી અને ખેતી કરનાર ખેડૂત દૂધ-ઘી માટે તો ભેંસો પાળતો હતો. ભરોસાની ભેંસ પાડો જણતી ત્યારે એની દોહનારી અઠવાડિયામાં એ આ ફાની દુનિયાને રામરામ કરી મોક્ષ પામે એવા કારસા કરતી. બચ્ચું ધાવવા માટે માંડ મોઢું ખોલીને એક બે ઘૂંટડા ધાવે ત્યાં એને બળજબરીથી ખસેડી લેવામાં આવતું! આખરે બિચારું ઈશ્વરના દરબારમાં ઊપડી જતું. આ પરિસ્થિતિ છગનભા જેવા દયાળુ જીવથી જોવાતી નહોતી, પણ જે પેઢીઓથી ચાલી આવતી પરંપરા હતી એ થોડી બદલી શકાય એમ હતી? એથી એમણે પાડાઓને ખેતીકામમાં જોતરી એવા પાપથી છુટકારો મેળવવા અપીલ કરેલી. અલબત્ત બીજો વિકલ્પ પણ હતો જ, ગાયો પાળવાનો. ગાય દૂધ પણ આપે અને એના વાછરડા મોટા થઈને બળદ તરીકે ખપ લાગે. આટલું સમજાવ્યા પછી એ જ્ઞાતિબંધુઓને હાથ જોડીને વિનંતી કરે છેઃ 'બીજું મરનારની પાછળ જમણ ન કરવું તે આપ ઘણાખરા બંધુઓને ગમતું નથી, પણ મારા વ્હાલા જ્ઞાતિબંધુઓ! હું કંઈ આપનો શત્રુ નથી. હું આપનો દાસ અને હિતેચ્છુ છું. આપ મરનાર પાછળ જે નાતવરા કરી ખરચ કરો છો ને જે પુણ્ય પ્રાપ્ત કરો છો તેથી પણ અધિક પુણ્યનો માર્ગ આપ દયા કરો તો બતાવું. આપ જાણો છો કે અન્ન સમાન દાન નથી.... પણ તે ક્યારે? જ્યારે અન્ન વિના પ્રાણ જતા હોય ત્યારે. અને તે પણ અતિથિ અભ્યાગતને, સંત-સાધુને કે લૂલાંલંગડાંને. નહીં કે મારા તમારા જેવાને જમાડે પુણ્ય થાય બંધુઓ! સાંભળો, સાંભળો, અન્નદાન એક ટંક સુધી, વસ્ત્રદાન એક વર્ષ સુધી અને વિદ્યાદાન આખી જિંદગી સુધી, અરે ભવોભવ સુધી તૃપ્તિ આપે છે. તે જ દાનથી પરમ પુણ્ય થાય છે. માટે બંધુઓ! જો ખરું પુણ્ય લેવું હોય, આપણા પિતૃઓને પમાડવું હોય તો વિદ્યાનો આપણી જ્ઞાતિમાં બહુ જ અભાવ છે તેથી ગરીબોનાં છોકરાંને પુસ્તકો આપો, ફી આપો, અંગ્રેજી શાળાઓ ઉઘાડી આપો....'

એક સીધાસાદા સુધારાવાદી પાટીદાર આગેવાને અદ્દલ આંબેડકર જેવી જ હાકલ કરી હતી, પણ જ્ઞાતિગંગા સમક્ષ નતમસ્તક થઈને. પરિણામે આજે ઉત્તર ગુજરાતનો પાટીદાર અત્ર તત્ર સર્વત્ર ટોચના સ્થાને બિરાજે છે. મોહનલાલ પટેલ અને ભોળાભાઈ પટેલ જેવા સર્જકો અને મનુભાઈ પટેલ જેવા શિક્ષણવિદો સર્વ વિદ્યાલયની ફસલ છે. માણેકલાલ પટેલ અને સરદારભાઈ જેવા નિઃસ્વાર્થ આખાબોલા વહીવટદારોથી આજે સમાજ રળિયાત છે. એમની એક ટહેલ પડતાં વિદેશમાં વસતા પાટીદારો ડૉલરનો ઢગ ખડકી દે છે.

છગનભાનું ઋણ સમાજ ભૂલ્યો નથી એ પણ આ હળાહળ કળજુગનું આશ્ચર્ય જ ગણવું રહ્યું!


**- ડૉ. કેશુભાઈ દેસાઈ**

13, ઐશ્વર્ય-1, પ્લૉટ નં. 132

સેક્ટર-19, ગાંધીનગર-382021

મો. 8200071363


●

# લેપ્રોસ્કોપીક સર્જરીના જનક
# પદ્મભૂષણ ડૉ. ટેહમ્ટન ઈરાચ ઉદવાડિયા

**શરદભાઈ પી શાહ, ડૉ. રાજેન એસ. શાહ**

આજે એક એવા ડૉક્ટરની વાત કરવી છે જે ભારતમાં લેપ્રોસ્કોપીક સર્જરીના જનક છે. તેમણે 6 દાયકાથી વધુ સમય માટે અગ્રગણ્ય સર્જન તરીકે કાર્ય કર્યું છે. ઊંચા આદર્શો સાથે સંવેદનાસભર જીવન જીવ્યા છે. ભારતના સર્જન ઍસોસિયેશનના પ્રમુખ તરીકે સેવાઓ આપી છે અનેક સન્માન પ્રાપ્ત થયાં છે – બી.સી. રૉય નૅશનલ ઍવૉર્ડ, પદ્મશ્રી, પદ્મભૂષણ, ક્વિન એલિઝાબેથ દ્વારા ઑર્ડર ઑફ ધ બ્રિટિશ એમ્પાયર વગેરે સન્માન મેળવ્યાં છે. તેમની આત્મકથા **'More Than Just Surgery'** વાંચતા એમ થયું કે જેટલાં વધુ લોકો અને ખાસ કરીને ડૉક્ટર મિત્રો તેમના વિશે જાણે તો તેમાંથી જરૂર પ્રેરણા પામે અને સમાજને વધુ ઉપયોગી થાય. તેથી આ લેખ લખવા પ્રેરાયા છીએ.

## માતાપિતા

ડૉ. ટેહમ્ટન ઉદવાડિયાના પિતાશ્રી ઈરાચ ઉદવાડિયા પણ એક આદર્શ ડૉક્ટર હતા. 1898ની સાલમાં પિતા રૂસ્તમજી અને માતા મહેરબાઈને ત્યાં ઈરાચ ઉદવાડિયાનો જન્મ થયો. નાનપણથી જ ઈરાચને ડૉક્ટર બનવાની ધૂન હતી. મુંબઈમાં વિલ્સન કૉલેજમાં અને પછી ગ્રાન્ટ મેડિકલ કૉલેજમાં અભ્યાસ કરી 1922માં ઈરાચ M.B.B.S. થયા. તે ક્રિકેટના અચ્છા ખેલાડી હતા. મેડિકલ કૉલેજ ટીમમાં 5 વર્ષ ક્રિકેટ રમ્યા અને છેલ્લાં વર્ષે કૅપ્ટન પણ બન્યા. ડૉ. ઈરાચને સર્જન બનવું હતું, પરંતુ તેમના પિતાશ્રી વિવિંગ માસ્ટર તરીકે મિલમાંથી નિવૃત્ત થયા. તેથી કુટુંબની જવાબદારી ઈરાચને માથે આવી. તેમણે જનરલ પ્રેક્ટિસ શરૂ કરી. મિલ વિસ્તારમાં દવાખાનું ખોલ્યું. થોડા સમય બાદ બીજા એક ગરીબ વિસ્તાર ડોંગરીમાં દવાખાનું ખોલ્યું. તેમણે મદદનીશ ડૉક્ટર અને કંપાઉન્ડર રાખ્યા હતા, પરંતુ ગરીબ વિસ્તાર હોઈ તે ખૂબ ઓછી ફી લેતા અને ખૂબ જ લાગણીપૂર્વક દરદીઓની સારવાર કરતા. ડૉ. ઈરાચ ઉદવાડિયા બે દવાખાના ઉપરાંત ઘરે પણ દરદીઓને તપાસતા હતા. એક રૂમ દરદીઓને તપાસવા રાખ્યો હતો. ડૉ. ઈરાચ સવારથી સાંજ સુધી સખત મહેનત કરતા હતા. ડૉ. ઈરાચનાં પત્ની યુદ્ધ દરમિયાન નેવીમાં ઑફિસર હતાં. તે શિસ્તપાલનનાં ખૂબ આગ્રહી હતાં. ડૉ. ઈરાચને બાળકોના ઉછેર માટે સમય નહોતો, પરંતુ તેમનાં પત્નીએ ત્રણેય બાળકોનો સારો ઉછેર કર્યો. અભ્યાસ માટે ધ્યાન આપ્યું અને બાળકો જીવનમાં ખૂબ આગળ વધ્યાં.

તેમનાં બાળકો ફારોખ, ટેહમ્ટન અને દારીયસ પૈકી ફારોખ એમ. ડી. થઈ જાણીતા કાર્ડિયોલૉજિસ્ટ તરીકે ખ્યાતિ પામ્યા. તેમને પદ્મભૂષણ ખિતાબ પણ મળ્યો. ટેહમ્ટન સર્જન બન્યા. જેમની હકીકત આપણે વિસ્તારથી જોઈશું. બાળકોનાં અભ્યાસ ઉપરાંત ઇતરપ્રવૃત્તિ અને રમતગમત બાબતે પણ તેમની માતાએ ખૂબ રસ લીધો.

## અભ્યાસ

મુંબઈમાં સૅન્ટ મૅરી સ્કૂલમાં ટેહમ્ટનનો અભ્યાસ શરૂ થયો. ત્યાર બાદ વિલ્સન કૉલેજ અને શેઠ જી. એસ. મેડિકલ કૉલેજમાં અભ્યાસ કર્યો. 1949માં એસ.એસ.સી.ની પરીક્ષામાં ખૂબ સારા માર્ક્સ મેળવી ટેહમ્ટને વિલ્સન કૉલેજમાં પ્રવેશ મેળવ્યો. અંગ્રેજી વિષયમાં સમગ્ર બૉર્ડમાં હાઈએસ્ટ માર્ક્સ હોવાથી અધ્યાપકોએ ખૂબ અભિનંદન પાઠવ્યા. તે N.C.C.માં પણ જોડાયા, પરિણામે દેશના ઘણા યુવાનો સાથે સંપર્ક થયો. તેમણે ખંતપૂર્વક અભ્યાસ કર્યો અને સારા માર્ક્સ પ્રાપ્ત થતાં શેઠ જી. એસ. મેડિકલ કૉલેજમાં પ્રવેશ મળ્યો. સ્વ. શેઠ ગોરધનદાસ

સુંદરદાસના સ્મરણાર્થે તેમના વારસોએ મોટું દાન આપી સને 1925માં આ કૉલેજની સ્થાપના કરી હતી. તે વખતે મુંબઈમાં ગ્રાંટ મેડિકલ કૉલેજ હતી. જેમાં બધા પ્રોફેસરો અંગ્રેજ હતા. દાતાઓએ એવી શરત મૂકેલી કે આ કૉલેજમાં બધા પ્રોફેસરો અને બધા વિદ્યાર્થીઓ ભારતીય હશે. આ શરત સ્વીકારાઈ. મ્યુનિસિપાલિટી દ્વારા ચાલતી કિંગ એડવર્ડ મેમોરિયલ (KEM) હૉસ્પિટલ સાથે આ કૉલેજ સંલગ્ન થઈ. પહેલાં વર્ષે 46 વિદ્યાર્થીઓ હતા. પછી વિકાસ થતો ગયો. 1951માં ટેહમ્ટન સાથે બીજા 79 યુવાન-યુવતીઓએ કૉલેજમાં પ્રવેશ મેળવ્યો : First M.B.B.S.થી જ ખૂબ જ સારા, નામાંકિત અધ્યાપકો અને ડૉક્ટરો દ્વારા શિક્ષણ પ્રાપ્ત થયું, પરંતુ સાથે-સાથે સિનિયર વિદ્યાર્થીઓ તરફથી માર્ગદર્શન પણ મળ્યું. તે વખતે અત્યાર જેવું રેગિંગ નહોતું., ઊલટાનું બીજા વર્ષના વિદ્યાર્થીઓ નવા આવનારને મદદ કરતા. તેઓએ નવા વિદ્યાર્થીઓ માટે ભોજન સમારંભ પણ ગોઠવ્યો. આમ અભ્યાસની પ્રવૃત્તિ સરળતાથી ચાલી, પરંતુ ટેહમ્ટન અભ્યાસ ઉપરાંત ક્રિકેટ રમવામાં ખૂબ રસ લેતા. શનિ અને રવિ તો મૅચ રમતા. અવારનવાર ટેનિસ પણ રમતા.

તેમણે ફર્સ્ટ એમ.બી.બી.એસ.ની પરીક્ષા ડિસ્ટિંકશન માર્ક્સ સાથે પસાર કરી. સેકન્ડ એમ.બી. બી.એસ.થી હૉસ્પિટલ ટ્રેનિંગ પણ શરૂ થઈ. પ્રો. પી. કે. સેન પાસે સર્જરીની ટર્મમાં ઘણું શીખવા મળ્યું. મેડિસીનની ટર્મ વખતે ડૉ. રાઘવન સાથે કામ કરવા મળ્યું. ડૉ. બાલીગા પાસે પણ ખૂબ શીખવા મળ્યું. ચોથા વર્ષમાં બાળપણની પ્રિયતમા ખોરસદ સાથે ગાઢ મિત્રતા થઈ. કાર્યક્રમોમાં બંને સાથે જોડાતાં. ટેહમ્ટને એક નાટિકામાં પણ ભાગ લીધો. ક્રિકેટમાં પણ રસ લેતા, પરંતુ અભ્યાસ પ્રત્યે તેમનું વિશેષ ધ્યાન હતું. કારણ સર્જરીમાં પ્રવેશ મેળવવાનું તેમનું ધ્યેય હતું. તેથી પાંચમું અને છેલ્લું વર્ષ પૂર્ણપણે અભ્યાસ તરફ કેંદ્રિત કર્યું. સારા માર્ક્સથી પરીક્ષા પસાર કરી. સર્જરીમાં ચોથો નંબર મળતાં માસ્ટર ઑફ સર્જરી કરવા પ્રવેશ મળ્યો. ટેહમ્ટન લખે છે કે જી. એસ. મેડિકલ, કૉલેજ અને KEM હૉસ્પિટલે તેમને જે ટ્રેનિંગ, એજ્યુકેશન અને કામનો જે અનુભવ આપ્યો તેના આધારે તેમની સરસ કારકિર્દી ઘડાઈ અને જીવનમાં ઘણી પ્રગતિ સાધી.

## શીખવાના વર્ષો-વિકાસના વર્ષો-ગુણગ્રાહી દૃષ્ટિ

1956થી 1962નાં વર્ષો નવું-નવું શીખવવા અને જુદી-જુદી હૉસ્પિટલોમાં નામી ડૉક્ટરો પાસે કામ કરવાની તક મળી. દરમિયાન 1960 ઑક્ટોબરમાં એમ.એસ.ની પરીક્ષા પસાર કરી. આ સમય દરમિયાન જેમની પાસેથી શીખ મળી તેમનો ખૂબ જ આદરપૂર્વક ડૉ. ઉદવાડિયાએ સ્વીકાર કર્યો છે. આપણે થોડાક પ્રસંગો જોઈશું. જેમાં ડૉ. ઉદવાડિયાની દૃષ્ટિનાં દર્શન થાય છે.

સૌ પ્રથમ સિસ્ટર અલ્વારિસ સાથેનો પ્રસંગ જોઈશું. 1લી જાન્યુ. 1957નો દિવસ હતો. ડૉ. ઉદવાડિયાનો જે. બી. વાડિયા હૉસ્પિટલના સર્જન તરીકે પહેલો દિવસ હતો. રાતના 3-00 વાગે કૉલ મળતાં ઑપરેશન થિયેટરમાં તે પહોંચ્યા. 10 વર્ષના છોકરાનું થોડા દિવસ પહેલાં કાકડાનું ઑપરેશન થયું હતું. અત્યારે ખૂબ લોહી નીકળતું હતું. સિસ્ટર અલ્વારિસ જરૂરી પ્રક્રિયા કરતાં હતાં. બીજા કોઈ સર્જન હાજર નહોતા. તેથી ડૉ. ઉદવાડિયાને બોલાવ્યા. આ તેમનું પહેલું ઑપરેશન હતુ. આમ તો બધી પ્રક્રિયા સિસ્ટર અલ્વારિસ અને થિયેટર આસિસ્ટન્ટ લક્ષ્મણે કરી પછી ડૉ. ઉદવાડિયાને knot બાંધવા કહ્યું. લોહી બંધ થયું. સિસ્ટર બોલી ઊઠ્યાં 'Very good doctor. you stopped the bleeding.' ડૉ. ઉદવાડિયા લખે છે, સમગ્ર પ્રક્રિયા નર્સે કરી હતી, છતાં જશ મને આપે છે. જે નર્સને મેં પહેલાં જોઈ પણ નહોતી તેના માટે મને માન ઊપજ્યું. તેની પાસેથી હું પાઠ શીખ્યો – 'if you are helping someone you should do it with grace.'

બીજો પ્રસંગ ડૉ. કરમાકર સાથે જોઈશું. ડૉ. કરમાકર KEM હૉસ્પિટલમાં સર્જરી વિભાગના વડા હતા. તે સવારથી સાંજ સુધી સતત કામ કરતા. હૉસ્પિટલ જ જાણે તેમનું ઘર હતું. ડૉ. ઉદવાડિયા તેમની પાસે સખત મહેનતનો ગુણ શીખ્યા, પણ વિશેષમાં કરુણાનો પાઠ પણ શીખ્યા. ડૉ. ઉદવાડિયાને દિવસના ઘણા ડ્રેસિંગ કરવાના રહેતા. તે ખૂબ ઝડપથી કામગીરી કરતા, તેથી દરદીને દુઃખાતું હતું. એક દિવસ તેમની જાણ બહાર ડૉ. કરમાકર

પાછળ ઊભા રહી ડ્રેસિંગ જોઈ રહ્યા હતા. તેમણે ઝડપભેર ડ્રેસિંગ કરતા ડૉ. ઉદવાડિયાના ખભા પર હાથ મૂકી કહ્યું, 'Udwadia, a surgeon must himself feel the patient's pain.' ડૉ. ઉદવાડિયા લખે છે કે તેમણે આકરો ઠપકો આપ્યો હોત તો થોડાં દિવસમાં ભૂલાઈ જાત. આટલો અસરકારક ન બનત, મારા હૃદય સોંસરવો ન ઊતરી જાત.. મેં તે પછી જિંદગીભર દરદીના દર્દનો ખ્યાલ કરી મારી સમગ્ર કામગીરી કરી. આ ઉપરાંત ઘણાં પ્રસંગોએ ડૉ. કરમાકરે દરદી પ્રત્યેની કરુણાના પાઠ શીખવ્યા હતા.

ડૉક્ટર બાલીગા બીચ કેન્ડી હૉસ્પિટલમાં હતા ને વિશ્વપ્રસિદ્ધ સર્જન હતા. ડૉ. ઉદવાડિયા ટાટા હૉસ્પિટલમાં જોડાતાં પહેલાં બે માસ માટે તેમની સાથે જોડાયા હતા. ડૉ. બાલીગા પાસેથી ડૉ. ઉદવાડિયાને બે પાઠ શીખવા મળ્યા. એક પારસીબાઈનું ઑપરેશન હતું, 90 વર્ષ ઉપરની તેમની ઉંમર હતી. ઑપરેશન જોખમી હતું. ડૉ. બાલીગાએ કુશળતાપૂર્વક ઑપરેશન કર્યું. ડૉ. ઉદવાડિયા મદદમાં હતા. ડૉ. બાલીગા Knot બાંધી રહ્યા હતા. ત્યારે ઉદવાડિયા ક્લેમ્પ પકડીને ઊભા હતા. અચાનક તેમના હાથમાંથી ક્લૅમ્પ છટકી ગયો. પારસીબહેનના એબ્ડોમન પર પડ્યો. સખત રક્તસ્રાવ ચાલુ થયો. સાથેના બીજા સર્જન અને સ્ટાફ ગભરાઈ ગયાં, પણ જાણે કશું જ બન્યું નથી તેમ ધીરજપૂર્વક પ્રક્રિયા કરી ડૉ. બાલીગાએ રક્તસ્રાવ બંધ કર્યો. જરા પણ ગુસ્સો નહીં, જરા પણ અણગમો નહીં. ઉદવાડિયા માનતા હતા કે ઑપરેશન પછી એકલા પડીશું ત્યારે ભારે ઠપકો સાંભળવો પડશે, પરંતુ એવું બન્યું નહીં. ઑપરેશન પછી ડૉ. બાલીગાએ ધીમેથી ડૉ. ઉદવાડિયાને કહ્યું, 'Udwadia we should not make the habit of this.' આ સૂચના ઉદવાડિયાએ જીવનભર યાદ રાખી. તે લખે છે : 'Those words taught me that a gentle reprimand is far more effective than angry tounge lashing'

બીજો પાઠ એક ઑર્થોપેડિક સર્જનનાં પત્નીનાં ઑપરેશન વખતે મળ્યો. ઑપરેશન બાદ ડૉ. બાલીગાને કલકત્તા નક્કી કરેલા બીજાં ઑપરેશન માટે જવાનું હતું. ત્યાં બે દિવસ રોકાયા. પાછા ફર્યા ત્યારે ઉદવાડિયાએ કહ્યું કે ઑર્થોપેડિક સર્જન અને તેમનાં સગાંઓ બહુ ચિંતિત છે. દરદી તદ્દન સ્વસ્થ છે અને હું બહુ ધ્યાન રાખું છું, છતાં તેમને થાય છે કે Post operative care માટે ડૉ. બાલીગા હોત તો સારું. ડૉ. બાલીગાએ તીરછી નજરે ઉદવાડિયાને કહ્યું, 'મારે તને ઠપકો આપવાનો છે, તે એમને કેમ ના કહ્યું કે ડૉ. બાલીગા તો post operative care તો ઑપરેશન ટેબલ પર જ લે છે. ડૉ. ઉદવાડિયા લખે છે કે, 'The time for the post operation care is on operation table.' એ સૂત્ર દ્વારા મને જીવનભરની શીખ મળી. મેં મારા વિદ્યાર્થીઓને તે હંમેશ કહ્યું.' ડૉ. ઉદવાડિયા કહે છે કે બે માસમાં તે ડૉ. બાલીગા પાસે જે કાંઈ શીખ્યા તે બીજા કોઈ પાસે વર્ષોમાં શીખવા ન મળ્યું. તે લખે છે : 'He lived simply and dressed modestly. Although he was a doyen of Indian surgery. He had the kindness to mentor a young surgeon like me. He walked into the footstep of Sushruta.'

ડૉ. ઉદવાડિયાએ રિસર્ચ આસિસ્ટન્ટ તરીકે ડૉ. પી. કે. સેન સાથે એક વર્ષ કામ કર્યું તે વર્ષ ઉત્તેજનાપૂર્ણ અને જ્ઞાનવર્ધક હતું. તે પછી બે વર્ષ ડૉ. પી. કે. સેનની સાથે રજિસ્ટ્રાર તરીકે કામ કર્યું. તેમાં ઘણું શીખવાનું મળ્યું. સતત અને સખત મહેનત તથા કરુણાના પાઠ શીખવા મળ્યા. બહારથી રૂક્ષ જણાતા ડૉ. પી. કે. સેન હૃદયના કેટલા કુણા હતા તેનો એક દાખલો ઉદવાડિયા ટાંકે છે. 11 વર્ષની કાશ્મીરી બાળાના હૃદયનું ઑપરેશન હતું. મા-બાપ તેમના ડૉક્ટરની ભલામણથી દીકરીને ડૉ. સેન પાસે લાવ્યાં હતાં. અને કહ્યું કે તમે જ આને બચાવી શકશો. ઑપરેશન ટેબલ પર બાળા મૃત્યુ પામી. ડૉ. સેન નિરાશ થયા. બાકીનાં ઑપરેશન રદ કર્યાં. ડૉ. ઉદવાડિયા કલાક પછી ડૉ. સેનની ચૅમ્બરમાં ગયા ત્યારે જોયું કે તેમની આંખોમાં અશ્રુની ધાર હતી.

ડૉ. ઉદવાડિયાએ બે વર્ષ દરમિયાન અનુભવ્યું કે આ ગજબનું વ્યક્તિત્વ છે. તે કવિતાઓ લખે છે. સિતાર વગાડે છે. તે એસ્ટ્રોલોઝર છે. તે ગોલ્ફ પણ સરસ રમે છે. વિશેષમાં તે કુશળ ચિત્રકાર છે. તેમનાં ઘેર તેમનાં દોરેલાં ઘણાં ચિત્રો ઘરની

શોભા વધારી રહ્યાં છે. આ તમામ બાબતમાં તે નિષ્ણાત હતા. ડૉ. ઉદવાડિયા લખે છે, 'ડૉ. સેનનું વિરાટ વ્યક્તિત્વ હતું. જેમણે ઘણાં સર્જનોને પોતાનાં જ્ઞાનનો લાભ આપ્યો છે. Working with him gave me strength, vision passion, ethical code, quite confidence, and the surgical grounding for the rest of my career.'

બે વર્ષની રજિસ્ટ્રાર તરીકેની કામગીરી પૂર્ણ કરી તે દરમિયાન M. S.ની ઉપાધિ પણ પ્રાપ્ત કરી. પછી ડૉ. ઉદવાડિયા F.R.C.S. કરવા ઇંગ્લૅન્ડ ગયા.

## F.R.C.S.નો અભ્યાસ

Veni, Vidi, Vici, Dublin, Edinburgh, Liverpool.

સને 1962માં ડૉ. ઉદવાડિયાએ ઇંગ્લૅન્ડ જઈ F.R.C.S. થવાનું નક્કી કર્યું. ત્યારે ઘરમાં બે બાળકોનું આગમન થઈ ચૂક્યું હતું, પરંતુ વધુ અભ્યાસની લગન હતી. આર્થિક મૂંઝવણ હતી, પણ હૈયે હામ હતી. તકલીફ વેઠવાની માનસિક તૈયારી હતી. ફેબ્રુઆરી 1962માં ડૉ. ઉદવાડિયા અને તેમનાં પત્ની ખોરસદ ડબલીન, આયર્લૅન્ડ પહોંચ્યાં. ખોરસદનાં માતાપિતાએ 2 વર્ષના રૂસાદ અને 9 માસની દીનાઝના ઉછેરની જવાબદારી સંભાળી. બે બાળકોને ભારતમાં મૂકી તેઓ વિદેશ પહોંચ્યાં. ત્યાં સસ્તું ઘર શોધી કાઢ્યું. એક રૂમમાં રહેવાનું, સવારનો નાસ્તો અને સાંજના ભોજન સાથે દર અઠવાડિયા માટે 4 ગીની આપવાની હતી. ત્યાં ઠંડી બહુ હતી તેથી જરૂર પ્રમાણે એક શિલિંગ નાખી ગૅસ મીટર ચાલુ કરવું પડતું. તેમનાં Landlady સ્નેહાળ અને આનંદી સ્વાભાવનાં હતાં. 1962માં F.R.C.S.ની પ્રાથમિક પરીક્ષા પાસ કરી, તેમણે વિચાર્યું કે ભારતમાં એડિનબરોનું નામ વધારે જાણીતું છે, તેથી Final F.R.C.S. ત્યાંથી કરું. તે એડિનબરો ગયા. ત્યાં તેમને સસ્તા દરમાં ફ્લેટ મળ્યો. તેમણે બે બાળકોને એડિનબરો બોલાવી લીધાં. તેમનાં સાસુ-સસરા મૂકવા આવ્યાં.

ઑગસ્ટ 1962માં એમ લાગ્યું કે બૅંક બૅલેન્સ ઓછું થઈ ગયું છે. તેથી ફ્લૅટનું અને બાળકોનું ખર્ચ કરી શકાશે નહીં. તેથી ખોરસદ અને બાળકોને ભારત મોકલવાનું નક્કી કર્યું ત્યારે અચાનક જ લિવરપુલની ચિલ્ડ્રન હૉસ્પિટલમાંથી ટેલિગ્રામ આવ્યો કે તમારી રજિસ્ટ્રાર તરીકે નિમણૂક કરવામાં આવે છે. તેમને થયું કે કોઈકે મજાક કરી છે. તેમણે અરજી કરી નથી અને ઑર્ડર કેવી રીતે આવે? પરંતુ બીજા દિવસે નોકરીમાં જોડાવવા સંદેશો મળ્યો. તે લિવરપુલ પહોંચ્યા. નોકરી સ્વીકારી. આર્થિક મૂંઝવણ દૂર થઈ. લિવરપુલમાં મકાન રાખી લીધું. ખોરસદ અને બાળકો સાથે રહેવા લાગ્યાં. નોકરી કેવી રીતે મળી તે રહસ્ય જ રહ્યું. લિવરપુલ હૉસ્પિટલમાં મિસ્ટર પીટર રિકહામ અને મિસ ફોરસેલ એમ બે ચીફ હતાં. મિ. પીટર રિકહામ ખૂબ જ બ્રિલિયન્ટ, ચિંતક અને પ્રગતિશીલ હતા. તેમણે ઉદવાડિયાને સ્વતંત્રપણે કામ કરવાની તક પણ આપી. ત્રણ મહિના ખૂબ પ્રવૃત્તિમાં વીત્યા. તે પછી એક દિવસ અમેરિકાના ખૂબ મોટા સર્જન ડૉ. કૂપે જે પાછળથી અમેરિકાના સર્જન જનરલ બન્યા હતા, તે તેમની હૉસ્પિટલમાં આવ્યા. ડૉક્ટર રિકહામ સાથે તેમને મિત્રતા હતી. સાંજે બધાં સાથે ભોજન લેવા બેઠાં હતાં. ત્યારે ડૉ. કૂપે ઉદવાડિયાને પૂછ્યું કે, 'How is your chief?' ઉદવાડિયા મૌન રહ્યા. કારણ રિકહામની હાજરીમાં આવું કેમ પૂછ્યું તે સમજી શક્યા નહિ. ડૉ. કૂપે કહ્યું, 'હું ડૉ. પી. કે. સેન માટે પૂછું છું. તે મારા મિત્ર છે. તેમણે મને ભલામણ કરી હતી કે તેમનો વિદ્યાર્થી આર્થિક તકલીફમાં છે. તેને નોકરી મળે તો સારું. તેથી મેં આપની ભલામણ ડૉ. રિકહામને કરેલી.' ત્રણ મહિને ડૉ. ઉદવાડિયાને નોકરી કેવી રીતે મળી તેનો ભેદ સમજાયો. તેમણે ડૉ. કૂપનો આભાર માન્યો. મનોમન ડૉ. પી. કે. સેનનો પણ આભાર માન્યો.

ડૉ. ઉદવાડિયા નોકરી ઉપરાંત અભ્યાસમાં રત રહ્યા. જાન્યુઆરી 1963માં એડિનબરોમાં F.R.C.S.ની પરીક્ષા પસાર કરી. પરિણામના બીજા દિવસે હૉસ્પિટલ પહોંચ્યા ત્યારે બધાએ તેમને ખૂબ અભિનંદન આપ્યા અને વધાવી લીધા. તેમનો ઉત્સાહ બેવડાયો. તેમણે લંડનમાંથી પણ F.R.C.S. કરવાનું નક્કી કર્યું.

મે, 1963માં તેમણે લંડનમાં F.R.C.S.ની પરીક્ષા આપી. તેમાં પરિણામ ખૂબ જ ઓછું આવતું હતું. તેથી પરિણામના દિવસે શંકા-કુશંકા સાથે પરિણામ સ્થળે ત્યાંની પદ્ધતિ પ્રમાણે સાંજે 7-00 વાગે વારાફરતી પાસ થનારના નંબર બોલાતા હતા. ડૉ. ઉદવાડિયાનો નંબર 12મો હતો. પાસ થનાર

સૌથી પહેલો નંબર બોલાયો - અગિયાર. નં 1થી 10માં કોઈ પાસ નહીં. ઉદવાડિયાને લાગ્યું કે 11 પછી 12 તો તરતનો નંબર છે. શક્યતા ઓછી છે. આવું વિચારતા હતા અને જાહેર થયું નંબર બાર. ઉદવાડિયા આનંદથી ઝૂમી ઊઠ્યાં. ફોન બુથ પરથી ખોરસદને ફોન કર્યો. ખોરસદ હૃદયના આનંદસાથે આંખમાંથી અશ્રુ વહાવતી રહી. બીજા દિવસે ભારતમાં ટેલિગ્રામ કર્યો - Veni, Vidi, Vici - Dublin, Edingurgh, London, બધાના આનંદની સીમા ન રહી. કારણ Veni, Vidi, Vici, એટલે I came, I saw, I won.

જૂનમાં તેમણે ભારત પરત ફરવાનો નિર્ણય કર્યો. ડૉ. રિકહામને નિર્ણય જણાવ્યો. તેમને ગમ્યું નહીં. ડૉ. ઉદવાડિયા સાથે વ્યક્તિગત સંબંધો સ્થપાયા હતા અને કામથી સંતોષ હતો, પરંતુ ડૉ. ઉદવાડિયાને જીવન તો ભારતમાં જ વ્યતીત કરવું હતું. તેમણે થોડા દિવસ લંડનમાં રહેવાનું અને પછી યુરોપનું ભ્રમણ કરવાનું નક્કી કર્યું. તેમણે ખોરસદનાં માતાપિતાને લંડનમાં બોલાવ્યાં. થોડા દિવસ સાથે રહી તેઓ બાળકોને લઈને ભારત પાછાં ફર્યાં. ડૉ. ઉદવાડિયા અને ખોરસદ પાસે 360 પાઉન્ડ હતા, પણ વધારેમાં વધારે દેશ જોવા હતા. તેથી પોતાની ગાડી લઈ નીકળી પડ્યાં. રસ્તામાં સસ્તી જગ્યામાં રહેવાનું રાખ્યું. એક-બે રાત તો કારમાં પણ વીતાવી, પરંતુ જિંદગીભર યાદ રહે તેવો પ્રવાસ કર્યો. ફ્રાન્સ, ઇટલી, જર્મની, સ્વિટ્ઝર્લૅન્ડ, ઑસ્ટ્રિયા, હોલૅન્ડ અને બેલ્જિયમમાં ગયાં. આનંદદાયક સફર પૂર્ણ થઈ. તેઓ લંડન આવ્યાં. 120 પાઉન્ડમાં કાર વેચી દીધી. સ્ટીમરમાં ભારત આવવા ટિકિટ લીધી. પછી સમાચાર મળ્યા કે પુત્ર રૂસાદને ટાઇફૉઈડ થયો છે. તે ખૂબ બીમાર છે. સ્ટીમરની ટિકિટ રદ કરાવી વિમાનમાર્ગે ભારત આવ્યાં. નવું જીવન શરૂ થયું.

## મુંબઈમાં પ્રથમ દસકો

1963માં ડૉ. ઉદવાડિયા મુંબઈ આવી સૌ પ્રથમ ડૉ. પી. કે. સેનને મળ્યા અને જરૂરના પ્રસંગે નોકરી માટે ભલામણ કરી તે બદલ આભાર વ્યક્ત કર્યો. ડૉ. સેને KEM હૉસ્પિટલમાં પ્રોફેસર ઑફ સર્જરી તરીકે જોડાવવા કહ્યું. ઉદવાડિયાને પ્રાઇવેટ પ્રેક્ટિસ શરૂ કરવી હતી. તેથી ડૉ. સેને પાર્ટ-ટાઇમ રિસર્ચ ફેલો તરીકે જોડાવવા કહ્યું. જેનો તેમણે સ્વીકાર કર્યો. તે પછી બે માસ પછી વાડિયા હૉસ્પિટલમાં પાર્ટ-ટાઇમ સર્જન તરીકે નીમાયા. 1963ના ડિસેમ્બરમાં ગ્રાન્ટ મેડિકલ કૉલેજમાં આસિ. ઑનરરી પ્રોફેસર ઑફ સર્જરી તરીકે નિમણૂક મળી 1972 સુધીનો દશકો આશા, નિરાશા, સ્થિરતા, સફળતા અને વિકાસનો દશકો રહ્યો.

1964માં ઍસોસિયેશન ઑફ સર્જન્સ ઑફ ઇન્ડિયા, ASIની કૉન્ફરન્સ મુંબઈમાં KEMમાં યોજાઈ. જેમાં ડૉ. આર. એમ. કુપર ચૅરમૅન તરીકે નિમાયા. ડૉ. કુપર ઉદવાડિયાના પિતાશ્રીના મિત્ર હતા. તેમને આ સમાચાર મળતાં ખુશી થઈ. તેમણે ઉદવાડિયાને કહ્યું, ASIનું આ રજતજયંતી વર્ષ છે, જેમાં મારા મિત્ર ચૅરમૅન બન્યા છે. 25 વર્ષ પછી સુવર્ણજયંતી વર્ષ ઉજવાશે ત્યારે તું ASIનો ચૅરમૅન બનીશ. ડૉ. ઉદવાડિયા ભાવુકતાથી લખે છે કે 25 વર્ષ બાદ સુવર્ણજયંતી ઉજવાઈ ત્યારે તે ASIના ચૅરમૅન બન્યા, પરંતુ તે જોવા તેમનાં પિતા હયાત નહોતા.

1964માં ડૉ. ઉદવાડિયાએ પોતાની પ્રાઇવેટ કન્સલ્ટિંગ હૉસ્પિટલ શરૂ કરી હતી. તે ત્રણ સ્થળે પાર્ટ-ટાઇમ કામ કરતા. તેમાંથી ખાસ આવક નહોતી, પરંતુ પ્રાઇવેટ હૉસ્પિટલમાં ભાગ્યે જ દરદી આવતા. ડૉક્ટરો ચૅરિટેબલ હૉસ્પિટલમાં જ તેમના નામથી રીફર કરતા. આમ તેમને હૉસ્પિટલમાં કામ કરવા મળતું. થોડી આવક પણ થતી, પરંતુ પ્રાઇવેટ પ્રેક્ટિસ જામતી નહીં તેથી નિરાશા થતી. આમ ત્રણ વર્ષ વીતી ગયાં. 1967માં કન્સલ્ટિંગ રૂમમાં તેમનો સ્કૂલનો મિત્ર આવ્યો. તેણે જીવનવીમા પોલિસી લેવા કહ્યું. ડૉ. ઉદવાડિયાએ જણાવ્યું કે અત્યારે પ્રિમિયમ ભરી શકાય તેવી આવક નથી. તેથી આવક થશે ત્યારે જરૂર વીમો લેશે તેમ જણાવ્યું. થોડાં દિવસ બાદ બીચ કેન્ડી હૉસ્પિટલમાંથી ફોન આવ્યો કે ડૉ. કેનેથ બોન્ડ મળવા માગે છે. ઉદવાડિયા રાજી થયાં. 10 વર્ષ પહેલાં ડૉ. બાલીગાના આસિસ્ટન્ટ તરીકે ત્યાં કામ કરવામાં આનંદ આવ્યો હતો. તે ડૉ. કેનેથ બોન્ડને મળ્યા. તેઓ થોડા સમય માટે ઇંગ્લૅન્ડ જતા હોઈ તેમની જગ્યાએ કામ કરવા કહ્યું. ઉદવાડિયા તરત સંમત થયા. તેમના મનમાં હતું કે થોડા દિવસ માટે કામ કરવાનું હશે, પરંતુ ડૉ. બોન્ડ તો ત્રણ-ચાર મહિના ઇંગ્લૅન્ડમાં રોકાવાના હતા. સરસ તક મળી ગઈ. ત્રણ હૉસ્પિટલ ઉપરાંત

બીચ કેન્ડી હૉસ્પિટલમાં સાંજ સુધી કામ રહેતું અને પછી પ્રાઇવેટ કન્સલ્ટિંગમાં જતા. ત્યાં પણ કામ વધવા લાગ્યું. સવારથી રાત સુધી Busy થઈ ગયા.

ડૉ. ઉદવાડિયાનું કામ દિનપ્રતિદિન વધતું ચાલ્યું. સાથે-સાથે તેમણે રિસર્ચ અને અભ્યાસ ચાલુ રાખ્યા. પરિણામે 1972ની સાલ પછી લેપ્રોસ્કોપી અંગે ચમત્કાર સર્જાયો તેની વાત વિગતે જોઈએ.

## લેપ્રોસ્કોપી અને કાર્લ સ્ટોર્ઝ સાથે મિત્રતા

1971ના ડિસેમ્બરમાં ડૉ. ઉદવાડિયા વહેલી સવારે સર્જરી કામ માટે બીચ કેન્ડી હૉસ્પિટલ પહોંચ્યા. તે વખતે કોઈ કારણસર એનેસ્થેટિસ્ટ ડૉ. ગુલાબ ભગત સમયસર આવી શક્યા નહોતા. તેથી ડૉ. ઉદવાડિયા જોડેના ઑપરેશન થિયેટરમાં ગયા. ત્યાં ડૉ. નરગેશ ટેલિસ્કોપથી એક આંખ વડે કોઈ પ્રક્રિયા કરતા હતા. ડૉ. ઉદવાડિયાએ પૂછતાં ડૉ. નરગેશે જણાવ્યું કે તેણી લેપ્રોસ્કોપી કરી રહી છે. ડૉ. ઉદવાડિયા લેપ્રોસ્કોપીથી અજાણ હતા. તેમણે એક આંખ બંધ કરી ટેલિસ્કોપથી જોયું તો નવાઈ પામી ગયા. પેલ્વીસ સ્પષ્ટ દેખાતું હતું. ટેલિસ્કોપ બીજી બાજુ ફેરવતાં લિવર, સ્ટમક, ડ્યુડોનમ, ગૉલબ્લેડર અને Spleen સ્પષ્ટ દેખાયાં. ડૉ. ઉદવાડિયાને થયું કે યોગ્ય ડાયોગ્નોસિસ માટે આ સર્વશ્રેષ્ઠ સાધન છે. તેમણે ડૉ. ભગત મોડાં આવ્યાં તેમનો આભાર માન્યો.

ડૉ. ઉદવાડિયાને માહિતી મળી કે ટેલિસ્કોપ બનાવનાર કંપની જર્મનીની છે. તેના બનાવનાર કાર્લ સ્ટોર્ઝ છે, તેમણે વિચાર્યું કે જર્મની જવાય તો સાધનો પ્રત્યક્ષ જોઈ શકાય, તે વિશે જાણી શકાય અને સાથે સાધન લાવી ઊંચી ઇમ્પોર્ટ ડ્યૂટી બચાવી શકાય. ડૉ. ઉદવાડિયા અને તેમનાં પત્ની ખોરસદ ફેબ્રુઆરી 1972માં જર્મની પહોંચ્યાં.

1972માં કોઈ સર્જન લેપ્રોસ્કોપ વાપરતાં નહોતા તેથી કાર્લ સ્ટોર્ઝને થયું કે તે સાથે રહીને જ બધા Equipment બતાવે, બંને પહેલી વાર મળ્યા. 6 ફૂટ 4 ઈંચ ઊંચાઈ ધરાવતા અને મજબૂત બાંધાવાળા કાર્લ સ્ટોર્ઝ આગળ ઉદવાડિયા તો વામણા લાગે. કાર્લે સૌપ્રથમ સાદું સાધન Veress needle બતાવ્યું. તેની કિંમત સાંભળી ઉદવાડિયા ડઘાઈ ગયા. કહે કિંમત થોડી ઓછી ન થાય? કાર્લ તરત જ બોલ્યા, 'Fixed Price' પછી તો નવાં-નવાં સાધનો જોતાં રહ્યા અને Fixed Priceનું રટણ સાંભળતા રહ્યા!

ભોજનનો સમય થયો. કાર્લે રેસ્ટોરન્ટમાં લંચ માટે આમંત્રણ આપ્યું. પાર્કિંગમાં જતા ડૉ. ઉદવાડિયા નાનકડી લાલ રંગની જાપાનીઝ કાર પાસે પહોંચ્યા. કાર્લ બોલી ઊઠ્યા, 'This is not possible, this can not happen in Germany! Japaneese car in Germany. ડૉ. ઉદવાડિયા કહે કે સસ્તામાં ભાડે મળતી હતી તેથી લીધી. કાર્લને જર્મનીમાં જાપાનીઝ કાર વપરાય તે ના ગમ્યું. જમીને પાછા ફર્યા ત્યારે કાર્લે પ્રોજેક્ટર ઉપર સાધનોના ઉપયોગની ફિલ્મ બતાવવા કહ્યું. બધા ઑફિસ પહોંચ્યા. ત્યાં જાપાનની બનાવટનું Fujiનું પ્રોજેક્ટર હતું. ઉદવાડિયા ગમ્મતમાં બોલી ઊઠ્યા, 'Mr. Karl Storz, this is not possible. This can not happen in Germany. A Japaneese projector in Germany.' કાર્લ લાલપીળા થઈ ગયા. મગજમાં ક્ષણિક ગુસ્સો આવી ગયો., ઊંચી કદાવર કાયા ઉદવાડિયાની નજીક આવી. ઉદવાડિયાને લાગ્યું કે મારી જાપાનીઝ ગાડીને બદલે એમ્બ્યુલન્સમાં દવાખાને જવું પડશે, પરંતુ નજીક આવીને કાર્લ ખડખડાટ હસી પડ્યા. બંને લાંબો સમય હસતા રહ્યા અને પછી જીવનભર એકબીજાના દોસ્ત બની રહ્યાં. ડૉ, ઉદવાડિયા લખે છે, 'અમારી બન્ને કુટુંબો વચ્ચેની મિત્રતા 50 વર્ષથી વધુ ચાલી. અવારનવાર મળ્યા, સાધનો ખરીદ્યાં. પણ કાર્લે કદી પણ કોઈ પણ સાધનનાં પાંચ-પચાસ રૂપિયા પણ ઓછાં ન કર્યાં.' બન્ને વચ્ચેની આ મુલાકાતે ભારતમાં લેપ્રોસ્કોપીક સર્જરીનો ઇતિહાસ રચી દીધો.

## લેપ્રોસ્કોપીક સર્જરી

1972માં ડૉ. ઉદવાડિયા જર્મની જઈ લેપ્રોસ્કોપ (દૂરબીન) લઈ આવ્યા. પછી 1972થી 1990 સુધી તેનો ઉપયોગ નિદાન કરવા, ફોટોગ્રાફ્સ લઈ ડોક્યુમેન્ટેશન કરવા અને બાયોપ્સી માટે થતો હતો. 1975થી 1990 દરમિયાન ડૉ. ઉદવાડિયા દેશના ખૂણે-ખૂણે ગયા અને ડૉક્ટરોને લેપ્રોસ્કોપથી નિદાન કરવા પ્રેરતા રહ્યા. આ વર્ષો દરમિયાન તેમણે 3000 જેટલી પ્રોસીજર કરી ઘણાં ડૉક્ટર્સને લાગતું કે આ અઘૂરું સાધન છે.

તો વળી, ઘણા ડૉક્ટર્સને લાગતું કે ભવિષ્યમાં આ સાધન મહત્ત્વનું બની રહેશે. દૂરબીનથી પિત્તાશયની પ્રથમ સર્જરી સને 1985માં જર્મનીમાં ડૉ. એરીક મૂરે દ્વારા કરવામાં આવી હતી. 1988માં અમેરિકામાં પહેલું પિત્તાશયનું ઑપરેશન કરવામાં આવ્યું હતું.

1990નું વરસ હતું. ડૉ. ઉદવાડિયા 45 દિવસથી તેમના નાના બેડરૂમમાં પ્લાસ્ટિકમાંથી બનેલી પેલ્વી ટ્રેનર પર મોડી રાત સુધી ઑપરેશનની પ્રેક્ટિસ કરતા. તેમના મિત્ર ડૉ. આલ્ફ્રેડ કૂચેરીએ તેમને ઑપરેશનની કૅસેટ મોકલાવી હતી. ઉદવાડિયા તે વારંવાર જોતા. કઈ રીતે હાથ અને સાધનનું હલનચલન કરવું અને તાલમેલ સાધવો તેની સાધના ચાલતી હતી. દિવસ અને રાત, ઊંઘતી વખતે - ઊઠતી વખતે ડૉ. ઉદવાડિયાના મનમાં ઑપરેશનના સ્ટેપ્સ ચાલ્યા કરતા. મે 1990માં તેમને લાગ્યું કે તે ઑપરેશન માટે તૈયાર છે. 24મી મે, 1990ના રોજ તેમણે લેપ્રોસ્કોપથી એપેન્ડિક્સ કાઢવાનું ઑપરેશન પાર પાડ્યું. બરોબર એક અઠવાડિયા પછી લેપ્રોસ્કોપથી પિત્તાશય કાઢવાનું ઑપરેશન રાખવામાં આવ્યું. નવી સર્જરી હતી. ડૉ. ઉદવાડિયા પર ચારેકોરથી ઑપરેશન ન કરવા દબાણ હતું. જે ડૉક્ટરો પ્રગતિમાં માનતા નહોતા, નવી ટેક્નૉલૉજી સ્વીકારી નહોતા શકતા, કદાચ અસુરક્ષાથી પીડાતા હતા. તેઓ બધા ડૉ. ઉદવાડિયાને સમજાવતા કે આ પ્રાયોગિક ઑપરેશન છે. ભૂતકાળમાં ડૉ. ઉદવાડિયાએ કૂતરા પર પ્રાયોગિક ઑપરેશન કરેલાં તેની સાથે સરખાવી, માણસ ઉપર ન કરવા જણાવતા. વળી, ઉદવાડિયા જાણતા હતા કે જર્મનીમાં ડૉ. એરિક મૂરે દ્વારા કરવામાં આવેલ ઑપરેશન બાદ કોમ્પલિકેશન થતાં તેમણે પાંચ વર્ષ કોર્ટ, જામીન અને જેલનો અનુભવ લેવો પડેલો. આ ઉપરાંત ડૉ. ઉદવાડિયા એ પણ જાણતા હતા કે કીલ યુનિવર્સિટીના ગાયનેક ડિપાર્ટમેન્ટના ડૉ. કુર્ટસેમને પણ વિરોધનો સામનો કરવો પડ્યો હતો. વિરોધીઓ કહેતા કે જે વ્યક્તિનું મગજ બહેર મારી ગયું હોય તે જ લેપ્રોસ્કોપીક સર્જરી કરે.

ડૉ. ઉદવાડિયા આ બાબતો જાણતા હતા અને તેથી સ્વાભાવિક રીતે મનમાં અનેક ઉથલપાથલ અને ગડમથલ ચાલતા હતા, પરંતુ તેમનાં મનમાં અનેરો વિશ્વાસ હતો. આશા અને શ્રદ્ધા હતી. પાછલા 18 વર્ષમાં કરેલ Diagnostic laproscopyનું પીઠબળ હતું. કંઈક નવું કરવાની તમન્ના હતી અને દર્દીના હિતમાં કંઈક થઈ શકે તો સારું એવું પ્રેરકબળ હતું. દર્દીનું નામ અનુબી હતું. ઉત્તરપ્રદેશની તે રહેવાસી હતી. પ્રથમ સર્જરી માટે સાવ સરળ કેસ નહોતો. પેશન્ટના પિત્તાશય પર સોજો હતો અને પથરીઓ વધારે હતી. ડૉ. ઉદવાડિયા આગલી આખી રાત ઊંઘી ન શક્યા. બીજી સવારે રજિસ્ટ્રાર ડૉ. દીપરાજ ભંડારકાર આવ્યા અને ડૉ. ઉદવાડિયાની પ્રિમિયર પદ્મિની ગાડીમાં ઠસોઠસ સાધનો ભર્યાં. ટી.વી, અન્ય સાધનો, Insufflatoreથી ગાડી ભરાઈ ગઈ. રસ્તામાંથી વધારાના બે Co2 સિલિન્ડર પણ લીધા. તેઓ હૉસ્પિટલમાં પહોંચ્યા ત્યારે મિસિસ ધોન્ડ દ્વારા એનેસ્થેશિયા આપવામાં આવ્યો. ડૉ. ઉદવાડિયાએ ઑપરેશનની કમાન સંભાળી. કૅમેરા માટે ડૉ. દીપરાજ અને ડૉ. પ્રદીપ કૌલ સહાય કરતા હતા. પેટ ચીરીને પિત્તાશય કાઢવાને બદલે દૂરબીનથી પિત્તાશય કાઢવાનો આ પ્રથમ પ્રયત્ન હતો. સૌ કુતૂહલતા, આશ્ચર્ય, શંકા, આશા એવા બધા પ્રકારના ભાવથી ઑપરેશન થિયેટરમાં હાજર હતા. ઑપરેશન નાજુક તબક્કામાં હતું ત્યારે અણધારી આફત આવી. પાવર કટ થઈ ગયો. ઊંચા જીવે બધાં પાવરની રાહ જોતા બેસી રહ્યા. તે વખતે જનરેટર ઉપલબ્ધ નહોતાં. 35 મિનિટે પાવર આવ્યો. 35 મિનિટ પેટ ફુલેલું ન રહે તેથી તેને deflate કરેલું. હવે પાછું લાવવા insufflatoreનો ઉપયોગ કરવાનો હતો, પણ તે કામ નહોતું કરતું. બધા ટૅન્શનમાં આવી ગયા, પરંતુ ડૉ. દીપરાજે ફ્યૂઝ બદલી તેને ચાલુ કર્યું. ઑપરેશન ફરી શરૂ થયું. અવરોધો બાદ ડૉ. ઉદવાડિયાએ સફળતાપૂર્વક ઑપરેશન પાર પાડ્યું.

જ્યારે પિત્તાશયને બહાર કાઢવામાં આવ્યું ત્યારે ઑપરેશન થિયેટર તાળીઓ અને આનંદની ચિચિયારીઓથી ગુંજી ઊઠ્યું. જે. જે. હૉસ્પિટલના તમામ રેસિડન્ટ ડૉક્ટરો હાજર હતા. ડૉ. ઉદવાડિયા સતત મોનિટર તરફ જોતાં રહેવાથી અને દિવસોના ટૅન્શનના કારણે થાકી ગયેલા. ચા પીતાં-પીતાં ખૂબ લોકો અભિનંદન આપવા લાગ્યા. કેટલાક લોકોએ પ્રેસને બોલાવવાની વાતો કરી. ડૉ. ઉદવાડિયાએ નમ્રતાપૂર્વક ઇન્કાર કર્યો અને કહ્યું, 'આ સર્જરી છે, કોઈ સર્કસ નથી, જેની મોટી જાહેરાત કરવામાં આવે.' પેશન્ટને જોઈ અને બધાને ધન્યવાદ આપી, સૌનો

આભાર માની ડૉ. ઉદવાડિયા ઘેર આવ્યા. આખી રાત ફરીથી મનમાં ને મનમાં અસંખ્યવાર ઑપરેશનનાં સ્ટેપ્સ વિચાર્યા કર્યા. કેટલો સુધારો કરવો જોઈએ, કેટલો સુધારો થઈ શકે તે અંગે મંથન ચાલ્યું.

મનમાં એક દ્વિધા પણ થતી રહી કે શું પેટ ચીરીને કરવામાં આવતી સર્જરી વધારે સરળ અને ઝડપી નહોતી ? દૂરબીનથી સર્જરી કરવાથી કોઈ વધારે ફાયદો થયો ? નવી ટેક્નૉલૉજીથી મેં મારું અભિમાન પોષ્યું ? મેં ખરેખર દર્દીનું હિત કર્યું ? તે વિચારતા રહ્યા – સાચું શું છે ? યોગ્ય શું છે ? આખી રાતના તુમુલ સંઘર્ષ પછી બીજા દિવસે ડૉ. ઉદવાડિયા અન્ય ડૉક્ટર્સ સાથે રાઉન્ડમાં નીકળવાની તૈયારી કરતા હતા, જ્યારે મનોમન એવું નક્કી કરીને આવ્યા હતા કે તે રેસિડન્ટ ડૉક્ટર્સને કહેશે કે લેપ્રોસ્કોપિક સર્જરી અંગે ફેરવિચારણા કરવી જોઈએ.

તેઓ પેશન્ટની પથારી પાસે આવ્યા. તે આશ્ચર્યચકિત થઈ ગયા. પેશન્ટ ટટ્ટાર બેઠું હતું. મોઢા પર ચમક હતી. તે બહેન ખુશ હતી. દર્દનો, ઑપરેશનનો મ્હોં પર કોઈ ભાર નહોતો. તેનું એબ્ડોમન સૉફ્ટ હતું. તેણીએ પૂછ્યું : 'મને ખાવાની રજા ક્યારે આપશો ?' ત્યારે ડૉ. ઉદવાડિયાને વિશ્વાસ આવ્યો કે આ તો ચમત્કાર છે. દર્દીની રિકવરી આટલી ઝડપથી થઈ જાય તો ભારત જેવા વિકાસશીલ દેશમાં તે લાભદાયી થાય. દર્દી ઝડપભેર કામ પર જઈ શકે.

તેમણે મનમાં ચાલતો વિચાર બદલ્યો અને રેસિડન્ટ ડૉક્ટર્સને કહ્યું – લેપ્રોસ્કોપી ચમત્કાર છે. તેના માટે વધુ પ્રેક્ટિસ કરવી જોઈએ. 15 દિવસ પછી પ્રાઇવેટ હૉસ્પિટલ – હિંદુજા હૉસ્પિટલમાં દેશનું પ્રથમ પિત્તાશયનું ઑપરેશન પાર પડ્યું. ત્યારે પણ વિરોધના સૂર તો ઊઠ્યા. આ પુરવાર થયેલી ટેક્નિક નથી. દર્દીના શરીર પર રમત છે, મોંઘી ટેક્નૉલૉજી છે. આ ટેક્નૉલૉજી થોડાં સમયમાં મૃત્ય પામશે. પરંતુ લેપ્રોસ્કોપીક સર્જરી થતી જ રહી. જે જે દર્દીઓ પર ઑપરેશન થયાં તે એટલી ઝડપથી સ્વસ્થ થઈ જતાં હતાં કે ધીરે-ધીરે પેશન્ટ જ કહેવા લાગ્યા કે દૂરબીનથી ઑપરેશન કરો, તેથી ડૉક્ટરોને લેપ્રોસ્કોપીક સર્જરી શીખવાની ફરજ પડી.

લેપ્રોસ્કોપીક સર્જરી અંગે ડૉ. ઉદવાડિયાએ અભૂતપૂર્વ કામગીરી કરી. 1992માં મુંબઈમાં ઘણી હૉસ્પિટલોમાં સફળતાપૂર્વક લેપ્રોસ્કોપીક સર્જરી થવા લાગી, પરંતુ શરૂઆતમાં હૉસ્પિટલો આ અંગેનાં સાધનો વસાવવા તૈયાર નહોતાં. ડૉ. ઉદવાડિયા પોતાનાં સાધનો હૉસ્પિટલોને આપતાં અને જે-તે હૉસ્પિટલમાં ઓપરેશન થવા લાગ્યાં, પણ પછી તો દરેક હૉસ્પિટલે જરૂરી સાધનો વસાવ્યાં. સને 1993માં 34 સર્જનોએ Indian Association of Gastrointestinal Endoscopic Surgeons (IMGES) ની સ્થાપના કરી. ડૉ. ઉદવાડિયા તેનાં પ્રમુખ બન્યા. તે પહેલાં સને 1991માં સ્થપાયેલી The Endoscopic and Laparoscopic Surgeons of Asia (ELSA) ના ત્રણ વર્ષ માટે પ્રમુખ તરીકે તે નિમાયા હતા. ડૉ. ઉદવાડિયા લેપ્રોસ્કોપીક સર્જરી અંગે માર્ગદર્શન અને તાલીમ આપવા ભારતનાં ઘણાં શહેરો અને ગામોમાં જતાં. આમ 20મી સદીના અંતમાં અને 21મી સદીની શરૂઆતમાં ભારતભરમાં લેપ્રોસ્કોપીક સર્જરીનો ઘણો વિકાસ થયો. ડૉ. ઉદવાડિયા લખે છે કે ભારતનાં મુખ્ય અને મોટાં શહેરોમાં જ નહીં, પરંતુ ગ્રામ્યવિસ્તારના નાનાં ગામોમાં પણ ખૂબ જ કુશળતાપૂર્વક લેપ્રોસ્કોપીક સર્જરી થાય છે. અત્યારે બધી જ એબ્ડોમિનલ સર્જરી લેપ્રોસ્કોપીક થઈ શકે છે. ડૉ. ઉદવાડિયા ભારતમાં લેપ્રોસ્કોપીક સર્જરીના જનક છે અને તેમણે ભારતના મેડિકલ જગતને આપેલી આ અમૂલ્ય ભેટ છે.

## સર્જરીના 6 દાયકા

જીવનનાં 60 વર્ષથી વધુ વર્ષ સુધી વિવિધ પ્રકારની સર્જરી કરનાર ડૉક્ટર અનેક પ્રકારના અનુભવમાંથી પસાર થાય તે સ્વાભાવિક છે. ઘણા કેસોમાં અણધારી સફળતા પણ મળે અને ઘણા કેસોમાં નિષ્ફળતાનો સામનો પણ કરવો પડે. ડૉ. ઉદવાડિયાએ તેમનાં પુસ્તકમાં આ અંગે થોડા પ્રસંગો ટાંક્યા છે.

ડૉ. ઉદવાડિયા માનતા કે સર્જનના ત્રણ H મજબૂત જોઈએ, Hand, Head અને Heart. સાથે-સાથે સર્જને કેટલાક ગુણો વિકસાવવા પડે, જેવા કે Knowledge, Decision making, Planning, Situational awareness, Adaptatiopn, Anticipation, Stress management અને Perfection. આ ગુણો હોય તો શ્રેષ્ઠ સર્જન બનાય.

ડૉ. ઉદવાડિયા કહે છે કે તમે કુશળ કે શ્રેષ્ઠ સર્જન બનો તે પૂરતું નથી. તમારે સારા સર્જન

બનવું પડે, સારા માણસ બનવું પડે. તમારામાં જો Honesty, Humanity, Empathy, Passion અને Leadershipના ગુણો કેળવાશે તો બીજી બાબતો આપોઆપ આવી જશે. તે સૌથી વધુ ભાર Integrityને આપે છે. તે કહે છે, 'છેલ્લા દસકાથી રેસિડન્ટ ડૉક્ટર્સ સારા સર્જન થવા માટેના આશીર્વાદ અને સલાહ લેવા આવે છે ત્યારે હું કહું છું – Just be youself. If you are authentically yourself and do things with intergrity, you will never do any wrong to any patient in anyway.'

ડૉ. ઉદવાડિયા માને છે કે દરેક સર્જરી અગત્યની છે. 'There is no minor surgery in my vocabulary.' તે વિશેષમાં કહે છે કે મારા રૂમમાં નીચેનું સૂત્ર 40 વર્ષથી ટાંકેલું છે, 'Lord help me to remember that nothing is going to happen to me today that you and I together cannot handle.'

ડૉ. ઉદવાડિયાની સર્જન તરીકેના અનુભવની ઘણી વાતો થઈ શકે. તેમણે કરેલી સેવા અને સમર્પણના ઘણાં ઉદાહરણો આપી શકાય, પરંતુ એક નોંધપાત્ર ઉદાહરણ જોઈ આપણે સંતોષ માનીશું. સન 2005માં જર્મનીથી Mrs. Sybill Storzનો ફોન આવ્યો. તે Karl Storzનાં ચૅરપર્સન હતાં. તેમણે ડૉ. ઉદવાડિયાને જણાવ્યું કે જર્મન સરકાર અને તેમની કંપની દ્વારા ભારતનાં ઉત્તર પૂર્વ રાજ્યોમાં જ્યાં Maternal Mortatlityનું પ્રમાણ વધારે છે ત્યાં ત્રણ વર્ષ માટે Maternal Care માટે કામ કરવાનું છે, તેનું તમામ ખર્ચ તે આપશે. તેમણે Minimal Access Surgery માટે સેન્ટર ખોલવાનું કહ્યું. તેમણે કહ્યું કે Storzની કોઈ પ્રોડક્ટ માટે પ્રચાર કરવાનો નથી. માત્ર એકેડેમિક સેન્ટર ચલાવવાનું છે. ડૉ. ઉદવાડિયાએ આ માટે ડૉ. ઉલ્હાસ ગાડગીલને ડાયરેક્ટર બનાવવા કહ્યું. તે માટે Mrs. Storz સંમત થયાં. આ કાર્યક્રમ અંગે કોઈ લખાણ કે શરતો ન ઘડી. માત્ર બન્નેએ હાથ મિલાવી, મૌખિક વાત કરી સેવાના ઉત્તમ કાર્યની શરૂઆત કરી. Mrs. Storz દ્વારા આધુનિક સાધનો અને જરૂરી ફંડ આપવામાં કોઈ કચાશ ન કરી. આ મદદ ત્રણ વર્ષ ચાલી. પછી પણ ડૉ. ઉદવાડિયાએ અન્ય સંસ્થાઓ દ્વારા આ કામગીરી ચાલુ રાખી. તે Minimal Access Surgery Training (MAST)ના 8 વર્ષ ચૅરમૅન રહ્યા તે દરમિયાન 8000 સર્જનને જુદી-જુદી 14 સ્પેશિયાલિટીમાં તાલીમ પૂરી પાડવામાં આવી. ડૉ. ઉદવાડિયા લખે છે કે MAS એટલે કે Minimal Access Surgery તો શરૂઆત છે. સર્જરી હંમેશાં Smaller અને Safer થતી જશે. 18મી સદીના સર્જન જ્હૉન હંટરને ટાંકીને તે કહે છે કે સમય જતાં અને સંશોધનો થતાં Knifeless અને bloodless સર્જરી થશે. બે-ત્રણ સદી પહેલાંનું આ વિધાન આજે સાચું પડ્યું છે. જોકે, ડૉ. ઉદવાડિયા કહે છે : 'Today's surgeons will see a future that could be wilder than the craziest of science fiction stories.'

**સમાપન**

ડૉક્ટર ટેહમ્ટન ઉદવાડિયાના પિતાશ્રી તેમનો આદર્શ હતા. પિતા ઈરાચ ઉદવાડિયાના સેવા, સદાચાર, ત્યાગ અને સમર્પણનાં ફળસ્વરૂપે ભગવાને બે હોનહાર દીકરાઓ આપ્યા. ડૉ. ફારૂખ ઉદવાડિયા ખૂબ જ વિખ્યાત ફિઝિશિયન અને ડૉ. ટેહમ્ટન ઉદવાડિયા વિશ્વવિખ્યાત સર્જન બન્યા. બન્ને પદ્મભૂષણથી સન્માનિત થયા.

ડૉ. ઉદવાડિયા વિશે વિખ્યાત કાર્ડિયાક સર્જન ડૉ. ભટ્ટાચાર્ય જણાવે છે : 'તેઓ છૂપા સંત છે, જેમનો ભગવાન સાથે સીધો નાતો છે.' વિખ્યાત કૅન્સર સર્જન ડૉ. સુલતાન પ્રધાન કહે છે : 'ડૉ. ઉદવાડિયા ગાંધીયન પ્રિન્સિપલથી જીવ્યા છે. Doing more from less, for more.'

તા. 7મી જાન્યુઆરી 2023ના રોજ 89 વર્ષની ઉંમરે ડૉ. ટેહમ્ટન ઉદવાડિયાનું અવસાન થયું, પરંતુ તેમની અભૂતપૂર્વ કામગીરી અને ઉમદા જીવનથી તેમની સ્મૃતિ સૌના હૃદયમાં હંમેશાં કંડારાયેલી રહેશે.

**- શરદભાઈ પી. શાહ, ઍડ્વોકેટ**
5-6, અણમોલ વિલા-2.
સેંટ ઝેવિયર્સ સ્કૂલ પાસે,
રામોસણા રોડ, મહેસાણા-2
મો. 9429736365
**- ડૉ. રાજેન એસ. શાહ**
સિનર્જી આઇ ઍન્ડ ઇએનટી હૉસ્પિટલ
વિમલ આર્કેડ, મોઢેરા રોડ, મહેસાણા
મો. 98240 26296

●

# પ્રકાશવામાં પ્રમાદી સિતારો!

ઈશ્વર પરમાર

અમાસની અંધારી રાતે આકાશમાં મલકતા ને ચમકતા સિતારાઓ પૃથ્વી પર પોતપોતાનો પ્રકાશ રેલાવવાની હોડમાં હોય છે ત્યારે વિશેષ તેજવંતા સિતારા તો નામ સાથે પરખાઈ જાય પણ ધ્યાનથી જોયું? કોઈ-કોઈ સિતારાઓ તો પોતાનું તેજ છુપાવવા મથતા હોય છે! એવા 'લૉ-પ્રોફાઈલ સ્ટાર્સ' ક્યારેક તો પોતાનું તેજ છુપાવવા પડખેનું વાદળું ઓઢી લેતા હોય છે! તેવા શિક્ષણના સિતારાને પારખવાનો અને પામવાનો અત્રે કલમી પ્રયાસ છે.

શિક્ષણના આકાશમાં આપણી નજીક જણાતા એક સિતારાનું નામ છેઃ તુલસીભાઈ પટેલ. તુલસીભાઈનો જન્મ પાટણ તાલુકાના મણુંદ ગામમાં તા.૭-૩-૧૯૩૯ના રોજ થયો. માતા વાલીબહેન આમ, નિરક્ષર પણ એમની હૈયા-ઉકલત જબરી. પુરુષાર્થી પિતા કાનજીભાઈ સાતમું ધોરણ પાસ હતા. તેઓ વતનથી પંદરેક કિમી. દૂર ચંદ્રુમાણા ગામમાં પ્રાથમિક શિક્ષક હતા. એમણે થોડાં વરસ મહિને સાત રૂપિયાનો પગાર આપતી નોકરી કરી પછી ખેતીમાં જોતરાઈ ગયા. દીકરો તુલસી પોતાની રીતે સારું ભણે છે એના અહેસાસથી સંતુષ્ટ રહેતા.

તુલસી સાત વરસનો થયો ત્યારે તેને ગામની શાળામાં દાખલ કરવામાં આવ્યો. વર્ગશિક્ષક ઈશ્વરભા બાળકો સાથે ખૂબ તન્મય થઈને એકડો-કક્કો ભણાવે. એમના વહાલ સાથે તુલસીનો શિક્ષણ પાયો એવો મજબૂત થયો કે એના પર ઈંટ ઉપર ઈંટ ગોઠવાતી ગઈ ને સાવ સરળતાથી ટોચ સુધી પહોંચી જવાયું. શિક્ષણ વિશેનું પોતાનું પહેલું પુસ્તક ('શિક્ષણઃ આદર્શ અને વાસ્તવ') એમણે પ્યારા પ્રાથમિક શિક્ષક ઈશ્વરભાને અર્પણ કર્યું. આ તુલસીએ સાતમા ધોરણ સુધી પરીક્ષાઓમાં પહેલો નંબર જાળવી રાખેલો! સાતમા ધોરણના શિક્ષક અને આચાર્ય જગન્નાથ રાવલ ઇતિહાસ ભણાવતી વખતે અંગ્રેજોના આગમન સંદર્ભે ગીત લલકારતાઃ 'ટોપાવાળાનાં ટોળાં ઊતર્યાં..' એ આખી ઘટના તુલસી સહિતનાં બાળકો જાણે નજરે ભાળતા હોય એવું એમને ભાસતું! વર્નાક્યુલર ફાઈનલ (સાતમા ધોરણની સમાંતર) પરીક્ષા ૬૮% સાથે તુલસીએ ૧૯૫૩માં પાસ કરી. આ પરીક્ષામાં તુલસી પાટણ કેન્દ્રમાં પાંચમા ક્રમે પાસ થયો તેથી તેને હાઈસ્કૂલના ચારેય વરસ સ્કૉલરશિપ માનભેર મળતી રહી.

હાઈસ્કૂલ પણ ગામમાં જ હતી. તુલસીએ ત્યાં માધ્યમિક શિક્ષણ લીધું. (૧૯૫૩-૫૭). આ તબકકે તુલસીને ઇતર વાચનનો એવો ગાંડો અને ગાઢ રસ પડ્યો કે શિક્ષણના પ્રાથમિક તબક્કે સદા પ્રથમ રહેતો તુલસી માધ્યમિક તબક્કે તળિયે જઈને બેઠો! ગામનું સાર્વજનિક પુસ્તકાલય અને વાચનાલય અતિ સમૃદ્ધ હતું, તેથી ઇતર વાચનની લત વ્યસનની કક્ષાએ પહોંચી હતી! આમ છતાં સદ્‌ભાગ્યે તુલસીએ એસ.એસ.સી.ની વૈતરણી ૫૮% સાથે ૧૯૫૭માં પાસ કરી એને થતુંઃ 'બહુ દઈ દીધું નાથ!'

...પણ નાથે તો નવ મણનો સવાલ ખડો કર્યો! હવે એસ.એસ.સી. પાસ કર્યા પછી શું કરવું? એ ગાળે ચાર ધોરણ ભણેલાં ડાહીબહેન સાથે લગ્ન થઈ ચૂક્યાં હતાં. પિતાજીની ઇચ્છા તો તુલસીને પ્રાથમિક શિક્ષક બનાવવાની હતી.

પરંતુ તુલસીભાઈએ તો વતનથી લગભગ ત્રણસો કિમી. દૂર આવેલી અલિયાબાડા (જિ. જામનગર)ની આર્ટ્સ કૉલેજ ઉચ્ચ અભ્યાસ માટે પસંદ કરી લીધી હતી! તે નિર્ણય સાંભળતાં પિતાજીની આંખમાં આંસુ આવી ગયાં, પણ પુત્રના નિર્ણયમાં કશુંક વજૂદ હશે એમ ધારી મન મનાવી લીધું. પુત્રનો નિર્ણય તેના પૂર્વવાચનને આભારી હતો.

આશરે ૧૯૫૨માં 'અખંડ આનંદ' સામયિકમાં પ્રા. ડોલરભાઈ માંકડનો એક લેખ ચૌદેક વરસના તુલસીએ વાંચેલો. લેખનું શીર્ષક હતુંઃ 'વાનપ્રસ્થાશ્રમ નહીં, પણ ગ્રામપ્રસ્થાશ્રમ'. આ લેખના સંદેશને અનુસરીને ડોલરભાઈ ૧૯૫૨માં પોતાને પચાસ વર્ષ થતાં અલિયાબાડામાં 'ગંગાજળા વિદ્યાપીઠમાં આર્ટ્સ કૉલેજ

ઉપરાંત અન્ય પંદરેક શૈક્ષણિક સંસ્થાઓનું વિદ્યા-સંકુલ બનાવ્યું. અહીં ડોલરભાઈએ બાલમંદિરથી માંડીને પીએચ. ડી. સુધીની એકસૂત્રિત શિક્ષણ વ્યવસ્થાનો પ્રયોગ હાથ ધર્યો હતો. આ હકીકત જાણવા ઉપરાંત, યશસ્વી સર્જક ઈશ્વર પેટલીકરે 'સંસાર' સામયિકમાં જાત અનુભવના આધારે આ સંસ્થા વિશે વિગતે લેખ કરેલો તે પણ તુલસીભાઈએ વાંચીને મનમાં કર્યો નિર્ધારઃ 'આગળ ભણવું તો અલિયાબાડામાં જ!'

....ને તુલસીભાઈ પતરાંની એક પેટીમાં ત્રણેક જોડ કપડાં અને રૂા.૨૪૦/- લઈને અલિયાબાડા આવ્યા. છાત્રાલયમાં ગોઠવાયા. એમના એફ.વાય.બી.એ.ના વર્ગમાં ૩૨ વિદ્યાર્થીઓ હતા. એમાં તુલસીભાઈના એસ.એસ.સી.માં ગુણ સૌથી વધારે ૫૮% હોવાથી ફી માફી મળી. આમ ઉચ્ચ અભ્યાસ આરંભાયો. થોડા દિવસ પછી, તુલસીભાઈની પેટી તૂટી! તે પેટીમાંની તમામ પૂંજી ગાયબ! તુલસીભાઈ આ બાબતે બાપુજી (ડોલરભાઈ)ને મળ્યા ત્યારે એ ઉદારચેતા વડીલે કહ્યું, 'ચિંતા કરશો નહીં. તમારા પૈસા કૉલેજના કાર્યાલયમાં જમા સમજજો. જરૂર પડ્યે ઉપાડજો. ને આ વાત મોહનભાઈ (વાઇસ પ્રિન્સિપાલ)ને કરજો'.

મોહનભાઈએ અન્ય સાથીની મદદથી ચોરી માટે શંકાસ્પદ વ્યક્તિને જામનગર રેલવેસ્ટેશન નજીકમાં પકડી પાડ્યો. 'ચોરે' દશ રૂપિયા વાપરી નાખેલા તેથી રૂપિયા ૨૩૦/- પરત મળ્યા!

કૉલેજનું બીજું વર્ષ (ઇન્ટર) પસાર થયા પછીના ત્રીજા વર્ષ (જુનિયર બી.એ)માં બી.એ. માટે વિષય પસંદગી કરવાની હતી. પોતાને સાહિત્યમાં ઊંડો રસ હોવા છતાં તે વખતના સમય-પ્રવાહમાં તણાઈને તુલસીભાઈએ બી.એ. માટે મુખ્ય વિષય તરીકે અર્થશાસ્ત્ર પર પસંદગી ઉતારી અને ગૌણ વિષય મનોવિજ્ઞાન. આ વિષયો સાથે તુલસીભાઈ માંડ સેકન્ડ ક્લાસ (૪૬%)માં બી.એ. થયા. (૧૯૬૧).

પણ 'વિદ્યાના વૃંદાવન' સમી આ વિદ્યાપીઠમાં જે શુભ સંસ્કાર અને શાશ્વત મૂલ્યો પ્રાપ્ત થયાં તેની પ્રસન્નતા તુલસીભાઈને આજીવન રહી છે. અહીંની ડોલરિયા સુગંધથી આકર્ષાઈને બૃહદ ગુજરાત કક્ષાનાં જ નહીં, રાષ્ટ્રકક્ષાના વિદ્વાનો, કેળવણીકારો, સાહિત્યકારો, રાજકારણીઓ, કલાકારો અહીં પધારતા અને વિદ્યાર્થીઓને તેમનો ઈષ્ટ-મિષ્ટ 'પ્રસાદ' પીરસતા તેથી સૌ ધન્ય થતા. સંસ્થાના મુક્તદ્વાર ગ્રંથાલયમાં વાચનવિહાર, ઋતુ-અનુસારી ઉત્સવોની ઉજવણી, પ્રાથવું, તરવું-રમવું, ફરવું – ખાસ તો વિશ્વાસનું વાતાવરણ, શૈક્ષણિક પ્રયોગો, શોરબકોર વગર થતું. ચારિત્ર્ય-ઘડતર : આ બધાં થકી તુલસીભાઈનું અંતર-તેજ વધતું-વિકસતું રહ્યું. સંસ્થાના સર્જક અને સ્થાપક તેમજ આધુનિક ઋષિ ડોલરભાઈને તુલસીભાઈએ પોતાનું પુસ્તક 'સાહિત્ય-અમૃત' (૧૯૯૪) અપર્ણ કરતાં ઉદ્‌ગાર્યું : 'મારી તે શી વડાઈ? ગંગાજળા વિદ્યાપીઠમાં, આપના સંસ્પર્શે સાહિત્યરુચિ ઘડાઈ.'

એપ્રિલ '૬૫માં બી. એ. થયા પછી, પરિવારને આર્થિક રીતે મદદરૂપ થવા તુલસીભાઈ નોકરીની ગોતમાં પડ્યા. અલીણા (તા.નડિયાદ)ની માધ્યમિક શાળામાં એક વર્ષ હિન્દી-શિક્ષક તરીકે ફરજ બજાવી. આ નિમણૂક સ્વીકારતાં પહેલાં એમણે સ્પષ્ટતા કરી હતીઃ 'મને હિન્દીમાં રસ છે, પણ બી.એ.માં મારા વિષયો અર્થશાસ્ત્ર ને મનોવિજ્ઞાન છે', આચાર્ય પંચમભાઈ પટેલના કહેવાથી એમણે હાઈસ્કૂલમાં હિન્દીનો એક તાસ લીધો. આચાર્ય અને ખાસ તો વિદ્યાર્થીઓ સંતુષ્ટ થયા ને નિમણૂક મળી.

અહીં વરસ આખરે તુલસીભાઈને વિદ્યાર્થીઓ સાથે ખો-ખો રમવાનો ઉત્સાહ થઈ આવ્યો; પણ દોડતાંકને છાતીમાં પીડા થઈ. આણંદની હૉસ્પિટલમાં તપાસ કરાવી તો નિદાન થયું કે પ્લુરસી-ટી.બી.ની શરૂઆત છે, અલીણામાં વર્ષ પૂરું કરીને રાજીનામું આપ્યું. (આ હાલમાં તુલસીભાઈ 'હિન્દી વિશારદ' થયા તેમજ ઇન્ટરમિડિયેટ ડ્રૉઇંગની પરીક્ષા આપીને સફળ થયા!) અને વતન મણુંદમાં આરામ-સારવાર માટે આવી ગયા.

હવે તબિયત સુધરવા માંડી ત્યાં જાણ્યું કે ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદમાં ટી.ડી. સમકક્ષ 'હિન્દી શિક્ષાવિનિત'ની એક વર્ષની તાલીમ શરૂ થનાર છે. સંપર્ક કરતાં અહીં એડમિશન મળી ગયું. (૧૯૬૨). આથી સંસ્થાના છાત્રાલયમાં રહીને આરામ સાથે અભ્યાસ શરૂ કર્યો. યશસ્વી સાહિત્યકાર રઘુવીર ચૌધરી એમના એક અધ્યાપક હતા. વાર્ષિક પરીક્ષામાં તુલસીભાઈ સર્વપ્રથમ ક્રમે ઉત્તીર્ણ થયા! આમ તો ટી.બી.ની સારવાર લેતા તુલસીભાઈને શિક્ષણશાસ્ત્રને લગતું 'હિન્દી શિક્ષાવિનિત' થવું નહોતું, પણ થવાઈ જવાયું આરામભેર! બા-ઇજ્જત!

આ પછી તુલસીભાઈ આણંદમાં અધ્યાપન મંદિરમાં ગોઠવાયા. અહીં અધ્યાપનની સમાંતર વલ્લભવિદ્યાનગરમાં એમ.એ. (અર્થશાસ્ત્ર)ના વર્ગો ભરવાનું શરૂ કર્યું, પણ અંગ્રેજી માધ્યમને લીધે મૂંઝાયા ને કંટાળ્યા; આથી વિષય બદલ્યો. હવે હિન્દી સાથે એમ.એ.માં માંડ પ્રવેશ મેળવ્યો. 'માંડ' એટલા માટે કે મૂળે બી.એ.માં અર્થશાસ્ત્ર ખરું ને? હિન્દીની પરીક્ષામાં 'આચાર્ય'. અધ્યાપકો અને સહપાઠીઓના આશ્ચર્ય વચ્ચે તુલસીભાઈ ૬૮% સાથે યુનિર્વસિટી ફર્સ્ટ સર્વપ્રથમ ક્રમે ઉત્તીર્ણ થયા અને એ બદલ એમને સુવર્ણચંદ્રક એનાયત થયો!

બિલીમોરાની કૉલેજમાં બે વર્ષ (૧૯૬૫-૬૭) રહીને સને ૧૯૬૭માં મહેસાણાની આર્ટ્સ કૉલેજમાં હિન્દીના અધ્યાપક તરીકે સત્તાવીસ વર્ષ એકધારી ફરજ બજાવી અને પછી પંચાવન વર્ષની વયે ૧૯૯૪માં સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી. આમ તો જાણવું અને ભણાવવું, એમની પ્રિય પ્રવૃત્તિ, પરંતુ એકાંત, આત્મચિંતન અને નિજાનંદ વિશેષ પ્રિય લાગતાં સ્વૈચ્છિક નિવૃત્તિ!

શિક્ષક/અધ્યાપક તરીકે તુલસીભાઈ વર્ગખંડમાં નિર્ધારિત વિષયાંગ સિવાયની આડ-વાત કે આપકથા કદી માંડતા નહીં. વિદ્યાર્થીઓને નોટ્સ ઉતરાવવાની સસ્તી પ્રયુક્તિ એમને કદી રુચિ નથી. વાચન અને અનુભવના આધારે સ્પષ્ટ વાત કે વિધાન. વિદ્યાર્થીઓ સાથે અંગત સંપર્ક નહીં, છતાં બીમાર વિદ્યાર્થીની ચિંતા રાખે અને ઇસ્પિતાલે તેના ખબર પૂછવા જાય ખરા. માણસાઈના માણસ!

પ્રવાસનો શોખ એમને પગ વાળીને બેસવા ન દે. વિશેષતયા નિવૃત્તિ પછી કાશ્મીર, વૈષ્ણવોદેવી, મનાલી, નૈનિતાલ, અલમોડા, કૌસાની, રોહતાંગપાસ, અમરનાથ, ગંગોત્રી, જમનોત્રી, બદરીકેદાર, દક્ષિણભારત, હિમાલય, થાઈલૅન્ડ, અમેરિકા વગેરે પ્રાકૃતિક સૌંદર્યયુક્ત સ્થળે ઘૂમ્યા છે.

તુલસીભાઈનો લેખન-પ્રકાશનનો આરંભ સને ૧૯૮૨થી શરૂ થયો. તેમનાં ૧૫ પુસ્તકો ગુજરાતીમાં અને પાંચ પુસ્તકો હિન્દીમાં થયાં. ત્રણ પુસ્તકો પુરસ્કૃત થયાં.

લેખો દર માસે અનુકૂળ સામયિકોમાં પ્રકાશિત થયા જ કરે છે. લેખો, 'દૃષ્ટિ', 'ઘરશાળા', 'અચલા', 'પ્રગતિશીલ શિક્ષણયોજના', 'નિરીક્ષક', 'ભૂમિપુત્ર', 'નયા માર્ગ', 'અખંડ આનંદ' વગેરેમાં પ્રકાશિત થાય છે. તુલસીભાઈનું લેખનક્ષેત્ર: શિક્ષણ, ચિંતન, હાસ્ય, સમીક્ષા બાળઉછેર, નિબંધ, સમીક્ષા, પ્રવાસ, કટાક્ષ, આસ્વાદ વગેરે. આમ તુલસીભાઈને અવશ્ય બહુ-આયામી સર્જક કહી શકાય.

તક મળતાં તુલસીભાઈ પટેલને અંગત પ્રશ્નો પૂછ્યા, 'તમારી તેજસ્વી શૈક્ષણિક કારકિર્દી જોતાં જણાઈ આવે છે કે પીએચ.ડી. પદવી મેળવવી તમારે માટે તો ઘણી સરળ ગણાય; આમ છતાં એ પદવી મેળવવાનું લક્ષ્ય કેમ ન સાધ્યું?'

સ-હાસ્ય ઉત્તર મળ્યો: 'કૉલેજમાં અધ્યાપન દરમિયાન જાણ્યું કે હિંદીમાં પાંચસો પીએચ.ડી. છે! આટલા બધા પીએચ.ડી.? મારે એમનો હિસ્સો નથી બનવું. હા, જ્ઞાન-સિસૃક્ષા માટે વાંચીશ-લખીશ; પરંતુ ડિગ્રી માટે નહીં. મને એવી કોઈ ઉપાધિ-સન્માનની આકાંક્ષા નથી. હા, એમ.એ. થઈને 'કૉલેજમાં અધ્યાપક થવાનું લક્ષ્ય હતું. જે સિદ્ધ થયું. પછી વધારાની પળોજણ શીદ વહોરવી? મને ત્રણ ગાઇડે એમના હાથ નીચે પીએચ.ડી. કરવા પ્રેમાગ્રહ કરેલો પણ મેં સવિનય ના પાડેલી!"

પ્ર. 'તમને પ્રભાવિત કરતો પ્રેરક સુવિચાર...'

ઉ. The Heart of education is education of heart.'

(હૃદયની કેળવણી એ જ શિક્ષણનું હૃદય છે)

તુલસીભાઈનો અંગત ઉદ્ગાર: 'સન ૨૦૨૧માં અર્ધાંગિની ડાહીબહેનનું એંસી વરસની વયે કૉરોનામાં અવસાન થયું. એનું મનોબળ અને હૈયાસૂઝ વિરલ હતાં. સંકટ સમયે ઢાલ બનીને ખડી થતી. હવે ત્યાર બાદ ત્રણ દીકરી ચંદ્રિકા, ગીતા અને અનામિકાના ઘરે અમદાવાદ, નાસિક, અમેરિકા (હ્યુસ્ટન)ના પ્રવાસની મજા માણું છું. પાછળ નજર કરું છું તો લાગે છે કે, 'મેં કોઈ મોટી ધાડ મારી નથી. શમણાં સાથે જીવવા'નો લહાવો કંઈ કમ તો નથી જ!' – ને આજે એ પ્રકાશવામાં પ્રમાદી પંચાસી વરસનો સિતારો જરૂર પડ્યે વાદળી પાછળ રહી ને અતીતને અવલોકે છે.. લખે છે.. સોંસરું બોલે છે... એકાંત સેવે છે અને નિજાનંદ માણે છે..!

**- ઈશ્વર પરમાર**
'મોરપીંછ', સિદ્ધનાથ સામે, દ્વારકા - 361335
મો. 9427284742

●

# NIRF ૨૦૨૪ના સૂચિતાર્થો

## પ્રો કમલેશ જોશીપુરા

દેશમાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે રાષ્ટ્રીય સંસ્થાગત રેન્કિંગ માળખું 'નેશનલ ઇન્સ્ટિટ્યૂશનલ રેન્કિંગ ફ્રેમવર્ક ૨૦૨૪' દ્વારા હાથ ધરાયેલ મૂલ્યાંકનના આધાર ઉપર પરિણામોની જાહેરાત તાજેતરમાં કરવામાં આવી છે. ૨૦૧૫ની સાલથી શરૂ થયેલ આ વ્યવસ્થાપન વર્તમાન સમયમાં માત્ર રાષ્ટ્રીય નહીં, પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તર ઉપર પણ સારી રીતે પ્રસ્થાપિત થવાની સાથે પ્રત્યેક ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ માટે દિશા સૂચક બની રહેલ છે.

કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય દ્વારા સમગ્ર દેશમાં આવેલી ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓને આ માળખામાં આવરી લેવાયેલ છે અને તેના માપદંડો પણ ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ વાસ્તવમાં ખરેખર ક્યાં ઊભી છે તે જાણવાની દૃષ્ટિથી અગત્યના બન્યા છે.

રેન્કિંગના હેતુ માટે અલગ-અલગ શ્રેણીઓ નક્કી કરવામાં આવી છે તેમાં NIRF સમગ્ર (overall), રાષ્ટ્રીય અગત્યની સંસ્થાઓ એટલે કે ઇન્સ્ટિટયૂટ ઑફ નેશનલ ઇમ્પોર્ટન્સ તેમ જ યુનિવર્સિટીઓ, માનીત યુનિવર્સિટીઓ (Deemed to be universities), પ્રાઇવેટ યુનિવર્સિટીઓ સહિતની શ્રેણીઓનો સમાવેશ થાય છે. વિદ્યાશાખાઓની દૃષ્ટિથી એન્જિનિયરિંગ, મૅનેજમેન્ટ, ફાર્મસી, કાનૂન, આર્કિટેક્ચરલ, મેડિકલ, ડેન્ટલ, સંશોધન સંસ્થાઓ અને સંલગ્ન કૉલેજોનો સમાવેશ થાય છે પ્રત્યેકનું રેન્કિંગ અલગ રીતે કરવામાં આવે છે અને પ્રત્યેક ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ એક કરતાં વધારે શ્રેણીમાં પણ પોતાનું રેન્કિંગ કરાવી શકે છે.

જે માપદંડો ઉપર આધાર રાખી અને રેન્કિંગ કરવામાં આવે છે તે પાંચ જેટલા મુખ્ય માપદંડો ઉપર દૃષ્ટિપાત કરીએ તો, પ્રથમ એટલે શિક્ષણ પ્રશિક્ષણ જેમાં વિદ્યાર્થી અને શિક્ષકોનું પ્રમાણ તથા શિક્ષકોનું એટલે કે પ્રાધ્યાપકોનું શૈક્ષણિક સ્તર તેમજ સંસાધનોનો સમાવેશ થાય છે, બીજો માપદંડ એટલે સંશોધન ક્ષમતા અને વ્યવસાયગત સજ્જતા જેમાં પ્રકાશન ઉપરાંત બૌદ્ધિક સંપદા અંતર્ગત પેટન્ટ નો સમાવેશ થાય છે, ત્રીજું એટલે વિદ્યાર્થીઓના સંદર્ભમાં ગ્રેજ્યુએશન આઉટકમ્સ એટલે કે વિદ્યાર્થીઓનું પ્લેસમેન્ટ કેટલા પ્રમાણમાં થાય છે તથા વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવા કેટલી સંખ્યામાં જાય છે અને સમગ્રતયા વિદ્યાર્થી પરિણામ સહિતની બાબતોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત અન્ય એક માપદંડ એટલે જાતિગત સમાનતા ઉપરાંત સામાજિક પરિપ્રેક્ષમાં સર્વ સમાવેશકતા, વૈવિધ્યપૂર્ણ સામાજિક સહભાગિતા તથા સામાજિક સંપર્ક કેળવીને વિસ્તરણ પ્રવૃત્તિઓનું આયોજન, તેમજ ઉચ્ચ શિક્ષણ સંસ્થા માટે વાલીઓ, વિદ્યાર્થીઓ પ્રાધ્યાપકો અને સમાજની કેવા પ્રકારની દૃષ્ટિ છે (perception) એટલે કે ખાસ કરીને સંસ્થાની પ્રતિષ્ઠા અને શાખ કયા પ્રકારની છે. આ પ્રકારના માપદંડોના આધારે રેન્કિંગ કરવામાં આવે છે જે સર્વ વિદિત છે. આમ દૃષ્ટિપાત કરીએ તો જે વૈવિધ્યપૂર્ણ મુખ્ય માપદંડો છે તે ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓને સારું રેન્કિંગ પ્રાપ્ત કરવા માટે એક દિશા સૂચક એવા માપદંડો છે તે નિશ્ચિત.

૨૦૨૪ના રેન્કિંગનાં પરિણામો ઉપર દૃષ્ટિપાત કરતાં એક બાબતનો સ્પષ્ટપણે ખ્યાલ આવે છે કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, ૨૦૨૦માં બહુવિધ વિદ્યાશાખાઓના અભિગમને ખૂબ જ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે, ૨૦૨૪નાં પરિણામો જોતાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિનું સ્પષ્ટ પ્રતિબિંબ જોવા મળે છે એટલે કે રેન્કિંગ કરતી વખતે ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓને થોડું પ્રાધાન્ય મળેલું જોવા મળે છે અને આ પ્રકારની બહુવિધ વિદ્યાશાખાઓની ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓનો દેખાવ પણ સારો રહ્યો છે,

આ ઉપરાંત સંશોધન અને નવોચાર એટલે કે રિસર્ચ ઍન્ડ ઇનોવેશન પર પણ ભાર આપવામાં આવેલો છે, એક ખૂબ જ નોંધવા યોગ્ય બાબતે એટલે ખાસ કરીને ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓએ તૈયાર કરેલો ડેટા અને તેની ખરાપણાની તપાસ વધારે ચોકસાઈપૂર્ણ થાય તે અર્થે પણ ખૂબ જ કાળજી લેવામાં આવેલી છે.

સમગ્રતયા રેન્કિંગની દૃષ્ટિથી ટોચની ત્રણ સંસ્થાઓમાં 'ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નૉલૉજી' મદ્રાસ, 'ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ', બેંગલોર અને 'ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નૉલૉજી', દિલ્હીનો સમાવેશ થાય છે. યુનિવર્સિટી રેન્કિંગમાં ત્રણ સર્વોચ્ચ સ્થાન પ્રાપ્ત કરનાર 'ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ', બેંગલોર કે જેણે ઑવરઑલ રેન્કિંગમાં પણ સ્થાન પ્રાપ્ત કર્યું છે અને યુનિવર્સિટી એમ બન્નેમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ ઉપરાંત દિલ્હી સ્થિત 'જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી' અને વિશ્વવિખ્યાત 'બનારસ હિંદુ યુનિવર્સિટી' વારાણસીનો સમાવેશ થાય છે. એન્જિનિયરિંગની ટોપ ત્રણમાં આઇઆઇટી મદ્રાસ, દિલ્હી અને મુંબઈનો સમાવેશ થાય છે. મૅનેજમેન્ટ શ્રેણીમાં ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ અમદાવાદ, બેંગ્લોર તથા કોઝીકોડ ટોપથ્રીમાં સ્થાન પ્રાપ્ત કરેલ છે. ફાર્મસી ઇન્સ્ટિટ્યૂશન્સમાં જામિયા, હમદર્દ નવી દિલ્હી તેમજ નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન ઍન્ડ રિસર્ચ એટલે કે નાઇપર, મોહાલી તથા બિરલા ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નૉલૉજી ઍન્ડ સાયન્સ છે. મેડિકલ એજ્યુકેશનમાં એઇમ્સ-પિલાની, નવી દિલ્હી ઉપરાંત પોસ્ટ ગ્રેજ્યુએટ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ એજ્યુકેશન ઍન્ડ રિસર્ચ - ચંદીગઢ અને ક્રિશ્ચિયન મેડિકલ કૉલેજનો સમાવેશ થાય છે. કાયદાના શિક્ષણની અંદર નૅશનલ લૉ સ્કૂલ ઑફ ઇન્ડિયા યુનિવર્સિટી - બેંગ્લોર, નૅશનલ લૉ યુનિવર્સિટી - દિલ્હી અને નાલસાર, હેદરાબાદ સ્થાન મેળવે છે અને સંશોધન સંસ્થામાં ફરીથી એટલે કે ત્રીજી વખત 'ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ' - બેંગલોર, 'ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નૉલૉજી' મદ્રાસ અને 'ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નૉલૉજી' - દિલ્હી શ્રેષ્ઠ સંશોધન સંસ્થાઓ તરીકે આવી છે.

ગુજરાત રાજ્યનો સવાલ છે ત્યાં સુધી 'ગુજરાત યુનિવર્સિટી'એ રેન્કિંગમાં ૨૯મું સ્થાન પ્રાપ્ત કર્યું છે અને ૧૦૦ અંકમાંથી ૫૩.૯૯ અંક પ્રાપ્ત કર્યા છે. 'ગુજરાત યુનિવર્સિટી' માટે શિક્ષણ, પ્રશિક્ષણ અને ખાસ કરીને સંસાધન ક્ષેત્રે સારો દેખાવ કર્યો છે.

૨૦૨૪ની રેન્કિંગ પ્રક્રિયામાં કુલ ૪,૦૦૦ જેટલી સંસ્થાઓએ ભાગ લીધો હતો. અલબત્ત, એક વસ્તુની ખાસ અત્રે નોંધ લેવા જેવી છે કે, દર વર્ષે ઉત્તરોતર ભાગ લેનાર સંસ્થાઓની સંખ્યામાં વધારો થતો જોવા મળે છે, આ બાબત ભારતીય ઉચ્ચ શિક્ષણની દૃષ્ટિથી ખૂબ જ સારી છે. 2024 રેન્કિંગ પ્રક્રિયામાં 200 જેટલી સંસ્થાઓ પ્રથમ વાર રેન્કિંગ માટે આવેલી હતી. રેન્કિંગનું વિશ્લેષણ કરતાં જોવા મળે છે કે જાતિગત સમાનતાની દૃષ્ટિએ ટોપ રેન્કિંગ સંસ્થાઓમાં કુલ વિદ્યાર્થીઓના ૪૦% જેટલી વિદ્યાર્થિની બહેનો અભ્યાસ કરે છે જે ખૂબ જ સારી બાબત છે.

કોઈ પણ દેશના ઉચ્ચ શિક્ષણની ખ્યાતિ, પ્રતિષ્ઠા અને શાખનો આધાર ઉચ્ચ ગુણવત્તાયુક્ત સંશોધનલક્ષી પ્રકાશનોની સ્થિતિ કેવી છે તેના ઉપર આધાર રાખે છે, ત્યારે રેન્કિંગનાં પરિણામો ઉપર આપણે નજર નાખીએ તો આપણને ખ્યાલ આવશે કે સમગ્ર રીતે દોઢ લાખ જેટલા ગુણવત્તાયુક્ત શોધપત્રો ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓએ પ્રકાશિત કર્યાં છે અને આ બાબત બતાવી આપે છે કે સંશોધન ઉપર આપણી ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓએ વધારે ધ્યાન કેન્દ્રિત કર્યું છે, જે દેશના શિક્ષણ જગત માટે માટે ખૂબ જ સારી બાબત છે.

રેન્કિંગમાં જે સંસ્થાઓએ ખૂબ જ સારો દેખાવ કર્યો છે. તેના પ્લૅસમેન્ટ ઉપર પણ નજર રાખવી જરૂરી છે. ખાસ કરીને વિદ્યાર્થીને કૅમ્પસ ઇન્ટરવ્યૂના માધ્યમથી કે અન્ય માધ્યમથી દેશનાં કૉર્પોરેટ સેક્ટર હોય કે વિશાળ ઉદ્યોગગૃહો હોય,

આ સૌ સારી સંસ્થાના પાસ થયેલા વિદ્યાર્થીઓને પોતાના ત્યાં નોકરી આપવાનું પસંદ કરે છે અને એ રીતે જોવા જઈએ તો પ્લૅસમેન્ટની ટકાવારી 80% હતી એટલું જ નહીં, પરંતુ પ્રતિષ્ઠિત એન્જિનિયરિંગ કૉલેજો અને મૅનેજમેન્ટમાં તો 100% જેટલું પ્લૅસમેન્ટ સંસ્થા ઉપરથી જ થવા પામ્યું છે. આ જ બતાવી આપે છે કે દેશના પ્રતિષ્ઠિત ઉદ્યોગગૃહો સંસ્થાઓ કૉર્પોરેટ સેક્ટર જેમાં બૅન્કિંગ હશે કે, ઇન્સ્યોરન્સ હશે કે, અન્ય સંસ્થાઓ હશે જે સંસ્થાની પ્રતિષ્ઠા અને શાખ સારી હશે તો તુરંત જ તેઓને આકર્ષક પગારથી પોતાને ત્યાં સમાવેશ કરી લે છે.

સમગ્ર રીતે જોવા જઈએ તો નૅશનલ ઇન્સ્ટિટ્યૂશનલ રેન્કિંગ ફ્રેમવર્ક ૨૦૨૪નાં પરિણામો ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓની દૃષ્ટિથી ચોક્કસ ઉત્સાહપ્રેરક છે, પરંતુ આ જે સંસ્થાઓના શ્રેષ્ઠ પરિણામો આવ્યાં છે તેના વિદ્યાર્થીઓની સંખ્યા દેશના ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં અભ્યાસરત વિદ્યાર્થીઓની ટકાવારીની દૃષ્ટિથી ખૂબ જ મર્યાદિત છે. ખાસ કરીને દેશભરમાં આવેલી રાજ્ય કે કેન્દ્ર સરકાર દ્વારા સમર્થિત સ્ટેટ યુનિવર્સિટીઓ અને સેન્ટ્રલ યુનિવર્સિટીઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા ખૂબ જ મોટી છે અને વર્તમાન દૃષ્ટિથી પણ જોવા જઈએ તો ૯૦% ઉપર વિદ્યાર્થીઓ આ સંસ્થાઓમાં ભણે છે. તેનો અર્થ સંલગ્ન કૉલેજો અને ભવનોની સાથે જો જોવા જઈએ તો બહુમતી વિદ્યાર્થીઓ આ સંસ્થાઓમાં અભ્યાસ કરે છે. દેશભરમાં આવેલ સ્ટેટ યુનિવર્સિટીઓનાં ભવનો પાસે ખૂબ જ સારી સંશોધન ક્ષમતા છે. આ યુનિવર્સિટીઓ એટલે કે સ્ટેટ યુનિવર્સિટીઓ પાસે પણ માત્ર રાષ્ટ્રીય નહિ, પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ પ્રાપ્ત એવા પ્રાધ્યાપકો સંશોધકો છે અને વૈયક્તિક દૃષ્ટિથી કે સંસ્થાગત રીતે આ પ્રત્યેક તજ્જ્ઞ દેશ અને દુનિયામાં પોતાના સંશોધનો થકી પોતાની યુનિવર્સિટીઓનું નામ પણ રોશન કરી રહ્યું છે, ત્યારે સ્ટેટ યુનિવર્સિટીઓની રેન્કિંગમાં વધારે સારા ગુણ પ્રાપ્ત કરે તે ખૂબ જ જરૂરી છે. જો આમ બનશે તો ખાસ કરીને દેશભરનું યુવાધન કે જે ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી રહેલ છે તેનો લાભ સમાજજીવનના પ્રત્યેક ક્ષેત્રોને મળશે. આ યુનિવર્સિટીઓમાં ભણનાર વિદ્યાર્થીઓની સંખ્યા પણ ખૂબ મોટી છે. અલબત્ત, ખાસ કરીને કેટલાક ડિપાર્ટમેન્ટસને આઈડેન્ટિફાઈ કરી અને તેમાં વધારે ને વધારે સંશોધનપ્રવૃત્તિ વિકસે તેના માટે ગુજરાત સરકારે વર્ષ ૨૦૦૫થી સારા એવા પ્રયત્નો કર્યા છે. ભવનોને સારામાં સારા સંશોધન પ્રકલ્પો પણ ગુજરાત સરકાર આપી રહી છે. આ રિસર્ચ પ્રોજેક્ટસ સ્ટેટ યુનિવર્સિટીઓ ખૂબ સફળતા સાથે પૂરા કરે છે. આ ઉપરાંત ગુજરાતની દૃષ્ટિથી જો જોવા જઈએ તો સ્ટુડન્ટ સ્ટાર્ટ અપ ઍન્ડ ઇનોવેશન પ્રેક્ટિસિસ કાર્યક્રમ અંતર્ગત પણ સ્ટેટ યુનિવર્સિટીઓ અંતર્ગતની કૉલેજોએ ખૂબ જ સારો દેખાવ કર્યો છે, ત્યારે જો થોડી વધુ સજ્જતા પ્રાપ્ત થાય તો આપણી સ્ટેટ યુનિવર્સિટીઓ પણ સારો દેખાવ કરી શકે છે.

આ પ્રકારનાં રેન્કિંગ ઉચ્ચ શિક્ષણના સંદર્ભમાં નીતિ નિર્ધારણ સમયે કેન્દ્ર કે રાજ્ય સરકારો માટે ખૂબ જ ઉપયોગી છે. સાથોસાથ વિદ્યાર્થીઓ પણ સ્વાભાવિક જ ઉચ્ચ રેન્ક ધરાવતી સંસ્થાઓને પસંદ કરશે, કઈ સંસ્થાઓ કેટલું રેન્કિંગ ઘરાવે છે તેના આધારે વિદ્યાર્થીઓ સવિશેષ રીતે એન્જિનિયરિંગ, મેડિકલ, લૉ માં પ્રવેશ પ્રાપ્ત કરતા હોય છે અને સૌથી અગત્યની બાબતો એટલે સંસ્થાગત વિકાસ માટે પણ આ પ્રકારનું રેન્કિંગ જરૂરી છે. કમસે કમ સંસ્થાઓ પણ આ રેન્કિંગના પરિણામોના આધાર ઉપર થોડું આત્મદર્શનને ખરેખર સંસ્થા ક્યાં ઊભી છે તેનો ખ્યાલ મેળવી શકે છે અને ભવિષ્ય માટેની યોજનાઓ પણ વિચારીને ખામીઓ દૂર કરી શકે છે.

**પ્રો કમલેશ જોશીપુરા**
ચૅરમૅન, લિગલ રિસર્ચ ફાઉન્ડેશન
અને પૂર્વ કુલપતિ
મો. 98242 42033

●

વિશ્વ સાહિત્યની અટારીએથી

# વિશ્વનાં મુખ્ય પ્રતિબંધિત પુસ્તકો-2

ડૉ. મનીષ વ્યાસ

## (6) Candide (1759) by Voltaire (1694-1778)

વાણી સ્વાતંત્ર્ય અને ધાર્મિક સ્વાતંત્ર્યના પ્રખર હિમાયતી, ફ્રેન્ચ નવ-જાગૃતિયુગના લેખક, દાર્શનિક, ઇતિહાસકાર અને વ્યંગકાર એવા વોલ્તેરનો જન્મ ૨૧મી નવેમ્બર, ૧૬૯૪ના રોજ પૅરિસ ખાતે થયો હતો. તેઓ કેટલા સર્વતોમુખી પ્રતિભાવાળા (versatile) અને બહુપ્રસૂ (prolific) લેખક હતા એ વાતનો ખયાલ એ ઉપરથી આવી શકે કે તેમણે લગભગ તમામ પ્રકારના સાહિત્યિક પ્રકારો, જેવાકે, નાટકો, કવિતાઓ, નવલકથાઓ, નિબંધો, ઇતિહાસને લગતાં પુસ્તકો લખ્યાં છે. એટલુંજ નહિ વૈજ્ઞાનિક વિવરણો (expositions) ઉપર પણ તેઓ ગહન સૂઝ-બૂઝ ધરાવતા હતા. વીસ હજાર કરતાં વધુ પત્રો અને બે હજાર જેટલાં પુસ્તકો અને પૅમ્પ્લેટ્સ તેમના નામે છે. યુરોપિયન સાહિત્યમાં વોલ્તેર પ્રથમ એવા લેખક હતા, જેઓને આંતરરાષ્ટ્રિય સ્તરે નામના મળી અને વ્યવસાયિક રીતે પણ સફળ થયા હતા. તેમનાં પુસ્તકો અને વ્યાખ્યાનોએ તે સમયની ધાર્મિક રૂઢિઓ અને અંધવિશ્વાસને ખુલ્લો પડકાર ફેંક્યો હતો, જેનું સર્વોત્તમ ઉદાહરણ તેમની શ્રેષ્ઠ કૃતિ **Candide** છે.

૧૭૫૯માં પ્રકાશિત થયેલી આ કૃતિ ઉપર સત્તરમી સદીના વિવિધ સાહિત્યપ્રકારોની છાંટ સ્પષ્ટપણે જોવા મળે છે. આ પુસ્તકના પ્રકાશન બાદ તુરત જ કહેવાતા ધાર્મિક અને સાંપ્રદાયિક સત્તાધારીઓએ તેના ઉપર પ્રતિબંધ મૂકી દીધો હતો. આ પુસ્તક તત્કાલીન સરકાર અને ફ્રેંચ ચર્ચ ઉપર સીધો કટાક્ષ કરે છે તેવા આરોપસર તેને પુસ્તકાલયો અને પુસ્તકોની દુકાનોમાંથી હટાવી દેવામાં આવ્યું હતું. આમ છતાં આ પુસ્તકના પ્રકાશનના વર્ષ (૧૭૫૯)ના અંત સુધીમાં આ પુસ્તકની ૨૦થી ૩૦ હજાર પ્રતો વેચાઈ ગઈ હતી. આશ્ચર્યજનક રીતે આ નવલકથા ઉપરનો પ્રતિબંધ વીસમી સદીમાં પણ અમેરિકા જેવા મુક્ત વિચારો ધરાવતા દેશમાં જોવા મળ્યો. હાર્વર્ડ વિશ્વવિદ્યાલય માટે મંગાવવામાં આવેલી આ પુસ્તકની પ્રતો અભદ્રતાના આરોપો હેઠળ અમેરિકામાં પ્રવેશતી રોકવામાં આવી હતી.

વોલ્તેરના યુવાનીના સમયમાં ફ્રાન્સ ઉપર લૂઈ સોળમાનું રાજ્ય હતું. શાસકોનો ભોગ-વિલાસ અને અંતહિન લિપ્સાઓથી ભરેલાં જીવનને કારણે ફ્રાન્સ પોતાની ભવ્યતા ગુમાવી ચૂક્યું હતું. ચારેબાજુ કારમી ગરીબી અને મુક્ત વિચારોની અભિવ્યક્તિ ઉપર પાબંદી હતી. માનસિક ગુલામી એ હદે વ્યાપ્ત થઈ ચૂકી હતી કે શિક્ષિત લોકો પણ જાદુ-ટોણા, ચમત્કારો અને પાખંડો ઉપર વિશ્વાસ કરતાં થઈ ગયાં હતાં. શાસકપક્ષ પણ આ આડંબરવાદને પોષતો, જેથી પોતાની વિલાસિતા અકબંધ રહેતી હતી. આ અંધકાર અને ગંદકી ભરેલાં વાતાવરણમાં વોલ્તેરે પોતાની કલમ થકી પ્રકાશ અને સુગંધ ફેલાવવાનો યત્ન કર્યો. આમેય ભાવુકતા વોલ્તેરના વ્યક્તિત્વનો પ્રમુખ હિસ્સો હતી. કવિતા લખવામાં તેમને અનેરો આનંદ આવતો અને વાચકો પણ તેમની કવિતાને હોશથી વાંચતા, પરંતુ જ્યારે તેમણે જોયું કે લોકો ઉપર સીધી અને કલાત્મકતા સાથે કહી ગયેલી વાત બેઅસર છે તો તેમણે વ્યંગાત્મક (Satirical) શૈલીમાં લખવાનું શરૂ કર્યું. કવિતા ઉપરાંત તેમણે નિબંધ અને નવલકથાઓ પણ લખી, જેમાં તેમનો માનવતાવાદી દૃષ્ટિકોણ ઉજાગર થાય છે, પરંતુ તેમની લોકપ્રિયતા લાંબો સમય સુધી ફ્રાન્સમાં ટકી શકી નહીં. તેમણે જ્યારે લૂઈ પંદરમા અને ફિલીપ બીજા ઉપર એક

તુલનાત્મક ટિપ્પણી લખી ત્યારે શાસકપક્ષે તેમને બેસ્ટાઈલની જેલમાં કેદ કર્યા. આ દરમિયાન તેમનું Oedipe નામનું નાટક ફ્રાન્સના બુદ્ધિજીવીઓમાં સરાહના પામ્યું. પ્રતિભાશાળી વોલ્તેરને જેલમાં રાખવા બદલ સરકારની ભારે આલોચના થઈ. જેલમાંથી છૂટ્યાના થોડા જ દિવસો બાદ એક ગુપ્ત આદેશના માધ્યમ થકી વોલ્તેરને દેશવટો આપવામાં આવ્યો. ભારે તનાવ અને સંકટોથી ભરેલા આ સમયમાં વોલ્તેરે Candideની રચના કરી, જેમાં મુખ્યત્વે લેઈબ્નીઝ (Leibniz)ના દાર્શનિક સિદ્ધાંતો ઉપર કટાક્ષ કરવામાં આવ્યો છે. વિશ્વની તમામ મુખ્ય ભાષાઓમાં અનુવાદિત થયેલું આ પુસ્તક એક વ્યંગ રચના છે, જેમાં લેખકે ધર્મનિરપેક્ષ સમાજની કલ્પના કરી છે. આ લઘુ નવલકથામાં વોલ્તેરે પ્રોફેસર પાન-ગ્લૉસનું પાત્ર કટાક્ષયુક્ત રીતે રજૂ કર્યું છે. કેન્ડિડ નામના યુવાને પોતે અનેક અન્યાયો અને દુઃખો સહન કર્યા અને બીજા નિર્દોષ લોકોને જુલ્મનો ભોગ બનતા જોયા હતા; છતાં પાન-ગ્લૉસ લેઈબ્નીઝના મતનો જ પ્રચાર કરે છે. પાન-ગ્લૉસના પાત્રમાં લેઈબ્નીઝનું કટાક્ષયુક્ત નિરૂપણ કરવામાં આવ્યું છે.

વોલ્તેરના પુસ્તકોમાં Candide સૌથી વધુ વંચાતું પુસ્તક છે, જેને પાશ્ચાત્ય સાહિત્યની શ્રેષ્ઠતમ કૃતિઓ પૈકીની એક ગણવામાં આવે છે. **Encyclopaedia Britannica**ની **Great Books of the Western World**ની યાદીમાં આ પુસ્તકને સમાવવામાં આવ્યું છે. આ સાથે-સાથે વીસમી સદીમાં લખાયેલી અનેક નોંધપાત્ર સાહિત્યની કૃતિઓ ઉપર પણ Candideની છાંટ સ્પષ્ટપણે જોવા મળે છે, જેમાં અલ્ડોસ હક્સલે (Aldous Huxley)ની **Brave New World,** જ્યૉર્જ ઑરવેલ (George Orwell)ની **Nineteen Eighty Four** અને યેવગેની ઝામીટીન (Yevgeny Zamyatin)ની **We** નવલકથા નોંધપાત્ર છે.

### (7) Lady Chatterley's Lover by D. H. Lawrence (1885-1930)

ડેવીડ હર્બટ લોરેન્સ (ડી. એચ. લૉરેન્સ)નું નામ તેમની બહુચર્ચિત નવલકથા **Chatterley's Lover** સાથે એ હદે જોડાઈ ગયું છે કે મોટા ભાગના વાચકો તેમની અન્ય કૃતિઓ અને ખાસ કરીને તેમની કવિતાઓના રસાસ્વાદથી અજાણે અલિપ્ત રહ્યા છે. લૉરેન્સ તેમની ત્રણ સૌથી પ્રખ્યાત નવલકથાઓ **'Sons and Lovers', 'The Rainbow'** અને **'Women in Love'** માટે જાણીતા છે. ઓગણીસમી સદીના મધ્યભાગમાં ઇંગ્લૅન્ડમાં શરૂ થયેલી ઔદ્યોગિક ક્રાંતિ દ્વારા માનવજીવનમાં આવેલા આમૂલ પરિવર્તનો અને બદલાયેલાં મૂલ્યોનું પ્રતિબિંબ તેમની નવલકથાઓમાં સ્પષ્ટપણે જોવા મળે છે. આ પુસ્તકો થકી લોરેન્સ ઔદ્યોગિક વિકાસની વચ્ચે જીવનની શક્યતાઓ શોધે છે. વાસ્તવવાદી લેખક તરીકે વર્ગીકૃત હોવા છતાં લૉરેન્સ તેમના પાત્રો થકી તેમની વ્યક્તિગત ફિલસૂફીને આકારબદ્ધ કરે છે. વીસમી સદીની શરૂઆતમાં તેમની કૃતિઓ જ્યારે પ્રકાશિત થઈ હતી ત્યારે તેમાં થયેલું કામુકતાનું નિરૂપણ આઘાત પમાડે તેવું હતું. જોકે તેના મૂળમાં તેમની અત્યંત વ્યક્તિગત વિચારધારા રહેલી છે એમ કહી શકાય. એક તરફ ઓગણીસમી સદીનું ઇંગ્લૅન્ડ અને યુરોપ મશીન આધારિત ઉત્પાદનને વધારવામાં વ્યસ્ત હતું તો બીજી તરફ લૉરેન્સ શરીર ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે અને આથી જ તેમની કૃતિઓમાં શારીરિક સ્પર્શ અને તેના થકી જન્મતી ભાવનાઓ અને અનુભવોનું લૉરેન્સ માટે આગવું મહત્ત્વ અને સ્થાન છે. માનવીય સંબંધો અને સ્વભાવમાં ઔદ્યોગિક વિકાસને પરિણામે આવેલી અસંતુલિતતાને સરભર કરવા માટે લૉરેન્સે પોતાની કૃતિઓમાં શારીરિક નિકટતાને પ્રાધાન્ય આપ્યું છે. લૉરેન્સ માટે જાતીય કે શારિરીક સબંધો માત્ર શરીર સુધી જ સીમિત ન રહેતાં મન અને શરીર વચ્ચે સંકલન સાધવાનું સાધન બની રહે છે. આથી જ નવલકથામાં આ પ્રકારના સંબંધોમાં લેશમાત્ર છીછરાંપણું જોવા મળતું નથી. જેમ જેમ લેડી ચેટરલી અને મેલર્સ વચ્ચેનો સંબંધ વધતો જાય છે તેમ-તેમ તેઓ મન અને શરીરના આંતરસંબંધ વિશે વધુ વિચારશીલ બનતાં જાય છે. The Sexual Imagination from Acker to Zola : A Feminist Companion (1993)માં

લેખક જેની ટર્નરે નોંધ્યું છે કે Lady Chatterley's નવલકથા "બ્રિટિશ અને ઉત્તર અમેરિકન સાહિત્યમાં જાતીય કૃત્યોની સ્પષ્ટ રજૂઆતો ઉપરના નિષેધને તોડવામાં સફળ રહી હતી."

Lady Chatterley's Lover લૉરેન્સ દ્વારા લખાયેલું અંતિમ પુસ્તક હતું, જે ગુપ્ત રીતે ૧૯૨૮માં ઈટલી અને ૧૯૨૯માં ફ્રાન્સમાં પ્રકાશિત થયું હતું. આશ્ચર્યજનક રીતે આ પુસ્તકની પૂર્ણ આવૃત્તિ (unexpurgated edition) ૧૯૬૦ સુધી ઇંગ્લૅન્ડમાં પણ પ્રકાશિત નહોતી થઈ શકી. કામદાર વર્ગના એક પુરુષ પાત્ર અને ઉચ્ચવર્ગની સ્ત્રી વચ્ચેના શારીરિક અને ભાવનાત્મક સંબંધોની વાર્તા તેમજ તેમાં આવતા સેક્સને લગતા વર્ણનો માટે આ પુસ્તક 'કુખ્યાત' બની ગયું હતું. આ પુસ્તકની સેંસર્ડ આવૃત્તિ ૧૯૨૮માં યુ.એસ.એ.માં પ્રકાશિત થઈ હતી. ૧૯૬૦માં જ્યારે Penguin Books દ્વારા ઇંગ્લૅન્ડમાં આ પુસ્તકની પૂર્ણ આવૃત્તિ પ્રકાશિત કરવામાં આવી ત્યારે પ્રકાશક ઉપર Obscene Publications Act of 1960 હેઠળ ખટલો ચલાવવામાં આવ્યો હતો, જે સમગ્ર બ્રિટન અને વિશ્વમાં ચર્ચાસ્પદ રહ્યો હતો. એ સમયના વિખ્યાત લેખકો અને વિવેચકો જેવા કે, E. M. Forster, Helen Gardner, Richard Hoggart અને Raymond Williamsને સાક્ષી તરીકે રજૂ કરવામાં આવ્યા હતા, જેઓએ આ પુસ્તકની તરફેણમાં જુબાની આપી હતી. અંતે, ૨જી નવેમ્બર, ૧૯૬૦ના રોજ પ્રકાશક Penguin Booksને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા.

લૉરેન્સનાં લખાણો, મંતવ્યો અને કલાત્મક પસંદગીઓએ તેમને વિવાદાસ્પદ પ્રતિષ્ઠા અપાવી હતી. કમનસીબે પોતાના જીવનનો મોટા ભાગનો સમય તેમણે સ્વૈચ્છિક દેશનિકાલમાં વિતાવ્યો હતો. એક ઉત્કૃષ્ટ કોટિના લેખક હોવા છતાં તેમને એક પૉર્નોગ્રાફર તરીકે ઓળખવામાં આવતા હતા. જોકે અંગ્રેજી નવલકથાકાર અને વિવેચક E. M. Forsterએ આ દૃષ્ટિકોણને પડકારતાં લૉરેન્સને "આપણી પેઢીના સૌથી મહાન કલ્પનાશીલ નવલકથાકાર" તરીકે બિરદાવ્યા હતા. વીસમી સદીના અંત સુધીમાં લૉરેન્સ પ્રત્યેના અભિગમમાં હકારાત્મક બદલાવ જોવામાં આવ્યો છે. યુવા સંશોધકો અને સાહિત્ય રસિકો તેમને માત્ર Lady Chatterley's Loverના લેખક તરીકે જ નહીં, અપિતુ એક ઉચ્ચશ્રેણીના પ્રવાસ વર્ણનકાર અને કવિ તરીકે પણ મૂલવે છે.

પ્રસ્તુત લેખનો પ્રથમ ભાગ **'સર્વ વિશ્વવિદ્યાલય વૃત'**ના ગત અંક (વર્ષ 14, અંક-3, મે-જૂન 2024, પૃ. 20-26)માં છપાયા પછી કેટલાક સુજ્ઞ વાચકોએ એમનો પ્રતિભાવ આપ્યો ત્યારે તેમણે પણ અન્ય ભારતીય અને વિદેશી લેખકોના નામ સૂચવ્યાં હતાં, જેને આ વિષય અંતર્ગત સમાવી શકાય. આગળ જતાં સંશોધન અને વાંચન કર્યાં પછી જાણવા મળ્યું કે આવા લેખકોની સૂચિ ઘણી જ લાંબી છે, જેને આ પ્રકારના મંચ ઉપર સમાવવી અશક્ય જ છે. આ વિષય ઉપર તો એક દળદાર પુસ્તક લખી શકાય. આથી ઈસા પૂર્વથી લઈને એકવીસમી સદી સુધીમાં જે લેખકો અને કૃતિઓ ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો તેની એક સંક્ષિપ્ત સૂચિ વર્ણન સાથે અહીં મૂકી છે (અલબત્ત, આ સૂચિ પણ સંપૂર્ણ તો નથી જ), જે સંશોધકો અને વાચકોને પસંદ આવશે તેવી આશા છે.

(૧) ઈ.સ. પૂર્વ ૨૫૯-૨૧૦ : પોતાના સમયનું ઇતિહાસ લેખન નિયંત્રિત કરવા માટે ચાઇનીઝ શાસક શીહ હ્યુઆંગ ટી (Shih Huang Ti) એ ૪૬૦ જેટલા કન્ફ્યુશિયસ વિદ્વાનોને જીવતા સળગાવી દીધા હતા. ઈ.સ. પૂર્વે ૨૧૨માં પોતાના રાજ્યમાં રહેલાં તમામ પુસ્તકો અને હસ્ત-લિખિત પ્રતોનો પણ નાશ કરવામાં આવ્યો હતો, કારણકે આ શાસકનું ફરમાન હતું કે ચીનના ઇતિહાસની શરૂઆત જ તેના નામથી થવી જોઈએ.

(૨) ઈ.સ. ૮ : **Ars Amatoria (The Art of Love)** લખવા માટે પ્રખ્યાત રોમન કવિ ઓવિડ (Ovid)ને રોમમાંથી દેશવટો આપવામાં આવ્યો હતો. દેશનિકાલના આઠ વર્ષ બાદ ગ્રીસમાં તેમનું અવસાન થયું હતું. ઓવિડની તમામ કૃતિઓ ધાર્મિક કટ્ટરવાદીઓ દ્વારા ૧૪૯૭માં ફ્લોરેન્સ, ઈટલી ખાતે સળગાવી દેવામાં આવી હતી. યુ.એસ. કસ્ટમ્સ દ્વારા ૧૯૨૮માં **Ars Amatoria**ની અંગ્રેજી અનુવાદિત

થયેલી પ્રતો જપ્ત કરવામાં આવી હતી.

(૩) ઈ. સ. ૩૫ : રૉમન શાસક Caligula દ્વારા હોમરની **The Odyssey** ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. તેનું માનવું હતું કે આ રાજ્યના લોકો જો આ કૃતિ વાંચશે તો આઝાદી માટે બંડ પોકારશે.

(૪) ઈ. સ. ૧૫૨૪-૧૫૨૬ - વિલિયમ ટિન્ડેલ (William Tyndale) દ્વારા અનુવાદિત **New Testament** ની હજારો અંગ્રેજી આવૃત્તિઓ જર્મનીમાં છપાઈને ઇંગ્લૅન્ડમાં ચોરી-છૂપીથી દાખલ કરવામાં આવતી હતી. પ્રિન્ટિંગ પ્રેસના આવિષ્કાર પછી છપાયેલું આ સર્વ પ્રથમ અંગ્રેજી ભાષાંતર હતું. લંડનના રોમન કૅથલિક બિશપના આદેશથી આ આવૃત્તિઓ જપ્ત કરીને જાહેરમાં સળગાવવામાં પણ આવી હતી. આ પુસ્તકને કૅથલિક ચર્ચના વર્ચસ્વ સામે સીધો પડકાર માનવામાં આવ્યો હતો. વધુમાં ચર્ચના સત્તાવાળાઓએ ફરમાન કર્યું કે બાઇબલ ફક્ત લેટિન ભાષામાં જ છપાવવું અને વંચાવું જોઈએ. એટલું જ નહીં, તેમના સિવાય અન્ય કોઈ પણ વ્યક્તિને બાઇબલ વાંચવા કે તેનું અર્થઘટન કરવા માટે અનુમતિ નહિ મળે. **૧૫૩૬માં ટિન્ડેલની બ્રુસેલ્સ ખાતે ધરપકડ કરવામાં આવી હતી અને એની જ અનુવાદિત બાઇબલની આવૃત્તિઓની સાથે એને જીવતો અગ્નિદાહ આપવામાં આવ્યો હતો.** સત્તરમી સદીની શરૂઆતમાં ઇંગ્લૅન્ડના King James દ્વારા રાજ્યના ખર્ચે ૪૭ જેટલા વિદ્વાનોને આમંત્રિત કરીને બાઇબલનો અંગ્રેજી તરજુમો કરવાનું શરૂ કરવામાં આવ્યું હતું. આ આવૃત્તિમાં, જે આજે King James Bible તરીકે ઓળખાય છે, ટિન્ડેલના અનુવાદનો ૮૩% જેટલો સિંહફાળો હતો. ટિન્ડેલને બાઇબલના ભાષાંતરકાર માત્ર તરીકે ન મૂલવતા સમગ્ર અંગ્રેજી સુધારણા (English Reformation) પર તેમનો દૂરગામી પ્રભાવ હતો એ નોંધવું રહ્યું. તેમનું અંગ્રેજીમાં બાઇબલનું ભાષાંતર એક આમૂલ કાર્ય હતું, જેણે ચર્ચ અને રાજ્યની સત્તાને પડકારી હતી અને બાઇબલને સામાન્ય લોકો માટે સુલભ બનાવ્યું હતું. **આજે ટિન્ડેલ દ્વારા ભાષાંતરિત થયેલી New Testamentની માત્ર ત્રણ પ્રતો ઉપલબ્ધ છે.**

(૫) ઈ. સ. ૧૫૫૯: રોમન કૅથલિક ચર્ચના પોપ પૉલ ચોથા દ્વારા પ્રકાશિત થયેલું **Index Librorum Prohibitorum** પુસ્તકો ઉપરની વિશ્વની સૌથી શક્તિશાળી સેન્સરશિપ પૈકીની એક સૂચિ છે. આ સૂચિમાં એવાં પુસ્તકોની યાદી છે જેને વાંચવા ઉપર રોમન કૅથલિકમાં માનવાવાળા માટે પાબંદી ફરમાવવામાં છે. આ સૂચિ ૧૫૬૦થી લઈને ૧૯૬૬ સુધી અમલમાં હતી. સમયાંતરે કેટલાક લેખકો આ સૂચિમાંથી દૂર કરવામાં આવ્યા હતા, તો કેટલાક અન્ય લેખકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ સૂચિમાં સમાવિષ્ટ મોટા ભાગના લેખકો વિશ્વ-પ્રસિદ્ધ હતા, જેવાં કે.... Simone de Beauvoir, Nicolas Malebranche, Jean-Paul Sartre, Michel de Montaigne, Voltaire, Denis Diderot, Victor Hugo, Jean-Jacques Rousseau, Andre Gide, Nikos Kazantzakis, Emanuel Swedenborg, Baruch Spinoza, Desiderius Erasmus, Immanuel Kant, David Hume, Ren, Descartes, Francis Bacon, Thomas Browne, John Milton, John Locke, Nicolaus Copernicus, Niccol, Machiavelli, Galileo Galilei અને Blaise Pascal..

(૬) ઈ. સ. ૧૫૯૭ - વિશ્વ વિખ્યાત નાટ્યકાર અને કવિ વિલિયમ શેક્સપિયરને પણ પોતાના જીવન દરમિયાન સેન્સરશિપનો સામનો કરવો પડ્યો હતો. Richard II નામના નાટકની ઓરિજિનલ આવૃત્તિમાં એક દશ્ય એવું હતું જેમાં રાજા રિચર્ડને સિંહાસન પરથી પદભ્રષ્ટ કરવામાં આવે છે. આ દશ્ય જોયા પછી રાણી એલિઝાબેથે નાટકની તમામ પ્રતો અને નાટ્યરૂપાંતરણોમાંથી તેને તાત્કાલિક હટાવવવાનો આદેશ આપ્યો હતો. રાણી એલિઝાબેથના શાસનકાળનો પ્રારંભિક સમય ખૂબ જ ઉતાર-ચઢાવ વાળો રહ્યો હતો. વીસ વર્ષમાં ત્રણ વખત રાજ્યનો સત્તાવાર ધર્મ (Official religion) બદલાઈ ગયો હતો. એલિઝાબેથ ઉપર એક સ્થિર શાસન સ્થાપિત કરવાનું બહુ મોટું દબાણ હતું. આથી, આશ્ચર્યજનક નથી કે રાણી નાટકોના પર્ફોર્મન્સ ઉપર નિયંત્રણ ઇચ્છતી

હતી. થિયેટર પર્ફોર્મન્સ ભારે ભીડ એકઠી કરી શકે છે અને તેથી જોનારાઓના વિચારો અને અભિપ્રાયોને પ્રભાવિત કરવાની ઉત્તમ તક પણ પૂરી પાડે છે. એવો અંદાજ છે કે સોળમી સદીના ઉત્તરાર્ધમાં, લંડનના પ્લેહાઉસમાં થિયેટર પર્ફોર્મન્સ જોવા માટે એક સાથે ૩૦૦૦ પ્રેક્ષકો આવતા હતા જે આંકડો શહેરની વસ્તીના દોઢ ટકા જેટલો હતો. આટલી મોટી સંખ્યા ચોક્કસપણે હુલ્લડ કે શાસકપક્ષ વિરુદ્ધ બળવો શરૂ કરવા માટે પર્યાપ્ત હતી.

(૭) ઈ. સ. ૧૭૭૪ - યુરોપિયન સાહિત્યનો ઉલ્લેખ માત્ર પણ જેમના નામ વગર અધૂરો ગણાય અને ૧૨૧૧૧ પંક્તિના કરુણાન્તિક પદ્યનાટક ફાઉસ્ટ (Faust)ના સર્જક તેવા કવિ, નાટ્યકાર, વિવેચક, મુત્સદ્દી, વૈજ્ઞાનિક, થિયેટર દિગ્દર્શક અને વિવેચક ગોએથે (પૂરું નામ જોહાન વોલ્ફગાંગ ફોન ગોએથે Johann Wolfgang von Goethe)નું સમગ્ર સાહિત્ય લોકચાહના પામ્યું હતું; પરંતુ તેમાં પણ વિશેષતઃ ઈ. સ. ૧૭૭૪માં પ્રકાશિત થયેલી તેમની કૃતિ **The Sorrows of Young Werther**એ ખાસી એવી ચર્ચા જન્માવી હતી. ડાયરીના સ્વરૂપમાં લખાયેલી આ કૃતિ એક ટૂંકી નવલકથા છે, જેમાં વાર્તાનો નાયક એક નિષ્ફળ ગયેલા પ્રેમ-સંબંધની યાતના અનુભવે છે. નલકથાના અંતિમ ખંડમાં લેખક ડાયરી ફૉર્મથી અલગ હટીને નાયકની આત્મહત્યાને ગ્રાફિક્સના સ્વરૂપમાં રજૂ કરે છે. નવાઈ પમાડે તેવી વાત એ છે કે આ પુસ્તકને વાંચ્યા પછી આ જ રીતના આત્મહત્યાના બનાવો યુરોપમાં ખૂબ વધી ગયા હતા, જેના લીધે લ્યુથેરન ચર્ચે (Lutheran church)આ પુસ્તકને અનૈતિક ગણાવીને તેના ઉપર પ્રતિબંધની માંગ કરી હતી, જેના પરિણામે ઈટલી ઉપરાંત ડેનમાર્ક અને જર્મનીમાં પણ આ પુસ્તક ઉપર પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો.

(૮) ઈ. સ. ૧૮૯૫ - ઉત્ક્રાંતિવાદના પ્રણેતા ચાર્લ્સ ડાર્વિન (Charles Darwin)નું પુસ્તક **Origin of Species** ખ્રિસ્તી ધર્મની માન્યતાઓને પડકારવા બદલ ટ્રીનિટી કૉલેજ, કેમ્બ્રિજમાં પ્રતિબંધિત હતું. આ એ જ કૉલેજ હતી જ્યાં એક સમયે ડાર્વિન વિદ્યાર્થી હતા. ૧૯૩૫માં યોગોસ્લાવિયા અને ૧૯૩૭માં ગ્રીસની સરકારે પણ આ પુસ્તક ઉપર પ્રતિબંધ મૂક્યો હતો.

(૯) ઈ. સ. ૧૮૮૧ - જગવિખ્યાત અમેરિકન કવિ વૉલ્ટ વ્હિટમન (Walt Whitman)ના કાવ્ય-સંગ્રહ **Leaves of Grass** થી કોઈને પણ શું વાંધો હોઈ શકે? પરંતુ ૧૮૫૫માં જ્યારે આ પુસ્તક પ્રકાશિત થયું તે જ સમયથી એક યા અન્ય કારણોથી તે બહુ ચર્ચાસ્પદ રહ્યું છે. વિશ્વના ઉત્તમ પ્રશિષ્ટ (classic) પુસ્તકોની યાદીમાં આવતા આ પુસ્તકને "અશ્લીલ", "આઘાતજનક" અને "અતિ વિષયાસક્ત" (too sensual) જેવા વિશેષણોથી "નવાજવામાં" આવ્યું હતું. યેલ વિશ્વવિદ્યાલય (Yale University)ના પ્રેસિડેન્ટે તો ત્યાં સુધી કહ્યું કે આ પુસ્તકને વાંચવું એ "રસ્તા ઉપર નગ્ન ચાલવા બરાબર છે". પુસ્તકાલયો, શાળાઓ, વિશ્વવિદ્યાલયો અને પુસ્તકોની દુકાનો સુધ્ધાં આ પુસ્તકને રાખવા તૈયાર નહોતી. એટલું જ નહીં, આ પુસ્તક પ્રકાશિત થતાંની સાથે જ વ્હિટ્મનને Department of Interior દ્વારા આવા અભદ્ર લખાણો લખવાના આરોપસર નોકરીમાંથી પાણીચું પકડાવી દેવામાં આવ્યું હતું.

(૧૦) ઈ. સ. ૧૯૨૯ :- ૧૯૦૩માં પ્રકાશિત થયેલી જેક લંડન (Jack London))ની પ્રખ્યાત નવલકથા **Call of the Wild** ઉપર સમાજવાદી વિચારધારા ફેલાવવાના આરોપસર ઈટલી અને યુગોસ્લાવિયામાં પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. ઉપરાંત, હિટલરની નાઝી સેનાના અધિકારીઓ દ્વારા આ નવલકથા અને જેક લંડનના અન્ય પુસ્તકોને આગ લગાડી દેવામાં આવી હતી. ૪૭ કરતાં પણ વધુ ભાષાઓમાં પ્રકાશિત થયેલી આ કૃતિ અમેરિકન લેખક દ્વારા લખાયેલી શ્રેષ્ઠ નવલકથાઓ પૈકીની એક છે.

(૧૧) ઈ. સ. ૧૯૨૯-૧૯૩૭ :- ૧૯૫૭માં સાહિત્ય માટેના નોબેલ પ્રાઇઝથી સન્માનિત અમેરિકન નવલકથાકાર અર્નેસ્ટ હેમિંગ્વે (Ernest Hemingway) માત્ર અમેરિકાના જ નહીં અપિતુ સમગ્ર વિશ્વના સાહિત્યકાર છે. સાહિત્યની દુનિયામાં અર્નેસ્ટ હેમિંગ્વેની કૃતિઓ કાલાતીત પ્રશિષ્ટ તરીકે ગણવામાં આવે છે. તેમની કૃતિઓમાં

તેમણે યુદ્ધ અને માનવીય સ્થિતિનું ચિત્રણ કર્યું અને સેન્સરશિપનો સામનો કરવો પડ્યો. ૧૯૨૬માં પ્રકાશિત થયેલી તેમની નવલકથા **The Sun Also Rises** ઉપર અભદ્ર લખાણોના આરોપસર આયર્લેન્ડે ૧૯૫૩માં પ્રતિબંધ મૂક્યો હતો, તો તેમની બીજી નવલકથા **A Farewell to Arms** (૧૯૨૯) પહેલા વિશ્વ યુદ્ધ દરમિયાન એક એમ્બ્યુલન્સ ડ્રાઇવર તરીકેના જાત અનુભવ ઉપર આધારિત છે. આ વાર્તા યુદ્ધની ભયાનકતા, ભ્રમણા અને સંઘર્ષ વચ્ચે loss of innocence ને દર્શાવે છે. હેમિંગ્વેની અન્ય એક પ્રશિષ્ટ નવલકથા **For Whom the Bell Tolls** (1940) સ્પેનિશ સિવિલ વૉરની પૃષ્ઠભૂમિમાં લખાયેલી છે. યુદ્ધની ભયાવહતા અને યાતનાઓનું ગ્રાફિક વર્ણન આ પુસ્તકને પ્રતિબંધિત કરવા માટે પર્યાપ્ત હતું. આ સાથે-સાથે **Hills Like White Elephants** (૧૯૨૭) અને **To Have and Have Not** (૧૯૩૭)ને એક યા બીજા કારણોસર પ્રતિબંધોનો સામનો કરવો પડ્યો છે.

(૧૨) ઈ. સ. ૨૦૧૩ :- ૨૦૧૪ના નોબેલ શાંતિ પુરસ્કારથી સન્માનિત મલાલા યુસુફઝાઈ (Malala Yousafzai)નું પુસ્તક **I am Malala:** The Story of the Girl Who Stood Up for Education and Was Shot by the Taliban (co-author Christina Lamb) ઇસ્લામ ધર્મની વિરુદ્ધ હોવાના આરોપસર આજે પણ પાકિસ્તાન સરકાર દ્વારા સંચાલિત ૪૦૦૦૦થી પણ વધુ શાળાઓમાં પ્રતિબંધિત છે.

આમ જોવા જઈએ તો આ યાદી ઉપર પૂર્ણ-વિરામને અવકાશ જણાતો નથી. બંને લેખમાં સમાવેલા મોટા ભાગનાં પુસ્તકો ધર્માંધતા, રૂઢિવાદ, કે આપખુદશાહીના કારણે જનમાનસથી અળગાં રાખવામાં આવ્યાં છે. આજના સમયમાં જ્યારે માહિતીનો વ્યાપ પ્રકાશની ગતિથી પણ વધુ ઝડપથી ફેલાયો છે ત્યારે એવો પણ સમય હતો જ્યારે લેખકો પોતાની કૃતિઓમાં પોતાનું સાચું નામ પણ લખવા માટે સમર્થ નહોતા; તો વળી કેટલાક લેખકોને લખવા બદલ મૃત્યુદંડની સજા પણ મળેલી છે. આના ઉપરથી એમ ચોક્કસ કહી શકાય કે લખવું એ દુનિયાનું સૌથી જોખમી કૃત્ય છે; પરંતુ સાહિત્ય સર્જકો એમ કંઈ ગાંજી જાય તેવા થોડા છે? આટઆટલી યાતનાઓ, ધમકીઓ, ફતવાઓ, પ્રતિબંધો, સરકારની નારાજગી વિ. ની વચ્ચે પણ તેઓ અવિરત લખતા રહે છે અને આ વિશ્વને સમૃદ્ધ બનાવતા રહે છે. તાજેતરમાં જ થયેલા એક ઇન્ટરવ્યૂમાં જાણીતા લેખક અને ગીતકાર જાવેદ અખ્તરે કહ્યું હતું કે **"We, the writers, belong to a different species." આ એ પ્રજાતિ છે જે endangeredની શ્રેણીમાં તો આવે છે, પણ ફિનિક્સ પંખીની જેમ રાખમાંથી ઊભી પણ જાતે જ થઈ જાય છે.**

અહીં આપણા મૂર્ધન્ય કવિ શ્રી સિતાંશુ યશશ્ચન્દ્રની કવિતા 'સિંહવાહિની'ની કેટલીક પંક્તિઓ માનસપટલ ઉપર ઊભરાઈ આવી છે, જેની અચૂક ટાંકવાનું મન થઈ જાય છે:

**મયૂર ઉપરથી ઊતર, શારદા, સિંહ ઉપર ચઢ,**
**દેવ તે જ દાનવ છે જો, તો તું આગે બઢ.**
**શાસક કુટિલ, શાસિતો સ્વાર્થ-નિમગ્ન,**
**સચિવગણ યંત્ર,**
**ગોઠણભેર દર્પણજળ ડૂબ્યા ઋષિ,**
**ન દેખે મંત્ર.**
**ઉધ્ધત, નિયમઊફરો, લોલુપ શાસક વર્ગ,**
**નરકાસૂરને નમન કરી આ દેવો પામ્યા સ્વર્ગ**
**શંખનાદ કર, ચાપ ચક્ર ધર, ભ્રૂકુટિવક્ર કર,**
**માતા,**
**તું જ દક્ષિણા, તું જ દેવદાનવમર્દિની, તું ત્રાતા.**
**સિંહ ઉપર ચઢ.**

## References


Applegate, Kenneth W. (ed.) Voltaire on Religion: Selected Writings. New York: F. Ungar, 1974.

Darwin, Charles. The Origin of Species. New Delhi: Prakash Books, 2013.

Edwards, Paul (ed.) Voltaire: Selections. New York: Macmillan, 1989.

Fleming, William F. (ed.) The Works of Voltaire: A Contemporary Version. 21

vols., New York: E.R. Du Mont, 1901.
Gaur, Anita. Life and Times of Malala Yousafzai. Prabhat Prakashan, 2016.
Goethe, Johann Wolfgang von. The Sorrows Of Young Werther And Selected Writings. Trans. Marcelle Clements. USA: Penguin, 2013.
---. Faust. Transl. Walter Kaufmann. Anchor, 1962.
---. Maxims and Reflections. Trans. Elisabeth Stopp. Penguin, 1998.
Hemingway, Ernest. The Old Man and the Sea. RHUK, 2015.
---. A Farewell to Arms. Arrow Books, 1994.
---. For Whom the Bell Tolls. Arrow Books, 1994.
---. The Sun Also Rises. Fingerprint Pub., 2023.
Lawrence, D. H. The Prussian Officer and Other Stories. Ed. John Worthen. CUP, 1983.
---. England, My England and Other Stories. Cambridge: Cambridge UP, 1990.
---. The Captain's Doll: Three Novelettes. New York: Seltzer, 1923.
---. The Woman Who Rode Away and Other Stories. London: Penguin, 1970.
---. The White Peacock. Ed. Andrew Robertson. Cambridge: Cambridge UP, 1983.
---. Sons and Lovers. Eds. Helen Baron and Carl Baron. Cambridge: Cambridge UP, 1992
---. The Rainbow. London: Methuen, 1915. Cambridge: Cambridge UP, 1989.
---. Twilight in Italy. Ed. Paul Eggert. Cambridge: Cambridge UP, 1994.
---. Women in Love. Eds. David Farmer, Lindeth Vasey & John Worthen. Cambridge: CUP, 1987.
---. The Lost Girl. Ed. John Worthen. Cambridge: Cambridge UP, 1981.
---. Lady Chatterley's Lover. Ed. Michael Squires. Cambridge: Cambridge UP, 1993
---. The Collected Poems of D. H. Lawrence. London: Secker, 1928.
Lawson, Steven. The Daring Mission of William Tyndale. Lignoier Ministries, 2024.
London, Jack. Call of the Wild. New Delhi: Prakash Books, 2017.
---. White Fang. Fingerprint Pub., 2023.
---. Selected Short Stories: Jack London. Maple Press, 2014.
McCabe, Joseph (ed.). Selected Works of Voltaire. London: Watts, 2007.
Ovid. The Metamorphosis. Trans. David R. Slavitt. Johns Hopkins University Press, 1994.
---. The Art of Love. Trans. James Michie. Modern Library, 2002.
---. Love Poems. UK: Oxford Uni. Press, 2008.
Redman, Ben Ray (ed.) The Portable Voltaire. New York: Penguin Books, 1977.
Rodale, J. I. (ed.) Shorter Writings of Voltaire. New York: A.S. Barnes, 1960.
Shakespeare, William. Richard II. Penguin Classics, 2015.
Tallentyre, S. G. (tr.) Voltaire in his Letters, Being a Selection of his Correspondence. Honolulu, HI: University Press of the Pacific, 2004.
Thacker, Christopher (ed.) Voltaire: Selected Writings. London: Dent, 1995.
Tyndale, William. The New Testament of Our Lord and Saviour Jesus Christ. Legare Street Press, 2022.
---. The Complete Works of William Tyndale. Cross Reach Pub, 2017.
Whitman, Walt. Leaves of Grass. New Delhi: Prakash Books, 2017.
---. Complete Poems. Penguin, 2004.
Yousafzai, Malala. I am Malala. W & N, 2014.

**ડૉ. મનીષ વ્યાસ**
એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ
સેક્ટર-15, ગાંધીનગર
મો. ૯૪૨૮૦૪૭૪૬૩

•

# સરળ ભ્રમણકક્ષાઓ


વિઠ્ઠલભાઈ અં. પટેલ

**પ્રસ્તાવના**

આપણે ભ્રમણકક્ષાઓ ઉપવલયી, પરવલયી અને અતિવલયી હોય તો કેન્દ્રગામી બળોનાં સૂત્રો આપણે મેળવ્યાં. ભ્રમણકક્ષા સરળ હોય તો જે રીતે આપણે શંકુચ્છેદ માટે કેન્દ્રગામી બળોને લગતી માહિતી મેળવી, તેવી જ રીતે સરળ ભ્રમણકક્ષાઓ માટે પણ મેળવીશું. સરળ ભ્રમણકક્ષામાં વર્તુળ, અર્ધ વર્તુળ ગણી શકાય. આપણે અગાઉ પ્રમેય 6નો ઉપયોગ કરીને કેન્દ્રગામી બળની માહિતી મેળવેલી.

ન્યૂટનનો પહેલો પ્રયાસ આપેલી ભ્રમણકક્ષાનાં કયાં બળો ઊભાં કરે છે તે બળો મેળવવાનો છે. કોઈ પણ ભ્રમણકક્ષા લઈને તેને ઊભું કરનાર બળનું સૂત્ર મેળવવાની રીત પ્રમેય-6માં અગાઉ આપેલી છે. ટૂંકાણમાં ફરીથી જોઈએ

ભ્રમણકક્ષમાં ફરતા પદાર્થની ગતિમાં વિરોધ કરતું કોઈ બળ નથી. અહીંયાં આપેલી આકૃતિમાં વક્રનો આકાર ઉપવલય જેવો છે. આપણે જે સૂત્ર મેળવવાના છીએ, તે ગમે તે વક્ર માટે છે. P બિંદુએ આવેલા પદાર્થને કેન્દ્રગામી બળ S દિશામાં લાગે છે. ન્યૂટનના પહેલા નિયમ પ્રમાણે આકૃતિમાં આપેલા વક્ર ઉપરના P બિંદુથી પદાર્થ સ્પર્શકની દિશામાં PR અંતર એકધારી ગતિથી કાપે છે અને R બિંદુએ કેન્દ્રગામી બળ પદાર્થ ઉપર લાગતાં સીધી દિશામાં મુસાફરી કરવાના બદલે RQ દિશામાં પદાર્થ Q બિંદુએ આવશે. કેન્દ્રગામી બળ $\delta t$ સમય માટે લાગે છે. આથી પદાર્થ Q બિંદુએ આવશે. SPને સમાંતર RQ રેખા વક્રને Q બિંદુએ છેદે છે. આથી




$$RQ = \frac{1}{2}\text{ (કેન્દ્રગમી બળ F)} \times (\delta t)^2$$

$$\therefore \delta t^2 = \frac{2RQ}{F}$$

પ્રમેય-1 પ્રમાણે $\delta t$ ક્ષેત્રફળ SPQના પ્રમાણસર છે.

ક્ષેત્રફળ $SPQ \approx \Delta$ ક્ષેત્રફળ $\Delta\ SPQ$ લઈએ તો ખૂબ જ નાની ભૂલ રહેશે. અહીંયાં QT $\perp$ SP છે.

$$\Delta\ SPQ = \frac{1}{2} SP \times QT = \frac{dA}{dt}\delta t$$

$$\therefore \delta t = \frac{QT \times SP}{2\left(\frac{dA}{dt}\right)}$$ જ્યાં $\frac{dA}{dt}$ ક્ષેત્રફળનો દર દર્શાવે છે.

$$\therefore (\delta t)^2 = \frac{QT^2 \times SP^2}{4\left(\frac{dA}{dt}\right)^2} = \frac{2QR}{F}$$

$\therefore$ કેન્દ્રગામી બળ $F = \dfrac{8QR}{QT^2 \times SP^2}\left(\dfrac{dA}{dt}\right)^2$

**પ્રમેય-૬**


કેન્દ્રગામી બળ $F \propto \dfrac{QR}{QT^2 \times SP^2}$

પ્રિન્સિપિયાનું આ અગત્યનું પરિણામ છે. Q ભ્રમણકક્ષા પરનું બિંદુ છે, જ્યારે S એ કેન્દ્રગામી બળનું કેન્દ્ર છે. P પણ ભ્રમણકક્ષા પરનું બિંદુ છે. આ પ્રમેયનો ઉપયોગ કરીને ઘણી ભ્રમણકક્ષાઓ માટે જરૂરી કેન્દ્રગામી બળો મેળવી શકાય છે.

**પ્રમેય-૭**

If a body revolves in the circumference of a circle it is proposed to find the law of centripatal force directed to any given point.

જો કોઈ પદાર્થ વર્તુળના પરિઘ ઉપર ફરતો હોય, તો કોઈ પણ આપેલ બિંદુની દિશામાં લાગતા કેન્દ્રગામી બળનો નિયમ શોધવાનો પ્રયાસ છે.




VQPA વર્તુળનો પરિઘ છે. S બિંદુ આકર્ષણનું કેન્દ્ર છે જે તરફ આકર્ષણ બળ આકર્ષાય છે. વર્તુળના પરિઘ ઉપર પદાર્થ P છે અને પદાર્થ પરિઘ ઉપર ખસીને નજીકના Q બિંદુએ આવે છે. S બિંદુમાંથી ચાપ VP દોરો. V બિંદુમાંથી વર્તુળનો વ્યાસ VA દોરો. A અને P ને જોડો. Qમાંથી QT, VPને લંબ દોરો. TQને લંબાવો જે P એ દોરેલા સ્પર્શકને Zમાં છેદે છે. છેલ્લે Qમાંથી સુરેખા LR, VPને સમાંતર દોરો. PCD વ્યાસ દોરો

$\Delta$ ƵPT અને $\Delta$ VAPમાં

$\angle$ VPA = $\angle$ ƵTP = $90^\circ$

સાબિત કરો

$\angle$ PAV = $\angle$ ƵPV

$\angle$ ƵPV + $\angle$ VPD = $90^\circ$ - CA = CP $\therefore$ $\angle$ DPA = $\angle$ CAP

$\angle$ ƵPV + $\angle$ VPD = $\angle$ VPD + $\angle$ DPA = $90^\circ$ $\quad\because$ CP$\perp$ સ્પર્શક PƵ

$\therefore$ $\angle$ ƵPV = $\angle$ DPA = $\angle$ CPA

$\therefore$ ⊔ ƵPT $\equiv$ $\Delta$ VAP

$$\therefore \frac{\angle P}{\angle T} = \frac{VA}{PV} \qquad (1)$$

$\Delta \angle PT = \Delta \angle QR$

$$\therefore \frac{\angle R}{\angle Q} = \frac{\angle P}{\angle T} = \frac{\angle P - \angle R}{\angle T - \angle Q} = \frac{PR}{QT} \qquad (2)$$

(1) અને (2)માંથી

$$\frac{VA}{PV} = \frac{PR}{QT}$$

$$\therefore QT^2 = \frac{PR^2 \times PV^2}{VA^2}$$

આપણે જાણીએ છીએ કે $PR^2 = RL \times RQ$

$$\therefore QT^2 = \frac{RL \times RQ \times PV^2}{VA^2} \qquad (3)$$

પ્રમેય (6)થી $F \propto \dfrac{QR}{QT^2 \times SP^2}$

(3) ને $\dfrac{SP^2}{QR}$થી બન્ને બાજુએ ગુણતાં

$$\frac{QT^2 \times SP^2}{QR} = \frac{RL \times RQ \times PV^2}{VA^2} \times \frac{SP^2}{QR}$$

જ્યારે $Q \to P$ હોય, ત્યારે $LR \to PV$

$$\therefore \lim_{Q \to P} \frac{QT^2 \times SP^2}{QR} = \frac{PV^3 \times SP^2}{VA^2}$$


વ્યાસ VA અચળ હોઈને અને $F \propto \dfrac{QR}{QT^2 \times SP^2}$ હોઈને

$$F \propto \frac{1}{SP^2 \times PV^3}$$

આ પ્રમાણમાં સીધું સાદું સમીકરણ નથી. વધારાની રકમ $\dfrac{1}{PV^3}$ છે.

PV એ Pથી કેન્દ્રગામી બળના કેન્દ્રમાંથી પસાર થતી ચાપ છે.

**પ્રમેય-૮**




If a body moves in the Semicircumference PQA; it is proposed to find the law of the centripetal force tendig to a poiet S, so remote, that all the lines PS, RS drawn there to, may be taken for parallels,

આપેલા અર્ધવર્તુળ PQAનું કેન્દ્ર C છે અને તેના ઉપર આવેલા P બિંદુએ પદાર્થ છે. થોડા સમય પછી પદાર્થ Q બિંદુએ આવે છે. P અને Q બિંદુઓએ કેન્દ્રગામી બળોની દિશા PS અને QS છે જ્યાં કેન્દ્રગામી બળોને આકર્ષતુ કેન્દ્ર S, દૂરસ્થ જગ્યાએ છે કે જેથી રેખાઓ PS અને QSને સમાંતર ગણીએ. P બિંદુએ દોરેલા સ્પર્શકને QS R બિંદુએ છેદે છે અને Qમાંથી ક્ષિતિજને સમાંતર રેખા QT સ્પર્શકને Ƶ બિંદુએ છેદે છે.

| | |
|---|---|
| $\Delta\ CPM \equiv \Delta\, PZT$ | $\Delta\, PZT$ અને $\Delta\, RZQ$ |
| $\angle\ PTL \equiv \angle PCM$ | $\angle\ ZPT \equiv \angle RQZ = 90^\circ$ |
| $\angle\ PMC \equiv \angle ZPT$ | $\angle\ PZQ \equiv \angle RZQ$ |
| $\therefore \Delta\ CMP \equiv \Delta\, PZT$ | $\therefore\ \Delta\ PZT \equiv \Delta\, RZQ$ |

$$\therefore \frac{CP}{PM} = \frac{ZP}{ZT} = \frac{ZR}{ZQ} = \frac{ZP-ZR}{ZT-ZQ} = \frac{PR}{QT}$$

$$\therefore \frac{CP^2}{PM^2} = \frac{PR^2}{QT^2}$$

$$\therefore QT^2 = \frac{PR^2 \times PM^2}{CP^2}$$

બન્ને બાજુએ $\dfrac{SP^2}{QR}$ થી ગુણતાં

$$\frac{QT^2 \times SP^2}{QR} = \frac{SP^2}{QR} \times \frac{PR^2 \times PM^2}{CP^2}$$

$PR^2 = \mathrm{RS} \times \mathrm{QR} \approx 2PM \times QR$ મુકતાં

$$\frac{QT^2 \times SP^2}{QR} = \frac{SP^2}{QR} \times \frac{2PM \times QR}{CP^2} \times PM^2$$

$$= \frac{2PM^3 \times SP^2}{CP^2}$$

કેન્દ્રગામી બળ $F = \frac{QR}{QT^2 \times SP^2} \approx \frac{CP^2}{2PM^3 \times SP^2}$

$CP^2 / SP^2$ આપેલું હોઈને,

કેન્દ્રગામી બળ $F \propto \frac{1}{PM^3}$

આ પ્રમેયનો ઉપયોગ બીજી કોઈ જગ્યાએ થયો નથી. ન્યૂટને કદાચ પ્રમેય 6નો ઉપયોગ કરીને કઈ રીતે કેન્દ્રગામી બળ મેળવી શકાય તે માટે આ પ્રમેય આપ્યો હોય.

આ લેખ નીચેનાં પુસ્તકોના આધારે લખાયો છે.

(1) Chandrasekhar S. Newton's Principia for the common reader, Oxford Clarendon Press, 1995.

(2) Densmore Dana. Newton's Principia The Central Argument, Green Lion Press Santa Fe, New Mexico, 2003.

**– વિઠ્ઠલભાઈ અં. પટેલ**

'સ્વરાજ', નરસિંહજીના મંદિર પાસે, ઉવારસદ રોડ,

મુ.પો. શેરથા, તા.જી. ગાંધીનગર મો. 94280 19042

*વેદોની પાંચ આંગળીઓ માનવામાં આવે છે : 1. ઉપનિષદ, 2. ગીતા, 3. રામાયણ, 4. મહાભારત અને 5. ભાગવત. વેદો સીધેસીધા લોકો સુધી પહોંચતા નથી, પણ આ પાંચ ગ્રંથો દ્વારા લોકો સુધી પહોંચે છે. ઉપનિષદો જ્ઞાનપ્રધાન છે. ગીતા સર્વસારપ્રધાન છે. રામાયણ મર્યાદાપ્રધાન છે. મહાભારત વ્યવહારપ્રધાન છે, તો ભાગવત પ્રેમપ્રધાન છે. ધર્મ જ્યારે અધ્યાત્મપ્રધાન બને ત્યારે ઉપનિષદોથી સંતોષ થાય. ઉપનિષદો, બ્રહ્મને જ્ઞાનરૂપ માને છે. જ્ઞાન બુદ્ધિપ્રધાન લોકોનો વિષય બને છે. બુદ્ધિપ્રધાન લોકો હંમેશાં અલ્પમાત્રામાં જ હોય છે. તેથી ઉપનિષદોનો પ્રભાવ બહુ નાના સીમિત વર્ગ સુધી જ રહ્યો. વળી પાછો હિન્દુ પ્રજાના દુર્ભાગ્યે અધિકારવાદ નડ્યો. ઉપનિષદો વેદ છે અને વેદનો અધિકાર માત્ર બ્રાહ્મણોને જ છે આવો પ્રચંડવાદ પણ આવ્યો, જે હિન્દુ પ્રજાને બહુ નડ્યો. આ અધિકારવાદે ઘણા લોકોને અલગ કરી દીધા અથવા અલગ થઈ જવા પ્રેરણા આપી. વિશ્વના બધા મોટા ધર્મો પોતપોતાના બધા ધર્મગ્રંથો ઉપર સૌનો અધિકાર માને છે. એટલું જ તેને ફરજિયાત ભણાવવા માટે ધાર્મિક પાઠશાળાઓ પણ ખોલી છે. એક આપણે જ એવા છીએ જે આપણા મૂળ ગ્રંથને કોઈ જાણી ન લે તેના માટે સજ્જડ પ્રતિબંધ મૂકીએ છીએ. આવા સંકુચિત પ્રતિબંધોથી આપણને જ નુકસાન થયું, થઈ રહ્યું છે અને આગળ ભયંકર થવાનું છે. શું તમે મુસ્લિમોના મદરેસા જેવી આપણી કોઈ ધર્મબોધ કરાવનારી પાઠશાળા જોઈ જ્યાં અઢારે નાતનાં બાળકો ભણતાં હોય ? પાઠશાળાનો વ્યાપ એક સીમિત વર્ગ પૂરતો જ પ્રતિબદ્ધ થઈ ગયો દેખાય છે. ગીતા ઉપર આવો પ્રતિબંધ ન હતો તોપણ તેનો પ્રચાર જોઈએ તેવો લોકો સુધી થયો નહીં. છેલ્લાં સો-દોઢસો વર્ષોથી ગીતાનો ઠીકઠીક પ્રચાર થઈ રહ્યો છે. બાકી તે પણ વિદ્વાનો માટેનો જ ગ્રંથ બની ગયો હતો.*

*– સ્વામી સચ્ચિદાનંદ 'ભાગવતનું ચિંતન' ભૂમિકામાંથી*

# ગ્રંથ સૌરભ

## મણિભાઈ પ્રજાપતિ

**નવા રામજીમંદિર શતાબ્દી મહોત્સવ સ્મૃતિગ્રંથ / લેખન - સંપાદનઃ ચંદુભાઈ હી. પટેલ, મનુભાઈ જે. પટેલ અને ભગીરથભાઈ એ. પટેલ.** ચાણસ્માઃ નવા રામજીમંદિર શતાબ્દી મહોત્સવ ઉજવણી સમિતિ, પટેલ લાલજીદાસ લક્ષ્મીદાસ સદાવ્રત સંસ્થા ટ્રસ્ટ, ૨૦૨૪. ૧૭૯ પૃ. આર્ટ પેપર. માપઃ ૨૮.૫થી ૨૮.૫ સે.મી.

ચાણસ્માનગરના 'નવા રામજીમંદિર'ના શતાબ્દી મહોત્સવની ઉજવણીના ઉપલક્ષ્યમાં સંપાદિત-પ્રકાશિત પ્રસ્તુત સ્મૃતિગ્રંથ આ પ્રકારના સ્મૃતિગ્રંથોની પરંપરામાં બહુવિધ દૃષ્ટિએ નવતર ભાત ઉપસાવતો એક પ્રેરણાદાયી, દર્શનીય, સ્મરણીય, પઠનીય અને સંગ્રહણીય બની રહે છે. અહીં નવા રામજીમંદિરની વિકાસગાથા અને અન્ય આનુષંગિક બાબતો ઉપરાંત સવિશેષતઃ ચાણસ્માનગરના જનજીવન સાથે સંકળાયેલી પ્રાયઃ સઘળી બાબતો, જેમ કે, ઇતિહાસ, ભૂગોળ, ધર્મ-દર્શન અંતર્ગત ચાણસ્માનાં પ્રમુખ દેવી-દેવતાઓનાં સ્થાનકો, શિક્ષણ અંતર્ગત ચાણસ્મામાં આધુનિક શિક્ષણપ્રણાલીનો વિકાસ અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ અને પ્રતિભાઓ, સમાજજીવન અંતર્ગત ચાણસ્મામાં વસવાટ કરતી વિવિધ જ્ઞાતિઓનો ઇતિહાસ અને સમાજસેવી સંસ્થાઓ, રાજકારણ, અર્થકારણ - ધંધા-ઉદ્યોગ, કૃષિ વગેરેનું ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં અર્થસભર વિહંગાવલોકન કરાવવામાં આવતાં **'ચાણસ્માનું ગેઝેટિયર'** કે **'ચાણસ્માના સંસ્કારજીવનનો ભોમિયો?'** નો પર્યાય બની રહે છે. આ બધાં ક્ષેત્રોની ગૌરવગાથાની પ્રસ્તુતિ સાથે સમયનાં વહેણો સાથે થઈ રહેલાં પરિવર્તનો વિશે અત્રતત્ર અભિવ્યક્ત કરેલ ચિંતા અને ચિંતન સુચિંતનીય છે. ચાણસ્માનગર સંબંધી વ્યાપક પરિપ્રેક્ષ્યમાં વિષયવસ્તુની દૃષ્ટિપૂત પસંદગી - સંકલન - સંપાદન – આલેખનનો વિવેક, ચાણસ્માના ગૌરવને તથા કોઈ સ્થળ વિશેષના મહાત્મ્યને ઉજાગર કરતી લોકવાયકાઓ અને ઐતિહાસિક ઘટનાઓની અને તેની સાથે સુસંગત કલાત્મક અને દર્શનીય ફોટોગ્રાફ્સની ગૂંથણી સાથેની પ્રસ્તુતિમાં સંપાદકશ્રી શ્રી ચંદુભાઈ હી. પટેલ, શ્રી મનુભાઈ જે. પટેલ અને પ્રો. ભગીરથભાઈ એ. પટેલનો પ્રપત્તિભાવપૂર્વકનો વતનપ્રેમ, વિદ્યાકીય પુરુષાર્થ અને અનુભવ અભિનંદનીય અને શ્લાઘનીય બની રહે છે.

પ્રસ્તુત સ્મૃતિગ્રંથ સુગ્રથિત ૨૪ પ્રકરણોમાં વિભાજિત છે. પ્રારંભમાં આ મહોત્સવની ઉજવણી સંબંધેનું વિચારવલોણું અને સમારોહ જે સંસ્થા દ્વારા આયોજિત કરવામાં આવનાર છે તે 'પટેલ લાલજીદાસ લક્ષ્મીદાસ સદાવ્રત સંસ્થા ટ્રસ્ટ'ની સ્થાપનાનો ઇતિહાસ, ઉદ્દેશો અને આ ટ્રસ્ટ દ્વારા ગામની સુખાકારી માટે ધર્મ-દર્શન, શિક્ષણ, સમાજસેવા, આરોગ્ય વગેરે વિશે હાથ ધરવામાં આવતી ૧૪ પ્રવૃત્તિઓનો પરિચય કરાવ્યો છે. ત્યાર બાદનાં ત્રણ પ્રકરણોમાં ચાણસ્માની ઐતિહાસિકતા અને કોઈ પણ ગામ માટે પ્રેરક એવી શૌર્ય અને સંસ્કારગાથા માટે ફાળવવામાં આવ્યાં છે. વિખ્યાત પુરાતત્ત્વવિદ પ્રો. ડૉ. રમણલાલ ના. મહેતાનો અભ્યાસપૂર્ણ લેખ 'ચાણસ્માઃ એતિહાસિક રૂપરેખા'માં ચાણસ્માની પ્રાચીનતા સંદર્ભે પુરાતત્ત્વવિદ અને ઈતેહાસવિદની દૃષ્ટિએ વિચાર-વિમર્શ કરવામાં આવ્યો છે. ચાણસ્માની પ્રાચીનતા સિદ્ધ કરવા વસવાટ પ્રક્રિયા, સ્થાનિક ભૂગોળ, ગામની રચના, અવશેષો, વસતીમાં ફેરફાર, રાજકીય સ્થિતિ વગેરે પાસાંઓના સઘન અભ્યાસના આધારે આ ગામને આશરે દશમી સદી પહેલાંનું ગણાવ્યું છે. ગામના નામાભિધાન સંદર્ભે પ્રચલિત લોકવાયકા મસ્જિદમાંથી થતા ચંદ્રદર્શનના આધારે ગામનું નામ 'ચાંદસમા' પાડ્યું અને તેમાંથી 'ચાણસ્મા' શબ્દ બનાવ્યો. આ આખ્યાયિકાને ૧૪મી સદી પછી વિકસેલી ગણાવીને એટલે કે અતાર્કિક હોઈ નોંધ્યું

છે કે, તેનાથી ચાણસ્મા શબ્દનો અર્થ સ્પષ્ટ થતો નથી... સ્મા પદાન્ત વેશ પરથી વેસ્મા અર્થાત્ ઘરનો અર્થ થાય છે. ચાણસ્મા શબ્દ ચાણ કે ચરામાં બાંધેલાં ઘર એવો અર્થ દર્શાવે છે. તે શબ્દાર્થ પરથી ચાણસ્મા વિસ્તારમાં આ ગામ વસ્યું તે પહેલાંની પરિસ્થિતિનાં દર્શન થાય છે. 'ચાણવેસ્મા' પરથી 'ચાણેસ્મા' અને 'ચાણસ્મા' શબ્દ વ્યુત્પન્ન થવાની શકયતા છે.' આ ઉપરાંત અન્ય લેખમાં ચાણસ્મા નામ પ્રસ્થાપિત થયા પૂર્વે 'ચંદ્રાવતી', ૧૪મી સદીમાં 'ચાહસામિ', 'ચૌહાણસમા' વગેરે નામો પ્રચલિત હોવા વિશે નોંધો કરવામાં આવી છે. 'વસવાટનું વૈવિધ્ય' પ્રકરણમાં ગામના સ્થાપનાકાળથી આજદિન સુધી વસવાટ કરતી વિવિધ કોમો/ જાતિઓ વિશે દૂરંદેશિતાશીલ વૈવિધ્યપૂર્ણ માહિતી જે તે કોમના વ્યક્તિઓની રૂબરૂ મુલાકાતો લઈને વર્ણવી છે, જેમ કે, ચાણસ્મામાં ક્યાંથી અને ક્યારે આગમન થયું, આદિપુરુષ, જે-તે સમાજની કોઈ વ્યક્તિએ અસાધારણ ઉપલબ્ધિ હાંસલ કરી હોય તો તેનો ઉલ્લેખ, હાલમાં ઘરોની સંખ્યા/ વસતી, ધાર્મિક માન્યતાઓ, નોંધપાત્ર ઘટનાઓ વગેરે સમાવિષ્ટ છે. ઉદા., તરીકે પાટીદાર સમાજનું પંજાબમાંથી સ્થળાંતર, તેજીદાસના પુત્રોનું ગુજરાતમાં આગમન, લાલજીદાસ અને લક્ષ્મીદાસનું ચાણસ્મામાં સ્થાયી થવું, તેમના દશ વંશ-વારસો, ૧૦૦ વર્ષ પૂર્વે પાટીદારોનાં ૧૦૦૦-૧૨૦૦ ઘર/કુટુંબો હોવાં, ચાણસ્મામાં કાનિયો - ફુલિયો - લાલિયાનો વિસ્તાર હોવો વગેરે, સને ૧૪૭૧માં લાલજીદાસ લક્ષ્મીદાસ દ્વારા વિસનગરથી રણછોડદાસ સુથારને વસવાટ માટે લાવવા, મૂલચંદ મિસ્ત્રી અને શિવાભાઈ મિસ્ત્રીની કુશળતા અને તેમની કુળદેવી ચામુંડા વગેરે, હાલમાં બારોટ અને નાયક કોમોનો વસવાટ ન હોવો વગેરે.

'સ્મૃતિપાંખે' પ્રકરણમાં ચૌહાણસમા લાલજીદાસ લક્ષ્મીદાસનાં પરાકમો, જેકરણદાસના પરિવાર દ્વારા સુણસર ગામના અસામાજિક તત્ત્વોને પડકારીને ચોરી ગયેલ માલ વગેરે પરત મેળવવો તેમજ ઠાકોરાના માઢનાં કમાડ ઊતરાવી ચાણસ્મા લાવીને પોતાના માઢે ચઢાવી દેવાં કે જે હમણાં સુધી અસ્તિત્વમાં હોવાં, ભટેવા પાર્શ્વનાથની મૂર્તિ ઈ.સ. ૧૫૮૫માં ચાણસ્માના જૈનોએ પાટણના નગરશેઠ રતન શાહને સાચવવા સોંપી હતી, સમયાંતરે આ મૂર્તિ પરત લેવા વિનવણી કરવા છતાં શેઠે પરત ન કરતાં ચાણસ્માના જૈન મહાજનની વિનંતીથી કસળદાસ જેકરણદાસ પટેલ અને ચતુર રામીએ પોતાનાં દિલધડક પરાક્રમોથી આ મૂર્તિ ઉપાડી લાવીને જૈન મહાજનને સાંપવી તેની શૌર્યગાથા, આ સાથે કસલદાસ દ્વારા દેરાસરના પૂજારીના નિભાવ અર્થે પોતાની આઠ વીઘા જમીન આપવી, મુડેઠા ગામના અસામાજિક તત્ત્વોના જુલ્મ અટકાવવા ગામ ઉપર હુમલો કરીને જુલ્મખોરોને પકડીને માલ-સમાન પરત મેળવવો વગેરે શૌર્યભરી ઐતિહાસિક ઘટનાઓ ચાણસ્માના પાટીદાર સમાજનાં સાહસિકતા ગૌરવ, એક સંપ અને આગવી ઓળખનાં પ્રતીક બની રહે છે. આ ઉપરાંત ચાણસ્મામાં મહારાજા સયાજીરાવનું આગમન, સિદ્ધપુરના કાનજી વ્યાસને ચાણસ્મામાં ભાવભર્યા સન્માન સાથે વસાવવા વગેરે કથાઓ સમાવિષ્ટ છે.

'વ્યવસાયક્ષેત્ર' અંતર્ગત ચાણસ્માના સ્થાપનાકાળથી આજદિન સુધીના નાના-મોટા ઉદ્યોગો, ગૃહઉદ્યોગો, વેપાર-વણજની રીત, વિવિધ વ્યવસાયિકોના ફોટોગ્રાફસ, જેમ કે કુંભારીકામ, લુહારીકામ, તેલઘાણી, કૃષિ વગેરે. એક જમાનામાં ખેતીનાં ઓજારો માટે ઉગમણા દરવાજાનું બજાર ધમધમતું હોવું, તિજોરી, કબાટ, કપાસ લોઢવાનાં જીન વગેરે બંધ પડી જવાં અને આ સાથે જ પ્રવર્તમાન ઉદ્યોગો, બેંકિંગ સેવાઓ વગેરેની તેમજ રેલવે સેવા પુનર્જિવિત કરવા માટે ચાણસ્માના વતની સંસદસભ્ય ડૉ. કિરીટભાઈ સોલંકીને ક્રિયાશીલ બની રહેવા અપીલ કરવી વગેરે વિગતો વર્ણિત છે.

આ સ્મૃતિગ્રંથમાં શિક્ષણ વિશે વ્યાપક પરિપ્રેક્ષ્યમાં દષ્ટિપૂત પ્રસ્તુતિ કરવામાં આવી છે. લલ્લુ માસ્તરની ગામઠી શાળાથી શરૂ કરી સર સયાજીરાવ ગાયકવાડ દ્વારા ૧૯૦૬માં પ્રાથમિક શાળાની સ્થાપના કરવાથી શરૂ કરી કમશઃ એંગ્લો-વર્નાક્યુલર સ્કૂલ, ૧૯૫૦માં ચાણસ્મા કેળવણી મંડળની સ્થાપના અને સંસ્થાપકો શ્રી જયશંકર વ્યાસ, શ્રી ભગુભાઈ અમથારામ પટેલ, મૂલચંદ મિસ્ત્રી, શ્રી અંબાલાલ વકીલ, શ્રી સૂરજમાલ શાહ વગેરેનું પ્રદાન અને કમશઃ અત્યાધુનિક સગવડો

પૂરી પાડતી પ્રાથમિક-માધ્યમિક - ઉચ્ચશિક્ષણ – ટૅક્નિકલ શિક્ષણ પૂરી પાડતી સંસ્થાઓની સ્થાપના, કેળવણીપ્રેમી શિક્ષકો અને આચાર્યો – શ્રી રામલાલ ચુ. મોદી, શ્રી જોશીસાહેબ, શ્રી પી. સી. પરીખ, કુમારી શોભનાબહેન પટેલ વગેરે, શાળાના ભૂતપૂર્વ તેજસ્વી વિદ્યાર્થીઓ – શ્રી કરસનભાઈ પટેલ (નિરમા), યુ.એસ.એ. નિવાસી શ્રી ખોડભાઈ પટેલ, કુલપતિ પ્રો. ડૉ. બાબુભાઈ પ્રજાપતિ વગેરે, ગામની તેજસ્વી પ્રતિભાઓ, જેમ કે, વકીલ અંબાલાલ શિવલાલ પટેલ, વકીલ શ્રી કાનજીભાઈ પટેલ, અર્થશાસ્ત્રી ડૉ. જયનારાયણ વ્યાસ, પ્રથમ ઇજનેર શ્રી મણિલાલ મૂળચંદ મિસ્ત્રી, પ્રથમ ડૉ. ગિરધરભાઈ પટેલ, ગણિતના પ્રથમ પ્રો. ત્રિભોવનભાઈ ડી. પટેલ, શ્રેષ્ઠ શિક્ષક તરીકે રાષ્ટ્રપતિ ઍવૉર્ડથી વિભૂષિત શ્રી કરુણાશંકર વ્યાસ અને શ્રી મનુભાઈ જે. પટેલ, સાહિત્યનું ગૌરવ પ્રિ. સોમભાઈ પટેલ, કવિ પ્રો. જિતેન્દ્ર વ્યાસ અને પ્રિ. ડૉ. જયંતીલાલ દરજી, પત્રકાર મણિલાલ એમ. પટેલ વગેરેનો ઉલ્લેખ દૃષ્ટિપૂત બની રહે છે. શિક્ષણના પ્રચાર-પ્રસારમાં પુસ્તકાલય પ્રવૃત્તિની ભૂમિકા મહત્ત્વપૂર્ણ હોઈ શિક્ષણના વિકાસની સાથે જ સંપાદકશ્રીઓએ ચાણસ્મામાં ૧૯૦૧થી કસ્બા પુસ્તકાલયની સ્થાપના, ભવન, ગ્રંથસંગ્રહ, પ્રથમ ગ્રંથપાલ શ્રી નરસિંહભાઈ રામી અને હાલના ગ્રંથપાલ શ્રી સીતારામભાઈ સથવારા વગેરેની સેવાઓની નોધ લીધી છે.

'રાજકીયક્ષેત્રે ચાણસ્મા'માં ૧૮૫૭ના સ્વાતંત્ર્યસંગ્રામમાં ચાણસ્માના વીરોના પ્રદાન અંગે કોઈ માહિતી પ્રાપ્ત થતી નથી, પરંતુ આ સંગ્રામમાં ભાગ લેનાર કેટલાકનો સાધુવેશે નિવાસ કરવો તેવી નોંધ બાદ પ્રભુદાસ બાભઈદાસ પટેલની ન્યાયપ્રિયતા અને વીરતાના કારણે સર સયાજીરાવ મહારાજા સાથેના સંબંધો, પાલનપુરના નવાબના સિપાઈઓ ગામના ગાયોના ધણને હરી જતાં તેને બચાવવા ખપી ગયેલા વીર યોદ્ધાઓના પાળિયા, નવચેતનાના પ્રહરી વકીલ શ્રી અંબાલાલ શિવલાલ પટેલ, ૧૯૩૦ અને ૧૯૪૨ની ચળવળમાં ભાગ લેનાર ચીમનલાલ ભાવસાર, બબલભાઈ ભાવસાર, નરસિંહભાઈ રામી, અંબાલાલ વીરમદાસ વગેરેના પ્રદાનની નોંધ લઈને ૧૯૪૨ની ચળવળમાં અડાસ સ્ટેશન વિસ્તારમાં શહીદી વહોરનાર મણિભાઈ પુરુષોત્તમદાસ પટેલ કે જેનો ઉલ્લેખ અડાસ સ્ટેશન પાસેના સ્મારકમાં છે અને ચાણસ્મામાં શહીદ સ્મારક, સ્વાતંત્ર્યોત્તર રાજકીય ગતિવિધિઓ અંતર્ગત કૉંગ્રેસ દ્વારા પ્રજાની નાડ ન પારખી શકતાં પ્રથમ ચૂંટણીમાં ચાણસ્માની બેઠક ગુમાવવી, સમયાંતરે ચાણસ્માના વતની શ્રી પ્રહ્‌લાદભાઈ શંભુદાસ પટેલનું ભારતીય જનતા પક્ષના એક ખમતીધર અને પ્રાણવાન નેતા તરીકે ઊભરી આવવું અને અકાળે અવસાન વગેરે બાબતોની સુરેખ નોંધ લેવામાં આવી છે. ચાણસ્માના જનજીવનને ધબકતું રાખતી ૧૭ જેટલી સામાજિક, શૈક્ષણિક, ધાર્મિક વગેરે સંસ્થાઓની ક્રિયાશીલતા અને પ્રદાનની નોધ લીધા બાદ ચાણસ્મામાં વિવિધ જ્ઞાતિઓ દ્વારા અને સામૂહિક રીતે ઉજવાતા અને ઉજવણી બંધ થઈ ગયેલા સહિત ૩૭ ઉત્સવોની ગાથા ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં રજૂ કરવામાં આવી છે, જેનાથી ગામના સંસ્કારજીવન અને સમરસતાની ઝાંખી થાય છે. આ સાથે જ ૧૮ જેટલાં દેવી-દેવતાઓનાં સ્થાનકો/મંદિરોની સ્થાપનાનો ઇતિહાસ, પ્રચલિત દંતકથાઓ, માહાત્મ્ય, સંતો/પૂજારીઓ, પૂજા-વિધિ, ઉત્સવ, સંબંધિત ટ્રસ્ટોની પ્રવૃત્તિઓ વગેરે બાબતો મંદિરોના ફોટા સાથે વર્ણવવામાં આવી છે. ચાણસ્માના નગરજનોનું ગુજરાતનાં વિવિધ શહેરો ઉપરાંત દેશનાં અન્ય રાજ્યો અને વિદેશોમાં સ્થળાંતર અને મેળવેલ સિદ્ધિઓની એક ઝલક દૃષ્ટિપૂત બની રહે છે. ખાસ ધ્યાનાર્હ બાબત એ છે કે આ ગ્રંથના સંપાદન અને કલાત્મક પ્રસ્તુતિમાં મુદ્રણકળા અને પ્રિન્ટિંગ ટૅક્નૉલૉજીના વિદ્વાન પ્રો. ભગીરથભાઈ પટેલનું આ ગ્રંથના પ્રકાશન-પૂર્વે અવસાન થતાં તેમના પ્રદાનનો ઋણસ્વીકાર કરતી કવર પૃ. ૩ ઉપરની સવિસ્તર નોંધ ઉપરાંત વતનપ્રેમથી પ્રેરાઈને આ ઉજવણી હેતુ ખોબલે-ખોબલે દાન આપનારા દાતાશ્રીઓના ફોટોગ્રાફ્સની નયનરમ્ય પ્રસ્તુતિ અને તત્સંબંધી નોંધો ધ્યાનાર્હ બની રહે છે.

ગ્રંથાન્તે ભરતવાક્ય સ્વરૂપે અભિવ્યક્ત કરેલ ભાવના 'ચાણસ્મા તારા ગર્વીલા ઇતિહાસને વાગોળ્યો, તારા વર્તમાનને પેખ્યો. તારી પ્રભાનાં તેજકિરણો જ્યાં-જ્યાં પ્રસર્યા ત્યાં-ત્યાં તેની આભા પ્રગટતી જાણી એક મીઠો ઓડકાર લેવાની લિજ્જત લેવામાં

કોઈ ન્યૂનતા જણાય તો હે માતૃભૂમિ! તું માફ કરજે'મા સંપાદકોની ભાવપ્રવણતા, માતૃભૂમિનું ઋણ અદા કરવા માટેની ઉમદાભાવના અને સાહિત્યિક સજ્જતા દૃષ્ટવ્ય બની રહે છે. હૃદયના ઊંડાણમાંથી સ્ફૂરેલા આ શબ્દો સંપાદકોની મૂઠી ઊંચેરી પ્રતિભાના ધોતક બની રહે છે. સમગ્રતયા ઉચ્ચગુણવત્તાયુક્ત આર્ટ પેપર ઉપરનું કલાત્મક મુદ્રણ, ટકાઉ અને આકર્ષક બાંધણી, સાજસજ્જા, વિષયવસ્તુની સાથે જ ગામનાં ગૌરવ સમાન સ્થાનકો, વ્યક્તિઓ વગેરેના ફોટોગ્રાફસની ગૂંથણી ઈત્યાદિ પ્રથમ દૃષ્ટિએ જ દર્શનીય બની રહે છે.

❑

**શ્રી ઉમિયામાતાજીના પરમભક્ત શ્રી મણિભાઈ પટેલ (મમ્મી)ના ચિંતનાત્મક લેખો / સંપાદકઃ ડૉ. મફતલાલ પટેલ ('અચલા'ના તંત્રી),** અમદાવાદઃ અચલા એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ, 2023. 216 પૃ. કિં. રૂ. 500. ISBN: 978-93-51513-76-4.

શ્રી મણિભાઈ પટેલ 'મમ્મી' (૧૯૩૩) ઊંઝાનગર, કડવા પાટીદાર સમાજ/સમસ્ત પાટીદાર સમાજ અને વ્યાપક પરિપ્રેક્ષ્યમાં માનવસમાજના એક ઉમદા લોકસેવક, સમાજસુધારક, સમાજ અને રાજકીય ચિંતક, કડવા પાટીદાર સમાજના અભ્યાસી, સારા વાચક અને પ્રભાવક પ્રબોધક તરીકે લોકહૈયામાં વસેલા છે, જેની પ્રતીતિ તેમણે સંપન્ન કરેલાં જનસેવામાં દ્રષ્ટિપૂત કાર્યો અને તાજેતરમાં પ્રબુદ્ધ શિક્ષણવિદ અને પોતાની જાતને લોકસેવા માટે સમર્પિત કરનાર 'અચલા એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ' (અમદાવાદ)ના અધિષ્ઠાતા પ્રો. ડૉ. મફતલાલ પટેલ (૧૯૩૭) દ્વારા સંપાદિત - પ્રકાશિત 'શ્રી ઉમિયામાતાજીના પરમભક્ત શ્રી મણિભાઈ પટેલ 'મમ્મી'ના ચિંતનાત્મક લેખો' ના માધ્યમથી સહજમાં થાય છે. ડૉ. મફતલાલ પટેલે બહુવિધ સમાજરત્નોનાં ચરિત્રાલેખન કરીને તેમનાં સેવાકીય કાર્યોનો પરિચય સમાજને કરાવ્યો છે. જેમ કે, 'રામચંદ્ર અમીન', 'પ્રભાતકુમાર દેસાઈ', 'સીતારામભાઈ પટેલ', 'પરદેશે પાંગરતી પાટીદાર પ્રતિભાઓ' વગેરે. આ પરંપરામાં ડૉ. મફતલાલ પટેલે પ્રસ્તુત ગ્રંથના પ્રારંભમાં મણિભાઈ પટેલ 'મમ્મી'ના જીવન અને પ્રદાનનું સાધાર સવિસ્તર હૃદયસ્પર્શી આલેખન કરીને શ્રી મણિભાઈ પટેલ એટલે શું ? તેની સાચી ઓળખ ઉજાગર કરી આપી છે. ત્યાર બાદ શ્રી મણિભાઈ પટેલ 'મમ્મી'ના અત્રતત્ર પ્રકાશિત થયેલા 66 + 2 લેખો મેળવીને વિચારમૌક્તિકોની માળા સ્વરૂપે ગ્રંથસ્થ કરીને સુલભ કરાવી આપ્યા છે. આ બધા લેખો સ્વસ્થ અને સમરસ સમાજઘડતર અને ચણતર માટે સંતર્પક વિચારભાથું પૂરું પાડે તેવા સત્ત્વશીલ છે. આ પુસ્તક વાંચતાં જ જેમણે શ્રી મણિભાઈ સાથે વિચારગોષ્ઠિઓ કરી હશે કે તેમનાં પ્રવચનો સાંભળ્યાં હશે તે સૌના માનસપટલ ઉપર તેમનું ક્રિયાશીલ વ્યક્તિત્વ ઊપસી આવશે.

ગ્રંથસ્થ લેખોનું અવલોકન કરતાં વિષય વૈવિધ્ય, અર્થસભર ઊંડાણ, પોતાના સમાજના વિકાસ માટેની પ્રતિબદ્ધત્તા અને આ સાથે જ મા ઉમિયા પ્રત્યેની પ્રપત્તિભાવપૂર્વકની ભક્તિ અને આસ્થાનાં દર્શન થાય છે. ગ્રંથસ્થ લેખો પૈકી મોટા ભાગના લેખો શ્રી ઉમિયામાતાજી મંદિર અને ઊંઝાનગરની તવારીખ, શ્રી ઉમિયામાતાજી સંસ્થાન (ઊંઝા)ના ઉપક્રમે હાથ ધરવામાં આવેલ પ્રવૃત્તિઓ, જેમ કે, શ્રી ઉમિયામાતાજી ૧૮મી શતાબ્દી મહોત્સવ (૧૯૭૭), શ્રી ઉમિયામાતાજી ૧૮મી શતાબ્દી રજતજયંતી મહોત્સવ (૨૦૦૯), જ્યોતિરથ (૧૯૯૭) વગેરે, પાટીદારોનું/કડવા પાટીદારોનું પંજાબમાંથી સ્થળાંતર અને ઊંઝામાં વસવાટ, ઊંઝામાં રાજા વ્રજપાલજીનું શાસન, સંસ્થાન દ્વારા કડવા પાટીદાર સમાજના વિકાસ માટે અપનાવવામાં આવેલ સામાજિક અભિગમ - ઉદારચેતા હૃદયે શૈક્ષણિક, ધાર્મિક સંસ્થાઓના નિર્માણ માટે આર્થિક સહયોગ, વિદ્યાર્થીઓને અભ્યાસ માટે લોન, મહિલા જાગૃતિ માટેના દ્રષ્ટિપૂત પ્રયાસો 'ઉમિયાપરિવાર ઉત્કર્ષ નિધિ'ના ઉપક્રમે રૂ. ૧૦૦ કરોડ એકઠા કરવાનો સંકલ્પ, હિંમતનગર, સિદસર, ગાંઠીલાનાં ઉમિયામંદિરો વગેરે વિશેના લેખો છે. આ બધા લેખો લેખકની સમાજનિષ્ઠા સાથે સાથે સમાજહિત તેમના રગેરગમાં કેવું પ્રસરી ગયું છે તેના પરિચાયક બની રહે છે. આ ઉપરાંત પાણી સમસ્યા, કૃષિ સંબંધી પ્રશ્નો, આહાર એ જ ઓષધ, પર્યાવરણની જાળવણી, વતનપ્રેમ, અનાજનો બગાડ

વગેરે વિષયક લેખોમાં 'મમ્મી'નાં અભ્યાસનિષ્ઠા, ગહનવાંચન અને સ્વસ્થ વિચારપુરુષના વ્યક્તિત્વનાં સહજમાં દર્શન થાય છે, જે કોઈ પણ વ્યક્તિ / સમાજ માટે પ્રેરણાદાયી બની રહે છે.

શ્રી મણિભાઈ 'મમ્મી'ની ધ્યાનાર્હ પ્રકૃતિ એ રહી છે કે સમાજમાં સૌ પ્રતિ સમભાવ રાખવો, કોઈ નાનો-મોટો નહીં. પ્રત્યેક સેવક માટે આદર ધરાવવો અને મૂલ્યનિષ્ઠાના હિમાયતી. તેમણે પોતાના સમાજના મૂઠી ઊંચેરા લોકસેવકો, જેમ કે શ્રી કેશુભાઈ શેઠ, શ્રી માણેકલાલ પટેલ, પ્રો. ડૉ. મફતલાલ પટેલ, પાટડી દરબાર કર્ણિસિંહજી, શ્રી હરગોવિંદભાઈ, પદ્મશ્રી ઈશ્વરભાઈ વગેરેનાં સમાજસેવાનાં કાર્યોને ઉજાગર કરી આપતા જીવનચરિત્રાત્મક લેખોના માધ્યમથી તેમનો જાહેર ઋણસ્વીકાર કરીને સ્વસ્થ સમાજના ઘડતરની દિશામાં પ્રશસ્ય કાર્ય કર્યું છે, જે પ્રેરક બની રહેશે.

પ્રસ્તુત ગ્રંથમાં લેખકની વૈચારિક ચેતનાને ઉજાગર કરતાં વિધાનો સુચિંતનીય બની રહે છે. આવો, કેટલાંક મમળાવીએ:

* રાજકારણ ગંદું છે, નકામું છે, જીવનમાં રાજકારણને સ્થાન ન આપવું જોઈએ, આવું કહેનારા આપણને હજારો મળશે, પણ આજના યુગમાં જ્યારે આપણા રસોડા સુધી રાજકારણનો પ્રવેશ થઈ ચૂકયો છે ત્યારે આપણે શાંત ચિત્તે રાજકારણ અપનાવવું જોઈએ કે નહિ તે વિચારવાનો સમય પાકી ગયો છે... પાટીદારો ગુજરાતના રાજકારણમાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે એમ છે. પાટીદારો નિર્ણાયક છે.

* આજે ગુજરાત રાજ્યમાં અને ભારત દેશના રાજકારણમાં જે નવાં પરિવર્તનો દેખાઈ રહ્યાં છે અને દરેક રાજકીય પાર્ટીઓ મતોનું રાજકારણ ખેલી રહી છે. તેમાં કોમવાદ, જ્ઞાતિવાદ, પ્રાંતિયવાદને બહેકાવી સમાજોનું વિભાજન કરી ટૂંકા રસ્તાઓ દ્વારા સત્તા પ્રાપ્ત કરવા માટેનું જે રાજકારણ ખેલાઈ રહ્યું છે તેમાંથી જો આપણે બોધપાઠ નહિ લઈએ અને એકબીજાના પગ ખેંચી આપણા ભાઈને પાછો પાડવાનું, પછાડવાનું જ કામ કરીશું તો આપણી નવી પેઢી આપણને કદીયે માફ નહિ કરે. રાજકીય સમજદારી (પોલિટિકલ અન્ડરસ્ટૅન્ડિંગ) કેળવવાની ખાસ જરૂર છે. આપણે એકબીજાને નુકસાન ન કરીએ તોપણ ઘણું છે.

* નવી પેઢીમાં વ્યસનો જે ધીરે-ધીરે કબજો કરી રહેલ છે. ભૌતિક સમૃદ્ધિ સાથે કેટલાક નવા કુરિવાજો પ્રવેશી રહ્યા છે. તે સામે આપણે બધાંએ સાથે મળીને આ બાબતમાં પણ વિચારવાની જરૂર છે. પરિવાર અને સમાજ સુખ-દુઃખમાં એકબીજા સાથે રહે ને એકબીજાના વિકાસમાં મદદરૂપ બને તેવી વ્યવસ્થા વર્ષોથી ચાલે છે, તેને ટકાવી રાખો.

* આપણે વિશ્વશાંતિ માટે અને બીજા પ્રશ્નો માટે જે પ્રયત્નો કરી રહ્યા છીએ. તેના કરતાં આપણાં જંગલો, પહાડોને વીસ વર્ષ સીલ કરી દેવાં જોઈએ. કુદરતને કુદરતની રીતે ખિલવા દો, વિકસવા દો તેમાં જ સમગ્ર જીવમાત્રનું કલ્યાણ સમાયેલું છે. અકુદરતી રીતે કોઈ પણ પ્રવૃત્તિ કરવાથી જીવમાત્રને ભારે નુકસાન થતું હોય છે.

* બધું જ વેચજો પણ જમીન ન વેચતા. પાટીદાર સમાજ આજ તારીખ સુધી ટક્યો હોય તો તે જમીનના કારણે.

* આજે પાટીદાર સમાજમાં એવું બન્યું છે કે દીકરા ભણતા નથી અને દીકરીઓ ભણવા લાગી છે. પાટીદાર સમાજની દીકરીઓમાં એક મોટું જબરદસ્ત પરિવર્તન દેખાઈ રહ્યું છે. જે સમાજ માટે એક સારી નિશાની છે. પાટીદાર સમાજના સંસ્કાર અને સંસ્કૃતિ જાળવીને જો બહેનો આગળ આવશે તો સમાજનું મોટું સામાજિક પરિવર્તન થઈ શકશે.

* મા ઉમિયા એ આપણી કુળદેવી છે. આરાધ્ય દેવી છે. જેના આશીર્વાદથી આપણે સૌ પ્રગતિ કરી રહ્યા છીએ. ત્યારે તેને શું જોઈએ છે અને શું ખૂંટે છે ત્યારે મને એમ લાગ્યું કે સ્વામાનના ભોગે એને કંઈ પણ ખપતું નથી. આદર, માન સન્માન હોદાની તેને ઉત્કંઠા રહી છે.

સમગ્રતયા, પ્રસ્તુત પુસ્તક સવિશેષતઃ કડવા પાટીદાર સમાજ અને વ્યાપક પરિપ્રેક્ષ્યમાં સમસ્ત સમાજ માટે બહુવિધ રીતે ઉપયોગી બની રહેવાની સાથે જ લેખક મણિભાઈ 'મમ્મી'ની સમાજભક્તિ, સ્વસ્થ અને સમતોલ વિચારશક્તિનું દ્યોતક બની રહે છે. આ સાથે જ આપણે આભારી છીએ શિક્ષણવિદ ડૉ. મફતલાલ પટેલના કે જેમણે આ લેખો સુલભ કરાવી આપ્યા.

❑

**સાંપ્રત શિક્ષણ: દશા અને દિશા / તુલસીભાઈ પટેલ.** મહેસાણા: દર્શિતા પ્રકાશન, 2024. 160 પૃ. કિં. રૂ. 250. ISBN: 978-93-94465-34-3

પ્રસ્તુત પુસ્તકમાં શિક્ષણના વ્યાપક પરિપ્રેક્ષ્યમાં આનુષંગિક પાસાંઓ, જેમ કે, મૂલ્યનિષ્ઠા, બાળકનું શિક્ષણ અને માતાપિતા/કુટુંબની ભૂમિકા, શિક્ષક-આદર્શ શિક્ષક, પ્રાચીન ગુરુકુળ પરંપરા, વાંચન, વૅકેશન, સુલેખન, ધર્મ અને અધ્યાત્મ, અંધશ્રદ્ધા, અનામત-પ્રથા વગેરે બાબતોને આવરી લેતા 30 અભ્યાસપૂર્ણ લેખો ગ્રંથસ્થ છે. આ બધા લેખો આ પૂર્વે 'અભિર્દષ્ટિ', 'અચલા', 'ઘરશાળા', 'પ્રગતિશીલ શિક્ષણ', 'સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત' વગેરે સામયિકોમાં પ્રગટ થઈ ચૂક્યા છે. આ લેખોમાં એક અધ્યયનશીલ અને સામાજિક નિસબત ધરાવતા ચિંતનશીલ અધ્યાપકનાં દર્શન થાય છે. લેખક સાંપ્રતકાલીન શિક્ષણ અને સામાજિક સમસ્યાઓ પ્રતિ અંગુલિનિર્દેશ કરીને અટકી ન જતાં સમસ્યાના મૂળમાં જઈને તેના સુચારુ ઉકેલો અને તે પણ અસંદિગ્ધ રીતે સૂચવતા રહે છે, જેમ કે, 'અનુકંપાની પરીક્ષા' શીર્ષક હેઠળના લેખમાં કેટલાંક વર્ષ પૂર્વે ઉજળિયાતોએ અનામત સામે જંગે ચઢીને જે આંદોલન ચલાવ્યું હતું તે વિશે પૂરી તટસ્થતા અને ઉત્તરદાયિત્વની સભાનતા સાથે અનામતપ્રથાની સાથે સંકળાયેલાં બહુવિધ પાસાંનાં લેખાં-જોખાં લઈને તારવેલ મંતવ્ય 'કેટલા ગરીબ નિર્દોષોનો આપણે ભોગ લીધો? આપણી અંદર દયાનું ઝરણું કેમ સુકાઈ ગયું? ગાંધીને આપણે કેમ વિસરી ગયા? આપણે નરમાંથી નારાયણ બનવાનું છે, એને બદલે આપણે નરરાક્ષસ કેમ બની ગયા? અનામતપ્રથા, એ આપણી ન્યાયભાવના અને અનુકંપાની પરીક્ષા છે. આ પરીક્ષામાં આપણો ભદ્રવર્ગ નાપાસ થયો છે, એમ દુ:ખ સાથે કહેવું પડે છે... જ્યાં સુધી સામાજિક ગૌરવ અને ન્યાયનો ઉદેશ સિદ્ધ ન થાય ત્યાં સુધી અનામતનો પ્રબંધ, એ કામચલાઉ વ્યવસ્થા તરીકે સ્વીકારવો રહ્યો.' વધુમાં આ સાથે જ અનામતપ્રથાનો અમલ શરૂ કરવા પાછળ નીતિનિર્ધારકોની મંશા પ્રતિ ગર્ભિત પ્રશ્નાર્થ કરવાનું ચૂક્યા નથી - 'અનામતપ્રથા અંગે આ તાત્ત્વિક વિચારણા છે. વ્યવહારમાં તેનો અમલ કયા આશયોથી થઈ રહ્યો છે, એ એક અલગ ચર્ચાનો વિષય છે'. આ ઉપરાંત પ્રવર્તમાન સમયમાં ઘર કરી ગયેલ 'શિક્ષણમાં નિર્લજ્જ મૂડીવાદ' પ્રતિ આક્રોશપૂર્ણ શબ્દોમાં નોંધ્યું છે કે 'શિક્ષણ સંસ્થાઓ સ્થાપવી અને સુપેરે ચલાવવી એ સરકાર અને સમાજની ફરજ છે, પરંતુ એમણે હાથ અધ્ધર કરી દીધા છે; ને શિક્ષણને વેપારી કંપનીઓના હવાલે કરી દીધુ છે... પરિસ્થિતિ હૃદયદ્રાવક છે. છતાં દિગ્ગજ શિક્ષણવિદો ચૂપ છે. શા માટે ચૂપ છે?'માં લેખકની નિર્ભિકતા અને ન્યાયભાવનાનાં દર્શન થાય છે.

લેખક એક સંવેદનશીલ અને જીવંતશિક્ષક હોઈ 'શિક્ષકત્વ' તેમના આચાર-વિચારમાં અનુપ્રાણિત થઈ ગયું છે. જીવનમાં મૂલ્યનિષ્ઠાના આગ્રહી બની રહેવાની સાથે ગાંધીજીએ સૂચવેલ અગિયાર શાશ્વત મૂલ્યો-સત્ય, અહિંસા, અપરિગ્રહ, સ્વાર્થ, ત્યાગ, સર્વધર્મ સરખા ગણવા વગેરેના પાલનના આગ્રહી બની રહે છે. 'ઘર'ને મૂલ્યશિક્ષણનું ધરુવાડિયું ગણાવીને બાળકના વિકાસમાં માતા-પિતા/કુટુંબની ભૂમિકા સોદાહરણ સમજાવીને વડીલોને 'આત્મદર્શન' કરવા સૂચન કર્યું છે. એકાધિક લેખોમાં 'શિક્ષક હોવું એટલે શું' તેમજ સમાજમાં શિક્ષકની ભૂમિકા વિશેનું ચિંતન સુચિંતનીય બની રહે છે. 'શિક્ષક માટે સફળતાની સપ્તપદી?' લેખમાં સૂચવેલ સપ્તપદી – 'આનંદ, આવડત, આવર્તન, આત્મવિશ્વાસ, આચરણ, આત્મીયતા અને આત્મમૂલ્યાંકન'નું પાલન શિક્ષક ઉપરાંત કોઈ પણ વ્યવસાયિક માટે આગવી ઓળખનો આધારસ્તંભ બની રહે છે. આ ઉપરાંત શિક્ષણ સાથે સંબંધિત કેટલીક બાબતો, જેમ કે, સુલેખન, સ્લેટનો ઉપયોગ, વૅકેશન, વાંચન, જોડણી, સ્પર્ધા વગેરેનું વિદ્યાર્થીજીવનમાં મૂલ્ય અને તેની ઉપયોગિતા એક-એક સ્વતંત્ર લેખમાં સોદાહરણ સમજાવી છે.

ગ્રંથસ્થ લેખોમાં લેખકનું વ્યાપક વાંચન અને ચિંતન સ્પષ્ટ ઊપસી આવી છે. આ લેખોમાં દેશ-પરદેશના શિક્ષણચિંતકો, જેમ કે, ગાંધીજી, વિનોબા, દર્શક, નાનાભાઈ ભટ્ટ, ગુણવંત શાહ, વિમલાતાઈ, બર્ટ્રૉન્ડ રસેલ, આર્નોલ્ડ ટૉયન્બી,

ઈવાન ઈલીચ વગેરેના ચિંતનથી પ્રભાવિત જોવા મળે છે અને આ પૈકી ગાંધીજી, વિનોબા, દર્શક અને ઈવાન ઈલીચના શિક્ષણચિંતનના ભાષ્યકાર તરીકેની ભૂમિકા પણ સરાહનીય બની રહે છે.

પ્રસ્તુત ગ્રંથમાં અત્ર-તત્ર સુલભ થતાં ચિંતનમૌક્તિકો લેખકની સ્વસ્થ અને પ્રબુદ્ધ વૈચારિકચેતનાં દ્યોતક બની રહે છે.

* શિક્ષિત વ્યક્તિઓ સૌથી વધુ ભ્રષ્ટાચાર કરતી જોવા મળે છે એનું કારણ શું ? કારણ કે એમનો બૌદ્ધિકવિકાસ તો થયો છે; પરંતુ નૈતિક અથવા ચારિત્ર્યનો વિકાસ થયો નથી. ચારિત્ર્યના વિકાસ માટે મૂલ્યોનું શિક્ષણ ખૂબ ઉપયોગી છે (પૃ. ૮).

* નીતિ, સંસ્કાર અને ચારિત્ર્ય અંગેના આપણા ખ્યાલો મહદંશે સેક્સકેન્દ્રી છે, આપણે ત્યાં જૂઠો, દગાબાજ, આર્થિક દૃષ્ટિએ ભ્રષ્ટ માણસ પણ 'ચારિત્ર્યવાન' હોઈ શકે છે! પરંપરાપ્રાપ્ત ખોટા સંસ્કારોને કારણે 'ચારિત્ર્ય' અંગે આપણે પોકળ ખ્યાલોમાં અટવાયા કરીએ છીએ. (પૃ. ૩૨).

* શિક્ષણ એટલે ભાવિજીવનની પૂર્વતૈયારી. મનુષ્ય-જીવનની ગુણવત્તા વધારવી એ શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ છે (પૃ. ૩૬).

* શિક્ષણ એ પરિવર્તનનું સાધન છે, પરંતુ શિક્ષણનું માળખું સ્વયં અપરિવર્તશીલ હોય, એ કેવી કરુણતા! (પૃ. ૬).

* નોકરીમાં દાખલ થયા પછી મોટા ભાગના શિક્ષકોને માત્ર પગારમાં રસ હોય છે. તેઓ માત્ર વેતનભોગી નોકર હોય છે. તેઓ વિદ્યાવ્યાસંગી હોતા નથી. દર વરસે એમની કસોટી થતી રહે, ને નાપાસ થનારને રૂખસદ આપવામાં આવે તો તેઓ અપડેટ થવા પ્રયત્નશીલ અને સજાગ બને. (પૃ. ૧૦૪-૦૫).

* જ્ઞાતિવાદ અને મૂડીવાદ એ આપણી સમાજવ્યવસ્થા અને અર્થવ્યવસ્થાની વિકૃતિઓ છે. એમાંથી સ્થાપિત હિતો પેદા થયાં છે. આ સ્થિતિ ભારે અન્યાયકારી છે. જો આપણામાં ન્યાયભાવના હોય તો, આ અન્યાયકારી રચના દૂર કરવાની દિશામાં આપણે પ્રયત્નો કરવા જોઈએ (પૃ. ૧૧૯-૧૨૦).

* આપણે પછાતવર્ગનું સામાજિક ગૌરવ છીનવી લઈએ છીએ. ને બદલામાં અનામતનો ટુકડો ફેંકીએ છીએ! સામાજિક ગૌરવનો કોઈ વિકલ્પ હોઈ શકે નહીં. અનામતના ટુકડાથી પૂરેપૂરો ન્યાય થતો નથી. સામાજિક ગૌરવથી વંચિત લોકોને અનામતના ટુકડાથી સંતોષ થવો જોઈએ નહીં. એમણે તો સામાજિક ગૌરવ માટે જ સંઘર્ષ કરવો જોઈએ, પણ જ્યાં સુધી સામાજિક ગૌરવ અને ન્યાયનો ઉદ્દેશ સિદ્ધ ન થાય ત્યાં સુધી અનામતનો પ્રબંધ એ કામચલાઉ વ્યવસ્થા તરીકે સ્વીકારવો રહ્યો (પૃ. ૧૨૧).

* આજે તો ધર્મના નામે જે હિંસા, રક્તપાત અને આતંક ફેલાયો છે, એ જોઈને હૃદય રડી પડે છે. ધર્મના નામે અધર્મ! 'ધર્મયુદ્ધ' શબ્દ જ કેવો વિરોધાભાસી છે! યુદ્ધોમાં પણ આટલો રક્તપાત નહીં થયો હોય. ધર્મનો ધંધો શિક્ષણ કરતાંય વધુ નફાકારક! (પૃ. ૧૫૦-૧૫૧)

ઉલ્લેખનીય છે કે પ્રસ્તુત ગ્રંથના લેખક પ્રા. તુલસીભાઈ પટેલ મહેસાણાની મ્યુનિસિપલ આર્ટ્સ કૉલેજના હિન્દી વિભાગના સેવાનિવૃત્ત અધ્યક્ષ છે. તેઓશ્રી ૫૫ વર્ષની વયે સ્વૈચ્છિક સેવાનિવૃત્ત થઈને સ્વાન્તઃસુખાય વાંચન-ચિંતન-લેખનમાં વ્યસ્ત છે. પરિણામે તેમની પાસેથી શિક્ષણ, સાહિત્ય, સાહિત્ય વિવેચન, ચરિત્ર, પ્રવાસ, નિબંધ, બાળમનોવિજ્ઞાન, અનુવાદ, સંપાદન વગેરે વિષયક ૪૦થી અધિક સત્ત્વશીલ ગ્રંથો સુલભ થયા છે. આ પૈકી 'શિક્ષણ આદર્શ અને વાસ્તવ', 'સાહિત્ય આચમન', 'વાહ રે અમેરિકા', 'બાળકનું ઘડતર', 'સાધો સહજ જીવન ભલો, 'કાણ્ટ મેરા દોસ્ત' વગેરે ગ્રંથો વિશેષ ખ્યાતિ પામ્યા છે. તેમના વ્યકિતત્વની આગવી ઓળખ એટલે કોઈ જાતની લીપાપોતી વગરનું વાસ્તવદર્શી ચિંતન, લેખન અને અભિવ્યક્તિ કે જે સંબંધિતો માટે આંખ ઉઘાડનાર બની રહેવાની સાથે-સાથે તેમનો ભાવિ માર્ગ પ્રશસ્ત કરનાર પણ બની રહે છે. અર્થાત્ કોરો આદર્શવાદ કે 'પરોપદેશે પાંડિત્યમ્'ના સ્થાને નીરક્ષીર વિવેક સ્પષ્ટ જોવા મળે છે.

**મણિભાઈ પ્રજાપતિ**

●

# સંસ્થા સમાચાર

## યુનિવર્સિટી / કૉલેજ વિભાગ

### એમ.ઓ.યુ.

▪ અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ', 'શ્રીમતી મધુબેન પોપટલાલ પટેલ કૉલેજ ઑફ કૉમર્સ અને સેન્ટર ફૉર પ્રોફેશનલ કોર્સિસ' દ્વારા 'ટોપસન એનર્જી લિ'. સાથે વિદ્યાર્થીઓને ઇન્ટર્નશિપ, પ્લેસમેન્ટ અને ઔદ્યોગિક અનુભવ સંદર્ભે તા. ૨૨ ઑગસ્ટ, ૨૦૨૪ના રોજ એમ.ઓ.યુ. કરવામાં આવતાં વિદ્યાર્થીઓને એકાઉન્ટિંગ અને અન્ય નાણાકીય ક્ષેત્રમાં તાલીમનો લાભ મળશે. આ એમ.ઓ.યુ.ને ક્રિયાન્વિત કરવામાં ફેકલ્ટી ડીન પ્રિ. ડૉ. વિજ્ઞા ઓઝા અને તેમની ટીમ તથા પ્લેસમેન્ટ સેલનું યોગદાન રહ્યું છે.

### ઔદ્યોગિક / શૈક્ષણિક મુલાકાત

▪ 'શ્રીમતી એમ. પી. પટેલ કૉલેજ ઑફ કૉમર્સ ઍન્ડ સેન્ટર ફૉર પ્રોફેશનલ કોર્સિસ', કડીના વિદ્યાર્થીઓને જી.આઈ.ડી.સી., ભુડાસન સ્થિત વિશાલ સિન્થેટીક્સની મુલાકાતે તા. ૯ ઑક્ટોબર રોજ તથા અદાણી-મુદ્રા પાર્ટની મુલાકાતે તા. ૧૬-૧૭ સપ્ટેમ્બરના દિવસોમાં લઈ જવામાં આવ્યા હતા. આ મુલાકાતો આયોજિત કરવા પાછળનો ઉદ્દેશ્ય યુવાઓમાં સાહસિકતા કેળવવા અને જીવનમાં મોટાં સપનાં જોવાં માટે પ્રોત્સાહિત કરવાનો હતો.

▪ 'અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ'ના વિદ્યાર્થીઓને ૧૪ ઑક્ટોબર ૨૦૨૪ના રોજ ફોર્ચ્યુન પ્લાસ્ટિક ઇન્ડસ્ટ્રીઝ, કલોલની ઔદ્યોગિક મુલાકાતે લઈ જવામાં આવતાં વિદ્યાર્થીઓએ ઇન્ડસ્ટ્રીઝના કામકાજ, પ્રોડક્શન પ્રક્રિયા, પ્લાસ્ટિક ઇન્ડસ્ટ્રીઝ ઉદ્યોગની કામ કરવાની પદ્ધતિ અને ઉપયોગમાં લેવાતી આધુનિક ટેક્નૉલૉજી વિશે, તેમજ તા. ૧૫ ઑક્ટોબરના રોજ કેપિટલ ઑફસેટ, ગાંધીનગરની મુલાકાતે લઈ જવામાં આવતાં પ્રિન્ટિંગ પ્રેસ સંબંધી જાણકારી મેળવી હતી.

▪ 'એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન' અને 'આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ્. કૉલેજ'ના તાલીમાર્થીઓએ તા.૧૫/૧૦/૨૦૨૪ના રોજ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી સંચાલિત કડીની તમામ શૈક્ષણિક સંસ્થાઓ, છાત્રાલયો, ઑડિટોરિયમ હૉલ, મધ્યસ્થ કાર્યાલય અને ગૌશાળાની અને તા. ૨૫ ઑક્ટોબરના રોજ દાંડીકુટીરની મુલાકાત લીધી હતી.

### કાર્યશિબિર

▪ 'બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ ઍડમિનિસ્ટ્રેશન'ના શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક સ્ટાફ માટે યુનિવર્સિટીના મેન્ટલ હેલ્થ ઍન્ડ વેલબીઈંગ વિભાગ (M.H.W.D.)નાં ડાયરેક્ટર ડૉ. જિનલ જોશીના સહયોગથી સ્ટ્રેસ મેનેજમેન્ટ વિષય પર કાર્યશિબિરનું આયોજન તા. ૨૪ ઑગસ્ટના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં M.H.W.D. વિભાગનાં પ્રા. શ્રુતિ તિવારીએ સ્ટ્રેસ તેમજ ડિપ્રેશન આવવાનાં મુખ્ય કારણો તેમજ તેને દૂર કરવાના ઉપાયો બાબતે માર્ગદર્શન આપ્યું હતું.

### જીવન જીવવાની કળા

▪ 'અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ' દ્વારા કૉલેજ અધ્યાપકો માટે આર્ટ ઑફ લિવિંગ વિષયક સેમિનારનું તા. ૧૪ સપ્ટેમ્બરના રોજ આયોજન કરવામાં આવતાં શ્રી ઈશાન મિસ્ત્રીએ ધ્યાન વિશે અને શ્રી અર્જુન શાહે ધ્યાનની વિવિધ પદ્ધતિઓ અને તેના માનસિક તથા શારીરિક ફાયદા અંગે સમજાવ્યું હતું.

### રમતગમત

▪ વિશ્વવિદ્યાલયના શારીરિક શિક્ષણ અને રમતગમત વિભાગ દ્વારા વિવિધ કૉલેજો વચ્ચે આયોજિત વિવિધ રમતોની સ્પર્ધાનું પરિણામઃ **કબડ્ડી** (મહિલા)ઃ એન.પી.સી.સી.એસ. BCA વિજેતા, એમ.પી. સી.સી. રનર અપ; **હૅન્ડબૉલ (પુરુષ)**ઃ એલ.ડી. આર.પી. વિજેતા, એસ.વી.આઈ.એમ. રનરઅપ; **કબડ્ડી (પુરુષ)**ઃ બી.પી.સી.સી.એસ. વિજેતા, એન.પી. સી.સી.એસ. રનર અપ; **બૅડમિન્ટન (મહિલા)**ઃ આર.

એચ. પટેલ બીએડ્. કૉલેજ વિજેતા, એન.પી.સી.સી. એસ.એમ. રનર અપ; **બેડમિન્ટન (પુરુષ)**: કે.બી. આઈ.પી.ઈ.આર. વિજેતા, બી.પી.સી.બી.એ. રનર અપ; **વૉલીબૉલ (પુરુષ)**: એ.એ.પી.સી.સી. વિજેતા, કે.બી.આઈ.પી.ઈ.આર. રનર અપ; **ખોખો (મહિલા)**: એન.પી.સી.સી.એસ.એમ. વિજેતા, એમ.પી.સી.સી. રનર અપ અને **ખોખો (પુરુષ)**: એચ.પી.પી.પી. જી.આઈ.સી. વિજેતા, એસ.વી.પી. બી.એડ્. રનર અપ.

▪ કડી સર્વ વિશ્વવિદ્યાલયના ખેલાડીઓએ IIM, અમદાવાદમાં આયોજિત શૌર્ય કપ ૨૦૨૪ (ક્રિકેટ)માં ચૅમ્પિયન બનવાનું ગૌરવ મેળવ્યું. દિનેશ પ્રજાપતિની પ્લૅયર ઑફ ધ મૅચ તરીકે પસંદગી થઈ. આ ઉપરાંત આ વિશ્વવિદ્યાલયની ક્રિકેટ ટીમ IIT ગાંધીનગરમાં આયોજિત ICL CITT ક્રિકેટ લીગ, ૨૦૨૪માં રનર અપ બની.

## વુમન ડેવલપમેન્ટ સેલ

▪ 'વુમન ડેવલપમેન્ટ સેલ' દ્વારા સૌંદર્યકળા કાર્યશિબિરનું આયોજન તા.૧૪/૯/૨૪ના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં 'કડી સર્વ વિશ્વવિદ્યાલય'ની વિવિધ કૉલેજોની વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થિનીઓએ શિબિરમાં શીખવેલ મેક-અપ એકબીજા પર કરીને પ્રાયોગિક તાલીમ મેળવી હતી. ગાંધીનગરના ખ્યાતનામ બ્યુટીપાર્લરનાં સંચાલિકા શ્રી અસ્મિતાબહેને સૌંદર્યકલા શીખવી હતી. આ ઉપરાંત આ સેલના ઉપક્રમે શ્રી અહલ્યાભાઈ હોલ્કરના જીવન આધારિત નાટ્ય પ્રસ્તુતિ કાર્યક્રમનું આયોજન તા. ૧૯ સપ્ટેમ્બરના રોજ કરવામાં આવ્યું હતું.

## વ્યસનમુક્તિ

▪ 'એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન' અને 'આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ્. કૉલેજ' તેમજ 'લાયન્સ ક્લબ', ગાંધીનગરના ઉપક્રમે N.S.S. પ્રવૃત્તિ અંતર્ગત તા. ૧૦/૧૦/૨૪ના રોજ વ્યસનમુક્તિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ફૂડ અને ડ્રગ્સ વિભાગના ઇન્સ્પેક્ટર ડૉ. જયેશભાઈ પટેલે દારૂ, ડ્રગ્સ, સિગારેટ, બીડી અને તમાકું જેવા નશીલા પદાર્થોના સેવનથી થતા રોગો અને નુકસાન અંગે સમજાવ્યું હતું. 'લાયન્સ ક્લબ'નાં ડાયરેક્ટર શ્રીમતી મીનાક્ષીબહેને વ્યસન ન કરવા માટેના શપથ લેવડાવ્યા હતા.

## વ્યાખ્યાન

▪ 'બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન'ના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રેયાંસ કનીજીયા (વાઇસ પ્રેસિડન્ટ, DCB બૅંક)ને તજ્જ્ઞ તરીકે તા. ૨૮ સપ્ટેમ્બરના રોજ આમંત્રિત કરવામાં આવ્યા હતા. વક્તાશ્રી એ બૅંકિંગ ક્ષેત્રના ઇતિહાસ તેમજ તેના અસ્તિત્વ અને તેમાં સમયાંતરે આવેલ ફેરફારો તેમજ ભારતીય અને વૈશ્વિક અર્થતંત્રના વિકાસ, સ્પર્ધાત્મક પરીક્ષાઓ વગેરે બાબતે તલસ્પર્શી માહિતી આપી હતી. Roompe પ્રા. લિ.ના અને Mealpe પ્રા. લિ.ના સ્થાપક મૅનેજિંગ ડિરેક્ટર, તેમજ ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી સત્ય મહેતાના વ્યાખ્યાનનું આયોજન તા. ૨૯ ઑગસ્ટના રોજ કરવામાં આવ્યું હતું. વક્તાશ્રીએ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા વિવિધ યોજનાઓ અંતર્ગત આપવામાં આવતી સહાયતા બાબતે માર્ગદર્શન આપ્યું હતું. તેમજ તૃતીય વર્ષના વિદ્યાર્થીઓને બીબીએ બાદ નવા સ્ટાર્ટઅપની શરૂઆત માટે અનેક ક્ષેત્રોમાં શરૂઆત માટે નવા વિચારો અને ઉદાહરણો આપ્યાં હતાં. આ બંને વક્તાશ્રીએને આવકારીને પ્રસંગોચિત ઉદ્‌બોધન પ્રિ. ડૉ. પૃષ્ટિ દ્વારા કરવામાં આવ્યું હતું.

▪ 'શ્રીમતી એમ. પી. પટેલ કૉલેજ ઑફ કૉમર્સ', કડીના વિદ્યાર્થીઓ માટે અનુભવોનું આદાનપ્રદાન અને વાણિજ્ય વિશે ભૂતપૂર્વ વિદ્યાર્થિની એકતા પટેલના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમણે કૉલેજના અનુભવો જણાવીને અભ્યાસ સાથે અન્ય વિષયનું વાંચન પર ભાર મૂકી ગ્રંથાલયનો મહત્તમ ઉપયોગ કરવા જણાવ્યું હતું.

▪ ફૅકલ્ટી ઑફ એજ્યુકેશન અને 'શ્રી મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળ'ના સંયુક્ત ઉપક્રમે 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ'ની વિવિધ શાળાઓ અને કૉલેજોના વિદ્યાર્થીઓ માટે તા. ૧૩/૦૯/૨૪ના રોજ 'શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં શ્રીકૃષ્ણનો સંદેશ' વિશે ચિલ્ડ્રન યુનિવર્સિટીના પ્રો. ડૉ. રાકેશભાઈ પટેલના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવતાં તેમણે જ્ઞાનમાર્ગ, કર્મમાર્ગ ભક્તિમાર્ગ, યોગમાર્ગ, બંધન અને મોક્ષનો માર્ગ, તત્ત્વજ્ઞાન, વગેરે વિશે સમજ આપી હતી.

## શિક્ષકદિન

▪ તા. ૫/૯/૨૪ના રોજ એસ. વી. કૉલેજ ઑફ એજ્યુકેશન અને સુરબા કૉલેજ ઑફ એજ્યુકેશનમાં ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિન નિમિત્તે શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી, જેમાં બન્ને કૉલેજોનાં ૧૯ તાલીમાર્થીઓએ પ્રિન્સિપાલ, અધ્યાપક, ગ્રંથપાલ, તેમજ વહીવટી કર્મચારી તરીકેની કામગીરીઓ કરી હતી. શૈક્ષણિક કાર્યક્રમના અંતે પ્રિ. ડૉ. ભાવિક એમ. શાહ તથા અધ્યાપકશ્રીનોના વરદહસ્તે તાલીમાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરીને પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં. ડૉ. ભાવિક શાહે સમાજ તથા રાષ્ટ્રઘડતરમાં શિક્ષકના મહત્ત્વ વિશે પ્રેરણા આપી સફળ શિક્ષક બનવા માટે શુભાશિષ પાઠવ્યા હતા.

## સર્વ નેતૃત્વ

▪ કડી સર્વ વિશ્વવિદ્યાલય' દ્વારા આયોજિત ૯૧મી સર્વ નેતૃત્વ શિબિર તા. ૨૯ ઑગસ્ટથી ૦૨ સપ્ટેમ્બર, ૨૦૨૪ દરમિયાન સર્વ વિદ્યાલય કૅમ્પસ, કડી ખાતે યોજાઈ ગઈ, જેમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત વિવિધ ૧૫ કૉલેજોના ૭૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પ્રારંભમાં ડૉ. ધર્મેન્દ્ર પટેલ દ્વારા પ્રશિક્ષકો શ્રી દીપક તૈરૈયા અને શ્રી ઉમા તૈરૈયાનું સ્વાગત અને પરિચય કરાવ્યો હતો. સ્વ. નેતૃત્વથી શરૂ કરી સર્વના નેતૃત્વના પાઠ શીખવવા અલગ અલગ પ્રવૃત્તિઓ, જેવી કે, યોગાસન, ફિલ્મ, પ્રેઝન્ટેશન, જૂથ સંવાદ, ટેલેન્ટ અભિવ્યક્તિ અને વિવિધ રમતો થકી ટાઇમ મૅનેજમેન્ટ, લીડરશિપ, ઇવેન્ટ મૅનેજમેન્ટ અને ટીમ વર્કિંગની ક્ષમતાને બહાર લાવવા માટેની તાલીમ પ્રશિક્ષકો દ્વારા અપાઈ હતી. તાલીમાર્થીઓને 'સદ્‌વિચાર પરિવાર વિકલાંગ પુનર્વાસ કેન્દ્ર' ઉવારસદની મુલાકાત કરાવાઈ હતી, જ્યાં ભરતભાઈ પ્રજાપતિએ સંસ્થાની વિસ્તૃત માહિતી આપી હતી. સમાપન સત્રમાં સર્વ વિદ્યાલય હોસ્ટેલના ગૃહપતિ શ્રી વિષ્ણુભાઈ પટેલે જીવન ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ૯૨મી શિબિરમાં ૮૦ વિદ્યાર્થીઓ જોડાયા હતા. વિદ્યાર્થીઓને ઉપર નિર્દેશિત તાલીમ આપવા ઉપરાંત 'આમ્રપાલી સંધ્યાજીવન કુટીર'ની મુલાકાતે લઈ જઈ વડીલો સાથે સંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

▪ સર્વ નેતૃત્વના તાલીમાર્થીઓ માટે ફૉલોઅપ સેશનનું આયોજન તા. ૨૫ ઑક્ટોબર, ૨૦૨૪ના રોજ મિકેનિકલ હૉલ, એલ.ડી.આર.પી., સેક્ટર-૧૫ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં ૩૦૦થી વધારે અને ૧૨ જેટલા અધ્યાપકશ્રીઓ જોડાયા હતા. શ્રી અમિતભાઈ ખત્રીએ રોડ સેફટી અને ટ્રાફિકની સમસ્યામાં આજના યુવાનો કેવી રચનાત્મક ભૂમિકા ભજવી શકે તે વિશે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

▪ 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ' અને 'કડી સર્વ વિશ્વવિદ્યાલય'ના વિવિધ સેલ દ્વારા ગાંધીનગર અને કડી સ્થિત 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ' સંચાલિત ૨૭ શાળાઓ, ૩૧ કૉલેજો અને ૯ હોસ્ટેલોમાંથી ઉપયોગી જીવનજરૂરિયાતની વસ્તુઓ જેમાં પુસ્તકો, કપડાં, પર્સ, રમકડાં, સ્ટેશનરી જેવી વસ્તુઓ એકત્રિત કરીને તેનું વિતરણ દિવાળીની ભેટ સ્વરૂપે ગાંધીનગર ખાતે સેક્ટર-૫, ૬, ૭, ૧૧, ૧૨, ૧૩, ૧૭, ૨૩, ૨૪, ૨૫, પેથાપુર ચરેડી, પ્રેસનો સ્લમ વિસ્તાર અને કડી ખાતે થોળ રોડ, મામલતદાર વિસ્તાર, નાની કડી, કરણનગર રોડ, સુજાતપુરા રોડ વગેરે વિસ્તારોમાં કરવામાં આવ્યું.

▪ વડીલ વંદના હેતુ 'કૈલાશધામ વૃદ્ધાશ્રમ'-પેથાપુર, 'રાહેલબા વૃદ્ધાશ્રમ'-મગોડી, 'મંગલ જીવન સિનિયર સિટીઝન'-નારદીપુર, 'જીવન સંધ્યા વૃદ્ધાશ્રમ વાનપ્રથ સેવા સમાજ' – નારણપુરા અમદાવાદ, 'શ્રી હરિ પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ વૃદ્ધાશ્રમ' – સચાણા, 'શાંતિધામ વૃદ્ધાશ્રમ' – નાની કડી વગેરે આશ્રમોના ૨૧૪ વડીલોને સર્વ વિદ્યાલય કૅમ્પસમાં બસ દ્વારા સન્માનપૂર્વક લાવવામાં આવ્યા હતા. કાર્યક્રમના ઉદ્‌ઘાટન સત્રમાં રામકૃષ્ણ વિવેકાનંદ કેન્દ્રના અધ્યક્ષ શ્રી રજનીકાંત ભટ્ટ, સર્વ વિદ્યાલયની હોસ્ટેલના મુખ્ય કૉ-ઑર્ડિનેટર કુમારભાઈ પંડ્યા, સર્વ નેતૃત્વના કૉ-ઑર્ડિનેટર ડૉ. ધર્મેન્દ્ર પટેલ અને ડૉ. આશિષ ભુવાએ વિવિધ સંસ્થાના સંચાલકો અને વડીલોને આવકાર્યા હતા. ભાવિકા મરાડિયા દ્વારા સ્વાગત નૃત્ય રજૂ કરાયું હતું. ત્યારબાદ સંચાલકશ્રીઓનું પુસ્તકથી સ્વાગત કરાયું હતું. વડીલોના મનોરંજન માટે ગુજરાતના જાણીતા હાસ્ય કલાકાર શ્રી અજયભાઈ બારોટને ખાસ નિમંત્રિત

કરવામાં આવ્યા હતા. ભોજન બાદ યુવાનો દ્વારા રાસ, ગરબા, મિમિક્રી વગેરેની પ્રસ્તુતિ કરવામાં આવી હતી, તેમજ રામસખા મંડળના યુવાનો દ્વારા ભક્તિ સંગીત કાર્યક્રમનું આયોજન કરાયું હતું. કાર્યક્રમના અંતે વડીલોની આરતી ઉતારવામાં આવી હતી.

▪ 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ', કડી સંચાલિત 'સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર', સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે સર્વ નેતૃત્વ, એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ અને એમ.સી.એ. કૉલેજના યુવાનો દ્વારા સાયબર સિક્યોરિટી વિશે જાગરૂકતા કેળવવાના કાર્યક્રમનું આયોજન કરાયું, જેમાં ધોરણ ૯થી ૧૨ના ૨૨૦ વિદ્યાર્થીઓને ઑનલાઇનથી થતા ફ્રૉડ વિશે જાણકારી આપવામાં આવી હતી. આચાર્યશ્રી ભાવેશભાઈ જાનીએ ટીમનું સ્વાગત કરી આભાર પ્રગટ કર્યો હતો.

▪ સર્વ નેતૃત્વની ટીમ દ્વારા ગાંધીનગર સ્થિત સેક્ટર-૨૮ ખાતે આવેલ 'સમર્પણ મુક બધિર શાળા'નાં બાળકો સાથે અવનવી રમતો રમીને એમનું મન પ્રફુલ્લિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

### સંગત-૨૦૨૪

▪ 'કડી સર્વ વિશ્વવિદ્યાલય' દ્વારા 'યુવક મહોત્સવ સંગત ૨૦૨૪'નું આયોજન ૧૮, ૨૦ અને ૨૧ સપ્ટેમ્બરના દિવસોમાં કડી સ્થિત 'નરસિંહભાઈ પટેલ કૉલેજ ઑફ કમ્પ્યૂટર સ્ટડીઝ ઍન્ડ મેનેજમેન્ટ'ના યજમાનપદે કરવામાં આવ્યું હતું. આ મહોત્સવમાં 'એસ. વી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ', કડીના વિદ્યાર્થીઓએ મિમિકી, ફોક ઓરકેસ્ટ્રા, સમૂહસંગીત, શીઘ્ર ફોટોગ્રાફી, કૉલાજ અને ચર્ચામાં પ્રથમ ક્રમ, હળવું કંઠ્ય સંગીત, કાવ્યપૂર્તિ અને કાવ્યપઠનમાં બીજો ક્રમ તેમજ પોસ્ટર મૅકિંગ, મેંદી અને ક્લે મૉડલિંગમાં ત્રીજો ક્રમ મેળવ્યો હતો. સંસ્થાના મંત્રી શ્રી ડૉ. જયંતીભાઈ પટેલ અને માનનીય ચૅરમૅન શ્રી વલ્લભભાઈ પટેલના વરદહસ્તે વિજેતાઓને ચૅમ્પિયન ટ્રૉફી એનાયત કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે આ યુવક મહોત્સવમાં જાણીતા કવિ અને લેખક શ્રી અંકિત ત્રિવેદી અને જાણીતાં એક્ટર અને હેલ્થ કોચ સપના વ્યાસ ઉપસ્થિત રહ્યાં હતાં.

### સંશોધન કાર્યશિબિર

▪ 'એસ. વી. કૉલેજ ઑફ એજ્યુકેશન' અને 'સૂરજબા કૉલેજ ઑફ એજ્યુકેશન', કડીના સંયુક્ત ઉપક્રમે તા. ૨૮થી ૩૦ ઑગસ્ટ, ૨૦૨૪ દરમિયાન 'Essential Preparation for Research Project' વિશે કાર્યશિબિરનું આયોજન કરવામાં આવતાં તજ્જ્ઞ શ્રી ડૉ. સતીશ પ્રકાશ શુક્લાએ રિસર્ચ પ્રોજેક્ટ પ્રસ્તાવ તૈયાર કરવા ખાસ કઈ-કઈ બાબતોને ધ્યાનમાં રાખવી અને કેવા પ્રકારના પ્રોજેક્ટ હાથ ધરી શકાય તે વિશે ઊંડાણપૂર્વકની સમજ આપી હતી. આ શિબિરમાં અધ્યાપકોએ પોતપોતાના પ્રોજેક્ટ સંદર્ભે તજ્જ્ઞશ્રી સાથે ચર્ચા કરી માર્ગદર્શન મેળવ્યું હતું.

## શાળા વિભાગ

### અધ્યાપક પ્રશિક્ષણ

▪ 'એસ. જી. ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ'ના શિક્ષકો માટે સર્વ વિદ્યાલયની ભગિની શાળાઓના પ્રિન્સિપાલશ્રીઓના માર્ગદર્શન હેઠળ ફૅકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ નવેમ્બર માસમાં યોજવામાં આવતાં પ્રથમ દિવસે 'એસ. વી. પ્રિ-પ્રાઇમરી સ્કૂલ'નાં પ્રિ. જિજ્ઞા બુચ દ્વારા 'ટીચર્સ એટીટ્યૂડ ટૂવર્ડસ ટીચર્સ ઍન્ડ પેરેન્ટસ', બીજા દિવસે 'શિવહરિ સ્કૂલ'ના પ્રિ. રાજકુમાર વર્મા દ્વારા 'ગ્લોબલ વૉર્મિંગ' અને ત્રીજા દિવસે ભવકુંજ સ્કૂલના પ્રિ. શ્રી અજુ થૉમસ દ્વારા 'આર્ટ ઇન્ટિગ્રેશન' વિશે સમજ પૂરી પાડવામાં આવી હતી. જ્ઞાન, રમતગમત તથા નૂતન વિચારોથી સભર ફૅકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામમાં વિદ્યાર્થીઓની કૌશલ્યશક્તિનો વિકાસ થાય અને પ્રગતિ કરે તે અંગે શિક્ષકોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

### આરોગ્ય

▪ 'શ્રી જે. બી. પ્રાથમિક શાળા'માં શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી યજ્ઞેશભાઈ ત્રિવેદી દ્વારા તા. ૧૧/૧૦/૨૦૨૪ના રોજ શિક્ષકોને A.D.H.D. વિશે માહિતી આપવામાં આવી હતી. કોવિડ દરમિયાન જે

બાળકોનો જન્મ થયો છે, તે બાળકોમાં A.D.H.D.નાં લક્ષણો વિશે પણ સમજ આપવામાં આવી હતી.

▪ 'શેઠ સી. એમ. હાઈસ્કૂલ ઍન્ડ હાયર સેકેન્ડરી સ્કૂલ'માં તા. ૨૪થી ૨૮/૯/૨૦૨૪ દરમિયાન શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ અંતર્ગત આર.બી. એસ.કે. મેડિકલ ટીમ, અર્બન હેલ્થ સેન્ટર, ગાંધીનગર દ્વારા ધોરણ ૯થી ૧૨ના ૧૫૦૦ વિદ્યાર્થીઓના આરોગ્યની તપાસ કરીને શારીરિક રીતે તકલીફ ધરાવતા વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને સારવાર માટે ભલામણ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત વિદ્યાર્થિનીઓ માટે શાળાને સેનેટરીપેડની સુવિધા પૂરી પાડી હતી.

## કલાત્મક પ્રવૃત્તિ

▪ 'શ્રીમતી આર. એન. પટેલ પ્રાઇમરી સ્કૂલ'માં કઠોળ અને અનાજના દાણાના ઉપયોગથી કલાકૃતિ તથા પાંદડાંમાંથી વિમાન બનાવવાની પ્રવૃત્તિ; 'શ્રીમતી એમ. બી. ગર્લ્સ સ્કૂલ'માં દિવાળીકાર્ડ, રંગોળી, કાગળનાં પક્ષીઓ, ફૂલદસ્તો, જન્મદિનકાર્ડ, માટીના ગણેશજી, ઘડિયાળ બનાવવાની પ્રવૃત્તિઓનું; 'શ્રીમતી એસ. જી. ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ'માં કાગળની ડિશ, કુંભ અને દીવા સજાવટ, પેન્સિલના ટૂકડાઓમાંથી કલાકૃતિ બનાવવી; 'શ્રીમતી એસ. ડી. પટેલ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ'માં દાંડિયા સુશોભન; 'એસ. વી. ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ'માં દિવાળી શુભેચ્છાકાર્ડ, દીવાઓ અને કુંભની સજાવટ, જન્મદિન ટોપી, પેન્સિલના ટૂકડા તથા રંગબેરંગી કાગળોમાંથી કલાત્મક કૃતિઓ, કાગળમાંથી પક્ષીઓ બનાવવાં; 'શ્રી જે. બી. પ્રાઇમરી સ્કૂલ'માં પાંદડાંમાંથી ગણપતિ, પંખીઘર, ફોટોફ્રેમ, ફૂલહાર બનાવવા અને કુંભ, દાંડિયા અને દીવડા સશોભન, પગ લૂછણિયું બનાવવાની પ્રવૃત્તિઓનું; 'મહાત્મા ગાંધી વિદ્યામંદિર'માં મેંદી મૂકવાની અને ઇકો-ફ્રેન્ડલી ગણેશજીની કલાત્મક મૂર્તિ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું.

## કલામહોત્સવ

▪ ૧૧મી સપ્ટેમ્બરે QDC કક્ષાના કલામહોત્સવમાં 'મહાત્મા ગાંધી વિદ્યામંદિર'ના બે વિદ્યાર્થીઓએ વાદ્યસ્પર્ધામાં પ્રથમ નંબર મેળવ્યો, એક વિદ્યાર્થીએ લોકગીતસ્પર્ધામાં દ્વિતીય નંબર મેળવ્યો તેમજ ચાર વિદ્યાર્થીઓએ બાળકવિ અને લોકગીતસ્પર્ધામાં તૃતીય નંબર મેળવ્યો. ૨૩મી સપ્ટેમ્બરે SVS કક્ષાના કલામહોત્સવમાં એક વિદ્યાર્થીએ સંગીત-વાદનમાં પ્રથમ સ્થાન મેળવ્યું અને એક વિદ્યાર્થીએ દ્વિતીય સ્થાન મેળવ્યું.

## ક્વિઝ

▪ 'શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાઇમરી સ્કૂલ'માં નિસર્ગ કૉમ્યુનિટી સાયન્સ સેન્ટર તથા 'જેડા'ના સંયુક્ત ઉપક્રમે ઊર્જા ક્વિઝનું આયોજન તા. ૨૧ નવેમ્બરના રોજ કરવામાં આવ્યું હતું, જેમાં ૧૦ વિદ્યાર્થિનીઓને મેળવેલ ગુણના આધારે રોકડ પુરસ્કાર - એનાયત કરી પુરસ્કૃત કરવામાં આવી હતી.

## ગણિત-વિજ્ઞાન પ્રદર્શન

▪ તા. ૧૨/૯/૨૪ના રોજ સેક્ટર-૨૩ની સરકારી શાળામાં ક્લસ્ટર કક્ષાનું 'ગણિત-વિજ્ઞાન પ્રદર્શન-૨૦૨૪'નું આયોજન કરવામાં આવતાં 'શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળા'એ મૅથેમેટિકલ મૉડલિંગ અને કમ્પ્યૂટેશનલ થિંકિંગ વિભાગમાં રજૂ કરેલ જિયોમૅટ્રિક પાર્ક કૃતિએ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો.

▪ 'એસ. વી. ઇંગ્લિશ પ્રાઇમરી સ્કૂલ'ના ધોરણ ૭ અને ૮ના વિદ્યાર્થીઓએ 'જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર દ્વારા આયોજિત સી.આર. સી. કક્ષાના બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનમાં નેચરલ ફાર્મિંગ અને વેસ્ટ મૅનેજમેન્ટ વિષય પર રજૂ કરેલ કૃતિ જિલ્લાસ્તરે પ્રદર્શન માટે પસંદગી થઈ.

## ગણેશોત્સવ

▪ તા. ૧૦/૦૯/૨૪ના રોજ સેક્ટર-૨૨ના રંગમંચ ખાતે આયોજિત સાર્વજનિક ગણેશોત્સવમાં 'શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળા'ના ધોરણ ૬થી ૮ના ૨૦ વિદ્યાર્થીઓએ દેશભક્તિ ગીતો – 'યે દેશ મેરે, સૂનો ગૌર સે દુનિયા વાલો, કહતે હમકો પ્યાર સે ઇન્ડિયાવાલે' રજૂ કરતાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો. સંચાલક દ્વારા રોકડ પુરસ્કાર આપી વિદ્યાર્થીઓને પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. આ શાળા ઉપરાંત 'શ્રી જે. બી. પ્રાઇમરી સ્કૂલ'ના વિદ્યાર્થીઓએ દેશભક્તિગીત પ્રસ્તુત કરતાં સમગ્ર

ટીમને રા. ૧૦૦૦/-નું પ્રોત્સાહક ઇનામ આપવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં 'શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાઇમરી સ્કૂલ'ની ટીમે પણ ભાગ લીધો હતો.

## ગાંધીજયંતી

▪ 'શ્રી વી. એમ. પટેલ કુમાર' અને 'શ્રીમતી એચ. વી. પટેલ કન્યા બાલમંદિર'ના સંયુક્ત ઉપક્રમે તા. ૨ ઑક્ટોબરના રોજ ગાંધીજયંતીની ઉજવણી કરવામાં આવી, જેમાં બાલવાટિકામાં વાઘેલા કૃણાલ રાજેન્દ્રસિંહે ગાંધીજીની વેશભૂષા ધારણ કરી ગાંધીજીનો પાંચ વાક્યોમાં પરિચય આપ્યો હતો, તેમજ સ્વચ્છતાનો પાઠ શીખવ્યો હતો.

## ગીતસ્પર્ધા

▪ 'એસ. જી. ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ'ના વિદ્યાર્થીઓએ ભારત વિકાસ પરિષદ દ્વારા આયોજિત રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધામાં સંસ્કૃત 'અ' વિભાગમાં દ્વિતીય નંબર પ્રાપ્ત કર્યો.

## ચિત્રકલા

▪ 'શ્રી જે. બી. પ્રાથમિક શાળા'માં તા. ૨૮ સપ્ટેમ્બરના રોજ ચિત્ર સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને શ્રી ધાર્મિક જાનીએ કલાકૃતિમાં રંગો વાપરવા અંગે વિસ્તૃત સમજૂતી આપી હતી, તેમજ બાળકોના પ્રશ્નોના ઉત્તરો આપ્યા હતા.

## જળશક્તિ અભિયાન

▪ યુવાપેઢીને જળસંરક્ષણ અંગે જાગૃત કરવાના હેતુસર ૨૦મી સપ્ટેમ્બરે 'જળશક્તિ અભિયાન ૨૦૨૪' અંતર્ગત જળદૂત કાર્યક્રમનું આયોજન 'મહાત્મા ગાંધી વિદ્યામંદિર'માં કરવામાં આવ્યું. આ સાથે સાયબર ક્રાઈમ અવેરનેસ પ્રોગ્રામ પણ યોજાયો. જેમાં ક્રાઈમ બ્રાન્ચના પ્રતિનિધિ શ્રી જિજ્ઞેશભાઈ મોદીએ ઑનલાઇન છેતરપિંડી તથા તેનાથી બચવાના ઉપાયોની સમજ આપી હતી.

## દવાઓની પ્રતિક્રિયા

▪ 'શેઠ સી. એમ. હાઈસ્કૂલ ઍન્ડ હાયર સેકેન્ડરી સ્કૂલ'માં તા. ૧૯/૯/૨૪ના રોજ 'કે. બી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફાર્માસ્યૂટિકલ એજ્યુકેશન ઍન્ડ રિસર્ચ'ના એડ્વર્સ ડ્રગ્સ રિએક્શન મૉનિટરિંગ સેન્ટર દ્વારા દવાઓના રિએક્શન અંગે જાગૃતિ કેળવવાનો સેમિનાર યોજવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓએ પ્રશ્નોત્તરી દ્વારા પોતાને ઉદ્ભવતા પ્રશ્નોનો ઉકેલ મેળવ્યો હતો. આચાર્ય ડૉ. મહેશભાઈ બી. ત્રાજિયાએ દવાઓના રિએક્શન સમયે લેવાની થતી કાળજી સમાજમાં ફેલાવવા વિદ્યાર્થીઓને હિમાયત કરી હતી.

## પર્યાવરણ

▪ પાલજની સરકારી હાઈસ્કૂલ અને પ્રાથમિક શાળામાં ગીર ફાઉન્ડેશનના સહયોગથી આધુનિક ખેતી સંદર્ભેના કાર્યક્રમનું આયોજન કરવામાં આવતાં ફાઉન્ડેશનનાં કૉ-ઑર્ડિનેટર શ્રી વૈશાલીબહેને વિદ્યાર્થીઓને કુદરતી ખાતર, ઔષધબાગ, વૃક્ષોનું વાવેતર અને જતન તેમજ સમગ્ર પર્યાવરણના જતન અંગે સમજણ આપીને પ્રત્યક્ષ તાલીમ આપી હતી. ફાઉન્ડેશન દ્વારા આ પ્રવૃત્તિમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## બાલોત્સવ

▪ 'શ્રી વી.એમ.પટેલ કુમાર અને શ્રીમતી એચ. વી. પટેલ કન્યા બાલમંદિર'માં બાળકોમાં બાળપણથી જ ઈમાનદારી, સંસ્કારોનું સિંચન થાય, ધાર્મિકભાવ કેળવાય મોબાઈલના ઉપયોગ વગેરે વિશે બાળવાર્તાનું તા. ૨૪ ઑક્ટોબરના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. બાળકોએ વિવિધ વેશભૂષામાં નાટકસ્વરૂપે બાળવાર્તા રજૂ કરી તેમજ તેને અનુરૂપ ગીત-નૃત્યની પ્રસ્તુતિ કરીને બાલોત્સવની ઉજવણી કરી હતી.

## બાલઊર્જા રક્ષકદળ

▪ 'શ્રી જે. બી. પ્રાથમિક શાળા'માં તા. ૩૧/૮/૨૪ના રોજ 'નિસર્ગ સાયન્સ સેન્ટર', ગાંધીનગર દ્વારા બાલઊર્જા રક્ષકદળ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચિરસ્થાયી ઊર્જા વિશે જાગૃતિ કાર્યક્રમ દ્વારા બાળકોને ઊર્જાની બચત કેવી રીતે કરવી અને તે અંગે લોકોમાં જાગૃતિ લાવવા માટે શ્રી હાર્દિકભાઈએ સમજ આપી હતી. આ વિષય સંદર્ભે લેખિતસ્પર્ધાનું આયોજન કરતાં, વિજેતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઇનામ પેટે રૂ. ૨,૦૦૦ એનાયત કરવામાં આવ્યા હતા.

## પરીક્ષાની ઉત્તરવહી નિદર્શન

▪ 'શેઠ સી. એમ. હાઈસ્કૂલ'માં ધોરણ-૯થી ૧૨ના વિદ્યાર્થીઓ અને વાલીઓને પ્રથમ પરીક્ષાની ઉત્તરવહી નિદર્શનનો કાર્યક્રમ તા.૨૩/૧૧/૨૪ના રોજ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે વિદ્યાર્થીઓ આગામી પરીક્ષામાં ઉત્કૃષ્ટ પરિણામ મેળવે તે માટે આચાર્યશ્રી તથા સુપરવાઇઝરશ્રીઓ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## રમતગમત

▪ વિશ્વવિદ્યાલયના શારીરિક શિક્ષણ અને રમતગમત વિભાગ દ્વારા યોજાયેલ 'યોદ્ધા ઇન્ટર સ્કૂલ ટૂર્નામેન્ટ સીઝન-૨'નું આયોજન 'મહાત્મા ગાંધી વિદ્યામંદિર', સેક્ટર-૧૭, ગાંધીનગરમાં તા.૪-૫ ઑક્ટોબર, ૨૦૨૪ના દિવસોમાં કરવામાં આવતાં અમદાવાદ, કડી, ગાંધીનગરની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓએ ફૂટબૉલ, કબડ્ડી, હેન્ડબૉલ, ચેસ, બેડમિન્ટન, ટેબલ-ટેનિસ, વૉલીબૉલ અને થ્રો-બૉલ જેવી વિવિધ રમતોમાં ભાગ લીધો હતો. જેમાં 'પી. એમ. ઠાકર આદર્શ હાઈસ્કૂલ', કડીએ ઑવર ઑલ વિજેતાનો ખિતાબ જીત્યો. ટૂર્નામેન્ટના ઉદ્ઘાટન સમારંભમાં 'કડી સર્વ વિશ્વવિદ્યાલય'ના સન્માનનીય પ્રેસિડન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. ટીમ રમતો અને વ્યક્તિગત રમતોના વિજેતાઓને રૂ.૧૫,૦૦૦/-, મેડલ અને ટ્રૉફી, જ્યારે રનરઅપ ટીમોને રૂ. ૧૦,૦૦૦/-, મેડલ અને ટ્રૉફી આપવામાં આવ્યાં. 'શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા'ની ટીમ હેન્ડબૉલમાં પ્રથમ ક્રમે વિજેતા થતાં રૂ. ૧૫,૦૦૦/-નો રોકડ પુરસ્કાર, મેડલ અને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં.

▪ 'શિવહરિ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ', કડીની વિદ્યાર્થિની ૮મા અખિલ ભારતીય શાળાકીય રમતોત્સવ અંતર્ગત કરાટેની રાજ્યકક્ષાની સ્પર્ધા સમા, વડોદરા ખાતે યોજવામાં આવી હતી, જેમાં અંડર-૧૪ કેટેગરીમાં નવ્યા અશોકભાઈ સુથારે ગુજરાત રાજ્યમાં પ્રથમ ક્રમાંક મેળવી ગોલ્ડ મેડલ મેળવ્યો છે.

▪ 'શ્રીમતી એસ. વી. પટેલ કન્યા અને શ્રી વી. એમ. પટેલ કુમાર બાલમંદિર'નાં બાળકો માટે રમતોત્સવનું આયોજન તા. ૫ ડિસેમ્બરના રોજ કરવામાં આવ્યું.

## રાષ્ટ્રીય સેવા યોજના

▪ સ્વચ્છતા સપ્તાહની ઉજવણીના ભાગરૂપે તા.૩/૯/૨૪ના રોજ 'શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા'ના રાષ્ટ્રીય સેવા યોજનાના ૨૦૦ સ્વયં સેવકોએ શાળાનાં સ્ટાફરૂમ, કાર્યાલય, સુપરવાઇઝર ઑફિસ, પુસ્તકાલય, સેક્ટર-૨૩ પોસ્ટઑફિસ, શૉપિંગ સેન્ટર, કૅમ્પસ સ્થિત પૂ. દાસકાકાની પ્રતિમા અને આચાર્યશ્રીની ઑફિસની સફાઈ ઉત્સાહથી સંપન્ન કરી હતી.

## વાર્તાલાપ

▪ 'એસ. વી. ઇંગ્લિશ પ્રાઇમરી સ્કૂલ' અને 'એસ. જી. ઇંગ્લિશ પ્રાઇમરી સ્કૂલ'માં ધોરણ ૧થી ૪ના વિદ્યાર્થીઓ માટે સમૂહ માધ્યમોની આપણા જીવનમાં થતી અસર વિશેના વાર્તાલાપનું આયોજન તા. ૨૨ નવેમ્બરના દિવસે કરવામાં આવ્યું હતું, જેમાં ફેસબુક, ટ્વિટર, વૉટ્સઅપ વગેરેના જીવનમાં થતા ફાયદા અને નુકસાન વિશે સમજાવવામાં આવ્યું હતું.

## વિજ્ઞાન પરિસંવાદ

▪ 'શ્રીમતી આર. એન. પટેલ પ્રાઇમરી શાળા'ના ધોરણ-૮ના વિદ્યાર્થી હર્ષ એન. ફુલતરિયાએ મુંબઈના નેહરુ સાયન્સ સેન્ટર ખાતે આયોજિત 'નૅશનલ સાયન્સ સેમિનાર-૨૦૨૪'માં 'આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ પોટેન્શિયલ ઍન્ડ કન્સર્ન્સ' વિષયમાં રાષ્ટ્રીયકક્ષાએ ગુજરાત રાજ્ય વતી પ્રતિનિધિત્વ કરતાં સમગ્ર ભારતના સ્પર્ધકોમાં દ્વિતીય નંબરે વિજેતા બની પુરસ્કાર પેટે ૨૪,૦૦૦/- રૂપિયાનો ચેક પ્રાપ્ત કર્યો. શ્રી હર્ષને શિક્ષિકા શ્રીમતી પારુલબેન પટેલે માર્ગદર્શન આપ્યું હતું. **અભિનંદન.**

## વિજ્ઞાનમેળો

▪ ૧૦મી સપ્ટેમ્બરે શાળાકક્ષાના વિજ્ઞાન મેળાનું આયોજન 'મહાત્મા ગાંધી વિદ્યામંદિર'માં કરવામાં આવતાં મુખ્ય મહેમાન તરીકે નિસર્ગ સાયન્સ સેન્ટરના કૉર્ડિનેટર શ્રી અનિલભાઈ અને વિદ્યા લાઇબ્રેરીના શ્રી પ્રદીપભાઈ વાઘેલા હાજર રહ્યા હતા. ભગિની

સંસ્થાઓના આચાર્યશ્રીઓની પ્રેરક ઉપસ્થિતિ પણ રહી. આ પ્રસંગે માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા વિજ્ઞાન વિષયની ૩૩ અને ગણિત વિષયની ૩ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી.

### વિદાય શુભેચ્છા સમારંભ

■ 'શેઠ સી. એમ. હાઈસ્કૂલ ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ'માં તા. ૩૧/૧૦/૨૦૨૪ના રોજ વયનિવૃત્ત થતા સેવકભાઈઓ શ્રી કાન્તિભાઈ પ્રજાપતિ, શ્રી કેશાભાઈ રાવળ અને શ્રી અંબાલાલભાઈ પટેલનો શુભેચ્છા સમારંભ યોજવામાં આવ્યો હતો. નિવૃત્ત થતા કર્મચારીઓનું શ્રીફળ, સાકર અને શાલ ઓઢાડીને બહુમાન કરવામાં આવ્યું. પ્રાસંગિક ઉદ્બોધનમાં આચાર્ય ડૉ. મહેશભાઈ બી. ત્રાજિયાએ નિવૃત્ત થતા કર્મચારીઓની પ્રામાણિકતા, નિષ્ઠા, ચોક્સાઈ, વફાદરી જેવા ગુણોને તથા શાળા પરિવારે વય નિવૃત્ત થતા કર્મચારીઓની સેવાઓને બિરદાવી હતી. ત્રણેય કર્મચારીઓએ પોતાના સેવાકાળ દરમિયાનના અનુભવોને યાદ કરીને સૌ પ્રતિ કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરી હતી.

### વૃક્ષોની ઓળખ

■ 'શ્રી વી. એમ. પટેલ કુમાર અને શ્રીમતી એચ. વી. પટેલ કન્યા બાલમંદિર'નાં નર્સરીનાં બાળકોને વિવિધ વૃક્ષો, આંબો, લીમડો, આસોપાલવ, ચંપો વગેરેની ઓળખ વેશભૂષા દ્વારા કરાવવામાં હતી.

### વ્યસન મુક્તિ

■ તા. ૧૩/૯/૨૪ના રોજ 'શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળા'માં 'લાયન્સ ક્લબ ઑફ ગાંધીનગર ફેમિના' તરફથી વ્યસન મુક્તિ કાર્યક્રમ અંતર્ગત કુસુમબહેન જોષી, નીતાબહેન પવાર, જ્યોતિબહેન પંચાલ અને બીનાબહેને વિદ્યાર્થીઓને કેવી રીતે વ્યસનથી દૂર રહી શકાય તે વિશે સરળ ભાષામાં સમજાવીને વ્યસન ન કરવા માટે પ્રતિજ્ઞા લેવડાવી હતી.

### વ્યાખ્યાન

■ 'શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળા'નાં ભૂતપૂર્વ વિદ્યાર્થિની શ્રી શ્રેયા ઓઝાને આમંત્રિત કરવામાં આવતાં અહીંના અભ્યાસ દરમિયાનની શાળાની વિવિધ ઘટનાઓનાં સંસ્મરણો વાગોળીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

■ 'એસ. જી. ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ'માં આરોગ્ય વિશે હોમિયોપેથી ડૉ. દિવ્યપ્રભાના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવતાં આરોગ્યની જાળવણી વિશે કસરત અને પૌષ્ટિક આહારનું મહત્ત્વ સમજાવ્યું હતું.

■ 'મહાત્મા ગાંધી વિદ્યામંદિર'માં વિદ્યાર્થીઓને પોક્સો એક્ટની જાણકારી પૂરી પાડવા તથા પોતાના હકો અને સ્વરક્ષણ અંગેના કાનૂનોથી વાકેફ કરવા 'કાનૂની શિક્ષણ શિબિર'નું આયોજન ૨૨ ઑગસ્ટના રોજ કરવામાં આવ્યું તથા શાળા કક્ષાએ નિર્ભયા ટીમની રચના કરવામાં આવી.

### શિક્ષકદિન

■ 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ', ગાંધીનગરની શાળા-કૉલેજોમાં ઉજવાયેલ શિક્ષકદિન નિમિત્તે જે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો તેમને તેમજ શ્રેષ્ઠ શિક્ષક અને આચાર્યની ભૂમિકામાં રહ્યા હતા તે તમામને પ્રમાણપત્ર અને શિલ્ડ એનાયત કરી સન્માનિત કરવા માટે તા. ૫ સપ્ટેમ્બરના રોજ 'શેઠશ્રી ખીમજી વિશ્રામ હૉલ' ખાતે કાર્યક્રમનું આયોજન ફેકલ્ટી ઑફ એજ્યુકેશનના યજમાનપદે કરવામાં આવ્યું હતું. જેમાં 'કડી સર્વ વિશ્વવિદ્યાલય'ની કૉલેજો તેમજ સંચાલિત શાળાઓના ૪૯ વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ શિક્ષક તરીકે તેમજ ૩૩ને શ્રેષ્ઠ આચાર્ય તરીકેની ભૂમિકા માટે શિલ્ડ આપી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. આચાર્ય તરીકે રહેલા ૩૩ વિદ્યાર્થીઓએ વિકસિત ભારતમાં શિક્ષકની ભૂમિકા વિષય ઉપર વક્તૃત્વસ્પર્ધામાં ભાગ લીધેલ અને તેમાંથી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, સ્નાતક - અનુસ્નાતક એમ ચાર વિભાગમાં વિજેતા બનેલા વિદ્યાર્થી-આચાર્યોએ સમારોહમાં વક્તવ્ય આપ્યું હતું. આ સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે 'સેન્ટ્રલ યુનિવર્સિટી ઑફ ગુજરાત'ના કુલપતિ પ્રો. ડૉ. રમાશંકર દુબેએ ભારતમાં ગુરુ-શિષ્યની પરંપરા અંતર્ગત આચાર્ય ચાણક્ય, દ્રોણાચાર્ય અને શ્રીકૃષ્ણનું ઉદાહરણ આપી શિક્ષકદિને આચાર્ય અને શિક્ષક બનેલા યુવાઓ પાસે ઘણી અપેક્ષાઓ રહેલી છે તેમ જણાવ્યું હતું. 'કડી સર્વ વિશ્વવિદ્યાલય'નાં ઇન્ચાર્જ ડાયરેક્ટર પ્રો. ડૉ. ગાર્ગી રાજપરાએ શિક્ષકે સમાજને ઉજાગર કરવાનું

કામ કર્યું છે તેમ જણાવ્યું હતું. વિદ્યાર્થી-આચાર્યોની વક્તૃત્વસ્પર્ધામાં પ્રાથમિક વિભાગમાં 'શ્રી જે. બી. પ્રાથમિક સ્કૂલ'નો વિદ્યાર્થી શ્રી વેદાંત દરજીએ પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો હતો.

▪ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર સંચાલિત શાળાઓ પૈકી 'શ્રીમતી આર. એન. પટેલ પ્રાઇમરી સ્કૂલ', 'શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા', 'શ્રીમતી એસ. જી. પટેલ ઇંગ્લિશ મીડિયમ પ્રાઇમરી સ્કૂલ', 'એસ. વી. ઇંગ્લિશ મીડિયમ પ્રાઇમરી સ્કૂલ', 'શ્રીમતી કે. એ. પટેલ શિવહરિ સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ', 'શ્રી જે. બી. પ્રાથમિક સ્કૂલ' અને 'મહાત્મા ગાંધી વિદ્યા મંદિર'માં શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી. પ્રત્યેક શાળામાં વિદ્યાર્થીઓ દ્વારા આચાર્ય, શિક્ષકો અને બિનશિક્ષક કર્મચારીઓની ભૂમિકા સોત્સાહ અદા કરવામાં આવી હતી. અધ્યાપન બાદ આયોજિત કાર્યક્રમમાં પ્રત્યેક શાળાના આચાર્યશ્રી અને શિક્ષકો દ્વારા વિદ્યાર્થી જીવનમાં શિક્ષકનું અને આજના દિવસનું માહાત્મ્ય સમજાવીને ભાગ લેનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરીને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું.

### શૈક્ષણિક મુલાકાત

▪ 'શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળા'નાં ધોરણ-૫ના વિદ્યાર્થીઓને તા.૩૦/૮/૨૪ના રોજ મહાત્મા મંદિર દાંડીકુટીરની મુલાકાતે લઈ જઈ ગાંધીજીવન વિશે પરિચિત કરાવવામાં આવ્યાં, ત્યાર બાદ ગાંધીનગરના રેલવે સ્ટેશનની મુલાકાતે લઈ જઈ રેલવેનો ઇતિહાસ, પ્લૅટફૉર્મ, ટિકિટ બારી, રિઝર્વેશન અને ટ્રેનમાં મળતી સગવડો વગેરે અંગે માહિતગાર કરવામાં આવ્યાં.

▪ 'શ્રી જે. બી. પ્રાથમિક શાળા'ના ધોરણ-૮ના વિદ્યાર્થીઓને અંબોડની મુલાકાતે તા. ૩ સપ્ટેમ્બરના રોજ લઈ જવામાં આવતાં વિદ્યાર્થીઓએ મહાકાળીમાતાનાં દર્શન કરી નદીકિનારાનું સૌંદર્ય માણ્યું, જ્યારે ધોરણ-૭નાં વિદ્યાર્થીઓને 'દાંડીકુટીર'ની મુલાકાતે લઈ જઈ ગાંધીજીવન વિશે પરિચિત કરાવવામાં આવ્યાં.

▪ 'નિસર્ગ સાયન્સ સેન્ટર'ની ભલામણથી 'મહાત્મા ગાંધી વિદ્યામંદિર'ના માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓને સાયન્સ સિટીની મુલાકાતે ૯ ઑગસ્ટેના રોજ લઈ જતાં વિદ્યાર્થીઓએ નેચરપાર્ક, રૉબોટિક ગૅલેરી અને એક્વેટિક ગૅલેરીની મુલાકાત લીધી તેમજ વિવિધ જ્ઞાનદાયક પ્રયોગો નિહાળ્યા.

▪ 'શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા'ની વિદ્યાર્થિનીઓએ તા. ૨૮ નવેમ્બરના રોજ અમૂલ મિલ્ક પ્રોડક્ટ, ભાટ, અમદાવાદની શૈક્ષણિક મુલાકાતે લઈ જવામાં આવી હતી. વિદ્યાર્થિનીઓને અમૂલ ડેરીની સ્થાપના, સંસ્થાપકો અને તેના ઇતિહાસની વિગતે માહિતી આપવામાં આવી હતી.

### શ્રુતલેખન

▪ 'શ્રીમતી આર. એન. પટેલ પ્રાઇમરી સ્કૂલ'માં ધો. ૩થી ૫નાં વિદ્યાર્થીઓ માટે તા. ૩/૧૨/૨૪ના રોજ શ્રુતલેખનસ્પર્ધાનું આયોજન બાળકોમાં ગ્રહણશક્તિ અને મૌલિક લેખનશક્તિ વધે તેમજ જોડણીમાં થતી ભૂલો સુધરે અને વિદ્યાર્થી સુવાચ્ય અક્ષરોમાં લખે તે હેતુસર કરવામાં આવ્યું. આ સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમના વિજેતા વિદ્યાર્થીઓને પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.

### સાયબર ક્રાઈમ

▪ 'શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા'ના રાષ્ટ્રીય સેવા યોજનાના ઉપક્રમે તા. ૨૭/૯/૨૪ના રોજ સાયબર ક્રાઈમ અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સાયબર ક્રાઈમ કાર્યાલયના શ્રી ભાવેશભાઈ રાવલે સાયબર ગુનાઓ, તેમાંથી બચવા માટેની તકેદારીઓ અને સાવધાનીઓ અંગે માહિતી આપી હતી. આચાર્યા શ્રીમતી કલ્પનાબહેન આર. પટેલે અતિથિવક્તાશ્રીનો પરિચય કરાવી તેમનું સ્વાગત કર્યું હતું.

### સૌરમંડળ

▪ 'શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાઇમરી સ્કૂલ'માં તા. ૨૪/૯/૨૪ના રોજ ધોરણ 2ની વિદ્યાર્થિનીઓ માટે સૌર પરિવારના ગ્રહોની વિશેષતા

અને ઓળખ હેતુ વિદ્યાર્થિનીઓ પાસે કાગળમાંથી રંગ પ્રમાણે વિવિધ ગ્રહો બનાવી દરેક ગ્રહનું મહત્ત્વ અને ઓળખ સમજાવી હતી.

### સ્વચ્છતા સપ્તાહ

▪ ૧૭મી સપ્ટેમ્બરથી ૨જી ઑક્ટોબર સુધી 'મહાત્મા ગાંધી વિદ્યામંદિર'માં સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી અંતર્ગત, બૅંક ઑફ ઇન્ડિયાના ઝોનલ મૅનેજર તથા અન્ય કર્મચારીઓએ શાળાની મુલાકાત લઈ સ્વચ્છતાનું મહત્ત્વ સમજાવ્યું તથા શાળાને સ્વચ્છતા કિટ આપી હતી.

### હિન્દીદિવસ

▪ 'શ્રીમતી એસ. ડી. એસ. પટેલ ઇંગ્લિશ મીડિયમ પ્રાઇમરી સ્કૂલ', 'શ્રીમતી આર. એન. પટેલ પ્રાઇમરી સ્કૂલ', 'શ્રીમતી એસ. જી. ઇંગ્લિશ મીડિયમ પ્રાઇમરી સ્કૂલ' અને 'મહાત્મા ગાંધી વિદ્યામંદિર'માં ૧૪ સપ્ટેમ્બરના રોજ હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી. આ અન્વયે વિવિધ શાળાઓ દ્વારા હિંદી ભાષામાં કાવ્યગાન, કહાની અને નિબંધલેખન અને શિક્ષણકાર્ય હિન્દીમાં કરવા ઉપરાંત હિન્દીના સર્જકોના ચાર્ટ બનાવવા વગેરે પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

### ડૉ. કુમારપાળ દેસાઈને અણુવ્રત ગૌરવ પુરસ્કાર

▪ શાંતિદૂત આચાર્યશ્રી મહાશ્રમણજી દ્વારા સુરતમાં આયોજિત ચાતુર્માસ સમયે હજારો શ્રદ્ધાળુઓ અને ચતુર્વિધ ધાર્મિક સંઘને ધાર્મિક આરાધનાનો લાભ આપવામાં આવ્યો. આ પ્રસંગે નવ દિવસની સાધના શિબિરનું આયોજન કરવામાં આવ્યું અને એ પછી આયોજિત ગરિમાપૂર્ણ સમારોહમાં ડૉ. કુમારપાળ દેસાઈને 'અણુવ્રત લેખક પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા. શાંતિદૂત આચાર્યશ્રી મહાશ્રમણજીએ કહ્યું કે, કુમારપાળ દેસાઈના લેખનમાં સૌષ્ઠવતા, મૌલિકતા અને સત્ત્વ હોય છે અને એટલે જ એમનું પ્રત્યેક લખાણ ગરિમાપૂર્ણ હોય છે. એમના લખાણથી ઉમદા સામાજિક મૂલ્યો પ્રસારિત થાય છે અને એ રીતે એમના સાહિત્યમાં અણુવ્રતનાં શિક્ષા, સંનિષ્ઠા અને સત્યનિષ્ઠાના સિદ્ધાંતોનું પ્રાગટ્ય થાય છે. જ્યારે અણુવિભા સમિતિના પ્રમુખ શ્રી અવિનાશ નાહરે કહ્યું કે પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈને લખવાની કળા એમના વારસામાં મળી છે. એમનું જીવન અને વ્યવહાર બંને અણુવ્રત સાથે સુસંગત છે અને તેથી એમને ઍવૉર્ડ અર્પણ કરતાં ગૌરવની લાગણી અનુભવીએ છીએ. અણુવિભાનાં ઉપપ્રમુખ શ્રી રાજેશ સુરાણાએ સભાનું સંચાલન કર્યું હતું. શ્રી સંતોષ સુરાણા, અંકેશ શાહ વગેરેએ આયોજનમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. ઉલ્લેખનીય છે કે છેલ્લાં ૨૪ વર્ષથી અપાતો અણુવ્રત પુરસ્કાર મેળવનાર સર્વપ્રથમ ગુજરાતી લેખક કુમારપાળ દેસાઈ છે. આ સમયે મુનિશ્રીઓ, સાધ્વીજીઓ, અગ્રણી વિદ્વાનો, સાહિત્યકારો અને સાધકો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત : કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું દ્વિમાસિક વૃત્તપત્ર

**વર્ષ : 14, અંક-6, નવેમ્બર-ડિસેમ્બર 2024, સળંગ અંક : 84**

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**

પ્રકાશક : **કુલસચિવ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ ફોન : ૦૭૯-૨૩૨૪ ૪૬૯૦**

ટાઈપસેટિંગ અને મુદ્રક : **શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬ ૪૨૭૯**

# Nobel Prize Winners 2024

## Physiology or Medicine






**Gary Ruvkun** (USA) **Victor Ambros** (USA)

*"for their discoveries Medicine for their discovery of microRNAs, a class of small molecules essential for gene regulation"*

## Physics





**John Hopfield** (USA) **Geoffrey Hinton** (UK)

*"for foundational discoveries and inventions that enable machine learning with artificial neural networks"*

## Chemistry







**David Baker** (USA) **Denis Hassabis** (UK) **John M.Jumper** (UK)

*David Baker "for computational protein design"*
*Demis Hassabis and John M. Jumper" for protein structure prediction"*

## Literature




**Han Kang** (South Korea)

*"for her intense poetic prose that confronts historical traumas and exposes the fragility of human life" `The Vegetarian' (Novel)*

## Economics







**Daron Acemoglu** (USA) **Simon Johnson** (USA) **James A. Robinson** (USA)

*"for studies of how institutions are formed and affect prosperity"*

## Peace



**Nihon Hidankyo** (Japan)

*"for his efforts to achieve a world free of nuclear weapons and for demonstrating through witness testimony that nuclear weapons must never be used again"*

Sarva Vishwavidyalaya Vṛtta : Bimonthly News Letter of Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar
Year 14, Issue No. 6 November-December 2024
Editor : Manibhai Prajapati
Published by Registrar, Kadi Sarva Vishwavidyalaya, Sector-15,
L.D.R.P. Engineering College Campus, Gandhinagar-382016
Printed by : Sharda Mudranalay, 201, Tilakraj, Panchwati 1st lane, Ambawadi, Ahmedabad-6




'શ્રીમતી આર. એન. પટેલ પ્રાયમરી સ્કૂલ', ગાંધીનગરના વિદ્યાર્થી હર્ષ ફુલતરીયા (ધોરણ૮)ને નહેરુ સાયન્સ સેન્ટર, મુંબઈ દ્વારા આયોજિત 'નેશનલ સાયન્સ સેમિનાર-૨૦૨૪'માં 'આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) : પોટેન્શિયલ એન્ડ કન્સર્ન્સ'ની વક્તૃત્વ સ્પર્ધામાં સમગ્ર ભારતના સ્પર્ધકોમાં દ્વિતીય ક્રમે વિજેતા થતાં રૂ. ૨૪૦૦૦/-નો ચેક એનાયત કરવામાં આવ્યો. અભિનંદન.'

